ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભા ગુરુવાર, તા. ૧૨-૧-૧૯૮૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨-૧-૧૯૮૪
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૬.	શ્રી. જીજમશીભાઈ એ. કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	ગેરહાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રો	હાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્ર ચીનુભાઈ શાહ	હાજર
૧૯.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૦.	આચાર્ય હરિશંકર પી. પંડ્યા	હાજર
૨૧.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૨.	શ્રી. કનુભાઈ એ. શાહ	હાજર
૨૩.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર

તા. ૧૨–૧–૧૯૮૪ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

"બાબત નં. ૩૨ના ઠરાવની ત્રીજી લીટીમાં 'નિયમોમાં' એ શબ્દને બદલે ''ઑર્ડિનન્સમાં' એ શબ્દ મૂકવો."

[એકિઝકયુટિવ કાઉન્સિલ : તા. ૧૦–૩–૧૯૮૪

૯૬૧-૫૦૦-૨-૮૪

એકિઝકયુટિવ કાઉન્સિલ

જાન્યુઆરી માસની સભા : તા. ૧૨-૧-૧૯૮૪

૧. તા. ૨૯-૧૦-૧૯૮૩ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૯-૧૦-૧૯૮૩ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૮૭ના ઠરાવ ક્રમાંક (૨)ની બીજી લીટીમાં "કાનૂની સલાહ લઈ આગળની" એ શબ્દોને બદલે "કાનૂની સલાહ લેવી અને રાજ્ય સરકારની મંજૂરી માટે આગળની" એ શબ્દો મૂકવા.

(૨) બાબત નં. ૯૨ના ઠરાવ ક્રમાંક (૨)ની બીજી અને ત્રીજી લીટીમાંના "ભરૂઓ મર્જ કરતાં તેને આધારે" એ શબ્દોને બદલે "ભરૂઓ ઉમેરવાના સિદ્ધાંતને આધારે" એ શબ્દો મૂકવા.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) અનુસ્નાતક કક્ષાએ મેડિકલમાં પ્રવેશ લેવાની બાબતમાં ડૉ. નરેન્દ્ર બી. ત્રિવેદીએ ગુજરાતની વડી અદાલતમાં કરેલી રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૧૯૪૭માં યુનિવર્સિટીને પક્ષકાર બનાવ્યા હોઈ યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી.સુરેશભાઈ શેલતને રોકવાનું તથા તેને આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) માર્ચ–અપ્રિલ ૧૯૮૩માં લેવાયેલ બી.ઈ.સિમે. ૫(મિકે.)ના વિદ્યાર્થી શ્રી. બલૂચ આદમ કાસમભાઈ બેઠક નં. ૧૦ ને આ યુનિવર્સિટીની એક પરીક્ષામાં બેસવાની મનાઈ ફરમાવેલ હોવાથી ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૧૮૨૬થી કરેલ રિટ-અરજીની બાબતમાં શ્રી. સુરેશભાઈ શેલતને યુનિવર્સિટીના એડવોકેટ તરીકે રોકવાના અને તે અંગે જરૂરી ખર્ચ કર્યાનું;

(૩) એકિઝકયુટિવ કાઉન્સિલ પરની કૉલેજોના અધ્યાપકોની બેઠકો અંગેની ચૂંટણીના સંદર્ભમાં શ્રી. આર. એમ. શાહે રાજ્ય સરકારને કરેલ અરજીના ચુકાદા પરત્વે શ્રી. ઓ. ટી. આજમેરાએ ગુજરાતની વડી અદાલતમાં સિવિલ એપ્લિકેશન નં. ૧૪૩૦–૧૯૮૩ કરી છે તે બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૪) આમ.કૉમ. પાર્ટ ૧ના વિદ્યાર્થી શ્રી. અગ્રવાલ રાજેશ શ્યામલાલ(બેઠક નં. ૧૩૩૮)ને યુનિવર્સિટી તરફથી તા. ૧૧-૭-૧૯૮૩ના રોજ આપવામાં આવેલ ગુણપત્રક અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સિવિલ એપ્લિકેશન નં. ૪૦૮૧થી કરેલ રિટ-અરજીના સંદર્ભમાં એડવોકેટ શ્રી.સુરેશભાઈ શેલતને રોકવાના તેમ જ તેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૫) વિજ્ઞાન વિદ્યાભવનના ફોટોગ્રાફર શ્રી. એન. કે. વાકાણીએ સિટી સિવિલ કોર્ટમાં દાખલ કરેલ દા.ા નં. ૩૯૯૯–૮૩ અંગે યુનિવર્સિટી તરફથી વકીલ શ્રી. વિનોદ ચોકસીને રોકવાના તથા તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૬) ગુજરાત યુનિવર્સિટીના ભૂગોળ વિભાગના ઉપક્રમે તા. ૧–૧૧–૧૯૮૩થી તા. ૧૦–૧૧–૧૯૮૩ના સમય દરમિયાન યોજવામાં આવેલ વર્કશોપ Systems Approach in Geographic Research & Regional Planning અંગે આઈ.સી.એસ.એચ.આર. વેસ્ટર્ન રીજિયોનલ સેન્ટર, મુંબઈ તરફથી મંજૂર કરવામાં આવેલ આર્થિક સહાય રૂ. ૭,૦૦૦ સામે સદરહુ વર્કશોપમાં કન્વીનર શ્રી. કે. એમ. કુલકર્ણી તરફથી નીચે દર્શાવેલ વિગત મુજબ રજૂ કરવામાં આવેલ અંદાજપત્રને મંજૂર કર્યાનું :

No.	*Budget Head*	*Rs.*
1.	Director : Honorarium Rs. 500/- (Cover 10 lectures each of 2 hours spread over 5 days)	500-00
2.	Contributing staff : per lecture of two hours Rs. 75/- (Revised Rs. 50/-)	200-00
3.	T.A. in case of outstation participants Actual first class railway fare and incidential charges @ Rs. 12000 for every 24 hours of part there of.	2000-00
4.	(*a*) Hospitality Rs. 10/- per day per head (for local participants only)	450-00
	(*b*) Conveyance allowance Rs. @ 8/- per day per head	450-00
5.	Hospitality for the outstation participants @ Rs. 25/- per day per head.	2,400-00
6.	Secretarial & Class IV (Assist.) and other miscellaneous (Postage Cyclostyinf etc.) expenditure (Plastic folde, pen, letterpad.)	1,000-00
		Rs... 7,000-00

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. **માણેકલાલ નાણાવટી લૉ કૉલેજના અધ્યાપક ડૉ. એમ. એમ. સિંઘવીને "સુપ્રીમ કોર્ટ એન્ડ ઇનાડિવિડયુઅલ રાઇટ્સ—એ કમ્પેરેટિવ સ્ટડી ઑફ ઇન્ડિયા એન્ડ અમેરિકા" એ સંશોધન યોજનાના રિસર્ચ માટે યુ.જી.સી.એ તેના તા. ૩-૧૦-૧૯૮૩ના પત્રાંક એફ.–૧૧-૩-૧૯૮૩ (એચ.આર.આઈ)થી રૂ. ૨,૨૦૦(બે હજારબસો નું) અનુદાન મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. ૧૯૮૩-૮૪ દરમિયાન સમાજવિદ્યા ભવનના ઉપક્રમે "મની ઍન્ડ પબ્લિક ફાઇનાન્સ" નો કાર્યશિબિર (વર્કશોપ) યોજવા માટે યુ.જી.સી.એ તેના તા. ૮–૯–૧૯૮૩ના પત્રાંક એફ.–૨૨-૬-૧૯૮૩ (એચ.આર. ૨) થી રૂ. ૩૪,૫૫૦નું અનુદાન મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫. ગુજરાત યુનિવર્સિટી યુવક કલ્યાણ વિભાગના ઉપક્રમે યુનિવર્સિટી સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી વિદ્યાભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે "Prohibition and Prevention of drug abusa" ને સ્પર્શતા કોઈ વિષય પર નિબંધસ્પર્ધા યોજવાના ખર્ચ માટે ભારત સરકારના Ministry of Social Welfare, New Delhiના ડેપ્યુટી એડવાઈઝર તેમના તા. ૨૪-૧૦-૧૯૮૩ના પત્રાંક F.No. 11013/46983 P.R.થી (રૂ. ૧,૫૦૦) અંકે રૂપિયા પંદરસો પૂરા મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના રીડર ડૉ. સી. કે. શાહના હાથ નીચે સંશોધનકાર્ય કરતા ડૉ. બી. જે. અપ્પારાવને "સાયકોકેમિકલ ઍન્ડ અલ્ટ્રા-સ્ટ્રક્ચરલ સ્ટડીઝ ઑન પોલન સ્ટરિલિટી ઇન સમ લેગ્યુમિનસ ઍન્ડ ક્રોપ પ્લાન્ટ્સ ઑફ ગુજરાત" પર સંશોધનકાર્ય કરવા માટે ૧૯૮૨-૮૩ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૯–૧૧–૧૯૮૩ ના પત્રાંક એફ.–૨૧-૧૧-૧૯૮૩ (આર.એફ.) થી માસિક રૂ. ૯૦૦ (રૂપિયા નવસો) ની રિસર્ચ એસોસિયેટ્સશિપ ઍનાયત કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭. જિયોલોજી વિષયમાં ક્ષેત્રકાર્ય (ફિલ્ડવર્ક) માટે રાજ્ય સરકારે તા. ૧-૪-૧૯૮૫થી આવર્તક ખર્ચના ફાળો નીચે મુજબ આપવા સ્વીકારેલ છે તેવી જાણ કરતા એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર તરફથી આવેલા તેમના તા. ૧૭-૧૧–૧૯૮૩ના પત્રાંક યુ.એસ.જી. ૧૦૮૩-૫૭૧૯૮ કે.એચ. પત્રની નોંધ લેવા બાબત :

No. of students		*Rate of Stipends*	*Total amount*	*U.G.C. share*	*State share*
1. M.Sc. I & II	12	250	3,000	50%	50%
2. B.Sc. (Second & Third year)	20	75	1,500	50%	50%
3. T.A.D.A. of Teachers	—	—	1,000	50%	50%

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદે "વીમેન્સ હૉસ્ટેલ" બાંધવા માટે યુ.જી.સી. તરફથી મળેલ રૂ. ૧,૫૭,૧૦૦ (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા)ની આર્થિક સહાય પરત કરી હોઈ કમિશને સદરહુ કૉલેજને "વીમેન્સ હૉસ્ટેલ"નું મકાન ભાડે આપવાની

તેની ફરખાસ્ત અંગે તે આગળ કાર્યવાહી કરી શકે છે તેવું જણાવતાં કમિશનના તા. ૨૬-૧૦-૧૯૮૩ ના પત્રાંક એફ. ૧-૭-૭૯ (સી.આઈ.બી.આઈ.) ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. શ્રી. વિરમગામ કૉલેજ કેળવણી મંડળ, વિરમગામ તરફથી જૂન, ૧૯૮૪ થી વિરમગામ ખાતે શિક્ષણની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજીની બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33 (૨) અનુસાર જરૂરિયાત સ્વીકારવામાં આવી ન હતી તે અંગે સદરહુ સંસ્થાએ સરકારમાં કરેલી અપીલ નકારી કાઢવાની જાણ કરતા રાજય સરકારના તા. ૨૫-૧૧-૧૯૮૩ના પત્રાંક એન.જી.સી. ૧૫૮૩–૫૧૯૪૫–ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજયુકેશન તરીકે કામ કરતા શ્રી. બી. ડી. વનારનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૮-૧-૧૯૮૪ ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૯-૧-૧૯૮૪ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. ડી. વનારને મદદનીશ ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનની જગ્યા પર તા. ૨૯–૧–૧૯૮૪થી કાયમ કરવા.

૧૧. યુનિવર્સિટી મુદ્રણાલયમાં પ્રૂફ રીડર "સી" તરીકે કામ કરતા શ્રી. સી. એસ. પટેલને રૂ. ૨૬૦-૮-૩૦૮ ઇ.બી. ૮-૩૪૦-૧૦–૩૬૦ ઈ.બી. ૧૦-૪૩૦ના પગારધોરણમાં રૂ. ૩૬૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (એફિસિયન્સી બાર) તા. ૨–૧૨–૧૯૮૩થી ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી મુદ્રણાલયમાં પ્રૂફરીડર 'સી' તરીકે કામ કરતા શ્રી. સી. એસ. પટેલને રૂ. ૨૬૦–૮–૩૦૮–ઈ.બી. ૮–૩૪૦–૧૦–૩૬૦– ઈ.બી. ૧૦–૪૩૦ના પગારધોરણમાં રૂ. ૩૬૦/– પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૨–૧૨–૧૯૮૩થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૧૨. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને જે તે પગાર ધોરણમાં તેમનાં નામ સામે બતાવેલ તારીખે કાર્યક્ષમતા-અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા વિભાગ	પગારધોરણ	મૂળ માસિક પગાર	કઈ તારીખથી કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવાનો છે ?
(૧)	શ્રી. એમ એ. મણિયાર, ઈ. ડી. પી. સુપરવાઈઝર કૉમ્પ્યુટર સેન્ટર	રૂ. ૪૨૫–૧૫–૫૦૦ ઈ. બી. ૧૫–૫૬૦–૨૦–૬૦૦ ઈ.બી. ૨૦–૭૦૦	૫૦૦	૨૫–૧–૧૯૮૪થી
(૨)	શ્રી. જે. જે. વ્યાસ, પ્રોગ્રામ ઑફિસર, (હંગામી) શ્રમિક વિદ્યાકેન્દ્ર	રૂ. ૭૦૦–૪૦–૯૦૦ ઈ.બી ૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦	૯૦૦	૧૫–૧૧–૧૯૮૩થી

સદરહુ સભ્યોની ફામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે (૧) કોમ્પ્યુટર સેન્ટરના ઈ.ડી.પી. સુપરવાઈઝર શ્રી. એમ. ઓ. મણિયારનો ફાર્યક્ષમતા અંતરાય તા. ૨૫–૧–૧૯૮૪ થી વધુ ત્રણ માસ સુધી અટકાવવો, અને તેમને જણાવવું કે આ અટકાવેલા સમય દરમિયાન તેઓએ કોમ્પ્યુટર સેન્ટરના વડાને પોતાની ફામગીરીથી સંતોષ આપવો અને (૨) શ્રમિક વિદ્યાકેન્દ્રમાં પ્રોગ્રામ ઑફિસર (લંગામી) તરીકે કાર્ય કરતા શ્રી. જે. જે. વ્યાસને રૂ. ૭૦૦–૪૦–૯૦૦ ઈ.બી. ૪૦–૧,૧૦૦–૫૦–૧,૩૦૦ના પગારધોરણમાં રૂ. ૯૦૦/– પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧૫–૧૧–૧૯૮૩ થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૧૩. પ્રોફેસર ઑફ ટેક્ષટાઇલ કેમિસ્ટ્રી (એક જગ્યા), રીડર ઇન ટેક્ષટાઇલ કેમિસ્ટ્રી (બે જગ્યાઓ) અને લેકચરર ઇન ટેક્ષટાઇલ કેમિસ્ટ્રી (ત્રણ જગ્યાઓ) માટે વરણી સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત જગ્યાઓ માટેની વરણીસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. શિક્ષકગણની નીચેની જગ્યાઓ માટે વરણી સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) પ્રોફેસર ઑફ એજ્યુકેશન

(૨) રીડર ઇન વોકેશનલ ગાઈડન્સ

(૩) રીડર ઇન પોલિટિકલ સાયન્સ

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત જગ્યાઓ માટેની વરણીસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. યુનિવર્સિટીમાં કુલપતિશ્રીના અંગત સચિવ-કમ-મદદનીશ કુલસચિવની જગ્યાની વરણી સમિતિની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટેની વરણીસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૬. સને ૧૯૮૨–૮૩ ના વર્ષનો ૩૩મો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટેની સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. ૧૯૮૩–૮૪ ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજોના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષામાં "બેંકિંગ અને બચત" ને લગતા વિષય પર યોજનાર બેંક ઑફ બરોડા ટ્રોફી વકતૃત્વ સ્પર્ધા માટે બે નિર્ણાયકો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—ગયે વર્ષે નીચેની વ્યકિતઓની નિર્ણાયક તરીકે નિયુકિત કરવામાં આવી હતી :

૧. શ્રી. જે. એમ. મુલાણી—એકિઝ. ઑફિસર, ગુજરાત સ્ટેટ કો. ઑ. યુનિયન
૨. શ્રી. પ્રાધ્યાપક ધવલ મહેતા
૩. શ્રી. વી. બી. પટેલ (બૅંક ઑફ બરોડાના પ્રતિનિધિ)]

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ઉપકુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે નિર્ણાયક અંગે કુલપતિશ્રીએ નીચેના સભ્યોમાંથી ગમે તે બેની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગે આદેશ આપેલ હોઈ તેની નોંધ લેવાની રહે છે :

૧. પ્રો. મુકુન્દ ત્રિવેદી, અધ્યક્ષશ્રી, સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ
૨. શ્રી. એફ. કે. મહેતા, નિવૃત્ત રિજિયોનલ મૅનેજર, બૅંક ઑફ ઈન્ડિયા
૩. શ્રી. અમલ ટી. ધ્રુવ, મૅનેજમેન્ટ કન્સલ્ટન્ટ
૪. પ્રો. એન. આર. શેઠ (આઈ.આઈ.એમ.)

તે પછી સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૧૮. ગુજરાત યુનિવર્સિટી કેમિકલ એન્જિનિયરિંગ પરીક્ષામાં શિષ્યવૃત્તિ આપવા અંગે નાન્જીયા ચેરિટેબલ ફન્ડ (૬૬૮) તરફથી રૂ. ૧૧,૦૦૦/– (અંકે રૂપિયા અગિયાર હજાર પૂરા)ના પ્રદાનનો સ્વીકાર કરવા અંગે આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સ્વીકાર કરવો.

૧૯. ગુજરાત યુનિવર્સિટીની બી.ઈ. સિવિલ પદવી પરીક્ષાના ઇલેક્ટિવ પેપર-૨ (સ્ટ્રકચરલ એનાલિસિસ-૨)ના વિષયમાં સ્વ. (પ્રો.) વી. કે. કુલકર્ણી પારિતોષિક" એ નામના પારિતોષિકની સ્થાપના કરવા અંગે શ્રી. સી. એચ. શાહ તરફથી આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૨૦. ગુજરાત યુનિવર્સિટીની બી.એ. અને એમ.એ. (ઈતિહાસના વિષય સાથે) પદવી પરીક્ષામાં "સ્વ. શ્રી. કીર્તિકુમાર પારધી ચંદક" બન્ને પરીક્ષામાં એનાયત કરવા અંગે શ્રી. હરિપ્રસાદ પારધી અને પરિવાર તરફથી રૂ. ૧૬,૫૦૦/– (૧૫૦૦૦+૫૫૦૦) ૧૯૮૩-૮૪ના વર્ષ માટેના પ્રદાનનો સ્વીકાર કરવા અંગે આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

(દાતા તરફથી રૂ. ૧૬,૫૦૦/- પ્રદાનની રકમ યુનિવર્સિટીને મળેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૨૧. એસોસિયેશન ઑફ કોમનવેલ્થ યુનિવર્સિટીઝ (નવી દિલ્હી)ને 'Ani House' માટે સ્વૈચ્છિક મકાન ફાળો રૂ. ૮,૫૦૦ (અંકે રૂ. આઠ હજાર પાંચસો પૂરા) મોકલાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૨. ચાલુ શૈક્ષણિક વર્ષ ૧૯૮૩-૮૪ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્રક (ફાઇનાન્સ એલિજિબિલિટી સર્ટિફિકેટ) હજુ સુધી રજૂ કર્યું નથી. તેમને તે પ્રમાણપત્ર મેળવી લેવાની મુદત લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર હજુ સુધી રજૂ કર્યું નથી તેમને માટે, તે રજૂ કરવા માટેની મુદત તા. ૩૧- ૩–૧૯૮૪ સુધી લંબાવવી.

૨૩ સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી તરફથી ઓર્ડિ. ૯૬ અન્વયે આવેલ માહિતી ચકાસતાં આંકડાશાસ્ત્રના લેક્ચરરની નિમણૂક બાબતમાં સદરહુ કોલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૨૨-૧૦-૧૯૮૩ ના પત્રથી શ્રી. એ. જે. પટેલ જેઓ બી.એડ અને એમ.એડ. આંકડાશાસ્ત્ર સાથે ઉત્તીર્ણ થયા છે તેમને ચાલુ વર્ષ પૂરતું માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજે કરેલી શ્રી. એ. જે. પટેલની નિમણૂક ફકત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૨૪. કે.આઈ.સી.એમ. આર્ટ્સ કોમર્સ કોલેજ, વિરમગામમાં વાણિજ્ય-એકાઉન્ટન્સીના લેક્ચરર તરીકે નિમાયેલા શ્રી. વાય. એચ. વ્યાસની નિમણૂક તા. ૪-૮-૧૯૮૩ થી તા. ૬-૧૦-૧૯૮૩ સુધી પ્રથમ સત્ર માટે ગ્રાહ્ય રાખવા (કોન્ડોન કરવા)ની સદરહુ કોલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત :

[નોંધ.–(૧) શ્રી. વાય. એચ. વ્યાસ કન્સીસ્ટન્ટલી ગુડ અકેડેમિક રેકોર્ડ ધરાવતા નથી.
(૨) તેઓની નિમણૂક ૧૯૮૨–૮૩ના વર્ષ માટે કોન્ડોન કરવામાં આવી હતી.
(૩) જાહેરાતો આપ્યા છતાં લાયકાત ધરાવતા કોઈ ઉમેદવાર ન મળતાં અનુભવને કારણે શ્રી. વ્યાસને નીમેલા જે આનુદાનના લેતુ માટેની કોન્ડોન કરવાની વિનંતી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કોલેજે કરેલી શ્રી. વાય. એચ. વ્યાસની નિમણૂક ઉપરોકત સમયગાળા માટે ગ્રાહ્ય રાખવી.

૨૫. ખંભાતની કોલેજોનું સંકુલ થવાને કારણે ફાજલ બનેલા કાયમી આચાર્ય ડૉ. જે. પી. અમીનનું આચાર્ય તરીકેનું પગારધોરણ આરક્ષિત કરવા અંગેની તેમની માગણી સ્વીકારી શકાય તેમ નથી એમ જણાવતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨૫-૧૧-૧૯૮૩ ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ**–(૧) એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮/૨૯-૪-૧૯૭૯ તથા તા. ૧–૫–૧૯૭૯ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૨૯થી નીચે પ્રમાણે બાંહેધરી માંગવામાં આવી હતી અને તે આવેથી એકિઝકયુટિવ

કાઉન્સિલની તા. ૧૬/૨૪—૬—૧૯૭૯ની સભામાં રાંકુલની પરવાનગી આપવામાં આવી હતી. "……સદરહુ કૉલેજોના કોઈપણ કર્મચારી (શિક્ષકવર્ગના) કે (બિનશિક્ષકવર્ગના)ને છૂટા કરવામાં આવશે નહીં તેમ જ તે તમામ કર્મચારીઓનો પગાર અને પગારધોરણો આરક્ષિત કરવામાં આવશે તથા તેમની સેવાઓનું સાતત્ય જળવાય તેવી બાંહેધરી આપવામાં આવશે. સંચાલકમંડળે તા. ૭—૬—૧૯૭૯ના પત્ર સાથે બાંયધરી મોકલી આપી હતી પણ તેનો અમલ કર્યો નથી.

(૨) શિક્ષણ નિયામકશ્રીને તા. ૪—૮—૧૯૭૯ના રોજ જે શિક્ષકો-આચાર્યો ફાજલ પડે તેમની સેવાનું સાતત્ય જળવાય અને પગારધોરણ આરક્ષિત રહે તેવી જોગવાઈ કરવા જણાવ્યું હતું શિક્ષણ વિભાગના તા. ૨૦—૪—૧૯૮૩ના ઠરાવથી પગાર આરક્ષિત કર્યાની જાણ કરી છે અને હવે પગારધોરણની જ માગણી સ્વીકારી શકાય તેમ નથી એમ જણાવ્યું છે.|

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે રાજ્ય સમક્ષ પુનઃ રજૂઆત કરવી.

૨૬. હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટર, કરમસદને કમ્પલસરી રોટેટિંગ હાઉસ-મેનશિપ માટે માન્યતા આપવા બાબતમાં સ્થાનિક તપાસ સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

1. Attach to Medical College (in this case, B. J. Medical College) for rotating Interns in preventive and social medicine for three months.
2. Maximum students to be posted not more than 30
3. Residential facilities for students separate for boys and girls.
4. Prof. of Preventive & Social Medicine conducting & guiding the interns for rural training as per M.C.I. recommendation.
5. All requirements as per M.C.I. rules vide page No. 18/19 of Medical council book should be fulfiled.
6. Report of their work and completation must be sent to the concerned Medical College.

આથી ઠરાવવામાં આવે છે કે હૉસ્પિટલ ઍન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટર, કરમસદને કમ્પલસરી રોટેટિંગ હાઉસ-મેનશિપ માટે સ્થાનિક તપાસસમિતિએ કરેલી ભલામણ મુજબ માન્યતા આપવી.

૨૭. તબીબી વિદ્યાશાખાની તા. ૨૦—૯—૧૯૮૩ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૬-૧૧-૧૯૮૩ની સભામાં મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત: (એ.કા. બા. ૩)

"એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષામાં ડિઝર્ટેશન રજૂ કરવાનું હોય છે તે બાબતમાં વિદ્યાર્થીનું ડિઝર્ટેશન સ્વીકારાયું ના હોય પરંતુ વિદ્યાર્થી થિયરી અને પ્રેક્ટિકલ પરીક્ષામાં પાસ થાય તેવા સંજોગોમાં વિદ્યાર્થી થિયરી અને પ્રેક્ટિકલમાં ફરીથી બેસવાની ફરજ પાડવી નહીં અને આ વિદ્યાર્થી તેનું ડિઝર્ટેશન સુધારાવધારા સાથે સાથે જ્યારે ફરીથી રજૂ કરે ત્યારે નવી પરીક્ષાના પરીક્ષકોને તે તપાસવા મોકલવું અને તે સ્વીકારાયા પછી વિદ્યાર્થી અગાઉથી થિયરી અને પ્રેક્ટિકલમાં પાસ થાય છે તે આધારે તેનું પરિણામ જાહેર કરવું.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. માન્ય સંસ્થાઓમાં મ્યુઝિયમના હોદ્દેદારની નિમણૂક, યોગ્યતા અને પગાર અંગેના નિયમો ઘડવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૧–૭–૧૯૮૩ ની સભામાં નીમેલ સમિતની તા. ૬–૯–૧૯૮૩ ની સભાની ભલામણો પૈકી નીચેની ભલામણ ૩ અને ૪ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૯-૧૧-૧૯૮૩ ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક. ૧૩).

(3) **Keeper of Museum :**

Master's Degree in the subject or subjects pertaining to the Museum concerned with five years technical experience.

Grade : 500–25–650–EB–25–750–30–900

(4) **Attendent :**

New S.S.C. or its equivalent

Grade : Rs. 196–3–232.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત બે ભલામણો મંજૂર કરવી.

૨૯. યુનિવર્સિટીઓના વંચતા જતા પરીક્ષા ખર્ચના સંદર્ભમાં જુદી જુદી પરીક્ષાની ફી જે ઓ. ૧૨૯ મુજબ નિયત કરવામાં આવે છે તેમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. ભારત-જાપાન વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ ૧૯૮૩-૮૪ હેઠળ ઓટોમન ગેકુઇન યુનિવર્સિટી, જાપાનની મુલાકાતે પોતાને મોકલવા બાબત ઈજનેરી વિદ્યાશાખાના એક વિદ્યાર્થી શ્રી. આશિષ પારેખે ગુજરાત હાઇ કોર્ટમાં દાખલ કરેલી રિટ નં. ૧૯૭૫૭ / ૮૩ (રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૪૧ / ૧૩ / ૮૩) અંગે ગુજરાત હાઇ કોર્ટે કરેલા નીચેના આદેશ અંગે વિચારણા કરવા બાબત :

".....Mr. Shelat submitted that the respondent university will now contact the concerned Japanes University in good time to enable it to take an appropriate decission for selecting students for exchange programme for the year ending from October 1984".

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ભારત–જાપાન વિદ્યાર્થી વિનિમય માટેની સમિતિને ઘટતું કરવા મોકલવો.

૩૧. ગુજરાત યુનિવર્સિટી એફિલિયેટેડ કોલેજ એન્ડ રેકગ્નાઇઝિંગ ઇન્સ્ટિટ્યુશન્સ નોન-ટીચિંગ સ્ટાફ યુનિયન (અમદાવાદ સિટી)ના પ્રમુખશ્રીની બઢતી વખતે ઇજાફાનો લાભ આપવાની જોગવાઇ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તે મુજબનો ઓ. ૧૬૮ (૧૧) સુધારવાની વિનંતી પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કોલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને જ્યારે ઉપરની જગ્યામાં બઢતી કે નિમણૂક આપવામાં આવે ત્યારે તેઓને નીચેની જગ્યાના પગારધોરણમાં એક નોશનલ

પગારવધારો આપી ઉપરની જગ્યામાં પગારધોરણમાં તે પગાર પછીથી આવતો વધારો આપી ઉપરની જગ્યામાં પગારધોરણમાં તે પગાર પછીથી આવતા સ્ટેજમાં મૂકવાનું રાખવા તથા તેનો લાભ દેસાઈ પગારધોરણનો એટલે કે તા. ૧—૧—૧૯૭૩ કે ત્યાર પછી બઢતી મેળવેલ તમામ કર્મચારીઓને લાભ મળે તેવી રીતે તેનો અમલ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને જ્યારે ઉપરની જગ્યામાં બઢતી કે નિમણૂક આપવામાં આવે ત્યારે તેઓને નીચેની જગ્યાના પગારધોરણમાં એક નૉશનલ પગારવધારો આપી ઉપરની જગ્યામાં પગારધોરણમાં તે પગાર પછીથી આવતા સ્ટેજમાં મૂકવાનું રાખવું અને તેનો લાભ તા. ૧—૧—૧૯૭૩ કે ત્યાર પછી બઢતી મેળવેલ તમામ કર્મચારીઓને મળે તેવી રીતે તેનો અમલ કરવાનું રાખવું અને ઑર્ડિ. ૧૬૮ (૧૧)માં તે મુજબ ઘટતો સુધારો કરવો.

૩૨. ઉપલો હોદ્દો ધારણ કરતા સીનિયર કર્મચારીનો પગાર, નીચલો હોદ્દો ધારણ કરતા જુનિયર કર્મચારી કરતાં ઓછો નિયત થાય તો, નીચલો હોદ્દો ધારણ કરતા જુનિયર કર્મચારીનો જે પગાર જે તારીખે નિયત થાય તે પગાર, તે તારીખે ઉપલો હોદ્દો ધારણ કરનાર કે સીનિયર કર્મચારી મેળવી શકે તેવી જોગવાઈ કરવાની વિનંતી કરતા ગુજરાત યુનિવર્સિટી એફિલિયેટેડ કૉલેજીસ ઍન્ડ રેકગ્નાઇઝ્ડ ઈન્સ્ટિટ્યુશન્સ નૉન-ટીચિંગ સ્ટાફ (અમદાવાદ શહેર) યુનિયનના પ્રમુખશ્રીના તા. ૧૯-૧૨-૧૯૮૩ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી એફિલિયેટેડ કૉલેજીસ ઍન્ડ રેકનાઇઝ્ડ ઈન્સ્ટિટ્યુશન્સ નૉન-ટીચિંગ સ્ટાફ (અમદાવાદ શહેર) યુનિયનના પ્રમુખશ્રીની ઉપરોકત વિનંતી મંજૂર કરવી, અને તે મુજબ નિયમોમાં સુધારો કરવો.

૩૩. યુનિવર્સિટીમાં કુલસચિવની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨-૧૨-૧૯૮૩ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કાર્યકારી કુલસચિવ શ્રી. એસ. વી. શાસ્ત્રી સભાગૃહની બહાર ગયા હતા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨—૧૨—૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ યુનિવર્સિટીમાં કુલસચિવની જગ્યા પર શ્રી. એસ. વી. શાસ્ત્રીની નિમણૂક રૂ. ૧,૬૦૦—૪૦—૨,૦૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૬૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨-૧૨-૧૯૮૩ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

તે પછી કાર્યકારી કુલસચિવ શ્રી. એસ. વી. શાસ્ત્રી સભાગૃહમાં પાછા ફર્યા હતા.

૩૪. યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની જગ્યા પર વરણી સમિતિની તા. ૨૭-૧૧-૧૯૮૩ની ભલામણ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૯-૧૧-૧૯૮૩ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે ચીફ એકાઉન્ટ્સ ઑફિસરની વરણીસમિતિની તા. ૨૭-૧૧-૧૯૮૩ની સભાની ભલામણ સ્વીકારીને તે ઘટતી વિચારણા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને મોકલી આપવી".

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૫. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯-૧૦–૧૯૮૩ની સભામાં સ્વીકારવામાં આવેલ એમ.એસસી. પદ્ધતી પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન વિષયનો પ્રો. કે. એમ. કોઠડિયા ચંદ્રક એનાયત કરવા બાબતમાં કાર્યાલયે ઘડેલા નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૬. બાંધકામ સમિતિની તા. ૨૮-૧૦-૧૯૮૩ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮–૧૦–૧૯૮૩ની સભાની ભાલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮–૧૦–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૭. કોમ્પ્યુટર સમિતિએ સર્ટિફિકેટ કોર્સ ઇન કોમ્પ્યુટર પ્રોગ્રામિંગના નવા અભ્યાસક્રમ, પરીક્ષાનાં ધોરણો ઇત્યાદિને જાન્યુઆરી ૧૯૮૪ થી અમલમાં મૂકવા કરેલ ભલામણો, ઇત્યાદિને એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૯-૧૧-૧૯૮૩ની સભામાં મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.બા.ક્ર.૧૦)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૩૮. યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં વિભાગના વડાની નિમણૂક કરવાની પદ્ધતિ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ–૧૫–૧૯/૮૩ (સીપી) તા. ૧૦–૧૧–૧૯૮૩ ના પત્રમાં જણાવેલ મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૯. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપી ગુણવત્તાના ધોરણે વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવાના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની "Bursary Scheme" ના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૧૦-૧૯૮૩ની સભાએ નીમેલ સમિતિની તા. ૩૦-૧૧-૧૯૮૩ ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦–૧૧–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦–૧૧–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૦. સંલગ્ન કૉલેજોના મકાન કે તેનો ભાગ ભાડે આપવા કે સ્થળ બદલવા અંગેના નિયમની જોગવાઈની વિચારણા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૦-૩-૧૯૮૩ની સભાએ નીમેલી સમિતિની ભલામણ, એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯–૧૦–૧૯૮૩ની

સભાએ મંજૂર રાખી હોઇ, તેના સંદર્ભમાં ઓ. ૧૨૦–જે માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૯–૧૦–૧૯૮૩ની સભાએ મંજૂર કરેલ નિયમોના સંદર્ભમાં ઑર્ડિ. ૧૨૦–જે સુધારવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૦–જે ની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૧. સને ૧૯૮૪ ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલય તથા યુનિવર્સિટી પ્રેસ માટેની જાહેર રજાઓ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી ગ્રંથાલય તથા યુનિવર્સિટી મુદ્રણાલય માટે સને ૧૯૮૪ના વર્ષ માટેની રજાઓની યાદી તથા મરજિયાત રજાઓની યાદી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્થાપના દિનની રજા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને પણ આપવી.

(મંજૂર કરવામાં આવેલ રજાઓની યાદીઓની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૨. એજ્યુકેશન કૉલેજ, દરામલી સામેના ફરિયાદના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૬–૩–૧૯૮૩ ની સભામાં નિયુક્ત થયેલી સમિતિની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૯–૧૦–૧૯૮૩ ની સભા સમક્ષ રજૂ કરવામાં આવતાં સદરહુ બાબત આ સમિતિની પુનર્વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં સદરહુ સમિતિની તા. ૨૧–૧૨–૧૯૮૩ ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે ૧૯૮૨–૮૩ના શૈક્ષણિક વર્ષમાં બી.એડ. પ્રવેશમાં એજ્યુકેશન કૉલેજ, દરામલીના સંચાલક મંડળે કેટલાક વિદ્યાર્થીઓ પાસેથી અમુક રકમ ગેરવાજબી લીધાની એફિડેવિટ પાંચ વિદ્યાર્થીઓએ કરી છે તેની ચકાસણી કરતાં તથા આ બાબતમાં તે પૈકી અમુક વિદ્યાર્થીઓને રૂબરૂમાં પૂછપરછ કરતાં જે માહિતી આવી તેની ચકાસણી કરવામાં આવી. તેના સંદર્ભમાં સમગ્રતયા જોઈનપાસી ભલામણ કરવામાં આવે છે કે શિક્ષણના હિતને બાધ ન આવે તેથી આ ફરિયાદથી નિરપેક્ષ રહીને, આ કૉલેજના જોડાણ અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે અંગે યોગ્ય કરવા કુલપતિશ્રીને આ સમિતિ ભલામણ કરે છે.

આ ઉપરાંત પ્રવેશ આપવામાં ગેરવાજબી જે રકમ લીધેલી છે તે આક્ષેપની યથાર્થતા તપાસવા માટે આબાબત ગુનાશોધક સી.બી.આઈ.ને સોંપવા માટે જરૂરી કાર્યવાહી કરવા કુલપતિશ્રીને આ સમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧–૧૨–૧૯૮૩ની સભાએ કુલપતિશ્રીને કરેલી ઉપરની ભલામણો અનુસાર કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૩. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન ૧૯૮૩ થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૩ સુધીમાં કરે તો તેને બી.એડ.નાઅભ્યાસક્રમોશીખવવામાટે તા. ૧૫–૬–૧૯૮૩ થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંક મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલો જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) કૉલેજના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની સુવિધાઓ કરવામાં આવે અને વિદ્યાર્થીઓને બેસવા માટે જરૂરી પાટલીઓ વસાવવામાં આવે.

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રો. ફંડ, ગ્રેચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.".

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૪. આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુરમાં આર્થશાસ્ત્ર વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. ડી. એન. રાઠોડની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.–શ્રી ડી. એન. રાઠોડ Consistently good academic record ધરાવતા ન હોવાથી નિમણૂક અમાન્ય કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્રના વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયેલા શ્રી. ડી. એન. રાઠોડની નિમણૂક ફકત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૪૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલમાં અર્થશાસ્ત્ર વિષયના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયેલા શ્રી. બી. એન. પંચાલની નિમણૂક અનુદાનના હેતુ માટે

ખાસ કેસ તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવાની સદરહુ કૉલેજના આચાર્ય-શ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી બી. એન. પંચાલ કન્સીસ્ટન્ટલી ગુડ એકેડેમિક રેકૉર્ડ ધરાવતા ન હોવાથી યુનિવર્સિટીએ તેઓની નિમણૂક માન્ય કરી નહોતી. ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબની લાયકાત ધરાવતા કોઈ શિક્ષક ખંડ સમય માટે ન મળી શકતાં, વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે હેતુથી વિદ્યાર્થીઓના હિતમાં નિમણૂક કરી હોવાનું આચાર્યશ્રી જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્ર વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયેલા શ્રી. બી. એન. પંચાલની નિમણૂક ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૪૬. શ્રી. એન. જે. એમ. લાયન્સ પૅરામેડિકલ્સનિક, ભાવનગરને ઑર્ડિનાન્સ એમ.બી.બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટેની માન્યતા આપવા બાબતમાં નિમાયેલી સ્થાનિક તપાસ-સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"We feel three interns can be sent for rotating intersnship".

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવી.

૪૭. ભક્તવલ્લભ ધોળા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૪થી બી.એ. (સબો.)માં ડિફેન્સ સ્ટડીઝ અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી ગુજરાત યુનિ. ધારાની કલમ ૩૩ અનુસાર મોકલી આવી છે; પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—કૉલેજના સંખ્યાધિક શિક્ષકોને રિકૉલ કરવાના હોવાથી નવા શિક્ષકો નીમવા નહીં તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ભક્ત વલ્લભધોળા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદની બી.એ. (સબો.)માં ડિફેન્સ સ્ટડીઝ અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટેની સદરહુ અરજી સ્વીકારવા તથા તે બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૮. જૂન, ૧૯૮૪ થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના વધારાના જોડાણ માટે દેસાઈ સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વિરમગામ તરફથી તા. ૨૭-૧૨-૧૯૮૩ના રોજ એટલે કે ક. ૩૩માં નિર્દિષ્ટ મુદત વીત્યા બાદ આવી હોવા છતાં વિદ્યાર્થીઓને વિષયની પસંદગી મળી રહે તે હેતુથી આ અરજી પર વિચારણા કરવા માટે કુલપતિશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ વિષયમાં ૧૯૮૩થી જોડાણ માટે કૉલેજે કરેલી અરજી પર કેટલીક શરતોનું પરિપાલન થયેથી ૮૩ થી ૮૫ સુધીનું જોડાણ આપવા ઠરાવવામાં આવ્યું હતું; પરંતુ દરમિયાન કૉલેજને જૂન, ૧૯૮૩ થી આ વિષય શરૂ કરવાને બદલે જૂન, ૧૯૮૪થી શરૂ કરવા વિચાર્યું છે તેમ કૉલેજે તા. ૯–૫–૧૯૮૩થી જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણના સાતત્ય અને વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં વધુ વિકલ્પો મળે તે જોતાં, દેસાઈ સી. એમ. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, વિરમગામની વધારાના જોડાણ માટેની સદરહુ અરજી સ્વીકારવી તથા તે બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૯. સ્ટે. ૨૧૦ (૪) અનુસાર ત્રિવાર્ષિક તપાસસમિતિ માટેની નામાવલી પર એકઝેક્યુટિવ કાઉન્સિલે દક્ષિણ વિભાગમાંથી નિયુક્ત કરેલ સભ્ય શ્રી. એન. એસ. શાહ હવે યુનિવર્સિટી કોર્ટના સભ્યપદે ચાલુ રહેતા ન હોવાથી તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

[નોંધ.—સ્ટે. ૨૧૦ની કલમ (૪) નીચે પ્રમાણે છે :

(IV) Three members to be nominated preferably one from North zone and one from Ahmedabad zone by the Executive Council from amongst the members of the University Court.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૦. આ યુનિવર્સિટીની એમ.એ. પદવી પરીક્ષાના લાઇફ સાયન્સ વિષયમાં સ્વ. શ્રી. એસ. એમ. મહેતા (આઈ સી.એસ.) ચંદ્રક એનાયત કરવા અંગે કુ. ગીતા મહેતા તરફથી રૂ. ૭,૫૦૦ (રૂપિયા સાત હજાર પાંચસો પૂરા)ના પ્રદાનનો સ્વીકાર કરવા અંગે આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(દાતા તરફથી રૂ. ૭,૫૦૦ પ્રદાન યુનિવર્સિટીને મળેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો આભાર સ્વીકાર કરવો.

૫૧. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં સંસ્કૃતનાં પ્રાધ્યાપક તરીકે કામ કરતાં ડૉ. ઇ. એ. સોલોમનને મારુતિ મોટરકાર ખરીદવા રૂ. ૪૦,૦૦૦ની રકમ એડવાન્સ તરીકે આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. ડૉ. સોલોમનનો મૂળ માસિક પગાર રૂ. ૨,૨૧૦ છે તેથી તેઓને લોન મેળવવા પાત્ર ગણાય.

૨. નિયમ પ્રમાણે રૂ. ૨૦,૦૦૦ થી વધુ લોન આપી શકાય નહીં.

૩. નિયમ પ્રમાણે એડવાન્સની રકમ ૮૦ સરખા હપ્તામાં વસૂલ કરવાની હોય છે પણ ડૉ. સોલોમન તા. ૧૪-૧-૮૭ના રોજ નિવૃત્ત થાય છે તેથી અંદાજે ૪૦ હપ્તામાં આ લોન વસૂલ કરવાની રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ઈ. એ. સોલોમનને મારુતિ મોટરકાર ખરીદવા માટે યુનિવર્સિટીનાં ધારા-ધોરણ પ્રમાણે રૂ. ૨૦,૦૦૦ની લોન તા. ૧૪–૧–૧૯૮૭ સુધીમાં જેટલા હપ્તા થાય તેટલા હપ્તામાં વસૂલ થાય તે રીતે આપવી.

૫૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) પી.એચ.ડી. પદવી માટેના કુલ ૭૩ જેટલા વિદ્યાર્થીઓના મહાનિબંધો સ્વીકૃત ગણીને તેમને તે પદવી માટે પાત્ર જાહેર કર્યાનું.

(૨) યુનિવર્સિટીના સર્વશ્રી. એમ. કે. પારધી તથા જે. કે. વાઘેલાએ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૪૧૮૯–૧૯૮૩માં નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલા ચુકાદાની નોંધ લેવા માટે અને યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી એસ. એન. શેલતને નીમવાનું અને તેમની ફી મંજૂર કર્યાનું.

સામાગુહે સદરહુ બાબતની નોંધ લીધી.

૫૩. આ યુનિવર્સિટીની જૂની કાર વેચીને નવી કાર ખરીદવા માટે રૂ. ૫૪,૩૧૮- (અંકે રૂપિયા ચોપન હજાર ત્રણસો અઢાર પૂરા) નું અનુદાન રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી.–૧૧૮૦–૫૫૩૯૧ (૮૩)–ખ થી મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૪. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણા તરફથી મહેસાણામાં જૂન, ૧૯૮૪ થી વિનયન અને વાણિજ્ય કૉલેજ સાથે વિજ્ઞાનનો વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી જોડાણ અરજી માટે યુ.યુનિ. ધારાની કલમ ૩૩ (૨) અનુસાર જરૂરિયાત સ્વીકારવામાં આવી ન હતી, તે અંગે સંસ્થાએ સરકારમાં કરેલ અપીલ નકારી કાઢયાની જાણ કરતાં શિક્ષણ વિભાગના તા. ૩૦-૧૨-૧૯૮૩ના પત્રાંક ૫૨૫-૧૫૮૩-૭૬૦૬૧-ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૫. એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કૉમર્સ કૉલેજ, માણસામાં આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. એ. વી. સોનીએ પ્રથમ સત્રમાં રાજીનામું આપતાં સદરહુ ખાલી પડેલી જગ્યા પર નિમાયેલ શ્રી. એમ. જી. પટેલની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવા માટેની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. શ્રી. એમ. જી. પટેલ કન્સિસ્ટન્ટલી ગુડ એકેડેમિક રેકોર્ડ ધરાવતા નથી.

૨. દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપતાં ફકત શ્રી. એમ. જી. પટેલની અરજી આવેલ અને વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે ગણતરીએ નિમણૂક આપ્યાનું આચાર્ય જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોમાં કરવામાં આવેલી શ્રી. એમ. જી. પટેલની નિમણૂક ફકત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી.

૫૬. માર્ચ-એપ્રિલ, ૧૯૮૩માં લેવાયેલ એમ.કૉમ. (એકસ્ટર્નલ) ભાગ ૧ ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી શ્રી પંડ્યા અજિતકુમાર જયરણછોડભાઈનું પરીક્ષાનું પરિણામ પાછળથી સુધારવામાં આવતાં તેમને પરીક્ષામાં તા. ૨૪-૧૦–૧૯૮૩ના જાહેરનામાથી ઉત્તીર્ણ થયેલા જાહેર કરેલ હોઈ, એમ.કૉમ. ભાગ ૨ માટે નિયમિત વિદ્યાર્થી તરીકે ૧૯૮૩-૮૪ના શૈક્ષણિક વર્ષમાં ભવન્સ કૉમર્સ કૉલેજ, ડાકોરમાં તા. ૧૧–૧૧–૧૯૮૩ના રોજ પ્રવેશ આપવામાં આવ્યો છે. તે સંજોગોમાં તેમનું પ્રથમ સત્ર માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉમર્સ કૉલેજ, ડાકોરમાં પાર્ટ રના વર્ગમાં આપવામાં આવેલ પ્રવેશને કુલપતિશ્રીએ માન્ય રાખેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસના વિશિષ્ટ સંજોગો જોતાં, ખાસ કેસ તરીકે, આ વર્ષ પૂરતું તેમનું પ્રથમ સત્ર મંજૂર રાખવું, પણ આને ભવિષ્યમાં પ્રથા તરીકે ગણવાનું રાખવું નહિ.

૫૭. શેઠ દામોદરદાસ સ્કૂલ ઑફ કૉમર્સના અધ્યક્ષશ્રી એચ. કે. ત્રિવેદીને "Hanging Economic structure of an Indian Village–A case Study of Bamanloore Village (Dist. Surendranagar) વિષયમાં સંશોધન કાર્ય-માટે વર્ષ ૧૯૮૩–૮૪ ના વાણિજ્ય વિદ્યાભવનના અંદાજપત્રની જોગવાઈમાંથી રૂ. ૨૦૦૦– (બે હજાર)ની વધારાની આર્થિક સહાય માંગેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.–શ્રી એચ. કે. ત્રિવેદીને તેમના સંશોધન કાર્ય માટે કૉમર્સ વિદ્યાભવનના વર્ષ ૧૯૮૧–૮૨ દરમ્યાન અંદાજપત્રની જોગવાઈમાંથી રૂ. ૩,૦૦૦ (ત્રણહજાર) ની આર્થિક સહાય ૧૯૮૧–૮૨ ના વર્ષમાં મંજૂર કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્કૂલ ઑફ કૉમર્સના અધ્યક્ષ શ્રી. એચ. કે. ત્રિવેદીને ઉપરોકત વિષયમાં સંશોધન કાર્ય માટે ૧૯૮૩–૮૪ના વર્ષમાં વાણિજ્ય વિદ્યાભવનના અંદાજપત્રની જોગવાઈમાંથી રૂ. ૨,૦૦૦ (રૂપિયા બે હજાર)ની વધારાની આર્થિક સહાય મંજૂર કરવી.

૫૮. અધ્યાપકો સંશોધન અને સ્વાધ્યાય સારી રીતે કરી શકે તે માટે અંગત રીતે પુસ્તકો વસાવવા માટે ૧૯૮૨–૮૩ ના વર્ષમાં અપાયેલ આર્થિક સહાયની યોજના ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના ચાલુ રાખવી અને જે તે શિક્ષકને કુલ ખર્ચની યાદી સાથે બિલો રજૂ કર્યાથી કુલ ખર્ચના ૫૦%. પરંતુ રૂ. ૧૨૫ થી વધે નહિ તેમ આર્થિક પુસ્તક સહાય આપવાનું રાખવું, પરંતુ આ યોજના પાછળ સમગ્ર રીતે વધુમાં વધુ રૂ. ૧૦,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ-હજાર)ની મર્યાદામાં આ ખર્ચ થાય તેવી જોગવાઈ કરવી.

૫૯. બાંધકામ સમિતિની તા. ૨૨-૧૨-૧૯૮૩ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨–૧૨–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨–૧૨–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધણી નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૬૦. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોના લાઇબ્રેરિયન અને ફિઝિકલ ટ્રેનિંગ ઇન્સ્ટ્રકટર્સનાં પગારધોરણ તા. ૧-૪-૧૯૮૦થી અપગ્રેડ કર્યા બાબતના અને સદરહુ જગાઓ માટે શૈક્ષણિક લાયકાતનાં ધોરણો નિયત કર્યા બાબતના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૯-૧૨-૧૯૮૩ના ઠરાવ ક્રમાંક એમ.આઇ.એચ.-૧૦૮૧-૭૧૯૭૭ કે.એચ. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગનો તા. ૧૯–૧૨–૧૯૮૩ના ઠરાવનો સ્વીકાર કરવો, અને તેનો અમલ કરવા કૉલેજોને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇજનેરી અને ફાર્મસી કૉલેજોના ગ્રંથપાલો અંગે ઉપરોકત ઠરાવમાં ઉલ્લેખ ન હોઈ તે બાબતમાં પણ તેવી જોગવાઈ કરવા માટે રાજ્ય સરકારને ઘટતો પત્ર લખવો અને સદરહુ પગાર-ધોરણો તેમજ શૈક્ષણિક લાયકાતો બાબતમાં હાલ સંલગ્ન કૉલેજોમાં જે ગ્રંથપાલ તરીકે કામ કરે છે તેઓની બાબતમાં પણ શૈક્ષણિક લાયકાતનો આગ્રહ ન રાખતાં, સુધારેલા નવા જે તે પગારધોરણમાં લેવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સાથે પત્રવ્યવહાર કરવો.

૬૧. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તેમ જ પ્રાધ્યિક-પરીક્ષકો-નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગના કેસો પર વિચારણા કરવા સને ૧૯૮૪ની સાલ માટે પરીક્ષાશુદ્ધિ સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૪ની સાલ માટે પરીક્ષાશુદ્ધિ સમિતિ પર સભ્યો નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

સદરહુ બાબતના સંદર્ભમાં નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૬૧-એ. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તેમ જ પ્રાધ્યિકો/પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૪–૧૧–૧૯૮૩, તા. ૧–૧૨–૧૯૮૩, તા. ૧૫–૧૨–૧૯૮૩, તા. ૨૨-૧૨-૧૯૮૩, તા. ૨૯–૧૨–૧૯૮૩ અને તા. ૫/૬–૧–૧૯૮૪ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધની નકલો સામેલ કરવામાં આવી હતી.)

૬૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

ગુજરાતની વડી અદાલતમાં રજૂ થયેલ નીચેની વિગતની અરજીઓનાં કામોમાં શ્રી સુરેશભાઈ શેતલને એડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

અનુ.નં.	અરજી નંબર	અરજીની વિગત
(૧)	૩૦૮૩/૮૩	મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદના અધ્યાપક શ્રી કે. આર. મેડાતિયાએ તેમને ફાજલ કર્યા બાબતમાં સિવિલ કોર્ટમાં દાવો કરેલ જે ટ્રિબ્યુનલને ટ્રાન્સફર કરેલ જે ટ્રિબ્યુનલ ડિસમિસ કરેલ તે પર ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તથા મણિનગર સાયન્સ કૉલેજ વિરુદ્ધ કરેલ અરજી.
(૨)	૫૯૮૮/૮૩	એસ.એલ.યુ. કૉલેજ ઑફ વિમેન, અમદાવાદના ઈકોનોમિક્સ વિષયમાં પૂરા સમયનાં અધ્યાપક કુ. સિરાલી એન. મહેતાએ ટ્રિબ્યુનલમાં ખંડ સમયનાં અધ્યાપક કુ. પી. જે. દેસાઈએ કરેલ અરજી પરના હુકમ પરત્વે કરેલ અરજી.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૩. તા. ૬-૧-૧૯૮૪ ની ફાઇનાન્સ સમિતિની સને ૧૯૮૩-૮૪ ના પુનર્નિર્મિત બજેટ તેમ જ ૧૯૮૪-૮૫ ના વર્ષના બજેટ અંગેની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૮૩–૮૪ના પુનર્નિર્મિત બજેટ તેમજ ૧૯૮૪–૮૫ના વર્ષના બજેટ અંગે સભ્યોએ જે કોઈ સૂચનો કરવાનાં હોય તે સોમવાર, તા. ૧૬–૧–૧૯૮૪ સુધીમાં મોકલી આપવાં અને તે સૂચનો સાથે આ બાબત ફાઈનાન્સ સમિતિ સમક્ષ મૂકવાનું રાખવું અને ફાઈનાન્સ સમિતિની ભલામણો આવ્યેથી આખરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૪. જે તે કૉલેજ–સંસ્થામાં આગામી જૂન માસથી જે તે પદવી અને વિષયમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા અંગે આવેલ અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૫. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન ખરીદવા-મરામત કરાવવા માટે તેમના પ્રૉવિડન્ટ ફંડમાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનું નામ તથા હોદ્દો	લોનની રકમ ₹.	આગાઉ લોન લીધી છે કે નહિ ? હા કે ના	કારણ
(૧)	પ્રો. પી. એમ. મજમુદાર	૨૧,૦૦૦	ના, જી	મકાન મરામત
(૨)	શ્રીમતી પરાબહેન એચ. પંડ્યા આસિસ્ટંન્ટ	૨૨,૦૦૦	હા, જી	મકાન મરામત
(૩)	શ્રી. આર. એચ. પટેલ આસિસ્ટન્ટ	૧૭,૮૦૦	હા, જી	સોસાયટીમાં મકાન ખરીદવા માટે
(૪)	શ્રી. પી. એમ. મકવાણા પટાવાળા	૧૦,૦૦૦	ના, જી	મકાન મરામત
(૫)	શ્રી. એમ. કે. મોદી સી. આસિસ્ટન્ટ	૨૪,૦૦૦	હા, જી	સોસાયટીમાં ફ્લેટ માટે
(૬)	શ્રી. જે. બી. શાહ સ્ટોરકીપર	૨૪,૦૦૦	ના, જી	મકાન મરામત

[નોંધ.—ઉપરોકત લોનમાંથી જે તે કર્મચારીના પ્રૉવિડંટ ફંડમાંથી મકાન બાંધકામ—મરામત માટે આપેલ લોનની બાકીની રકમ તથા તે પર થતું વ્યાજ કાપીને બાકીની રકમ ચૂકવવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને મકાન ખરીદવા/મરામત કરાવવા માટે તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રૉવિડન્ટ ફંડ ખાતેથી મંજૂર કરવી.

૬૬. ફાઇનાન્સ સમિતિની તા. ૩૦-૧૨-૧૯૮૩ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦—૧૨—૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦—૧૨—૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધણી નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૬૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ):

૧) ચોથા વર્ગના કર્મચારીઓને સરકારી ઠરાવ પ્રમાણે ૧, ૧૯૮૪—૮૫ના વર્ષ માટે એક જોડ પોલી—વસ્ત્રનો અને એક જોડ દો સુતી ખાદીનો ગણવેશ અને ત્યારબાદ ૧૯૮૫—૮૬ના વર્ષથી દર બે વર્ષે ત્રણ જોડી પોલી વસ્ત્રનો ગણવેશ આપવો જેમાં પ્રથમ વર્ષે એટલે કે ૧૯૮૪—૮૫-ના વર્ષમાં બે જોડ અને ૧૯૮૬—૮૭ના વર્ષમાં એક જોડ એમ ગણવેશ આપવો. ૧૯૮૩—૮૪ના વર્ષ માટે બૂટને બદલે સરકારી ઠરાવ પ્રમાણે સેન્ડલ તથા સ્ત્રી કર્મચારીઓને ચંપલ આપવાં અને ૧૯૮૪—૮૫ના વર્ષથી દર વર્ષે ગણવેશ સાથે એક જોડ સેન્ડલ—સ્ત્રી કર્મચારીઓને એક જોડ ચંપલ ગણવેશ સાથે આપવાં.

(૨) આર્ટ્સ આર્ટ્સ, સાયન્સ અને જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરમાં હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કુ. દેવયાનીબહેન આર. દેસાઈની નિમણૂક, અન્ય વ્યાખ્યાતા પ્રાપ્ત ન થતાં, ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી વર્ષના પ્રથમ સત્ર સુધી ગ્રાહ્ય રાખી હતી તે લંબાવી આપ્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૮. ફેબ્રુઆરી ૧૯૮૪માં ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજાનાર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયન જોગ્રેફર્સના પાંચમા વાર્ષિક અધિવેશન માટે યુ.જી.સી.એ. તેના તા. ૧૯-૧૨-૧૯૮૩ના પત્રાંક એફ—૧૪-૧૦૮-૮૩ (સી.ઈ. ૨) થી રૂ. ૭,૦૦૦ (રૂપિયા સાત હજાર) નું અનુદાન મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૯. ગુજરાત રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રિસર્ચ ફેલોશિપ એનાયત કરવા અંગે વિચારણા કરીને એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની તા. ૭-૧-૧૯૮૪ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭—૧—૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૭—૧—૧૯૮૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૭૦. પરીક્ષાઓનાં ગુણપત્રકો અને રજિસ્ટરની કન્ટીન્યુઅસ સ્ટેશનરી ખરીદવા મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાઓનાં ગુણપત્રકો અને રજિસ્ટરની કન્ટીન્યુઅસ સ્ટેશનરી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરો પૈકી જેમણે અર્નેસ્ટમની ભરી છે તેઓમાંથી ઑફિસ રજિસ્ટર અને કૉલેજ કૉપીની સ્ટેશનરીના ભાવ તુલસી પ્રેસ, અમદાવાદના સૌથી ઓછા હોવાથી તેમણે જણાવેલ ભાવે અને શરતોએ તે તેમની પાસેથી ખરીદવાનું રાખવું તથા પરીક્ષાઓનાં ગુણપત્રકો માટેની સ્ટેશનરીના સૌથી ઓછા ભાવ અનુક્રમે જે. કે. બિઝનેસ મશીન્સ લિ., કલકત્તાના અને કિરણ પ્રિન્ટિંગ ઍન્ડ પૅકેજિંગ, મુંબઈના હોવાથી ગુણપત્રકોની સ્ટેશનરી જે કે. બિઝનેસ મશીન્સ લિ., કલકત્તા પાસેથી તેમણે જણાવેલ ભાવે અને શરતોએ ખરીદવાનું રાખવું અને જો તેઓ ઑર્ડર ન સ્વીકારે તો કિરણ પ્રિન્ટિંગ ઍન્ડ પૅકેજિંગ, મુંબઈ પાસેથી તેમણે જણાવેલ ભાવે અને શરતોએ ખરીદવાનું રાખવું.

૭૧. સંલગ્ન કૉલેજોમાં શિક્ષણનું કામ કરતી અધ્યાપિકાઓ (વુમન ટીચર્સ) માટે રિસર્ચ ફેલોશિપ, રિસર્ચ એસોસિયેટશિપ અને ટ્રાવેલ ગ્રાન્ટના માટે ઉંમરની બાબતમાં રાહત આપવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૯-૧૨-૧૯૮૩ ના પત્રાંક એફ. ૭-૧-૮૦ (સી.પી.) થી નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૨. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાની શરતો, ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે તા. ૨૯–૧–૧૯૮૩ની સભામાં કુલપતિશ્રીને આપેલ સત્તા અન્વયે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની તા. ૨૫-૧૦-૧૯૮૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧–૧૦–૧૯૮૩ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧–૧૦–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૭૩. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૭–૧૨-૧૯૮૩ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૭–૧૨–૧૯૮૩ની સભાની ભલામણો નં. ૨, ૩, ૪, ૭, ૧૦, ૧૩, ૧૫, ૧૮, ૧૯, ૨૧, ૨૪, ૨૮ મંજૂર કરવી અને બાબત નં. ૨૨ની નોંધ લેવી.

(બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૭–૧૨–૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૭૪. આ યુનિવર્સિટીની વિકાસ અંગેની યોજનાઓ માટે છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના ફાળા તરીકેની રૂ. ૯૫,૦૧,૦૦૦–૦૦ની આર્થિક સહાય મંજૂર કર્યા અંગેના તથા તે માટેની શરતો નિયત કર્યા અંગેના તેમના

તા.૧૯-૧૨-૧૯૮૩ના પત્ર ક્રમાંક એફ. ૪-૪ (૮ બી. ૨) ની નોંધ લેવા તથા તે અંગે કાર્યવાહી આગળની માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી અને આ અંગે આગળની કાર્યવાહી કરવાનું રાખવું.

૭૫. એકિઝકયુટિવ કાઉન્સિલે નીચે જણાવેલ સભા-સમિતિઓ પર પ્રિન્સિપલ ઘનશ્યામભાઈ પરીખ નિયુક્ત કરેલ હતા; તેના સંદર્ભમાં તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક, બિનશિક્ષક કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના પ્રશ્નો અંગેની સમિતિ.

(૨) સરકાર સમક્ષ રજૂઆત કરવા અંગેની સમિતિ

(૩) સ્ટે. ૧૦—આ અને ૧૪—સી સુધારવા અંગેની સમિતિ

(૪) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને "બ્રેસરી સ્કીમ" સ્વીકારી છે તેનો અમલ કરવા યુનિવર્સિટીએ કૉલેજોને અમલ કરવા અંગેનો હેવાલ રજૂ કરવા બાબત અંગેની સમિતિ.

(૫) યુનિવર્સિટી કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિ.

(૬) પુનર્મૂલ્યાંકન અંગેની સમિતિ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ સભા-સમિતિઓ પર અન્ય સભ્યની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૬ કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારુ):

માર્ચ—એપ્રિલ, ૧૯૮૩માં લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૬૬૨૮ શ્રી ઝાલા હિતેન્દ્રકુમાર જમુભાને ઉપલા વર્ગનાં સત્રો ભરવાની છૂટ મળી હતી અને તે આધારે સેકન્ડ બી.કૉમ. માટે સત્રો ભરી ઑક્ટોબર, ૧૯૮૩માં ફર્સ્ટ બી.કૉમ. એ ટી.કે.ટી.ની પરીક્ષા બેઠક નં. ૩૨૧૯થી આપી હતી તે દરમિયાન એપ્રિલ, ૧૯૮૩ના ફર્સ્ટ બી.કૉમ.નાં વિદ્યાર્થિની નં. ૬૬૩૧એ કરાવેલ ગુણચકાસણીનાં આનુષાંગિક અસર બેઠક નં. ૬૬૨૮ને થતાં, સત્રો ભરવાનો મળેલ લાભ રદ કરી નાપાસ જાહેર કરતાં તેમજ તેમણે ભરેલ સેકન્ડ બી.કૉમ.નાં સત્રો રદ કરતાં તેમણે કરેલ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પે. સી.એ. નં. ૧૩ બાબતમાં યુનિવર્સિટીના એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેનલને રોકયાના અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાના.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૭૭. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી. એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ તરફથી જૂન, ૧૯૮૪ થી બી.એ. (સાયં.) માં ડિફન્સ સ્ટડીઝના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33 અનુસાર મોડી

આવી છે. પરંતુ વિષયની પસંદગીમાં વૈવિધ્ય મળી રહે તે જોતાં, સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ આ સભાની વિચારણા કરવા માટે ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણની બી.એ. (સભા.)માં ડિફેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમો શીખવવા માટેની સદરહુ અરજી સ્વીકારવી તથા તે બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૮. ડૉ. એસ. કે. ચેટરજીના માર્ગદર્શન હેઠળ પ્રી-ક્લીનિક વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રીમતી મેંદા ઠક્કરે રજૂ કરેલ મહાનિબંધ પરના રેફરીઓના અહેવાલમાં ઓ. ૩૨૧ મુજબ મતભેદ (tie) પડતાં ચોથા રેફરી નીમવા અંગે વિચારણા કરવા બાબત :

નોંધ.—૧. ડૉ. એચ. આઈ. ઝાલા મહાનિબંધ પી.એચડી. માટે માન્ય ગણે છે.

૨. ડૉ. વી. પી. વૈષ્ણવ ,, ,, ,, માન્ય ગણતા નથી.

૩. ડૉ. એસ. કે. ચેટરજી (ગાઈડ) ,, ,, ,, માન્ય ગણે છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ચોથા રેફરીની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૯. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલન હેઠળની (૧) વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, મહેસાણા અને (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ મહેસાણાનું સંચાલન સરદાર વિદ્યાભવન ટ્રસ્ટને સોંપવા માટે સદરહુ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. સદરહુ અરજી ઑર્ડિ. ૧૨૦—કે અનુસાર ૩૧મી ડિસે. સુધીમાં આવવી જોઈએ તેને બદલે તા. ૧૦—૧—૧૯૮૪ના રોજ આવી છે.

૨. બન્ને ટ્રસ્ટોના સંચાલન આપવા–લેવા અંગેના અધિકૃત ઠરાવની નકલ મોકલી છે.

૩. શિક્ષક–બિનશિક્ષક કર્મચારીઓ અંગેની જવાબદારી સંચાલન લેનાર ટ્રસ્ટે લીધી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કાર્યકારી કુલસચિવ.

નં. એકિઝ. કાઉ. / ૧૨૯૦૨૬ / ૧૯૮૪,
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦૦૦૯.
તા. ૨૧–૨–૧૯૮૪.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક 33

Confidential

A meeting of the Selection Committee for recommendation of candidates for appointment to the post of Registrar, Gujarat University was held on Friday, the 2nd of December, 1983 at 3-00 p.m. at the office of the Gujarat University, Ahmedabad-380 009.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

1. The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh Pro-Vice-Chancellor	Present
3.	Dr. M. N. Desai	Present
4.	Prin. D. M. Shikh	Present
5.	Shri Sudhir I. Nanavati	Absent
6.	Shri Narharibhai M. Parikh	Absent

2. The following was the only candidate called for interview before that Committee on 2nd December 1983 :

1.	Shri R. J. Patel	Absent

3. The following resolution of the Selection Committee for the post of Registrar of the University passed in the meeting held on 27-6-1983 was brought to the notice of the member of the Committee under Gujarat University office letter No. Ac/1/106017/83 dated 25—11—83, and also the attention of the members was drawn to it in the meeting :

"(1) that the post be re-advertised and applications be invited again and

(2) that the candidates who have appeared for interview to-day be considered alongwith or without their being required to apply again alongwith the fresh ones."

4. Letter dated 2—12—83 from a candidate, Shri R. J. Patel who applied for the post in response to the said advertisement, intimating his inability to appear for the interview on account of ill-health and asking for consideration of his application in absentia under this circumstance, was placed before the meeting.

The Committee as per its resolution referred to in (3) above considered the following candidates, who having applied for the post in response to the earlier advertisement had appeared for interview before this Committee on 27th June 1983 :

1. Shri R. N. Shah
2. Shri S. V Shastri
3. Shri S. S. Vora
4. Shri K. H. Dave
5. Shri K. D. Pandya

The Committee after due deliberation resolved to recommend to the Executive Council that Shri S. V. Shastri be appointed to the post of Registrar of Gujarat University on probation for two years.

Ahmedabad.
Dated : 2—12—1983

K. S. Shastri
K. C. Parikh
M. N. Desai
D. M. Shikh

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૫

પ્રોફેસર કે. એમ. કોટડિયા ચંદ્રક

દાતાનું નામ : પ્રો. કે. એમ. કોટડિયા મેમોરિયલ ફંડ, દ્વારા : ડૉ. કે. જી. જાની, કન્વીનર
તથા સરનામું ભૌતિકવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

પ્રદાનની રકમ : રૂ. ૭,૫૦૦–૦૦ તથા રૂ. ૭૧૦–૦૦ વર્ષ ૧૯૮૩ની પરીક્ષા માટે

દાનનો પ્રકાર : એક ચંદ્રક

દાનનો સ્વીકાર : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૯–૧૦–૧૯૮૩ની સભામાં સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "પ્રો. કે. એમ. કોટડિયા, ચંદ્રક" અંદાજી રૂ. ૭૧૦–૦૦ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી રહેતી રકમ રાકડેથી દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી એમ.એસસી.ની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન વિષયમાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક, શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે.

૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. ચંદ્રક અનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા જેટલી રકમ કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

૬. આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૮–૧૦–૧૯૮૩ને શુક્રવારના રોજ સાંજના ૪–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તે સમયે હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. વી. જે. મિસ્ત્રી	ગેરહાજર
૪. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૫. શ્રી. પી. બી. પટેલ	હાજર
૬. ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૭. શ્રી. હીરાલાલ એચ. ભગવતી	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૨૬–૯–૧૯૮૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૬–૯–૧૯૮૩ની સમિતિની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી કેમ્પસમાં બાંધવામાં આવનાર વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્ર નં. એફ–૩–૨૮૩ બી–૨ / તા. ૧૧–૯–૧૯૮૩ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.– આ કામ માટેના પ્લાન સ્થપતિશ્રી. હસમુખ સી. પટેલ પાસે તૈયાર કરાવીને તા. ૨૨–૭–૧૯૮૨ની બાંધકામ સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા હતા તે સભામાં થયેલ ઠરાવ પ્રમાણે પ્લાનમાં જરૂરી ફેરફારો કરાવી તે અંગે કુલપતિશ્રીની મંજૂરી મેળવી પ્લાન યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને મોકલી આપ્યા હતા તે પ્લાનના સંદર્ભમાં આ પત્ર આવેલો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના મકાન માટેના પ્લાનમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જણાવ્યા અનુસાર કિચન ડાઈનિંગ રૂમ વિગેરેના સમાવેશ કરીને તૈયાર કરવા માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલને જણાવવું.

૩. છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી કૅમ્પસમાં બાંધવામાં આવનાર વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલા પત્ર નં. એફ—૩—૧૧—૮૩—બી—૨ તા. ૧—૧૦—૧૯૮૩ પર વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—આ કામ માટેના પ્લાન સ્થપતિશ્રી હસમુખ સી. પટેલ પાસે તૈયાર કરાવીને તા. ૨૨—૭—૧૯૮૨-ની બાંધકામ સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા હતા તે સભાગૃહમાં થયેલ ચર્ચા તથા ઠરાવ પ્રમાણે પ્લાનમાં જરૂરી ફેરફાર કરાવીને તે અંગે કુલપતિશ્રીની મંજૂરી મેળવીને સદર પ્લાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપ્યો હતો તે પ્લાનના સંદર્ભમાં આ પત્ર આવેલો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાનમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જાણવ્યા મુજબ કિચન ડાઈનીંગ રૂમ વિગેરેનો સમાવેશ કરીને પ્લાન તૈયાર કરવા સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલને જણાવવું.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૪. બોયઝ હોસ્ટેલના ઇલેકિટ્રક વાયરિંગના કંત્રાટી મે. જોષી ઇલેકિટ્રક વર્કસની ભાવવધારાની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ કામ માટે ફરીથી ટેન્ડરો મંગાવીને આ બાબત આગળ સભાગૃહ સમક્ષ રજૂ કરવી. ત્યાર બાદ સભાગૃહનું કામ પૂરું થઈ ગયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૩૯

અનુસૂચિત-જાતિઓ, અનુસૂચિત-જનજાતિઓના વિદ્યાર્થીઓને સારુ શિક્ષણ આપી ગુણવત્તાના ધોરણે વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવાના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને બરસરી સ્કીમ સ્વીકારી છે તેના અનુસંધાનમાં એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની સભા તા. ૩૦—૧૧—૧૯૮૩ના રોજ બપોરના ૧—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવી હતી તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ડૉ. યુ. એ. કાપડિયા	ગેરહાજર
૨. ડૉ. વી. સી. શાહ	હાજર
૩. ડૉ. આર. એચ. વ્યાસ	હાજર
૪. પ્રિ. જી. બી. પરીખ	હાજર
૫. શ્રી. કનુભાઈ શાહ	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન ડૉ. વી. સી. શાહે સંભાળ્યું હતું.

ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું :

૧. આ યોજનાનો સ્વીકાર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૨. આપણી યુનિવર્સિટીમાં આવતા જુદા જુદા જિલ્લાઓની આ યોજના માટે પસંદગીની સૂચિત કૉલેજોની યાદી નીચે મુજબની રાખવા ભલામણ કરવામાં આવે છે :

૧. અમદાવાદ શહેર અને જિલ્લો...	૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.
	૨. ગુજરાત કૉલેજ, અમદાવાદ.
	૩. એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.
	૪. એલ. જી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
૨. સાબરકાંઠા જિલ્લો—મોડાસા	...૧. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રી. કે. ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા.
	૨. સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા.
	૩. શ્રી. એચ. એસ. શાહ કૉમર્સ કૉલેજ, મોડાસા.
૩. કચ્છ જિલ્લો	...૧. શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજ.
	૨. શેઠ એસ. વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી.

૪. વડોદરા જિલ્લો	...૧. સી. એન. પટેલ ફરતી કૂઈવાળા આર્ટ્સ કૉલેજ અને ડી. એન. સાયન્સ કૉલેજ, ડભોઈ.
	૨. શ્રીમતી એસ. સી. પટેલ ફરતી કૂઈવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈ.
૫. ગાંધીનગર જિલ્લો	...૧. ગવર્નમેન્ટ આર્ટ્સ–સાયન્સ કૉલેજ, ગાંધીનગર.
	૨. ગવર્નમેન્ટ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર.
૬. મહેસાણા જિલ્લો—કલોલ	...૧. કલોલ મ્યુ. આર્ટ્સ–સાયન્સ કૉલેજ, કલોલ
	૨. શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ.
,, —વીસનગર	...૧. એમ. એન. કૉલેજ, વીસનગર
૭. પંચમહાલ જિલ્લો—દાહોદ	...૧. નવજીવન આર્ટ્સ–કૉમર્સ કૉલેજ, દાહોદ
	૨. નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ.
૮. ખેડા જિલ્લો	...૧. આર. પી. આર્ટ્સ કે. બી. કૉમર્સ અને શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત.
૯. બનાસકાંઠા જિલ્લો	...૧. બનાસકાંઠા આર્ટ્સ–સાયન્સ–કૉમર્સ કૉલેજ, પાલનપુર.

ઉપરોક્ત કૉલેજોમાંથી જે કૉલેજોને આ યોજના અન્વયે વિદ્યાર્થીઓ ફાળવવામાં આવેલ તેટલે અંશે તે કૉલેજોને વિદ્યાર્થીઓની કુલ ગુરુતમ નિયત સંખ્યાની મર્યાદા કરતાં આ યોજના માટે પસંદ થયેલા વધારાના વિદ્યાર્થીઓને લેવા માટે છૂટ આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૦

Ordinance 120 (j) :

1. An affiliated college shall not change its location or give the college building or a part of it on rental basis without prior permission of the University.

2. The Executive Council may accord permission to an affiliated college to change its location subject to the following rules and procedure :

   (*i*) A application for permission to change its location together with a fee of Rs. 500/- shall be submitted not later than 31st December of the year proceding the year from which the change of the location of the college is intended to take effect.

   (*ii*) The application shall set forth elaborately the reasons for the purpose of change in the location of the college.

   (*iii*) The college shall submit the plan of the building together with an elaborate note detailing the physical facilities available in the building as per University norms in respect of the dimensions of the class–rooms including rooms for tutorials, teachers' rooms, library including the reading room, laboratories if any, are needed, boys' common rooms, girls' common rooms, principal's room, water–room, toilet, etc.

   (*iv*) On receipt of the application the Executive Council may appoint a Local Inquiry Committee to examine the proposal of the college and report on the need for the change asked for and also premises where it is proposed to shift as per the university norms.

   (*v*) The report of the Local Inquiry Committee will be placed before the Executive Council and the Executive Council after considering the report may either grant the permission asked for on such conditions as it may deem necessary to lay down or refuse the permission asked for.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૧

(અ) ૧૯૮૪ના વર્ષની જાહેર રજાઓ

ક્રમાંક	તહેવાર	તારીખ	વાર
૧.	મકરસંક્રાંતિ	૧૪મી જાન્યુઆરી, ૧૯૮૪	શનિવાર
૨.	પ્રજાસત્તાક દિન	૨૬મી જાન્યુઆરી, ૧૯૮૪	ગુરુવાર
૩.	મહાશિવરાત્રી	૨૯મી ફેબ્રુઆરી, ૧૯૮૪	બુધવાર
૪.	રામનવમી	૧૦મી એપ્રિલ, ૧૯૮૪	મંગળવાર
૫.	મહાવીર જયંતી	૧૩મી એપ્રિલ, ૧૯૮૪	શુક્રવાર
૬.	ગુડ ફ્રાઈડે	૨૦મી એપ્રિલ, ૧૯૮૪	શુક્રવાર
૭.	રક્ષાબંધન (નાળિયેરી પૂર્ણિમા)	૧૧મી ઑગસ્ટ, ૧૯૮૪	શનિવાર
૮.	સ્વાતંત્ર્ય દિન	૧૫મી ઑગસ્ટ, ૧૯૮૪	બુધવાર
૯.	જન્માષ્ટમી	૨૦મી ઑગસ્ટ, ૧૯૮૪	સોમવાર
૧૦.	પારસી નવું વર્ષ દિન	૨૫મી ઑગસ્ટ, ૧૯૮૪	શનિવાર
૧૧.	સંવત્સરી	૩૦મી ઑગસ્ટ, ૧૯૮૪	ગુરુવાર
૧૨.	બકરી ઈદ (ઈદ-ઉલ-ઝુહા)	૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૮૪	ગુરૂવાર
૧૩.	મહાત્મા ગાંધી જન્મ દિન	૨જી ઑક્ટોબર, ૧૯૮૪	મંગળવાર
૧૪.	દશેરા	૪થી ઑક્ટોબર, ૧૯૮૪	ગુરુવાર
૧૫.	મહોરમ (આસુરા અથવા દસમો મહોરમ	૬ઠ્ઠી ઑક્ટોબર, ૧૯૮૪	શનિવાર
૧૬.	દિવાળી	૨૪મી ઑક્ટોબર, ૧૯૮૪	બુધવાર
૧૭	દિવાળી (નૂતનવર્ષ દિન)	૨૫મી ઑક્ટોબર, ૧૯૮૪	ગુરુવાર
૧૮.	ભાઈબીજ	૨૬મી ઑક્ટોબર, ૧૯૮૪	શુક્રવાર
૧૯.	સરદાર વલ્લભભાઈ પટેલ જન્મદિન	૩૧મી ઑક્ટોબર, ૧૯૮૪	બુધવાર
૨૦	ગુરુનાનકનો જન્મદિન	૮મી નવેમ્બર, ૧૯૮૪	ગુરુવાર
૨૧.	યુનિવર્સિટી સ્થાપના દિન	૨૩મી નવેમ્બર, ૧૯૮૪	શુક્રવાર
૨૨.	ઈદ-એ-મિલાદ	૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૮૪	ગુરુવાર
૨૩	નાતાલ	૨૫મી ડિસેમ્બર, ૧૯૮૪	મંગળવાર

[**નોંધ.**—૧. નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે રજાના દિવસો તરીકે જાહેર કરેલ નથી.

૧. હોળી (બીજો દિવસ) ૧૮મી માર્ચ, ૧૯૮૪
૨. રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) ૧લી જુલાઈ, ૧૯૮૪

૨ ઉપર જાહેર કરેલ મુસ્લિમોની કોઈ પણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઊજવાય તે દિવસે યુનિવર્સિટીના મુસ્લિમ કર્મચારીઓને મરજિયાત રજા આપી શકાશે.]

(બ) ૧૯૮૪ના વર્ષની મરજિયાત રજાઓ

ક્રમાંક	તહેવાર	તારીખ	વાર
૧.	ગુરુ ગોવિંદસિંહનો જન્મદિન	૧૦મી જાન્યુઆરી, ૧૯૮૪	મંગળવાર
૨.	જમશેદી નવરોજ (શહેનશાહી અને કદમી)	૨૧મી માર્ચ, ૧૯૮૪	બુધવાર
૩.	ગુડી પડવા	૨જી એપ્રિલ, ૧૯૮૪	સોમવાર
૪.	ચેટીચાંદ	૩જી એપ્રિલ, ૧૯૮૪	મંગળવાર
૫.	મહાવીર જયંતી	૧૪મી એપ્રિલ, ૧૯૮૪	શનિવાર
૬.	ડૉ. આંબેડકરનો જન્મદિન	૧૪મી એપ્રિલ, ૧૯૮૪	શનિવાર
૭.	પીશાય (પ્રથમ દિવસ)	૧૭મી એપ્રિલ, ૧૯૮૪	મંગળવાર
૮.	જરથોસ્તનો દિશો (કદમી)	૨જી મે, ૧૯૮૪	બુધવાર
૯.	બુદ્ધજયંતી	૧૫મી મે, ૧૯૮૪	મંગળવાર
૧૦.	શબ-એ-બરાત (મુસ્લિમ સુન્ની અને શિયા)	૧૭મી મે, ૧૯૮૪	ગુરુવાર
૧૧.	જરથોસ્તનો દિશો (શહેનશાહી)	૧લી જૂન, ૧૯૮૪	શુક્રવાર
૧૨.	શબ્બાથ	૬ઠ્ઠી જૂન, ૧૯૮૪	બુધવાર
૧૩.	શહાદત-એ-હજરતઅલી (મુસ્લિમ શિયા)	૨૨મી જૂન, ૧૯૮૪	શુક્રવાર
૧૪.	ગાથા–ગહમ્બર (ગાથા ત્રીજ) (કદમી)	૨૩મી જુલાઈ, ૧૯૮૪	સોમવાર
૧૫.	પારસી નૂતનવર્ષ (પ્રારંભ પૂર્વનો દિવસ) (કદમી)	૨૫મી જુલાઈ, ૧૯૮૪,	બુધવાર
૧૬.	પારસી નૂતનવર્ષ (કદમી)	૨૬મી જુલાઇ, ૧૯૮૪	ગુરુવાર
૧૭.	ખોરદાદ સાલ (કદમી)	૩૧મી જુલાઈ, ૧૯૮૪	મંગળવાર
૧૮.	શીશાબીબ	૭મી ઑગસ્ટ, ૧૯૮૪	મંગળવાર
૧૯.	ગાથા ગહમ્બર (ગાથાત્રીજ) (શહેનશાહી)	૨૨મી ઑગસ્ટ, ૧૯૮૪	બુધવાર
૨૦.	શ્રાવણ વદ ૧૧ (ચતુર્થ પક્ષ)	૨૩મી ઑગસ્ટ, ૧૯૮૪	ગુરુવાર
૨૧.	શ્રાવણ વદ ૧૨ (પંચમી પક્ષ)	૨૪મી ઑગસ્ટ, ૧૯૮૪	શુક્રવાર
૨૨.	પારસી નૂતનવર્ષ પ્રારંભ પૂર્વનો દિવસ (ગાથા ૫) (શહેનશાહી)	૨૪થી ઑગસ્ટ, ૧૯૮૪	શુક્રવાર
૨૩.	મહાવીર જયંતો વાચન	૨૭મી ઑગસ્ટ, ૧૯૮૪	સોમવાર
૨૪.	ગણેશચતુર્થી	૨૯મી ઑગસ્ટ, ૧૯૮૪	બુધવાર
૨૫.	ખોરદાદસાલ (શહેનશાહી)	૩૦મી ઑગસ્ટ, ૧૯૮૪	ગુરુવાર
૨૬.	પર્યુષણ–ભાદરવા સુદ ૫	૩૧મી ઑગસ્ટ, ૧૯૮૪	શુક્રવાર

૨૭.	રોશ હોશાના (પ્રથમ દિવસ)	૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૪	ગુરુવાર
૨૮.	કિપ્પુરના પ્રારંભનો પૂર્વ દિવસ	૫મી ઑક્ટોબર, ૧૯૮૪	શુક્રવાર
૨૯.	કિપ્પુર	૬ઠ્ઠી ઑક્ટોબર, ૧૯૮૪	શનિવાર
૩૦.	મહોરમ (આસુરા આરંભ પૂર્વ દિવસ અથવા નવમો મહોરમ) (શિયા અને સુન્ની	૬ઠ્ઠી ઑક્ટોબર, ૧૯૮૪	શનિવાર
૩૧.	સુક્કોથ (પ્રથમ દિવસ)	૧૧મી ઑક્ટોબર, ૧૯૮૪	શનિવાર
૩૨.	કારતક સુદ ૧૫	૮મી નવેમ્બર, ૧૯૮૪	ગુરુવાર
૩૩.	શહાદત-એ-ઈમામ હસન (મુસ્લિમ શિયા)	૨૨મી નવેમ્બર, ૧૯૮૪	ગુરુવાર
૩૪.	ઈદ–એ–મિલાદ (મુસ્લિમ શિયા)	૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૮૪	ગુરુવાર
૩૫.	નાતાલ (બીજો દિવસ અથવા બોકરીંગ ડે)	૨૬મી ડિસેમ્બર, ૧૯૮૪	બુધવાર
૩૬.	ગુરુ ગોવિંદસિંહનો જન્મદિન	૨૯મી ડિસેમ્બર, ૧૯૮૪	શનિવાર

નોંધ.—(૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે "મરજિયાત રજા"ના દિવસો તરીકે જાહેર કરેલ નથી :

(૧)	ખ્રિસ્તીનું નવું વર્ષ	૧લી જાન્યુઆરી, ૧૯૮૪
(૨)	ચૈત્ર સુદ ૧૫	૧૫મી એપ્રિલ, ૧૯૮૪
(૩)	ગુરુ અર્જુનદેવનો શહીદદિન	૩જી જૂન, ૧૯૮૪
(૪)	રમઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર (રજે રવ્વલ) (મુસ્લિમ શિયા અને સન્ની)	૧લી જુલાઈ, ૧૯૮૪
(૫)	મહાવીર જયંતી વાચન	૨૬મી ઑગસ્ટ, ૧૯૮૪

નોંધ.—(૨) યુનિવર્સિટીના કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાધ વિના ઉપર બતાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ ૨ રજાઓ ભોગવી શકાશે. આવી મરજિયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈએ અને સામાન્ય રીતે, પરચૂરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી યુનિવર્સિટીના કામકાજની અગત્યતા જોઈને પરવાનગી આપશે. યુનિવર્સિટીના કર્મચારીઓએ તેમના પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલ રજા તેમના પરચૂરણ રજાઓના હિસાબમાં વધારવામાં આવશે નહીં.

નોંધ.—(૩) ઉપર જાહેર કરેલા મુસ્લિમોના કોઈ પણ તહેવારો જાહેર કરેલા દિવસે આવતા ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઊજવાય તે દિવસે યુનિવર્સિટીના મુસ્લિમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલ રજા જાહેર કરેલ રજાને બદલે તે દિવસે મરજિયાત રજા તરીકે આપી શકાશે.

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૫૯

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૨—૧૨—૧૯૮૩ ને ગુરુવારના રોજ સાંજના ૫—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં નીચે પ્રમાણે હાજરી હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૪. ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૫. શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૬. શ્રી. પી. બી. પટેલ	ગેરહાજર
૭. શ્રી. દીપક નવનીતલાલ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૨૮—૧૦—૧૯૮૩ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત :

બાંધકામ સમિતિની તા. ૨૮—૧૦—૧૯૮૩ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુરુ નાનક ભવનના મકાનમાં ફેરફારો કરવાના કામ માટે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુરુ નાનક ભવનના મકાનમાં ફેરફારો કરવાના કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે સમગ્ર રીતે વિચારણા કર્યા બાદ નક્કી કરવામાં આવ્યું કે શ્રી. પી. બી. શાહનું રૂ. ૯૫,૩૭૦—૦૦ની રકમનું ટેન્ડર(આઈટેમ નં. ૧૨—દરવાજા તથા આ. નં. ૨૨—જી. આઈ. પાઈપ સિવાય)નું મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[નોંધ.—આ મકાનમાં ફેરફારના કામ દરમિયાન જૂના દરવાજા મળશે તે રીફીટ કરવાના રહેશે તે હિસાબે દરવાજાની આઈટમ નં. ૧૨ તથા ગે. પાઈપની આઈટમ નં. ૨૨ સિવાયનું ટેન્ડર મંજૂર રાખવા ભલામણ કરવામાં આવી હતી.]

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૬૬

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૩૦—૧૨—૧૯૮૩ના રોજ બપોરના ૩—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ (ઉપકુલપતિશ્રી)	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૧૪—૧૦—૧૯૮૩ની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

ફાઈનાન્સ સમિતિની તા. ૧૪—૧૦—૧૯૮૩ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલય માટે ડુપ્લિકેટિંગ રીમ ૩૦૦૦ (ત્રણ હજાર) ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત :

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે મે. પરેશ એન્ડ એસોસિયેટ્સ પાસેથી ૨,૩ કે. જી. બેલાપુર મિલના ત્રણ એક્કા છાપ ડુપ્લિકેટિંગ કાગળના ૩,૦૦૦ (ત્રણ હજાર) રીમ પૅકેટ ટેન્ડરમાં જણાવેલ શરતોએ એક રીમના રૂ. ૨૬—૮૬ પૈસાના ભાવે ખરીદવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મે. પરેશ એન્ડ એસોસિયેટ્સ પાસેથી રીમ ડુપ્લિકેટિંગ પેપર ઈમ્પ્રિન્ટ બનાવટના રૂ. ૨૭—૦૦ રીમનાભાવે ખરીદવા અને આ અંગે રૂ. ૧,૩૫૦(રૂપિયા એક હજાર ત્રણસોને પચાસ)નું ખર્ચ મંજૂર રાખવું.

૩. યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓના પલ્પિંગ કામ માટે તેમ જ યુનિવર્સિટી કાર્યાલયની અન્ય પરચૂરણ જૂનો રેકૉર્ડ તેમજ યુનિવર્સિટી પ્રેસની કતરણ તથા રીમના બાંધા વગેરેના નિકાલ માટે મંગાવેલ ટેન્ડારેની નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે જૂની ઉત્તરવહીઓમાં સ્થાનિક વેપારીઓમાં સૌથી વધુ ભાવ આપનાર વેપારીઓને ટેન્ડરમાં જણાવેલ શરતોએ અને નીચે જણાવેલ ભાવે કામ સોંપવું :

નં.	વસ્તુનું નામ	વેપારીનું નામ	એક કિલોનો ભાવ રૂ. પૈસા	નોંધ
૧.	જૂની ઉત્તરવહીઓ	કરાડપતિ ચુરણવાલા	૩–૨૧	સ્થાનિક વેપારીઓમાં સૌથી વધુ ભાવ હોવાથી
૨.	જૂના રેકૉર્ડ	મહાવીર પસ્તી ભંડાર	૩–૦૧	સૌથી વધુ ભાવ હોવાથી
૩.	છાપેલા ફૉર્મ	,,	૨–૮૦	,,
૪.	અન્ય વેસ્ટ પેપર (સ્ક્રીપિંગ)	પ્રૉગ્રેસિવ ઍસોસિએટ્સ	૧–૬૫	,,
૫.	રીમના બાંધા	,,	૧–૬૫	,,
૬.	છાપકામ દરમિયાન મશીનમાં બગડેલા કાગળ-ઑઈલ-કૉટન વેસ્ટ વગેરે	,,	૧–૬૫	,,
૭.	પ્રેસની કતરણ (મિક્ષ)	પેરડાઈઝ વેસ્ટ સપ્લાયર્સ	૨–૭૦	,,
૮.	વપરાયેલ મોનોસ્પૂલ પેપર	કરાડપતિ ચુરણવાલા	૪–૫૫	,,
૯.	જૂના પંચિંગ કાર્ડ	શાહ ભૂરાલાલ ગંગારામ	૩–૭૦	,,

૪. યુનિવર્સિટીના ગ્રંથાલય માટે દૈનિક પેપરો તથા અઠવાડિકો મે. લક્ષ્મી ન્યૂઝ પેપર સર્વિસીસ પાસેથી એક વર્ષ માટે મંગાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય માટે સદરહુ વેપારી પાસેથી ટેન્ડરોમાં જણાવેલ દૈનિક વર્તમાનપત્રો તથા અઠવાડિકો તે વેપારીના ટેન્ડરમાં જણાવેલ શરતો પ્રમાણે ખરીદવા અને આ અંગે રૂ. ૨૬૫૪–૪૦ (રૂપિયા બે હજાર છસો ને ચોપન અને ચાળીસ પૈસા)નું ખર્ચ મંજૂર કરવું.

૫. વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરટરીમાં "પેકાર્ડ ગેસ ક્રોમેટોગ્રાફ મોડલ-૪૨૧" ઈન્સ્ટૉલ કરવા માટે રૂ. ૨,૦૦૦ (રૂપિયા બે હજાર)ના ખર્ચની મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરટરીમાં "પેકાર્ડ ક્રોમેટોગ્રાફ મોડલ-૪૨૧" મે. ઈડઝેમ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ પાસે ઊભું (ઈન્સ્ટૉલ) કરાવવું અને તે માટે રૂ. ૨,૦૦૦ (રૂપિયા બે હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિદ્યાભવન માટે રસાયણો યુ.એસ.એ.થી આયાત કરવા માટે રૂ. ૪,૮૧૦—૮૦ પૈસા (રૂપિયા ચાર હજાર આઠસો ને દશ અને એંસી પૈસા)નું ખર્ચની મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિદ્યાભવન માટે સિગ્મા કેમિકલ કંપની, યુ.એસ.એ. પાસેથી જરૂરી કેમિકલ્સ આયાત કરવા અને આ અંગે રૂ. ૪,૮૧૦—૮૦ પૈસા (રૂપિયા ચાર હજાર આઠસો ને દશ અને એંસી પૈસા)નું ખર્ચ (કસ્ટમ ડ્યૂટી સહિત)નું મંજૂર કરવું.

૭. યુનિવર્સિટી કાર્યાલય માટે એક ડુપ્લિકેટિંગ મશીન મે. ઈન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ પાસેથી (ગેસ્ટેટનર બનાવટનું) ખરીદવા અંગે વિચારણા કરવા બાબત તથા યુનિવર્સિટીના ત્રણ જૂના ડુપ્લિકેટિંગ મશીનનો નિકાલ કરવા વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે એક ઈલેક્ટ્રિક ડુપ્લિકેટિંગ મશીન (ગેસ્ટેટનર બનાવટનું) મે. ઈન્ડિયન ડુપ્લિકેટર કું. લિ. પાસેથી કંપનીએ ભલામણ કરેલ ભાવે અને શરતોએ ખરીદવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂનાં મશીનોનો નિકાલ કરતાં પહેલાં તેમાંનાં કોઈ રીપેર કરી ઉપયોગમાં લઈ શકાય તેમ છે કે કેમ તે અંગે ટેકનિકલ અભિપ્રાય મેળવી પ્રત્યેક મશીન બાબતની વિગતો સાથે આ બાબત આ સમિતિ સમક્ષ પુનઃ રજૂ કરવી.

૮. યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનમાં લેબોરેટરી માટે ફર્નિચર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે જરૂરી નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયની લિફ્ટનો વાર્ષિક સરવિસ કોન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી લિફ્ટનો વાર્ષિક કોન્ટ્રાક્ટ તા. ૧—૧૧—૧૯૮૩થી તા. ૩૦—૧૦—૧૯૮૪ સુધી મે. ટાયો એન્જિનિયરિંગ વર્ક્સ સાથે કરવો અને આ અંગે રૂ. ૧,૮૯૦ (રૂપિયા એક હજાર આઠસો નેવું)નું ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મે. ટાયો એન્જિનિયરિંગ વર્ક્સના તા. ૧૨—૧૨—૧૯૮૩ના પત્રમાં જણાવ્યા પ્રમાણે લિફ્ટને રીપેર કરાવવી અને આ અંગે રૂ. ૧,૭૫૧ (રૂ. એક હજાર સાતસો ને પંચાવનનું ખર્ચ) મંજૂર કરવું.

૧૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીના વધુ ત્રણ ચંદ્રકો બનાવવા માટે રૂ. ૧,૨૭૧ (રૂ. એક હજાર બસો ને પંચોતેર)ના ખર્ચની મંજૂરી આપી.

(૨) ડૉ. કે. જી. દેસાઈની સંશોધન યોજના માટે જરૂરી ટેસ્ટ પેપરો તૈયાર કરાવવા માટે રૂ. ૫,૪૫૬ (રૂ. પાંચ હજાર ચારસો ને સત્તાવન)ના ખર્ચની મંજૂરી આપી.

(૩) યુનિવર્સિટી મોટરકાર નં. ૭૨૩૧ની બેટરી ફીટ કરાવવા માટે રૂ. ૧,૦૪૮ (રૂ. એક હજાર ને અડતાલીસ)ના ખર્ચની મંજૂરી આપી.

(૪) યુનિવર્સિટીના સબમર્શિબલ પંપને રીપેર કરાવવા માટે રૂ. ૨,૦૦૧ (રૂ. બે હજાર ને એક)ના ખર્ચની મંજૂરી આપી.

(૫) યુનિવર્સિટી શ્રમિક વિદ્યા કેન્દ્રની મોટરકાર નં. જીજેજે. ૭૭૯૦ને રીપેરિંગ કરાવવા માટે રૂ. ૧,૧૭૩ (રૂ. એક હજાર એકસો ને તોંતેર)ના ખર્ચની મંજૂરી આપી.

(૬) યુનિવર્સિટી ટ્રાન્સફોરમરને અમદાવાદ ઈલેકિટ્રસિટી કંપની પાસે રીપેર કરાવવા માટે રૂ. ૧,૦૮૦ (રૂ. એક હજાર ને એંસી)ના ખર્ચની મંજૂરી આપી.

(૭) યુનિવર્સિટી અતિથિગૃહ માટે ગાદલા, ઓશિકા વિ. ખોલાવાં નવા ભરાવવા તથા તે માટે જરૂરી કાપડ ખરીદવા રૂ. ૧,૯૫૦ (રૂ. એક હજાર નવસો ને પચાસ)ના ખર્ચની મંજૂરી આપી.

(૮) યુનિવર્સિટીના ઈન્ટરકોમ માટે વધારાની એક્સાઈઝ ડ્યુટીનું રૂ. ૧,૧૨૦–૯૦ (રૂ. એક હજાર એકસો ને વીસ અને નેવું પૈસા)ના ખર્ચને મંજૂરી આપી.

આથી ફરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોકત કાર્યોની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જાડિયા
કલસચિવ વતી

પરિશિષ્ટ "૮"
ક્રમકાજ ક્રમાંક ૬૯

ગુજરાત રાજ્ય સરકારની તેમ જ યુ.જી.સી.ની રિસર્ચ ફેલોશિપ આપવા અંગે વિચારણા કરીને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની એક સભા શનિવાર, તા. ૭—૧—૧૯૮૪ના રોજ બપોરના ૨—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રી કે. એસ. શાસ્ત્રીના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. કે. એસ. શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર
૨. શ્રી. જે. એ. યાજ્ઞિક	હાજર
૩. ડૉ. એ. એસ. નાગર	હાજર
૪. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૫. ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૬. આચાર્યશ્રી દર્શનસિંગ શીખ	ગેરહાજર
૭. ડૉ. એમ. પી. ભટ્ટ	હાજર

૧. સંશોધન શિષ્યવૃત્તિની તા. ૪—૧૦—૧૯૮૩ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૪—૧૦—૧૯૮૩ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર રિસર્ચ ફેલોશિપ મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરી ફેલોશિપ એનાયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવ્યું કે નીચે જણાવેલ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની જુનિયર રિસર્ચ ફેલોશિપ વિદ્યાર્થી જે તારીખથી પીએચ.ડી. માટે રજિસ્ટર્ડ થયા હોય અથવા જે તારીખથી વિદ્યાર્થી સંશોધન કાર્ય શરૂ કરે તે તારીખ પૈકી જે તારીખ મોડી હોય તે તારીખથી એક વર્ષ માટે એનાયત કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

નં.	વિદ્યાર્થીનું નામ	માર્ગદર્શક શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	
૧	૨	૩	૪
હ્યુમેનિટીઝ :			
૧.	યાજ્ઞિક અર્ચિતા જે., સાયકોલોજી	ડૉ. એચ. ડી. બદામી, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, એજ્યુ. ઍન્ડ ફિલોસોફી, અમદાવાદ	
૨.	મહેતા રૂપા આર., ઈન્ડિયન કલ્ચર	ડૉ. ચીનુભાઈ નાયક, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	
૩.	શાહ જાગૃતિ એન., સંસ્કૃત	ડૉ. ડી. ડી. માલવણિયા, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ	
૪.	જાની વર્ષા બી., ઈન્ડિયન કલ્ચર	ડૉ. પી. સી. પરીખ, બી. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ અમદાવાદ	
૫.	સિંધ બ્રિજગોપાલ આર., હિંદી	ડૉ. ઓ. એસ. નાગર, યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસ, અમદાવાદ	
૬.	ક્ષત્રિય શ્રીનાથસિંઘ, હિંદી	ડૉ. રામકુમાર ગુપ્તા, યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસ, અમદાવાદ	એડહોક
૭.	પટેલ ભૂમિકા એન., ગુજરાતી	ડૉ. મફતલાલ ઓઝા, યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસ, અમદાવાદ	
૮.	સંધીર અંજના, સાયકોલોજી	ડૉ. પ્રતીક્ષા રાવલ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકલોજી, એજ્યુ. ઍન્ડ ફિલોસોફી, અમદાવાદ	
૯.	મહેતા ગીતા પી., સંસ્કૃત	ડૉ. ભગવતીપ્રસાદ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્લેજીસ, અમદાવાદ	એડહોક

૧	૨	૩	૪
	૧૦. ધીવાલા નીલોત્પલાંડી., લિંગ્વિસ્ટિક્સ	ડૉ. વાય. ડી. વ્યાસ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસ, અમદાવાદ	
	૧૧. જી. સુબ્બાયપ્પા એન., ઈકોનોમિક્સ	ડૉ. વી. કે. ચાવડા યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશ્યલ સાયન્સીસ, અમદાવાદ	ઓડલોક
સાયન્સીસ			
	૧. જોશી મંજુષા એસ., કેમિસ્ટ્રી	ડૉ. જી. એસ. પટેલ, આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	
	૨. પટેલ પંકજરોય એલ., કેમિસ્ટ્રી	ડૉ. આઈ. જી. વશી, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	
	૩. વરિયા સુવિધિ એમ., કેમિસ્ટ્રી	ડૉ. આર. કે. શાહ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	
	૪. પટેલ હર્ષદ સી., કેમિસ્ટ્રી	ડૉ. આઈ. જી. વશી, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	
	૫. વ્યાસ ભરતકુમાર, માઈક્રોબાયોલોજી	ડૉ. એસ. જી. દેસાઈ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	
	૬. શાહ નીશા કે., કેમિસ્ટ્રી	ડૉ. એમ. એન. દેસાઈ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	
	૭. સામ એમ. જ્યોર્જ, ઝૂલોજી	ડૉ. એન. જે. ચિનોય, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	
	૮. પટેલ કેશવભાઈ જી., ઝૂલોજી	ડૉ. એન. જે. ચિનોય, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ–૯	

૧ ૨	૩	૪
૯. કદમ રામાદુ એમ., ઝૂલોજી	ડૉ. વી. સી. શાહ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ–૯	
૧૦. યુ. વજપેયે નીશા આર., બોટની	ડૉ. ઓ. પી. સકસેના યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ–૯	
૧૧. ઉપાધ્યાય સુભાષચંદ્ર પી. કેમેસ્ટ્રી	ડૉ. પી. આર. શાહ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	
૧૨. સેનગુપ્તા સ્મીતા એચ., જોગ્રોફી	ડૉ. અંજના દેસાઈ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	
૧૩. ચૌહાણ કમલેશ આર., કેમિસ્ટ્રી	ડૉ. જે. પી. ત્રિવેદી એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	એડહોક
૧૪. પડિયા જનક કે., કેમિસ્ટ્રી	ડૉ. પી. બી. શાહ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	એડહોક
૧૫. પરીખ સ્કરીઆહ પી. સી. બોટની	ડૉ. યુ. એચ. આચાર્ય, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	એડહોક
૧૬. ઉપાસાની વિવેક એન., માઈક્રોબાયોલોજી	ડૉ. એસ. જી. દેસાઈ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	એડહોક
૧૭. જૈન નયનકુમાર કે., ઝૂલોજી	ડૉ. યુ. એમ. રાવલ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીસ, અમદાવાદ	એડહોક

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

રજની દેસાઈ
કલસચિવ વતી

પરિશિષ્ટ " ઠ "
કામકાજ ક્રમાંક ૭૨

સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં જે પ્રશ્નો ઊભા થાય તે અંગે વિચારણા કરી ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલ સ્થાયી સમિતિની સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૫–૧૦–૧૯૮૩ના રોજ બપોરના ૩–૩૦ કલાકે મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. આચાર્ય એમ. સી. શાહ	ગેરહાજર
૨. આચાર્ય ઘનશ્યામભાઈ બી. પરીખ	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	ગેરહાજર
૫. આચાર્ય દર્શનસિંગ શીખ	ગેરહાજર
૬. શ્રી. કનુભાઈ એ. શાહ	ગેરહાજર
૭. શ્રી. એ. ટી. અજમેરા	ગેરહાજર
૮. શ્રી. શરદભાઈ એમ. પટેલ	હાજર
૯. શ્રી. નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર

સભાગૃહની મંજૂરીથી આજની સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઘનશ્યામભાઈ બી. પરીખે સંભાળ્યું હતું.

૧. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થાઓના ગ્રંથપાલ મંડળ, અમદાવાદ શહેર યુનિટે તા. ૨૪–૬–૧૯૮૧ના પત્રથી લાઇબ્રેરી એટેન્ડન્ટોને સરકારશ્રીએ તેમના ગ્રંથાલયમાં માન્ય કર્યાના રેગ્યુલેશન પી. સી. આર. ૧૧૭૮–એમ.થી માન્ય કરેલ ગ્રેડ રૂ. ૨૬૦–૪૦૦થી વંચિત રાખવામાં આવ્યા છે, જેના પરિણામે લાંબા ગાળાની અસર તેમના પ્રશ્નો પર પડે છે તેવી રજૂઆત કરી છે તે પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–સરકારશ્રીના તા. ૧૨–૪–૭૮ના ઠરાવ ક્રમાંક એન. જી. સી. ૧૩૭૭–૨૦૫૦૧ કે.એચ.માં જણાવ્યા મુજબ સંલગ્ન આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ અને બી.એડ.ની કૉલેજોમાં લાઇબ્રેરી એટેન્ડન્ટ, માળી, ચોકીદાર, ડુપ્લિકેટિંગ મશીનમેનનું પગારધોરણ રૂ. ૧૯૬–૩–૨૩૨ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં તા. ૧–૧–૧૯૭૩ થી જેઓ લાઇબ્રેરી એટેન્ડન્ટ તરીકેનો કે લાઇબ્રેરી કાઉન્ટર એટેન્ડન્ટનો હોદ્દો ધરાવતા હોય તેઓને ગુજરાત સરકારના ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટના તા. ૧૨–૫–૧૯૭૮ના ઠરાવ નં. પીસીઆર. ૧૧૭૮–સી. ૩૨.એ.માં નિર્દિષ્ઠ એસ.એસ.સી. ઉત્તીર્ણની લાયકાત ધરાવતા હોય તેઓને રૂ. ૨૬૦–૪૦૦નું પગારધોરણ અને બીજાઓને રૂ. ૨૬૦–૩૫૮નું પગારધોરણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

તે પછી બાબત—૨ અને ૬ની વિચારણા એકસાથે કરવામાં આવી :

૨. ગુજરાત યુનિવર્સિટી કોર્ટસભ્ય શ્રી. સી. પી. જોશીના નીચે જણાવેલ પ્રસ્તાવ ઉપર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૪—૪—૧૯૮૨ની સભામાં સદરહુ બાબતને કૉલેજો અંગેના પ્રશ્નો માટેની સમિતિ સમક્ષ વિચારણા માટે મૂકવી. દરમિયાન કર્મચારી મંડળો તથા કૉલેજ વ્યવસ્થાપક મંડળોનાં આ અંગેનાં મંતવ્યો મંગાવવા ઠરાવ કર્યો છે તે પર વિચારણા કરવા બાબત.

પ્રસ્તાવ

સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સીનિયોરીટી નક્કી કરવાનાં ધોરણો યુનિવર્સિટીના કર્મચારીઓ માટે નક્કી કરવામાં આવેલાં ધોરણો પ્રમાણે જ ગણાય અને તેમની નિમણૂક, બઢતી વગેરેમાં એકસૂત્રતા જળવાય : યુનિવર્સિટી બિનશિક્ષક કર્મચારીઓની અને સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓના, એમ આ સભા ઠરાવે છે.

૬. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી અમદાવાદ શહેર મંડળ પ્રમુખશ્રીએ તેમના તા. ૫—૧૧—૧૯૮૨ના પત્રથી યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓ માટેના જે નિયમો કર્યા છે તેમાં સુધારાવધારા કરી તે નિયમો બિનસરકારી સંલગ્ન કૉલેજોના કર્મચારીઓ માટે કરવા તેમજ કાર્યકારી નિમણૂક માટે નિયમો કરવા પાછળથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપર જણાવેલ બાબતો પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬—૬—૧૯૮૩ની સભામાં બાબત ક્રમાંક ૩૯ થી ઓ. ૧૬૮માં કંડિકા ૧૦ ઉમેરી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓના શ્રેયાનતા (સીનિયોરિટી) નિયમોની જોગવાઈ કરી હોવાથી આ સમિતિએ કાંઈ કરવાપણું રહેતું નથી.

૩. શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રી. કે. ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના ભૂતપૂર્વ ગ્રંથપાલ શ્રી. એચ. બી. નાગરને સંલગ્ન કૉલેજોના કર્મચારીઓની સર્વિસીસ ટ્રિબ્યુનલે સેન પગાર તફાવતની રકમ ચૂકવવા માટે સંસ્થાને હુકમ કર્યા છતાં સંસ્થાએ શ્રી. એસ. પી. નાગર, ગ્રંથપાલને રકમ ન ચૂકવ્યા અંગેના શ્રી. એચ. બી. નાગરના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથપાલ શ્રી. એચ. બી. નાગરે ગુજરાત એફિલિયેટેડ કૉલેજીસ સર્વિસીસ ટ્રિબ્યુનલમાં ગ્રંથપાલના સુધારેલા પગારધોરણના સંદર્ભમાં લહેણી નીકળતી રકમ માટે અરજી ક્રમાંક ૧૪—૮૨ અને ૨૫—૮૨ કરેલ તે પર ટ્રિબ્યુનલે તા. ૧—૧—૧૯૭૩થી તા. ૩૦—૬—૧૯૭૪ સુધીના સમયગાળાની રકમ જે રૂ. ૭૩૪૧—૫૧ થાય છે તે એરિથમેટિકલ કેલકયુલેશનની ભૂલને આધીન ચૂકવવા તા. ૨૯—૯—૧૯૮૨ના રોજ હુકમ કર્યો છે તેનું પરિપાલન કરવા માટે આર્ટ્સ કૉલેજ, મોડાસાને જણાવવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૪. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧—૯—૧૯૮૨ની સભાએ કૉલેજોનું મહેકમ નક્કી કરવા માટે નિયુક્ત કરેલ સમિતિએ કરેલ ભલામણ પર વિચારણા કરવા અંગે. (પરિશિષ્ટ "એ" સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી અને સમિતિની હવે મળનાર સભામાં વિચારણા માટે રજૂ કરવી.

૫. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના બિનશિક્ષક કર્મચારીઓ (૧) શ્રી. ડી. એસ. પટેલ, (૨) શ્રી. ટી. કે. શર્મા, (૩) શ્રી. પી. ઓ. શકપાલ અને (૪) શ્રી. જે. સી. શાહનો ઑ. ૯૬ અન્વયે ૧૯૮૨–૮૩ના વર્ષની બિનશિક્ષક કર્મચારીઓની કૉલેજ યુનિવર્સિટીને મોકલેલ માહિતીમાં સમાવેશ ન કર્યા અંગેની કર્મચારીઓની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—આચાર્યશ્રીએ તેમના તા. ૧૪–૯–૧૯૮૨ના પત્રથી સ્પષ્ટતા કરી છે કે શ્રી. ડી. એસ. પટેલ, શ્રી. ટી. કે. શર્મા, શ્રી. પી. ઓ. શકપાલ અને શ્રી. જે. સી. શાહ આમારી કૉલેજના નોનટીચિંગ સ્ટાફના લિસ્ટમાં નથી. તેઓ સરકાર દ્વારા ચલાવવામાં આવતા સેવા વિસ્તરણ વિભાગમાં કામ કરે છે. આ વિસ્તરણના કર્મચારીઓના પગારનો અને બીજા વહીવટી ખર્ચ સરકાર સેવા વિસ્તરણ કેન્દ્રો માટેની ગ્રાન્ટના નિયમો અનુસાર આપાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી અને અગાઉનાં વર્ષોમાં કૉલેજે ઑ. ૯૬ અન્વયે મોકલાવેલ માહિતીની નોંધ સાથે આ બાબત સમિતિની હવે પછી મળનાર સભામાં વિચારણા માટે મૂકવી.

૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭. ગુજરાત સરકારના તા. ૩–૭–૧૯૭૮ના ઠરાવ નં. ૧૦૭૮–૩૬૨૮–૭૯ કે.ઓચ. ઠરાવથી કરેલ ખંડ સમયના શિક્ષકોના પગારધોરણનો લાભ સંલગ્ન કાયદાની કૉલેજોના ખંડ સમયના શિક્ષકોને આપવા માટે યુનિવર્સિટી કોર્ટસભ્ય શ્રી. એ. આર. પઠાણના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કાયદાની કૉલેજોના ખંડ સમયના અધ્યાપકોને રાજ્ય સરકારના તા. ૩–૭–૧૯૭૮ના ઠરાવમાં જણાવેલ ફિક્સ પગાર આપવા રાજ્ય સરકારને ભલામણ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૮. રાજ્ય સરકારે ચોથા વર્ગના કર્મચારીઓને પોલિસ્ટર ખાદીના ગણવેશ તેમ જ પુરુષ કર્મચારીઓને સેન્ડલ કે ચંપલ અને સ્ત્રી કર્મચારીઓને ચંપલ આપવા નિર્ણય લીધો છે. તેનો લાભ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારીઓના ચોથા વર્ગના કર્મચારીઓને આપવા શિક્ષણ નિયામકશ્રીને ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી અમદાવાદ(શહેર) મંડળના મંત્રીઓ વિનંતી કરી છે તેની નકલ યુનિવર્સિટીને ઘટતી કાર્યવાહી માટે મોકલી છે તે પર વિચારણા કરવા બાબત.

(તા. ૧૫–૪–૧૯૮૩ ઠરાવ ક્રમાંક મકમ–૧૩૮૧–૨–ખ–૩ની નકલ (પરિશિષ્ટ "બી" સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવનો લાભ સંલગ્ન કૉલેજોના અને માન્ય સંસ્થાઓના ચોથા વર્ગના કર્મચારીઓને આપવા માટે કૉલેજોને જણાવવું તથા આ ખર્ચ ગ્રાન્ટ માટે ગ્રાહ્ય રાખવા રાજ્ય સરકારને ભલામણ કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૯. સંલગ્ન વિનયન તથા વિનયન વિદ્યાશાખાવાળી કૉલેજોમાં જ્યાં ભૂગોળ, મનોવિજ્ઞાન અને હોમ સાયન્સના વિષયો મુખ્ય વિષય તરીકે શિખવાડાય છે અને તે અંગેની પ્રયોગશાળાઓ છે તેમાં લેબોરેટરી આસિ. અને લેબોરેટરી પ્યૂનની જરૂરિયાત માટે મહેકમ નક્કી કરવા બાબત પરત્વે શ્રી. અંબુભાઈ દેસાઈના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૬–૩–૧૯૮૩ની સભામાં ઠરાવ ક્રમાંક ૨૮થી ગૃહવિજ્ઞાન, ભૂગોળ અને મનોવિજ્ઞાનના વિષયોમાં લેબો. ઍટેન્ડન્ટની જરૂરિયાત સ્વીકારવા રાજ્ય સરકારને ભલામણ કરવા ઠરાવ્યું છે. સદરહુ ભલામણના સંદર્ભમાં ઘટતાં પગલાં લેવા શિક્ષણ સચિવશ્રીને તા. ૩–૧–૧૯૮૧ના પત્રાંક એ.કે. ૭૬૭થી વિનંતી કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. ઉ. ત્રિવેદી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "એ"

લેબોરેટરીની સંખ્યા :

દરેક વિષયની, દરેક વર્ગની જેટલી લેબોરેટરી હોય તેટલા લેબોરેટરી આસિ. તથા પટાવાળાની જગ્યા રાખવી.

(લેબોરેટરીની ક્ષમતા ૬૦ વિદ્યાર્થી સુધી એક એ પ્રમાણે ગણતરી કરવાની રહેશે).

રસાયણ વિભાગ **મહેકમ**

લેબો. આસિ.	સ્ટોરકીપર	ગેસમિકેનિક	પટાવાળા (હમાલ)
૧	૧	૧	૧ વત્તા ૧

(જ્યાં રસાયણશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવાનો હોય ત્યાં)

[**નોંધ.**—દરેક કૉલેજમાં રસાયણ વિભાગ દીઠ એક વધુ પટાવાળાની નિમણૂક કરવી પડે. આમ ગુજરાત યુનિવર્સિટીની ૨૭ કૉલેજોમાં ૨૭ વધુ હમાલ નીમવા પડે.]

ફિઝિકસ **મહેકમ**

લેબો. આસિ.	ઈલેકિટ્રશિયન	પટાવાળા (હમાલ)
૧	૧	૧

[**નોંધ.**—ફેરફાર નથી.]

જીવશાસ્ત્ર **મહેકમ**

લેબો. આસિ.	પ્લાન્ટ કલેકટર	પટાવાળા (હમાલ)	માળી
૧	૧	૧	૧

[**નોંધ.**—ફેરફાર નથી.]

પ્રાણીશાસ્ત્ર

(જ્યાં મુખ્ય વિષય તરીકે ટી.વાય.બી.એસસી.માં શીખવાતો હોય ત્યાં)

મ્યુઝિયમ એટેન્ડન્ટ ૧ વધારાનો મંજૂર કરવો.

માઈક્રોબાયોલોજી : (કીટાણુવિજ્ઞાન)

લેબો. આસિ.	ફીલ્ડ કલેકટર કમ મદદનીશ	પટાવાળા	સ્ટરીમાઈઝર એટેન્ડન્ટ
૧	૧	૧ વત્તા ૧	૧

(જ્યાં કીટાણુશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવાતો હોય ત્યાં)

[**નોંધ.**—દરેક કૉલેજોમાં કીટાણુવિજ્ઞાન દીઠ એક વધુ પટાવાળાની નિમણૂક કરવી પડે. આમ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલ ૫ કૉલેજોમાં ૫ વધુ હમાલ નીમવા પડે.]

સ્ટેટિસ્ટિકસ અને મૅથેમેટિકસ વિભાગમાં પ્રાયોગિક કાર્યભાર રાખવામાં આવેલો હોવાથી જે કૉલેજોમાં (૧) મૅથેમેટિકસ અને સ્ટેટિસ્ટિકસ વિષયો શીખવવાના હોય ત્યાં લેબોરેટરી આસિસ્ટંટ–૧ અને પટાવાળા–૧ મંજૂર કરવામાં આવે, અને (૨) જે કૉલેજોમાં ફકત મૅથેમેટિકસ વિષય શીખવવામાં આવતો હોય ત્યાં એક પટાવાળો નીમવામાં આવે.

[**નોંધ.**– (૧) ગુજરાત યુનિવર્સિટીમાં સ્ટેટિસ્ટિકસ અને મૅથેમેટિકસ વિભાગવાળી આશરે ૧૦ કૉલેજોમાં લેબો. આસિ. ૧૦ અને પટાવાળા ૧૦ વધુ મંજૂર કરવા પડે.

(૨) ગુજરાત યુનિવર્સિટીમાં ફકત મૅથેમેટિકસ વિભાગવાળા આશરે ૧૭ કૉલેજોમાં ૧૭ પટાવાળા વધુ નીમવા પડે.]

પરિશિષ્ટ "બી"

ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને ગણવેશ સાથે સેન્ડલ અથવા ચંપલ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક : મકમ–૧૧૮૧–૭૨૮૧–(૨) ખ,૩
સચિવાલય, ગાંધીનગરના. તા. ૧૫–૪–૧૯૮૩.

આમુખ

ગુજરાત રાજય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળની રજૂઆત અને માગણી હતી કે વર્ગ ૪ના કર્મચારીઓને ગણવેશ સાથે બૂટ અથવા સેન્ડલ આપવાં જોઈએ. પ્રસ્તુત માગણીના સંદર્ભમાં સરકારે સંપૂર્ણ વિચારણા કરીને વર્ગ ૪ના તમામ કર્મચારીઓને ગણવેશ સાથે સેન્ડલ અથવા ચંપલ આપવાનો નીતિવિષયક નિર્ણય લઈને નીચે મુજબનો ઠરાવ કરેલ છે.

ઠરાવ

ગુજરાત સરકારના વર્ગ ૪ના સંવર્ગના તમામ પુરુષ કર્મચારીને ગણવેશ સાથે તા. ૧–૪–૧૯૮૩થી દર વર્ષે એક જોટ સેન્ડલ અથવા ચંપલ વ્યકિતદીઠ રૂ. ૩૦ના ખર્ચની મર્યાદામાં આપવાનું તથા સ્ત્રી કર્મચારીને રૂ. ૩૦ના ખર્ચની મર્યાદામાં ગણવેશ સાથે ફકત ચંપલ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિમિટેડ (ગ્રીમકો), અમદાવાદને રાજય સરકારના વર્ગ ૪ના તમામ કર્મચારીઓ માટે સેન્ડલ–ચંપલ પૂરાં પાડવાની કામગીરી સોંપવાનું પણ આથી ઠરાવવામાં આવે છે.

૩. સચિવાલયના વિભાગ, ખાતાના વડાઓ તથા કચેરીઓના વડાઓને તેમની કચેરીઓમાં વર્ગ ૪ના તમામ કર્મચારીઓ માટે ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિમિટેડ (ગ્રીમકો) અમદાવાદ મારફતે સેન્ડલ–ચંપલની ખરીદી કરવી અને વર્ગ ૪ ના કર્મચારીઓને ગણવેશ સાથે સેન્ડલ–ચંપલ આપવાં.

૪. આ અંગેનો ખર્ચ સંબંધિત વિભાગો–ખાતાઓ–કચેરીઓએ પોતાની આકસ્મિક ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

૫. આકસ્મિક ખર્ચના નિયમસંગ્રહ–નાણાં વિભાગ પ્રકાશન નં. ૯નાં જોગવાઈઓમાં જરૂરી ઉમેરો કરવા નાણાં વિભાગને જણાવવામાં આવે છે.

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગનાં તા. ૨૫–૩–૧૯૮૩ના રોજ મળેલ સહમતિથી આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી. જી. સવાણી

ઉપસચિવ

સામાન્ય વહીવટ વિભાગ

ગુજરાત સરકાર

પરિશિષ્ટ "ડ"
કામકાજ ક્રમાંક ૭૩

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની સને ૧૯૮૩ની પ્રથમ સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, મંગળવાર, તારીખ ૨૭–૧૨–૧૯૮૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭–૧૨–૧૯૮૩
૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી. ઉજમશી કાપડિયા	હાજર
૪.	શ્રી. વી. સી. શાહ	હાજર
૫.	શ્રી. આર. એચ. વ્યાસ	હાજર
૬.	શ્રી. એમ. ડી. પંચોલી	ગેરહાજર
૭.	ડૉ. ભાનુબહેન ત્રિવેદી	હાજર
૮.	ડૉ. એચ. એસ. શાહ	ગેરહાજર
૯.	ડૉ. એમ. આર. જોશી	ગેરહાજર
૧૦.	ડૉ. આર. જે. જોશી	ગેરહાજર
૧૧.	શ્રી. એ. એસ. નાગર	હાજર
૧૨.	શ્રી. આર. એ. મલાગી	ગેરહાજર
૧૩.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર
૧૪.	શ્રી. અમ. જે. મહેતા	હાજર
૧૫.	શ્રી. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૧૬.	શ્રી. વી. પી. શાહ	હાજર
૧૭.	શ્રી. પી. એન. શેઠ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭–૧૨–૧૯૮૩
૧૮.	શ્રી. પરેશ મજમુદાર	હાજર
૧૯.	શ્રી. જે. એ. પાંચિક	હાજર
૨૦.	શ્રી. એચ. ડી. બદામી	હાજર
૨૧.	શ્રી. જે. એચ. શાહ	હાજર
૨૨.	શ્રી. એસ. ડી. વર્મા	હાજર
૨૩.	શ્રી. એમ. એન. દેસાઈ	હાજર
૨૪.	શ્રી. સી. જી. ખત્રી	હાજર
૨૫.	શ્રી. ડી. એસ. બસન	હાજર
૨૬.	શ્રી. જે. ડી. તલાટી	હાજર
૨૭.	શ્રી. બી. એમ. પીરજાદા	ગેરહાજર
૨૮.	શ્રી. એચ. એમ. દેસાઈ	ગેરહાજર
૨૯.	ડૉ. કશ્યપ ભાર્ગવ	હાજર
૩૦.	શ્રી. આર. વી. પંડ્યા	હાજર
૩૧.	શ્રી. પી. સી. પરીખ	હાજર
૩૨.	શ્રી. સુમન્ત મજમુદાર	ગેરહાજર
૩૩	શ્રી એચ. કે. ત્રિવેદી	હાજર
૩૪.	શ્રી. જી. પી. કેશવ	હાજર
૩૫.	શ્રી. એસ. જી. દેસાઈ	હાજર
૩૬.	શ્રી. સી. કે. શાહ	હાજર
૩૭.	શ્રી. બી. એમ. શુકલ	ગેરહાજર
૩૮.	શ્રી. વાય. ટી. વ્યાસ	હાજર
૩૯.	શ્રીમતી ઓ. પી. દેસાઈ	ગેરહાજર
૪૦.	શ્રી. બી. એ. તીરમીઝી	ગેરહાજર
૪૧.	શ્રી. કે. આર. ચંદ્રા	હાજર
૪૨.	ડૉ. એસ. પી. પંડ્યા	ગેરહાજર
૪૩.	શ્રી. એમ. એસ. ત્રિવેદી	ગેરહાજર
૪૪.	ડૉ. ટી. રાધાકિષ્નન	ગેરહાજર
૪૫.	શ્રી. એન. જે. શાહ	ગેરહાજર
૪૬.	ડૉ. એસ. કશ્યપ	ગેરહાજર

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૮–૧૦–૧૯૮૨ની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

તારીખ ૧૮–૧૦–૧૯૮૨ના રોજ મળેલી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો–સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવી માટે માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની નીચેના જે તે શિક્ષકના નામ સામે જણાવેલ વિષયમાં માન્યતા માટે આવેલ અરજીઓ પર જે તે શિક્ષકના સંશોધન-લેખો માન્ય ગુણવત્તા (રેકગ્નાઈઝ્ડ મેરિટ્સ) ધરાવે છે કે કેમ તે અંગે જે તે વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષનાં સૂચનો મેળવીને જે તે વિષયના તજ્જ્ઞ-તજ્જ્ઞોની નિમણૂક કરવા અને તેમનો અભિપ્રાય આવ્યેથી માન્યતા આપવા અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	વિષય
૧.	શ્રી. ટોપીવાલા ચન્દ્રકાન્ત અમૃતલાલ, નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	ગુજરાતી
૨.	શ્રી. કોઠારી જયંત સુખલાલ, કે. એલ. સ્વાધ્યાય મંદિર, અમદાવાદ	ગુજરાતી
૩.	શ્રી સતીશ ઘનશ્યામ વ્યાસ, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	ગુજરાતી
૪.	શ્રી. ત્રિવેદી ઈન્દ્રવદન વિષ્ણુપ્ર .દ, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	સંસ્કૃત
૫.	શ્રી. જોષી લક્ષમેશ વલ્લભજી, ભાષા ભવન, અમદાવાદ	સંસ્કૃત
૬.	શ્રીમતી શ્રીવાસ્તવ સુધા, અચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	હિંદી
૭.	શ્રી. ચંદુભાઈ ભવાનભાઈ પટેલ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	એજ્યુકેશન
૮.	શ્રીમતી મહેતા શીરીન મકરન્દભાઈ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯	ઈતિહાસ
૯.	શ્રી. પટેલ જયંતિલાલ કેશવલાલ, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯	રાજનીતિશાસ્ત્ર
૧૦.	શ્રીમતી ઉષા શશિકાન્ત કન્હારે, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯	સમાજશાસ્ત્ર

ક્રમાંક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	વિષય
૧૧.	શ્રી. ગુમા સુશીલકુમાર, ફિઝિકલ, રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ—૯	ફિઝિકલ
૧૨.	શ્રી. ભટ્ટાચાર્ય સૌરેન્દ્રકુમાર, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	ફિઝિકસ
૧૩.	શ્રી. વ્યાસ અમરદત્ત વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	ફિઝિકસ
૧૪.	ડૉ. ટી. આર. વેન્કટેશન, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ	જિયોફિઝિકસ એન્ડ કોસ્મોફિઝિકસ
૧૫.	ડૉ. દાસ કિશ્નન ગણેશ, રિજિયોનલ રિસર્ચ લેબોરેટરી, હૈદ્રાબાદ	ઓર્ગેનિક કેમિસ્ટ્રી
૧૬.	શ્રી. પિલ્લાઈ કે. સી., ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટર, મુંબઈ	કેમિસ્ટ્રી (એન્વીરોનમેન્ટલ સાયન્સ)
૧૭.	શ્રી. ઉમેશચંદ્ર પાડે, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	કેમેસ્ટ્રી
૧૮.	શ્રી. શ્રીવાસ્તવ રામેશ્વરપ્રસાદ સિહા, ડી. ડી. ઈન્સ્ટિટયૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	કેમિકલ એન્જિનિયરિંગ
૧૯.	ડૉ. શાહ રમેશ ચંદુલાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	હ્યુમન—ફિઝિયોલોજી
૨૦.	ડૉ. બી. બી. ચેટર્જી, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ.	ઓક્યુપેશનલ હેલ્થમાં આથવા સાથે સંકળાયેલ વિષયો.

૩. સ્વાધ્યાય મંદિર (ગુજરાત સાહિત્ય પરિષદ), અમદાવાદના લેકચરર ડૉ. રમણલાલ કાન્તિલાલ તરફથી પીએચ.ડી. પદવી ગુજરાતી વિષયમાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા માટેની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સ્વાધ્યાય મંદિર (ગુજરાત સાહિત્ય પરિષદ), અમદાવાદના લેકચરર ડૉ. રમણલાલ કાન્તિલાલ સોનીને તેમણે ૧૯૮૨—૮૩ના વર્ષમાં અધિકરણ અંગે કરેલા સંશોધનાત્મક કામનો અનુભવ ગ્રાહ્ય ગણીને ગુજરાતીમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શન તરીકે માન્યતા આપવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. ભવન્સ આર્ટ્સ, સાયન્સ અને જશોદાબહેન કોમર્સ કૉલેજ, ડાકોરમાં પ્રો. જે. એન. પરમારની ગુજરાતી વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા માટેની અરજીના સંદર્ભમાં તેમનાં સંશોધનપત્રો તજ્જ્ઞના અભિપ્રાય માટે મોકલતાં, તેમણે નીચે મુજબ કરેલ ભલામણના સંદર્ભમાં માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત :

"... એમને પીએચ.ડી.ના શિક્ષક તરીકે માન્યતા આપવાની ભલામણ કરવી યોગ્ય લાગે છે એમ મને લાગે છે. જોકે માન્યતા હંગામી ધોરણે હમણાં આપવી; પરંતુ તેમને પોસ્ટ-ડૉકટરલ હજુ વધુ પ્રમાણમાં ને વ્યાપકપણે શિષ્ટ ઊંચાં સામયિકોમાં પ્રગટ કરવાની વાત પણ કરવી જોઈએ એમ લાગે છે. આવું કાર્ય કર્યા પછી એની યોગ્યતા તપાસી ખાતરી કર્યા પછી જ એમને આ માન્યતામાં કાયમ કરવા ઘટે એમ પણ લાગે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર્ટ્સ, સાયન્સ અને જશોદાબહેન કૉમર્સ કૉલેજ, ડાકોરના ડૉ. જે. એન. પરમારને ગુજરાતી વિષયમાં પીએચ.ડી. પદવી માટે માન્યતા આપવાની વિનંતી મંજૂર કરવી નહીં તેમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. ભી. કે. સ્કૂલ ઑફ્ બિઝનેસ મૅનેજમેન્ટના કાર્યકારી અધ્યક્ષ ડૉ. પ્રો. જી. પી. કેશવ, જેઓ અર્થશાસ્ત્ર વિષયમાં માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે, તેઓની અર્થશાસ્ત્ર ઉપરાંત બિઝનેસ મૅનેજમેન્ટમાં પણ માન્યતા માટેની આવેલ અરજીના સંદર્ભમાં બોર્ડ ઑફ્ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની સભાના ઠરાવ અનુસાર નિષ્ણાતને મોકલવા માટે તેમનાં પેપરો મંગાવતાં હાલ તેમના હાથ નીચે અર્થશાસ્ત્રમાં પાંચ વિદ્યાર્થીઓ પીએચ.ડી. માટે નોંધાયા છે, અને જ્યાં સુધી કાંઈ કામ પૂરું ન કરે અને પીએચ.ડી. માટે નવા વિદ્યાર્થીને નોંધવાની પરિસ્થિતિ ઊભી ન થાય ત્યાં સુધી તેઓ પેપરો રજૂ કરવા માંગતા નથી એમ તેમના તા. ૨૦—૮—૧૯૮૩ના પત્રથી જણાવ્યું હોઈ તેઓને બિઝનેસ મૅનેજમેન્ટ વિષયમાં માન્યતા આપવાનો પ્રશ્ન હાલ રહેતો નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬. શ્રી. એ. એન. કુરેશી ભાષા ભવનમાંથી નિવૃત્ત થતાં પર્શિયન વિષયમાં હાલ કોઈ માર્ગદર્શકશિક્ષક ન હોઈ સ્ટે. ૧૨૧ (એચ) (એ) અનુસાર શ્રી. એ. એન. કુરેશીને ગાઈડ તરીકે ચાલુ રાખવા અંગે ભવન્સ આર. એ. કૉલેજના અધ્યાપક શ્રી અન્સારી તરફથી આવેલ સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભાષા ભવનમાંથી પર્શિયન વિષયના અધ્યાપક શ્રી. એ. એન. કુરેશી નિવૃત્ત થયેલ હોઈ, તેમને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્ય કરવાનું ઉપરોકત સૂચન સ્વીકારી શકાય એમ નથી.

૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨ (૧૩) અને સ્ટે. ૧૩૬ (એ) (*ii*) અન્વયે માન્ય કે સ્વીકૃત સંસ્થામાં રિસર્ચ ઑફિસરની જગ્યા પર કામ કરતી વ્યકિતને શિક્ષક તરીકે ગણી પીએચ.ડી.ના માર્ગદર્શન માટે માન્ય કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વીકૃત સંસ્થામાં રિસર્ચ ઑફિસરની જગ્યા પર કામ કરતી વ્યકિતને શિક્ષક તરીકે ગણી પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપી શકાય નહીં તેવી સ્પષ્ટતા એક્ઝિકયુટિવ કાઉન્સિલને કરવી.

૮. તબીબી વિદ્યાશાખાની તા. ૨૨—૪—૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.બી.બી.એસ.ની પદવી ના હોય તેવા શિક્ષકોને તબીબી વિદ્યાશાખા હેઠળ અનુસ્નાતક શિક્ષક (ફુલ ટીચર) તરીકે માન્યતા આપી શકાય નહિ તથા બાયોકેમિસ્ટ્રીમાં મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટે નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે:

> A teacher in Medical faculty who has not obtained M.B.,B.S. degree cannot be recognised as a full P.G. Teacher. A teacher in Bio-chemistry with post-graduate qualification who has 5 years teaching experience of working under a P.G. Teacher with P.G. Qualification can be recognised as Assistant Teacher."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ તબીબી અભ્યાસક્રમના પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તારીખ ૨૯–૧૧–૧૯૮૩ની સભામાં નીમેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૯. વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભાની નીચેની ભલામણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦–૩–૧૯૮૩ની સભામાં ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત : (એ. કા. બા. ક. ૧૩)

વિનયન વિદ્યાશાખાની ભલામણ

"વિનયન વિદ્યાશાખાની તા ૭–૧૨–૧૯૮૨ની આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે વિનયન સિવાયની કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક કે જેણે પરીક્ષા ઓછામાં ઓછા બીજા વર્ગમાં પાસ કરી હોય તેમને એમ.એ.ના અભ્યાસક્રમમાં દાખલ કરવા અને તે માટે જરૂરી ધારાધોરણો સુધારવાં"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૦. શ્રી. કે. એમ. પટેલે પ્રાકૃત વિષયમાં પીએચ.ડી. સંશોધનકાર્ય હાથ ધરેલ અને તેમના મહાનિબંધની રૂપરેખા જૂન, ૧૯૭૯માં રજૂ કરી છે, પરંતુ મહાનિબંધ રજૂ કરેલ નથી અને તે રજૂ કરવા તા. ૩૧–૧૨–૧૯૮૩ સુધીનો સમયવધારો માંગે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

શ્રી. કે. એમ. પટેલને તેમનો મહાનિબંધ રજૂ કરવા બાબતમાં સમયવધારો આપવા અંગે તે પ્રશ્નમાં તેઓના માર્ગદર્શક શિક્ષકની ભલામણ આવ્યેથી તે બાબતમાં ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫–૯–૧૯૮૨ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાના બધા જ વિષયોમાં પીએચ.ડી. પદવી માટે નોંધાનાર પ્રત્યેક વિદ્યાર્થીને ઑર્ડિ. ૩૧૫ મુજબ ટ્રાન્સલેશન ટેસ્ટ આપવાનો રાખવો તથા આ અંગે લાઈબ્રેરીમાં તે વિષયને લગતાં પુસ્તકોની જોગવાઈ કરવી તથા ભણાવવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ કરવાની રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરી તેનો સુચિંતિત અહેવાલ આપવા નીચેના સભ્યોની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. ડૉ. વી. સી. શાહ, અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાશાખા
૩, ડૉ. એમ. એન. દેસાઈ
૪. ડૉ. સી. જી. ખત્રી.

૧૨. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓકયુપેશનલ હેલ્થના નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેમનાં નામ સામે દર્શાવેલ માર્ગદર્શક શિક્ષક હેઠળ તે વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાવવા માટે આવેલ અરજીઓ અંગે વિચારણા કરવા બાબત :

નામ	માર્ગદર્શક શિક્ષક	વિષય
૧. શ્રી. રાવેલ્લા વી. આર.	ડૉ. અમલરૉય ચૌધરી	ફિઝિયોલોજી
૨. શ્રી. વચ્છરાજાની કે. ડી.	,,	,,
૩. શ્રી. સથવારા એન. જી.	ડૉ. દિનેશ જે. પરીખ	એનવાઈરોમેન્ટલ હાઈજીન
૪. શ્રી. રાઠોડ આર. જે.	,,	,,
૫. કુ. પંડિત મંજુ કે.	ડૉ. એસ. કે. નિગમ	ટૉકિસકોલોજી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાના સુચિંતિત અહેવાલ આપવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. ડૉ. અચ. અસ. શાહ, તથા
૪. ડૉ. પી. પી. મહેતા.

૧૩. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૪—૭—૧૯૮૧ અને તા. ૨૪—૪—૧૯૮૨ની સભાના ઠરાવ અનુસાર ગુજરાત રાજયમાં આવેલી સ્વીકૃત સંસ્થાઓ સિવાયની અન્ય સંસ્થાઓમાં અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના પીએચ.ડી. વિદ્યાર્થી તરીકે નોંધી શકાય નહીં તે સંદર્ભમાં ઑ. ૬૫ (એકસ) સુધારવાનો થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

ગુજરાત રાજયમાં આવેલી સ્વીકૃત સંસ્થાઓ સિવાયની અન્ય સંસ્થાઓમાં અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીને આ યુનિવર્સિટીના પીએચ.ડી. વિદ્યાર્થી તરીકે નોંધી શકાય નહીં તેમ ઠરાવવામાં આવ્યું છે તે સંદર્ભમાં ઑર્ડિ. ૬૫ (એકસ) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને સદરહુ સુધારેલ ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

O. 65-X :

A student who has passed his post-graduate degree Examination of this University and who is working at an institution outside the University area, recognised as an approved institution by the Executive Council of this University for the purpose of giving guidance in research and is intending to register himself for the Ph.D. degree of this University, shall forward application in the prescribed form for admission and registration, provided he is eligible for such an admission. The forms shall be duly completed and signed by the guiding teacher and sent through the Head of the Approved Institution to the Registrar of this University. He shall at the same time

pay the prescribed registration fees of Rs 100/- for courses leading to the Master's or the Ph.D. degree as the case may be. No tuition fees shall be charged by this University for such candidates. In case, the Institution charges any amount for the use of materials, etc. the person will have to pay that amount directly to the institution concerned in addition to the registration fees payable to the University. In case he is required to produce an Eligibility Certificate for admission to this Univertity as provided under relevant ordinances, he shall apply for admission to the University, only after obtaining the certificate in question on production of the required documents and the prescribed fees. On receipt of the completed application for admission and registration and the fees prescribed thereof, the University will issue a Registration Certificate giving particulars regarding the registration number, the name of the student, the date of registration the problem of research and the year in which the person proposes to submit his thesis

Notwithstanding anything stated above a student who has passed his post-graduate degree examination of other University and is intending to register himself for the Ph.D. degree of this University an approved institution recognised by the Executive Council of this University be registered provided the concerned approved institution is situated in Gujarat State. A student who is to be registered under this provision shall satisfy the usual requirements regarding eligibility, registration etc. mentioned above.

૧૪. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૦–૧૦–૧૯૮૩ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત

"ઓ. એમ.ફિલ. ૧૦ અંગે શિક્ષણની વિદ્યાશાખામાં અનુસ્નાતકના અભ્યાસક્રમમાં રિસર્ચ મેથેડોલોજીનું પ્રશ્નપત્ર ફરજિયાત રાખવું છે, તેમજ ઇન્ટર્નશિપ (રિઝર્વેશન) પણ ફરજિયાત રાખવાનો હોય છે. વળી એન.સી.ટી.ઈ.(નેશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ એજ્યુકેશન, ન્યૂ દિલ્હી)ને શિક્ષણના અનુસ્નાતક અભ્યાસક્રમમાં સૂચવ્યા પ્રમાણે એમ.ફિલ.ની આવશ્યકતા સ્વીકારી નથી. આમ આ સભા સર્વાનુમતે પુનઃ આગ્રહપૂર્વક માને છે કે શિક્ષણની વિદ્યાશાખામાં એમ.ફિલ.ના અભ્યાસક્રમની આવશ્યકતા નથી, તેથી સમિતિ નીમવાની જરૂરિયાત જણાતી નથી."
આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત શિક્ષણની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૫. ઑર્ડિ. એમ.ફિલ. ૧૦ મુજબ જે તે વિષયમાં એમ.ફિલ. સમિતિની રચના થાય છે તેની મુદત અંગે ઓ. એમ.ફિલ. ૧૦માં જોગવાઈ કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ફિલ.ની સમિતિના સભ્યોની મુદત જે તે અભ્યાસસમિતિના સભ્યોની મુદત સાથે પર્યવસાન પામે (Co-terminus થાય) તે રીતે રાખી શકાય તે માટે ઑર્ડિ. એમ.ફિલ.

(૧૦)માં નીચે મુજબની કંડિકા (૫) ઉમેરી તે સુધારવા અને સદરહુ સુધારેલા ઑર્ડિ.ઓમ.ફિલ. (૧૦)ને નાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(5) The term of office of the members of the Committee shall be co-terminatus with that of the members of the Board of studies concerned.

૧૬. અનુસ્નાતક કેન્દ્રોમાં અનુ. વ્યાખ્યાનો લેવા આવતા મુલાકાતી અનુસ્નાતક શિક્ષકોને અપાતા લૉજિંગ એલાઉન્સનો દર રૂ. ૧૫ ને બદલે રૂ. ૧૮/— આપવા અંગેના પ્રો. આઈ. એચ. પરીખ (ધંધુકા)ના તા. ૧૯—૧૦—૧૯૮૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઇનાન્સ સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૭. વિજ્ઞાન વિષયોના અનુસ્નાતક કેન્દ્રમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી જેઓનાં સત્રો માન્ય કે અમાન્ય થયાં હોય તે બધાં જ વિદ્યાર્થીઓને અનુ.નિયમ ૪૪ પ્રમાણે અપાતી પ્રાયોગિક ખર્ચ માટેની આર્થિક સહાયની રકમ પૂરેપૂરી મળવી જોઈએ તેમ જણાવતા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો દ્વારા અનુસ્નાતક નિયમ ૪૪ પ્રમાણે અપાતા પ્રાયોગિક કાર્ય અંગેના ખર્ચ માટેની આર્થિક સહાયની રકમ આપવા માટે હાલ જે જોગવાઈ છે તે યથાવત ચાલુ રાખવી.

૧૮. વિનયન વિદ્યાશાખાના તા. ૭—૧૨—૧૯૮૨ની સભાના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એક જ સંચાલક મંડળ દ્વારા એક જ કેમ્પસ ઉપર ચાલતી જુદી જુદી વિદ્યાશાખાઓમાં શીખવાતા અંગ્રેજી, ઈકોનોમિક્સ જેવા વિષયોમાં પી. જી. ટીચર તરીકે માન્યતા ધરાવતાં શિક્ષકોની સંખ્યા તેમાંની કોઈ પણ એક વિદ્યાશાખામાં પી. જી. સેન્ટરની માન્યતા માટે લક્ષમાં લેવાવી જોઈએ "

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની સદરહુ ભલામણ અનુસાર જુદી જુદી વિદ્યાશાખા લેખે શીખવાતા અંગ્રેજી, અર્થશાસ્ત્ર જેવા વિષયોમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શિક્ષકો-મદદનીશ શિક્ષકોની સંખ્યા, તેમાંની કોઈપણ એક વિદ્યાશાખામાં અનુસ્નાતક માન્યતા માટે જરૂરી શિક્ષકગણની સંખ્યામાં ગણતરીમાં લઈ શકાય, એવી સ્પષ્ટતા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

[નોંધ :—કોઈ પણ માન્ય અનુસ્નાતક શિક્ષક, મદદનીશ અનુસ્નાતક શિક્ષકને એક કરતાં વધુ વિદ્યાશાખામાં ગણતરીમાં લઈ શકાશે નહીં.]

૧૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૮—૧૦—૧૯૮૨ની સભાએ વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રૅક્ટિકલ્સનું શૈક્ષણિક કાર્ય કરનાર શિક્ષકોનો અનુભવ ધ્યાનમાં લઈને તેમને મદદનીશ અનુસ્નાતક શિક્ષક તથા માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેની શિક્ષકોની વિનંતી પર વિચારણા કરવા બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી હતી તે પત્ર સદરહુ વિદ્યાશાખાએ તેની તા. ૭—૧૨—૧૯૮૨ની સભામાં સદરહુ ભલામણ સ્વીકારવી નહીં તેમ ઠરાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાની સદરહુ ભલામણ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૦. તા. ૩૦/૩૧–૩–૧૯૮૩ના રોજ મળેલ કોર્ટની વાર્ષિક સભામાં થયેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"ઝોનરાઈઝ રેપ્રેઝેન્ટેશનની વ્યવસ્થા કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૧. માન્ય અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવતા શિક્ષકોની માન્યતાની મુદત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૨૨–૯–૧૯૮૧ના રોજ મળેલી સભાની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૧૨–૧૯૮૧ની સભામાં તા. ૧૪–૬–૧૯૮૪ સુધી લંબાવી આપી છે. તા. ૧૪–૬–૧૯૮૪ પછીની મુદત માટે આ શિક્ષકોની માન્યતાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

"It has been decided by the Commission that the expenditure of the printing or cyclostyling of the thesis and postage may be met out of U.G.C. /CCIR contingencies of individual fellows."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯. સને ૧૯૮૩ના વર્ષ માટેનો શ્રી હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી કે. એમ. કાંટાવાલા સંશોધન એવોર્ડ ઑન્જિનિયરિંગ વિદ્યાશાખાના સોઈલ મિકેનિક્સ ઍન્ડ ફાઉન્ડેશન ઑન્જિનિયરિંગ વિષય માટે શ્રી બી. એલ. પંચાલને ઍનાયત કરવામાં આવ્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦. ધી ન્યૂ પ્રોગ્રેસિવ ઍજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા તરફથી જૂન ૧૯૮૪થી બહેનો માટેની વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી જોડાણ–અરજી માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત સ્વીકારવામાં આવી (હતી, તે અંગે સંસ્થાએ સરકારમાં કરેલી અપીલ નકારી કાઢયાની જાણ

કરતા શિક્ષણ વિભાગના તા. ૧૫-૩-૧૯૮૪ના પત્રાંક પરચ (૧૫૮૩) ૧૪૩૦૭-ખ-ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. સોશિયલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામ તરફથી જૂન ૧૯૮૪થી શિક્ષણની હિન્દી માધ્યમની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત સ્વીકારવામાં આવી ન હતી, તે અંગે સદરહુ સંસ્થાએ રાજ્ય સરકારને કરેલ અપીલ નામંજૂર કર્યાની જાણ કરતા શિક્ષણ વિભાગના તા. ૩-૪-૧૯૮૪ના પત્રાંક એન.જી.સી.-૧૫૮૩-૩૦૩૬-ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. ભાષા-સાહિત્ય ભવનના લેક્ચરર ડૉ. કે. આર. ચન્દ્રાને જૈન વિશ્વભારતી, લાડનું ખાતે તા. ૧૬-૬-૧૯૮૪ થી તા. ૧૫-૭-૧૯૮૪ સુધી વિઝિટિંગ ટીચર તરીકે પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની જાણ માટે તથા તા. ૧૬-૬-૧૯૮૪થી ૧૫-૭-૧૯૮૪ની ફરજ-રજા અંગે પગાર તથા બીજાં શાં શાં ભથ્થાં આપવાં તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. તેમને તે સમય દરમિયાન રૂ. ૧૫૦૦નું માનદ વેતન મળશે.

૨. ફરજ-રજાનો નિયમ નીચે પ્રમાણે છે :

"The leave may be granted on full Pay provided that if the teacher receives a fellowship or honorarium or any other financial assistance beyond the amount needed by normal expenses, he may be sanctioned duty leave on reduced pay and allowance."]

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. કે. ચંદ્રાને તા. ૧૬-૬-૧૯૮૪થી તા. ૧૫-૭-૧૯૮૪ સુધીની રજા ફરજ-રજા તરીકે પૂરા પગાર સાથે મંજૂર કરવી.

૧૩ (૧) કુલપતિશ્રીએ મંજૂર કરેલા નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

"કૉમ્પ્યુટર સમિતિની તા. ૨૩—૨—૧૯૮૪ની સભાએ સૂચવેલ નવા વેક્ષ-૧૧-૭૩૮ કૉમ્પ્યુટરના વપરાશના દરો મંજૂર કર્યાના."

(૨) તદર્થ ધોરણે જુલાઈ ૧૯૮૪ થી ડિસેમ્બર ૧૯૮૪ દરમિયાન કૉમ્પ્યુટરને લગતા શૉર્ટ-ટર્મ કોર્સીસ શરૂ કરવા કૉમ્પ્યુટર સમિતિની તા. ૨૩-૨-૧૯૮૪ની સભાની ભલામણ નં. ૨ પર વિચારણા કરવા બાબત.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૧૪. યુનિવર્સિટીની સરકારી જામીનગીરીઓના વ્યવહાર સમ્બન્ધી કુલસચિવશ્રી એસ. વી. શાસ્ત્રીને સત્તા આપવા અંગેના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"Resolved that Shri S. V. Shastri, Registrar is hereby authorised to sell, purchase, transfer endorse, negotiate and/or otherwise deal in government securities and also authorised to receive interest and Principal thereof on behalf of the Gujarat Universiry, Ahmedabad."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનો પ્રસ્તાવ મંજૂર રાખવો.

૧૫. કૉમ્પ્યુટર સેન્ટરના સુપરિન્ટેન્ડેન્ટના નિવાસસ્થાન પર ટેલિફોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે ખર્ચ રૂ. ૧૦૧૦/– જેટલું થશે. ટેલિફોન આપ્યા બાદ દર બે માસે રૂ. ૧૭૫/– ભાડું તથા કૉલ ચાર્જની જે રકમ આવે તે ચૂકવવાની થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સેન્ટરના સુપરિન્ટેન્ડન્ટના નિવાસસ્થાને ટેલિફોન આપવા અંગેનો જરૂરી ખર્ચ રૂ. ૧,૦૧૦ મંજૂર રાખવો તેમ જ તે અંગેનું દર બે માસે થતું ભાડા ખર્ચ રૂ. ૧૭૫ નું ખર્ચ પણ ટેલિફોનનું જોડાણ મળ્યેથી આવર્તક ખર્ચ તરીકે મંજૂર કરવું. તે ઉપરાંત અન્ય જે ખર્ચ થાય તે તેમણે પોતે ભોગવવાનું રહેશે તેમ સ્પષ્ટતા કરવી.

૧૬. આરોગ્ય કેન્દ્ર અંગેની સ્થાયી સમિતિ પર ઑર્ડિ. ૧૦૯-બી (૩) પ્રમાણે નીચેના બે સભ્યોની તા. ૧૬-૫-૧૯૮૪ના રોજ મુદ્દત પૂરી થતી હોઈ તેમના સ્થાને બીજા બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. દર્શનસિંગ બસન
૨. ડૉ. ઉત્કર્ષ એસ. મેઢ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સમિતિ પર નીચેના બે સભ્યોની નિમણૂક તા. ૧૬–૫–૧૯૮૪થી વધુ બે વર્ષ માટે ચાલુ રાખની :

૧. શ્રી. દર્શનસિંગ બસન
૨. ડા. ઉત્કર્ષ એસ. મેઢ.

૧૭. સંલગ્ન કૉલેજો તરફથી જૂન, ૧૯૮૫ થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓની બાબતમાં જરૂરી સ્થાનિક તપાસ સમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. એકિઝક્યુટિવ કાઉન્સિલે ગ્રંથાલય સમિતિ પર નિયુક્ત કરેલા નીચેના ત્રણ સભ્યોની મુદ્દત તારીખ ૨૮–૪–૧૯૮૪ના રોજ પૂરી થતી હોઈ તેમની જગ્યાએ જરૂરી નિમણૂકો કરવા બાબત :

૧. ડૉ. પરેશભાઈ એમ. મજમુદાર
૨. શ્રી અરવિંદભાઈ આર. શાહ
૩. આચાર્ય એમ. સી. શાહ.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિ પર સભ્યોની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. હરિઓમ આશ્રમપ્રેરિત શ્રી. જયકૃષ્ણ ઇન્દ્રજી સંશોધન એવોર્ડ ૧૯૮૪ના વર્ષ માટે (૧) બોટાની અને (૨) ઝૂલોજી–બન્ને વિષયો માટેની નિષ્ણાત સમિતિઓની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિષ્ણાત સમિતિઓની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૦. હરિઓમ આશ્રમપ્રેરિત શ્રી. કે. એમ. કાંટાવાલા એન્જિનિયરિંગ સંશોધન એવોર્ડ, ૧૯૮૪ ના વર્ષ માટે :

(1) Public Health Engineering (with special reference to water supply, drainage and sewage disposal of small towns with population raging from 25,000 to 50,000).

(2) Hydraulics & Hydrodynamics–

–બન્ને વિષય માટે નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. હરિઓમ આશ્રમ પ્રેરિત એલેમ્બિક સંશોધન એવોર્ડ, ૧૯૮૪ના વર્ષ માટે–

(1) Medical and Pediatrics

(2) Surgical and Allied Branches–

–બન્ને વિષય માટે નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૨. હરિઓમ આશ્રમપ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભરોઈ સંશોધન એવોર્ડ, ૧૯૮૪ના વર્ષ માટે (૧) કેમિસ્ટ્રી, (૨) ફિઝિકસ–એમ બન્ને વિષયો માટે નિષ્ણાત સમિતિઓના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર શ્રી. વી. એમ. ત્રિવેદીને, રૂ. ૧૨૦૦-૫૦-૧૩૦૦-૬૦-૧૬૦૦-મૂલ્યાંકન-૬૦-૧૯૦૦ના પગારધોરણમાં તા. ૧-૬-૧૯૮૧ થી મૂલ્યાંકન પછીના પગાર આપવા અંગેની મૂલ્યાંકન સમિતિની તા. ૬-૪-૧૯૮૪ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર શ્રી. વી. એમ. ત્રિવેદીને રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦–મૂલ્યાંકન–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૬૦૦ પછીના વાર્ષિક ઇન્ક્રીમેન્ટોને માટે તા. ૧–૬–૧૯૮૧ થી પાત્ર ગણવા.

૨૪. સમાજવિદ્યા ભવનના નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે બતાવેલાં પગાર-ધોરણમાં તા. ૨૯-૩-૧૯૮૪ના રોજ મળેલ મૂલ્યાંકન સમિતિની ભલામણ અન્વયે મૂલ્યાંકનના તબક્કા (સ્ટેજ) પગથિયે પછીનો પગાર આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	આપવાનો થતો મૂળ માસિક પગાર તથા તારીખ
(૧)	શ્રી. જે. કે. પટેલ (વ્યાખ્યાતા)	રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦ મૂલ્યાંકન ૫૦–૧૬૦૦	રૂ. ૧૩૫૦ તા. ૧૬-૬-૧૯૮૪થી
(૨)	શ્રી. એમ. ટી. દેસાઈ (વ્યાખ્યાતા)	,,	રૂ. ૧૩૫૦ તા. ૧૫-૬-૧૯૮૪થી

સદરહુ સમિતિની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સમાજવિદ્યા ભવનમાં લેકચરર તરીકે કામ કરતા શ્રી. જે. કે. પટેલ અને શ્રી. એમ. ટી. દેસાઈને રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦–મૂલ્યાંકન–૫૦–૧,૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૩૦૦ પછીના વાર્ષિક ઇજાફાઓને માટે અનુક્રમે તા. ૧૬–૬–૧૯૮૪ અને તા. ૧૫–૬–૧૯૮૪ થી પાત્ર ગણવા.

૨૫. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના રીડર તરીકે કામ કરતા શ્રી. આર. એલ. રાવલને રૂ. ૧૨૦૦-૫૦-૧૩૦૦-૬૦-૧૬૦૦-મૂલ્યાંકન-૬૦-૧૯૦૦ના પગાર-ધોરણમાં મૂલ્યાંકન અંગેની સમિતિની ભલામણ અન્વયે તા. ૨૪-૮-૧૯૮૩ થી રૂ. ૧,૬૦૦-પછીનો ઇજાફો આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના રીડર તરીકે કામ કરતા શ્રી. આર. એલ. રાવલને રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–૬૦–૧૬૦૦–મૂલ્યાંકન–૬૦–૧૯૦૦ના પગારધોરણમાં રૂ. ૧,૧૦૦ પછીના વાર્ષિક ઇજાફાઓને માટે તા. ૨૪–૮–૧૯૮૩ થી પાત્ર ગણવા.

૨૬. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ-રિસર્ચ ઍસોસિયેટ્સ તરીકે કામ કરતાં ડૉ. (શ્રીમતી) સરલા અચ્યુતન નાયરનો બે વર્ષનો આજમાયશી સમય તા. ૨૨-૩-૧૯૮૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૩-૩-૧૯૮૪ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ-રિસર્ચ ઍસોસિયેટ તરીકે કામ કરતાં ડૉ. (શ્રીમતી) સરલા અચ્યુતન નાયરને તા. ૨૩–૩–૧૯૮૪ થી કાયમ કરવાં.

૨૭. યુનિવર્સિટીના ડી.પી.એ. વિભાગમાં શારીરિક શિક્ષણ નિયામક તરીકે કામ કરતા શ્રી. એલ. એ. ઠક્કરને રૂ. ૧૨૦૦–૫૦–૧૩૦૦–ઈ.બી.૫૦–૧૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency-Bar) તા. ૧–૫–૧૯૮૪ થી ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના ડી.પી.ઇ. વિભાગમાં શારીરિક શિક્ષણ નિયામક તરીકે કામ કરતા શ્રી. એલ. એ. ઠક્કરને રૂ. ૧૧૦૦–૫૦–૧૩૦૦–ઈબી–૫૦–૧૬૦૦ના પગારધોરણમાં રૂ. ૧૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧–૫–૧૯૮૪ થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૮. યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં સેકશન ઓફિસર તરીકે કામ કરતા શ્રી. વી. બી. શાહને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦ઈબી-૩૫-૮૮૦-૪૦–૧૦૦૦–૪બી–૪૦-૧૨૦૦ ના પગારધોરણમાં તા. ૪-૪–૧૯૮૪ થી રૂ. ૮૧૦/– પછીનો કાર્યક્ષમતા અંતરાય (Efficiency-Bar) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના હિસાબ વિભાગમાં સેકશન ઑફિસર તરીકે કામ કરતા શ્રી. વી. બી. શાહને રૂ. ૬૫૦-૩૦-૭૪૦-૩૫-૮૧૦-ઈબી-૩૫-૮૮૦-૪૦-૧૦૦૦-ઈબી–૪૦-૧૨૦૦ના પગારધોરણમાં રૂ. ૮૧૦ પછીનો કાર્યક્ષમતા, અંતરાય તા. ૪-૪-૧૯૮૪થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૨૯. યુનિવર્સિટી મુદ્રણાલયમાં આસિ. કંપોઝ ફોરમેન તરીકે કામ કરતા શ્રી. જે. ડી. પટેલને રૂ. ૩૫૦-૧૨-૪૧૦-બ.બી.-૧૨-૪૭૦-ઇ.બી.-૧૫-૫૬૦-ના પગારધોરણમાં રૂ. ૪૭૦/- પછીનો કાર્યક્ષમતા-અંતરાય (Efficiency-Bar) તા. ૫-૫-૧૯૮૪થી ઓળંગવા માટેની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી મુદ્રણાલયમાં અસિસ્ટન્ટ કંપોઝ ફોરમેન તરીકે કામ કરતા શ્રી જે. ડી. પટેલને રૂ. ૩૫૦-૧૨-૪૧૦-ઈબી-૧૨-૪૭૦-ઈબી-૧૫-૫૬૦ ના પગારધોરણમાં રૂ. ૪૭૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૫-૫-૧૯૮૪ થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૩૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતાં નીચેના શિક્ષકોનો તેમનાં નામ સામે બતાવેલ તારીખથી બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	હોદ્દો	બે વર્ષનો અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. સી. આર. વોરા	લેકચરર ઇન કેમિસ્ટ્રી	તા. ૧૪–૬–૮૪	તા. ૧૫–૬–૮૪
૨.	ડૉ. પી. વી. પટેલ	લેકચરર ઇન માઇક્રોબાયોલોજી	,,	,,
૩.	ડૉ. એસ. આર. દવે	લેકચરર ઇન માઇક્રોબાયોલોજી	,,	,,
૪.	ડૉ. (શ્રીમતી) સેલીટી કે. મૂર્તિ	લેકચરર ઇન ઝૂઓલોજી	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરરો તરીકે કામ કરતાં ડૉ. સી. આર. વોરા, ડૉ. એસ. આર. દવે અને ડૉ. (શ્રીમતી) સેલીટી કે. મૂર્તિને તા. ૧૪–૬–૧૯૮૪થી કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે શ્રી પી. વી. પટેલની કામગીરી અંગેનો ખાનગી હેવાલ વિભાગના વડા તરફથી મળ્યો ન હોવાથી તે બાબતની વિચારણા મોકૂફ રાખવી. હેવાલ આવ્યેથી નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૧. યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવ તરીકે કામ કરતા શ્રી. આર. સી. દેસાઈનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૬–૬–૧૯૮૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૭–૬–૧૯૮૪ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયમાં મદદનીશ કુલસચિવ તરીકે કામ કરતા શ્રી આર. સી. દેસાઈને તા. ૨૭–૬–૧૯૮૪ થી કાયમ કરવા.

૩૨. બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઓફિસર તરીકે કામ કરતાં ડૉ. (શ્રીમતી) અંજલિ મહેતાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧-૭-૧૯૮૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨-૭-૧૯૮૪ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. (શ્રીમતી) અંજલિ મહેતાને બી. કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઓફિસર તરીકે તા. ૨-૭-૧૯૮૪થી કાયમ કરવા.

૩૩. યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેમના પ્રૉવિડંટ ફંડ ખાતામાંથી તેમનાં નામ સામે બતાવેલ રકમની લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	લોનની રકમ	અગાઉ લોન લીધી છે કે કેમ	કારણ
૧.	શ્રી. ડી. એમ. શુકલ, વ્યાખ્યાતા	રૂ. ૩૬,૦૦૦	ના જી	મિથિલા સોસાયટીમાં મકાન લેવા
૨.	શ્રી. ચીમનસિંહ મોટસિંહ પવાર, ચોકીદાર	રૂ. ૧૨,૦૦૦	ના જી	મકાન રીપેરિંગ
૩.	શ્રી. એમ. સો. ચૌહાણ	રૂ. ૮,૭૦૦	ના જી	મકાન રીપેરિંગ

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીઓને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેમનાં નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રૉવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૩૪. મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. એ. યાજ્ઞિકને મોટરકાર ખરીદવા માટે રૂ. ૩૦,૯૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર આઠસો પૂરા)ની લોન આપવા અંગે તેઓની તા. ૮–૫–૧૯૮૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—મોટરકાર અંગેના નિયમો પ્રમાણે રૂ. ૨૦,૦૦૦ થી વધુ લોન આપી શકાય નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. એ. યાજ્ઞિકને મોટરકાર ખરીદવા માટે નિયમ પ્રમાણે તેમની નિવૃત્તિનો સમય ધ્યાનમાં લઈ જરૂરી હપ્તામાં પરત થાય તે રીતે લોન આપવાનું રાખવું.

૩૫. વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડૉ. એ. વી. ગજ્જરને યુનિવર્સિટી ઑફ ટોરેન્ટો, કેનેડા ખાતે ટીચિંગ એસાઈનમેન્ટ સ્વીકારવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની જાણ લેવા તથા તેના સંદર્ભમાં તા. ૧–૯–૧૯૮૪ થી તા. ૩૧–૫–૧૯૮૫ સુધીની નવ માસની બિનપગારી રજાઓ આપવા અંગેની તેમની તા. ૧૭–૪–૧૯૮૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

સભાગૃહે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લીધી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના રીડર ડૉ. એ. વી. ગજ્જરને **યુનિવર્સિટી ઑફ ટોરેન્ટો,** કેનેડા ખાતે ટીચિંગ એસાઈનમેન્ટ સ્વીકારવાની પરવાનગી આપ્યાના સંદર્ભમાં તેમની તા. ૧૭–૪–૧૯૮૪ની અરજીમાં જણાવેલ તા. ૧–૯–૧૯૮૪થી તા. ૩૧–૫–૧૯૮૫ સુધીની નવ માસની બિનપગારી રજાઓ મંજૂર નીચેની શરતોએ કરવી :

(૧) તેઓ રજા ઉપર જાય તે સમગ્ર ગાળા માટે તેમને કશાં ભથ્થાં કે વેતન આપવાં નહીં.

(૨) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદત પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછા બે વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે એ મુજબની બાંયધરી તેમના તરફથી આપવામાં આવે.

(૩) તેમને આપવામાં આવેલી ખાસ રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહીં.

(૪) ઉપર જણાવેલ શરત નં. ૧, ૨ અને ૩ નું તેઓ પાલન કરી શકે નહીં તો તેમને રજા દરમિયાન મળેલાં નાણાં તથા ત્રણ માસના પગાર (ભથ્થા સહિત) જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે, અને

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૩૬. સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્રના રીડર ડૉ. પી. એન. શેઠને તેમજ અર્થશાસ્ત્રના રીડર શ્રી જે. એલ. ધોળકિયાને Central Committee of the Koreon Social Scientists Association, Pyongiyang D.P.R. of Korea ખાતે જુદી જુદી શૈક્ષણિક સંસ્થામાં તથા સેમિનારમાં હાજરી આપવા તથા વ્યાખ્યાનો આપવા વગેરે કામગીરી માટે તા. ૧૫–૬–૧૯૮૪ થી ૧૫–૭–૧૯૮૪ની રજાઓ આપવા અંગે તેમના તા. ૩૦–૫–૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્રના રીડર ડૉ. પી. એન. શેઠને તેમજ અર્થશાસ્ત્રના રીડર શ્રી જે. એલ. ધોળકિયાને કોરિયા ખાતે જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેવા તથા પરિસંવાદમાં હાજરી આપવા તથા વ્યાખ્યાનો આપવા માટે તેમની

તા. ૨૮-૬-૧૯૮૪થી ચાલુ વર્ષે વેકેશન તા. ૨૭-૬-૧૯૮૪ સુધી હોવાથી) તા. ૧૫-૭-૧૯૮૪ સુધીની ફરજ ઉપરની રજાઓ મંજૂર કરવી.

૩૭. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના નીચેના શિક્ષકો તા. ૧-૧-૧૯૭૯ પછી બે વર્ષની બિનપગારી રજા ઉપર પરદેશ ગયેલા તે બિનપગારી રજાઓનો સમય ઇજાફા માટે ગણવા અંગેની તેઓની તા. ૨૫-૧-૧૯૮૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(૧) ડૉ. વાય. કે. શાહ અને (૨) ડૉ. આઈ. એચ. શેઠ, વિજ્ઞાન વિદ્યાભવન તથા (૩) ડૉ. બી. બી. જાની, સમાજવિદ્યા ભવન.

[**નોંધ.**—(૧) તેઓશ્રીની રજાઓ જે શરતોએ મંજૂર કરી તેમાં એક શરત મુજબ "No increment will be given during the period of leave"ની જોગવાઈ હતી.

(૨) તા. ૧—૧—૧૯૭૯થી આપવામાં આવેલા યુનિવર્સિટીના શિક્ષકોની રજાઓના નિયમોના નિયમ-૭ની જોગવાઈ નીચે પ્રમાણે છે :

(*ii*) Extraordinary leave shall always be without pay and allowances. Extraordinary leave shall not count for increment except in the following cases :

(*a*) Leave taken on medical certificates.

(*b*) Cases where the Vice-Chancellor or the Principal of the affiliated colleges or the Head of the Recognised Institutions, as the case may be, is satisfied that the leave was taken due to causes beyond the control of the teacher, such as inability to join or rejoin duty due to civil commotion or a natural calamity, provided the teacher has not other kind of leave to his credit.

(*c*) Leave taken for prosecuting higher studies; and

(*d*) Leave granted to accept an invitation to a teaching post or fellowship or research-cum-teaching post or on assignment for technical or academic work of importance.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો ડૉ. વાય. કે. શાહ, ડૉ. આઈ. એચ. શેઠ અને ડૉ. બી. વી. જાનીની તા. ૨૫-૧-૧૯૮૪ની સંયુક્ત અરજીમાં તેઓ તા. ૧-૧-૧૯૭૯ થી બે વર્ષની બિનપગારી રજા પર પરદેશ ગયા હતા તે બિનપગારી રજાનો સમય ઈજાફા માટે માન્ય ગણવા અંગેની તેમની વિનંતી માન્ય રાખવી નહીં.

૩૮. યુનિ. સ્કૂલ ઑફ સાયન્સીઝના બોટની વિભાગમાં એક વર્ષનો ફોરેસ્ટ્રીનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવા અને તે સંદર્ભમાં અંદાજે વાર્ષિક રૂ. ૬૦,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના વિભાગમાં એક વર્ષનો વનવિદ્યા (ફોરેસ્ટ્રી)નો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ દાખલ કરવો અને તે સંદર્ભમાં વાર્ષિક રૂ. ૩૦,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવાનું રાખવું.

૩૯. અમદાવાદ ટેકસ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદની કાઉન્સિલ ઑફ એડમિનિસ્ટ્રેશનને તેની તા. ૩૧ માર્ચ ૧૯૮૪ના રોજ મળેલી સભામાં સદરહુ સંસ્થાના અનુસ્નાતક સંશોધનની માન્યતા ૧૯૮૪–૮૫ના વર્ષથી ચાલુ ન રાખવા માટે લીધેલા નિર્ણયના સંદર્ભમાં યુનિવર્સિટીને તે પ્રમાણે પગલાં લેવાની વિનંતી કરતા આ સંસ્થાના અધ્યક્ષશ્રીના તા. ૭–૪–૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. સંસ્થાને રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને મનોવિજ્ઞાનમાં પીએચ.ડી. સંશોધન અને અભ્યાસક્રમો માટે જૂન ૧૯૮૫ સુધી માન્યતા આપેલ છે.

૨. આ સમયગાળા દરમિયાન તેઓની સંસ્થામાંથી નોંધાયેલ પીએચ.ડી. વિદ્યાર્થીઓ તેઓના મહાનિબંધ સુપરત કરશે તેવી ધારણા છે, તેમ સંસ્થાના અધ્યક્ષશ્રીએ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. ખંભાતની કૉલેજનું સંકુલ બનતાં ફાજલ પડેલા કાયમી આચાર્યનું પગાર-ધોરણ આરક્ષિત કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨-૧-૧૯૮૪ની સભાના ઠરાવ અન્વયે રાજ્ય સરકાર સમક્ષ પુનઃ રજૂઆત કરતાં સરકારશ્રીના શિક્ષણ વિભાગે તેમના તા. ૨૧-૪-૧૯૮૪ના પત્રથી "માગણી સ્વીકારી શકાય તેમ નથી" તેમ જણાવ્યું હોઇ, તે બાબતમાં વધુ વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અગાઉ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨—૧૨—૧૯૮૧ની સભાના ઠરાવ અન્વયે આ માટે રાજ્ય સરકારને લખેલ તે પત્ર સરકારશ્રીના શિક્ષણ વિભાગે તેના તા. ૨૫–૧૧–૧૯૮૩ના પત્રથી સદરહુ માગણી સ્વીકારી શકાય તેમ નથી તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ફરી રજૂઆત કરવાનું રાખવું.

૪૧. ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગાંધીનગરમાં જૂન ૧૯૮૪ થી એસ.વાય. બી.એ.માં મુખ્ય વિષય તરીકે ભૂગોળનો વિષય શીખવવા જોડાણ મેળવવા અંગેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની મર્યાદા કરતાં મોડી આવી હોવા છતાં સદરહુ ધારાની જોગવાઈઓ અનુસાર કુલપતિશ્રીએ તે સ્વીકારવા ભલામણ કરી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અરજી તા. ૩૧—૩—૧૯૮૩ સુધીમાં આવવી જોઈએ. તેને બદલે તા. ૨૮—૩—૧૯૮૪ના રોજ આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન, ૧૯૮૫થી બી.ઈ. કૉમ્પ્યુટર એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ શીખવવા વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસારની સમયમર્યાદા કરતાં મોડી હોવા છતાં વિદ્યાર્થીઓને વૈકલ્પિક વિષયની સુવિધા મળે છે તે જોતાં સદરહુ ધારાની

જોગવાઈઓ અનુસાર તે પર વિચારણા કરતાં કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ સદરહુ જોડાણઅરજી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અરજી તા. ૩૧—૩—૧૯૮૪ સુધીમાં આવવી જોઈએ, તેને બદલે તા. ૧૨-૪—૧૯૮૪ના રોજ આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૩. શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ તરફથી જૂન, ૧૯૮૫થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી ઑર્ડિ. ૧૨૦ની સમયમર્યાદા કરતાં મોડી આવેલી છે. પરંતુ તે ચાલુ જોડાણ માટેની હોઈ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ હેઠળની જોગવાઈઓ મુજબ કુલપતિશ્રીએ કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરલ હોઈ ત અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—જોડાણઅરજી મોડામાં મોડી તા. ૩૧—૩—૧૯૮૪ સુધીમાં યુનિવર્સિટીને મળવી જોઈતી હતી, તેને બદલે તા. ૬—૬—૧૯૮૪ના રોજ મળી હતી.)

આથીઠ રાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૪. લોકજાગૃતિ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૫થી બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર મોડી આવી છે. પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તેના પર વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ અરજી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે તા. ૩૧—૩—૧૯૮૪ સુધીમાં આવવી જોઈએ, જ્યારે આ અરજી તા. ૩૦—૧—૧૯૮૪ના રોજ આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. શૈક્ષણિક વર્ષ ૧૯૮૩-૮૪ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતા અંગેનું પાકું પ્રમાણપત્ર મેળવ્યું ન હોવ. તેમને તે મેળવી લેવા માટેની મુદત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાએ તેની તા. ૧૨-૧-૧૯૮૪માં તા. ૩૧-૩-૧૯૮૪ સુધી લંબાવી આપી હતી છતાં હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓએ (આશરે ૧૫૦૦ જેટલા) મજકૂર પ્રમાણપત્ર કઢાવેલ નથી. તો તેવા વિદ્યાર્થીઓ માટે મુદત વધુ લંબાવી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૬. ગુજરાત યુનિવર્સિટીની બી.ઇ. (ઇલેક્ટ્રિકલ) પદવી પરીક્ષા અને એમ.એ. ગુજરાતી વિષયમાં એમ બે ચંદ્રકો નારણપુરા સાર્વજનિક ટ્રસ્ટના નામથી એનાયત કરવા અંગે ટ્રસ્ટ તરફથી આવેલ દરખાસ્ત સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રસ્ટના નામથી ચંદ્રકો એનાયત કરવાની દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૪૭. ગુજરાત યુનિવર્સિટી બી.એ. પદવી પરીક્ષામાં ઇતિહાસ અને ફિલોસોફી વિષયમાં "વિજયશંકર મંછારામ ભટ્ટ ચંદ્રક" એનાયત કરવા અંગે શ્રી. બી. વી. ભટ્ટ અમદાવાદ તરફથી આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. વી. ભટ્ટની ચંદ્રક પ્રદાન અંગેની સદરહુ દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૪૮. ભારત સરકારે તેના તા. ૬-૧૨-૧૯૭૯ના ડી.ઓ. પત્રાંક એફ. ૩૮-૧-૭૩-૪-૪ ચીટી ૨ દ્વારા ભારત-જાપાન વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમને સને ૧૯૮૧-૮૨થી પાંચ વર્ષ માટે લંબાવી આપેલ છે. તેની મુદત સને ૧૯૮૬-૮૭માં પૂરી થનાર હોઈ ત્યાર બાદ આ કાર્યક્રમ ચાલુ રાખવા માટે ભારત સરકારને વિનંતી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારત–જાપાન વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ સને ૧૯૮૬–૮૭ પછી ચાલુ રાખવા માટે ભારત સરકારને વિનંતી કરવાનું રાખવું.

૪૯. ભારત-જાપાન વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમ ૧૯૮૩-૮૪ હેઠળ ઓટોમન-ગેકુઇન યુનિવર્સિટી જાપાનની મુલાકાતે મોકલવા બાબત ઇજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થી શ્રી. આશિષ પારેખે ગુજરાત હાઇ કોર્ટમાં દાખલ કરેલી રિટ નં. ૧૯૭૫૭/૮૩ સ્પે. સી.એ. નં. ૪૧૨૩/૮૩ની બાબતમાં ગુજરાત હાઇકોર્ટે કરેલા આદેશ અંગે તા. ૧૨-૧-૧૯૮૪ના રોજ મળેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સદરહુ બાબત ભારત-જાપાન વિદ્યાર્થી વિનિમય સમિતિને ઘટતું કરવા મોકલવાનું ઠરાવવામાં આવતાં આ સમિતિની તા. ૨૦-૩-૧૯૮૪ના રોજ મળેલી સભાએ કરેલી નીચે મુજબની ભલામણ :

> "તે પર લંબાણ ચર્ચાવિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે ઓટોમન-ગેકુઇન યુનિવર્સિટી (જાપાન) અને ગુજરાત યુનિવર્સિટી વચ્ચેની વિદ્યાર્થી વિનિમય યોજના હાલ આપણી યુનિવર્સિટીના વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ પૂરતી સીમિત રાખવામાં આવે. તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી અને તેથી તે મુજબ જ ભવિષ્યમાં પણ ચાલુ રાખવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ભારત–જાપાન વિદ્યાર્થી વિનિમય સમિતિએ વિદ્યાર્થી વિનિમય યોજના યુનિવર્સિટીના વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ પૂરતી સીમિત રાખવાની જે ભલામણ કરી છે તે મંજૂર કરવી.

૫૦. સંલગ્ન કોલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેની માન્યતા પશ્ચાદ્વર્તી તારીખથી આપવા અંગેના પ્રશ્નો જોઈ-તપાસીને પોતાની ભલામણો રજૂ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તારીખ ૨૫-૩-૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૩-૩-૧૯૮૪ના

રોજ મળેલી સભામાં કરવામાં આવેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. નીચેના શિક્ષકોની નિમણૂક તેઓનાં નામ સામે જણાવેલ તારીખ, વિષય અને પદ (પોસ્ટ) માટે માન્ય રાખવી :

નં.	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય અને પદ	માન્યતા તા.
૧.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ-૯	શ્રી. જી. કે. જાની	ફાર્માસ્યુટિકલ ટેકનોલોજીના ડેમોન્સ્ટ્રેટર	૧–૮–૧૯૭૪
		શ્રી. બી. એન. સુહાગિયા	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના ડેમોન્સ્ટ્રેટર	૨–૧–૧૯૭૫
		શ્રી. આઈ. એસ. રાઠોડ	,,	૫–૨–૧૯૭૫
		શ્રી. એસ. એસ. ડાકોર	,,	૨૭-૭-૧૯૭૪
		શ્રી. એસ. એ. શાહ	,,	૨૮-૮-૧૯૭૮
		શ્રી. એ. એસ. કાપડિયા	ફાર્માકોગ્નોસીના ડેમોન્સ્ટ્રેટર	૧૪-૭-૧૯૭૫
	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ–૯	કુ. કે. જે. દોશી	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રીના ડેમોન્સ્ટ્રેટર	૧-૧૦-૧૯૮૧
		શ્રી. આર. કે. પરીખ	ફાર્માસ્યુટિકલ અને ફાર્મા. ટેકનો.ના ડેમોન્સ્ટ્રેટર	૧–૯–૧૯૭૯
		શ્રી. કે. એન. પટેલ	ફાર્માકોગ્નોસીના ડેમોન્સ્ટ્રેટર	૧–૯–૧૯૭૯
૨.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદ–૯.	શ્રી એમ. ડી. શુકલ	માઇક્રોબાયોલોજીના વ્યાખ્યાતા	૧૭–૬–૧૯૮૨

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના શિક્ષકોની નિમણૂકો તે અંગેની સમિતિની ભલામણ મુજબ, તેઓનાં નામ સામે જણાવેલ તારીખ, વિષય અને પદ (પોસ્ટ) માટે માન્ય રાખવી.

૫૧. યુનિવર્સિટી કોર્ટની ચૂંટણીઓ માટે હાલના સ્ટે. ૧૬૨(૧)માં આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજ કે માન્ય સંસ્થા જે ગામ કે શહેરમાં હોય તે પ્રત્યેક ગામ કે શહેરમાં ચૂંટણી મથક રાખવાની જોગવાઈ છે. જેને બદલે જોતાં, જરૂર જણાય ત્યાં ચૂંટણી મથક રાખવાની જોગવાઈ કરવા માટે સદરહુ સ્ટેચ્યૂટ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

162 (i) A Polling Centre or Centres may be found **necessary shall** provided by the Ex-council and an election officer shall be appointed **by** the Vice-Chancellor.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૬૨(૧) ઉપર મુજબ સુધારવા માટે યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

૫૨. અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓની હાજરીના પ્રશ્ન અંગે વિચારણા કરી પોતાની ભલામણો આપવા માટે કુલપતિશ્રીએ નીમેલા સામાતની તા. ૯–૩–૧૯૮૪ ના

રૂબરૂ મળેલી સભાએ અનુસ્નાતક નિયમ ક્રમાંક ૩(એ) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત :

P. G. Rule 3–A :

It shall be competent for the Principal to condone on the recommendation of the Professor–in–charge of a post–graduate centres in the subject concerned or for the Director of the University School on the recommendation of the Head of the Department of the subject concerned the deficiency in attendance of a candidate caused on account of bona-fide illness or participation in sports of extra–curricular activities on behalf of the College or the University as the case may be, provided that the candidate has attended not less than 45 per cenhe altott tof number of lectures delivered in both the terms taken together.

In the case of reasons other than those mentioned above the matter shall be referred to the Vice–Chancellor for consideration and his decision in the matter shall be final. Provided that in no case deficiency in attendance shall be condoned if a studence has failed to put in attendance in at least 45 % of the total number of lectures delivered in both the terms taken together.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૯–૩–૧૯૮૪ની સભાની ભલામણ અનુસાર અનુસ્નાતક નિયમ ૩–એ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અને સદરહુ નિયમને તાત્કાલિક અમલમાં મૂકવાનું રાખવું.

૫૩. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૨–૪–૧૯૮૪ની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. હાલની વિષમ મોંઘવારીને લક્ષમાં લઈને ૧૯૮૪–૮૫ના વર્ષથી જુદી જુદી રમતોની આંતર યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા માટે પસંદ થયેલ યુનિવર્સિટીની ટુકડીઓ માટે યોજાતા પ્રશિક્ષણ શિબિરમાં હાજર રહેનાર બહારગામના ખેલાડીઓને હાલમાં જે રૂ. ૧૦–૦૦ અને સ્થાનિક ખેલાડીઓને રૂ. ૫–૦૦ દૈનિક ભથ્થું આપવામાં આવે છે તેમાં વધારો કરીને અનુક્રમે રૂ. ૧૨/– અને રૂ. ૬/– આપવાનું મંજૂર કરવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

૨. આંતર–યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતી યુનિવર્સિટીની ટુકડીઓ માટે યોજાયેલ પ્રશિક્ષણ શિબિરો (સાંધિક રમતો માટે જ) દરમિયાન પ્રેક્ટિસ મેચોનું આયોજન કરવામાં આવે તો બંને ટીમોના ચા–પાણીના ખર્ચ માટે વધુમાં વધુ રૂ. ૫૦–૦૦ (અંકે રૂપિયા પચાસ પૂરા)ની મર્યાદામાં રહીને ખર્ચ કરવાની સત્તા યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના મંત્રીશ્રીઓને આપવા આ બોર્ડ યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૫૪. ડૉ. કે. કા. શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિષયમાં પીએચ.ડી. પદવી માટે શ્રી બી. એમ. છાયાએ રજૂ કરેલ મહાનિબંધ પરના રેફરીઓના અહેવાલમાં

ઓ. ૩૨૧ મુજબ મતભેદ (ટાઈ) પડતાં ચોથા રેફરી નીમવા અંગે વિચારણા કરવા બાબત.

૧. ડૉ. શાન્તિભાઈ આચાર્ય ... મહાનિબંધ માન્ય ગણે છે.
૨. ડૉ. દવાનંદ જોશી ... અમાન્ય ગણે છે.
૩. ડૉ. કે. કા. શાસ્ત્રી ... ડૉ. જોશીના હેવાલ સાથે સંમત થતા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બી. એમ. છાયાએ રજૂ કરેલ મહાનિબંધ બાબતમાં ક્રમમાં આવતા ચોથા રેફરીને નીમવાનું રાખવું.

૫૫. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ તરફથી "અંકુર"નો અંક પ્રકાશિત કરવા અંગે વર્ષ ૧૯૮૪–૮૫ દરમિયાન રૂ. ૧૨૫૦ની સહાય આપવા અંગે ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૩–૪–૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગ તરફથી પ્રકાશિત થનાર "અંકુર" અંક અંગે રૂ. ૧૨૫૦ (અંકે રૂપિયા એક હજાર બસો પચાસ પૂરા)ની આર્થિક સહાય આપવાનું મંજૂર રાખવું.

૫૬. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૮–૧–૧૯૮૪ના ઠરાવ ક્રમાંક એનજીસી–૧૩૭૯–૭૮૦૦૭(૮૩)–અથી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણશાસ્ત્રની બિનસરકારી સંલગ્ન કૉલેજોના એકાઉન્ટન્ટ્સનું પગારધોરણ રૂ. ૪૨૫-૮૦૦ કરવામાં આવ્યુ છે તે પરત્વે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦–૩–૧૯૮૪ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"સદરહુ ઠરાવનો સ્વીકાર કરવો અને તે સંલગ્ન કૉલેજોને પરિપત્રિત કરવો. વધુમાં લો કૉલેજને સહિત માન્ય સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓને લાગુ પાડવા રાજ્ય સરકારને ભલામણ કરવી."

ઉપર જણાવેલ ઠરાવમાં લો કૉલેજો તથા માન્ય સંસ્થાઓને લાગુ પાડવા સરકારને ભલામણ કરવી તેમ છે. તેના બદલે લો કૉલેજો માટે એકાઉન્ટન્ટને રૂ. ૪૨૫–૮૦૦નો ગ્રેડ તા. ૧–૧૨–૧૯૮૧થી લાગુ પડે તેવો નિર્ણય લેવો તથા અમલ કરવા ઠરાવ કરવો તેવી ગુજરાત રાજ્ય કૉલેજ બિનશિક્ષક કર્મચારી મહામંડળના પ્રમુખશ્રીએ તેમના તા. ૨૧–૪–૧૯૮૪ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) શિક્ષણ વિભાગના સચિવશ્રીને સદરહુ ઠરાવને અન્ય સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને લાગુ પાડવા તા. ૨૯–૩–૧૯૮૪ના પત્રથી ઘટતાં પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે.

(૨) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૦–૩–૧૯૮૪ની સભાના સંબંધકર્તા ઠરાવને રાજ્ય સરકારના ઠરાવ સાથે સંલગ્ન વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોને તા. ૨૮–૩–૧૯૮૪ના રોજ પરિપત્રિત કરવામાં આવ્યો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૮–૧–૧૯૮૪ ના ઠરાવથી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણશાસ્ત્રની બિનસરકારી કૉલેજોના એકાઉન્ટન્ટનું પગારધોરણ રૂ. ૪૨૫–૮૦૦ નું કરવા બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સલે તેની તા. ૧૦–૩–૧૯૮૪ની સભામાં કરેલ ઉપરોક્ત ઠરાવ હાવદાની કૉલેજો અને માન્ય સંસ્થાઓને પણ લાગુ પાડવાનો સ્વીકાર કરવો અને તે કૉલેજોને પરિપત્રિત કરવાનું રાખવું.

૫૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રો. ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ તરફથી જૂન ૧૯૮૪થી બી.એડ. (સબો.)માં "ડિફેન્સ સ્ટડીઝ"ના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી પરત્વે ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦—૫—૧૯૮૪ સુધીમાં કરે તો તેને બી.એ. (સબો.)માં ડિફેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૪થી તા. ૧૪-૬-૧૯૮૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ડિફેન્સ સ્ટડીઝના શિક્ષણ માટે શિક્ષકગણની જરૂરી વ્યવસ્થા કરવામાં આવે;

(નવી નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી મેળવીને તેની જાણ કરવામાં આવે);

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦-૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં ડિફેન્સ સ્ટડીઝના વિષયના રૂ. ૨૦૦૦-૦૦ની રકમનાં પુસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે."

(૨) એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૪થી બી.કૉમ. (ગૌણ)માં મૅથેમેટિકસ ફૉર સ્ટેટિસ્ટિકસ ઍન્ડ ઍકચ્યુરિયલ સાયન્સ તથા બિઝનેસ કૉમ્યુનિકેશનના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી પરત્વેની ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું:

આથી ઠરાવવામાં આવે છે કે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦—૬—૧૯૮૪ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં મૅથેમેટિકસ ફૉર સ્ટેટિસ્ટિકસ ઍન્ડ ઍકચ્યુરિયલ

સાયન્સ તથા બિઝનેસ કૉમ્યુનિકેશનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૪થી તા. ૧૪–૬–૧૯૮૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રૉવિડન્ટ ફંડના ટ્રસ્ટની રચના યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે અને કર્મચારીઓને વાર્ષિક સ્ટેટમેન્ટ કે પાસબુક આપવામાં આવે તથા ધારાધોરણ પ્રમાણે વ્યાજની વહેંચણી કરવામાં આવે;

૪. મૅથેમેટિક્સ ફૉર સ્ટેટિસ્ટિક્સ ઍન્ડ ઍક્ચુરિયલ સાયન્સ અને બિઝનેસ કૉમ્યુનિકેશનના પ્રત્યેક વિષયને લગતાં પુસ્તકો માટે કૉલેજ વિશિષ્ટપણે રકમ ફાળવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે રકમ ચૂકવી આપવામાં આવે.

(૩) ૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૨૩-૨-૧૯૮૪ના પત્રાંક એફ-૧૩-૨-'૮૩(વી) દ્વારા "અનએસાઈડ ગ્રાન્ટ" માટે જણાવેલ નવી "ગાઈડ લાઇન્સ"ના ઉપલક્ષમાં યુનિવર્સિટીએ આ અંગે અગાઉ ઘડેલા "રુલ્સ ઍન્ડ રેગ્યુલેશન્સ" સુધાર્યાનું;

૨. સુધારેલ નિયમના ઉપલક્ષમાં નીચેના ત્રણ યુનિવર્સિટી શિક્ષકોની ટ્રાવેલ ગ્રાન્ટ મંજૂર કર્યાનું :

મંજૂર કરવામાં આવેલી ટ્રાવેલ ગ્રાન્ટ

૧. ડૉ. સી. કે. શાહ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન

૨. શ્રી. એસ. આર. દવે, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન

૩. શ્રી. એમ. આર. પટેલ, યુનિ. સમાજવિદ્યા ભવન

(૪) કોઈ પણ જાતની સ્કૉલરશિપ, ફેલોશિપ મળતી ન હોય તેવા સંશોધન કરતા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સંશોધન કર્મચારી-જરૂરી ગ્રાન્ટ આપવા અંગે વિચારણા કરીને એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટે નીમેલી સમિતિની તા. ૬–૩–૧૯૮૪ના રોજ મળેલ સભાની ભલામણ મંજૂર કર્યાનું;

(૫) વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ સંચાલિત મહેસાણામાં આવેલી (૧) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન અને (૨) વિવેકાનંદ કૉલેજ ઑફ લૉનું સંચાલન સરદાર ભવન ટ્રસ્ટ, મહેસાણાને સોંપવા બાબતમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૨–૧–૧૯૮૪ની સભાએ નિયુક્ત કરેલી સમિતિનો અહેવાલ સ્વીકાર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૫૮. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની માન્ય-અમાન્ય ફેરફારની નોંધ જોડાણના સંદર્ભમાં માન્ય થયેલ શિક્ષકોની યાદીઓ (જાણ સારુ) :

સંલગ્ન કૉલેજોમાં કુલપતિશ્રીએ—

(અ) જે શિક્ષકોની નિમણૂકોને માન્ય રાખી છે તેની યાદી.

(બ) જે શિક્ષકોની નિમણૂકો અમાન્ય કરી છે તેની યાદી.

(ક) ૧૫મી જૂન ૧૯૮૨ તથા ૧૫મી જૂન ૧૯૮૧ના શૈક્ષણિક વર્ષમાં જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં જે શિક્ષકોની નિમણૂકો માન્ય રાખી છે તેની યાદી.

(ડ) આ અગાઉ માન્ય થયેલા અને જેમના પદમાં કોઈ ફેરફાર થયો નથી અને જેમની નિમણૂકોની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫૯. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની માન્યતા–અમાન્યતા ફેરફાર અંગેની યાદીઓ (જાણ સારુ) :

(૧) સંલગ્ન કૉલેજોમાં કુલપતિશ્રીએ જે શિક્ષકોની નિમણૂકોને માન્ય રાખી તેની યાદી.

(૨) ડેમોન્સ્ટ્રેટર-પદમાંથી વ્યાખ્યાતા-પદની માન્યતા આપવામાં આવેલ છે તેવા અધ્યાપકોની યાદી.

(૩) આ અગાઉ માન્ય થયેલા અને તેમના પદમાં કોઈ ફેરફાર થયો નથી અને તેમની નિમણૂકોની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી.

(૪) ૧૫મી જૂન ૧૯૮૩ના શૈક્ષણિક વર્ષ દરમિયાન જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્ય રાખેલ નિમણૂકો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદીઓની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૬૦. શૈક્ષણિક વર્ષ ૧૯૮૩-૮૪માં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિમણૂકો અંગે નીચેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) સંલગ્ન કૉલેજોના માન્ય થયેલ શિક્ષકોની યાદી.

(૨) આ અગાઉ માન્ય થયેલા શિક્ષકો જેઓ એક સંલગ્ન કૉલેજમાંથી બીજી સંલગ્ન કૉલેજમાં જોડાયા છે તેની યાદી.

(૩) જૂન ૧૯૮૩થી જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્ય થયેલા શિક્ષકોની યાદી.

(૪) સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિમણૂકો અમાન્ય કરવામાં આવી છે તેની યાદી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(સદરહુ યાદીઓની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૧. યુ.જી.સી.ના અન્ડર સેક્રેટરીશ્રી તરફથી તેમના તા. ૨૧-૨-૧૯૮૪ના પત્રાંક એફ. ૧૩-૨-૮૩ (સી.પી.)થી "કૉલેજના શિક્ષકોને પરદેશમાં આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક પરિષદોમાં સંશોધનપત્રો રજૂ કરવા હાજરી આપવા જવા માટે ટ્રાવેલ ગ્રાન્ટ માટે આર્થિક સહાય આપવા બાબતમાં આવેલી સુધારેલી માર્ગદર્શક રૂપરેખાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૨. સ્પેસ એપ્લિકેશન સેન્ટર, અમદાવાદ અને ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી જૂન ૧૨-૩૦, ૧૯૮૪માં ત્રણ અઠવાડિયાનો "ઇન્ટરનેશનલ વર્કશોપ ફૉર પ્રીપરેશન ઑફ ટી.વી. પ્રોગ્રામ ઇન સાયન્સ એન્ડ ટેકનિકલ એજ્યુકેશન" યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૫—૫—૧૯૮૪ના પત્રાંક એફ. ૧૫-૧૩-૮૪ (એમ.સી.)થી કુલ રૂ. ૧.૪૪ લાખ (કુલ રૂપિયા એક લાખ ચુંવાળીસ હજાર)ની આર્થિક સહાય મંજૂર કરી તેની નોંધ લઈને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લઈ આ બાબતમાં આગળ કાર્યવાહી કરવાનું રાખવું.

૬૩. સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેની માન્યતા પશ્ચાદ્વર્તી તારીખથી આપવાના પ્રશ્નો જોઈ તપાસીને તે અંગે પોતાની ભલામણો રજૂ કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૬૫-૩-૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૯-૫-૧૯૮૪ તથા તા. ૨૯-૫-૧૯૮૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૯-૫-૧૯૮૪ અને તા. ૨૯-૫-૧૯૮૪ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૯-૫-૧૯૮૪ અને તા. ૨૯-૫-૧૯૮૪ની સભાઓની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૬૪. બાંધકામ સમિતિની તા. ૩-૫-૧૯૮૪ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૩-૫-૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૫-૧૯૮૪ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે)

૬૫. સત્ર ફી અંગેનો ઑર્ડિ. ૧૫૧-સી સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

(ક) મુસદ્દામાં પ્રવર્તમાન ઑર્ડિ. ૧૫૧-સીમાં નીચે પ્રમાણે સુધારાઓ કરવામાં આવ્યા છે:

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારામાં શિક્ષણની વિદ્યાશાખા અલગ દર્શાવતો ફેરફાર થતો હોઈ ઑર્ડિ. ૧૫૧-સી ની કંડિકા (૬) (1) અને (૯) (i) માં Faculty of Arts, Education એમ દર્શાવ્યું છે.

(૨) B. M. Institute હવે માન્ય સંસ્થા તરીકે નહીં હોવાથી ઑર્ડિ. ૧૫૧–સી ની કંડિકા (ii) માંથી 'For Diploma run at the B.M. Institute and' આટલો ભાગ કાઢી નાખેલ છે.

(૩) મેડિકલ કાઉન્સિલની સૂચના મુજબ 'Simultaneously registration' કાઢી નાખ્યું હોવાથી ઑર્ડિ. ૧૫૧-સીની કંડિકા (a)(iii) નીચેની નોંધ ૨૬ કરી છે.

(૪) એકઝકયુટિવ કાઉન્સિલે યુ.જી.સી.ની ટીચર ફેલોશિપ યોજના હેઠળ પીએચ.ડી. એમ.ફિલ. પદવી માટે નોંધાયેલા શિક્ષકોને ટયુશન ફીમાંથી મુક્તિ આપવી તેમ ઠરાવ્યું હોઇ ઑર્ડિ. ૧૫૧–સીની કંડિકા (d) (ii) નીચે મુજબની કંડિકા ઉમેરી છે:

"Provided that No tuition fees shall be charged in the case of a teacher fellow registered as a Ph.D. or M.Phil. student under the teacher fellowship scheme in the University Grants Commission."

આથી ઠરાવવામાં આવે છે કે સત્ર ફી અંગેનો ઑર્ડિનન્સ–૧૫૧–સી સુધારવો.

(સદરહુ સુધારેલા ઑર્ડિનન્સ ૧૫૧–સીના પાઠની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૬૬. યુનિવર્સિટીની બી.ઇ. (મિકેનિકલ) એન્જિનિયરિંગ પદવી પરીક્ષા માટેના "સ્વ. ચંપકબેન ર. યાજ્ઞિક ચંદ્રક" અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ પ્રદાન એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦–૩–૧૯૮૪ની સભામાં સ્વીકારેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની **નકલ પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૬૭. આ યુનિવર્સિટીની બી.એ. પદવી પરીક્ષામાં ગુજરાતી મુખ્ય વિષય માટેના "ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ચંદ્રક" અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ પ્રદાન એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૦–૩–૧૯૮૪ની સભામાં સ્વીકારેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચન્દ્રક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની **નકલ પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૬૮. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨–૧–૧૯૮૪ની સભામાં સ્વીકારવામાં આવેલ બી.ઇ. (સિવિલ) પદવી પરીક્ષાના સ્ટ્રકચરલ એનાલિસિસ પેપર–૩ના વિષયમાં "સ્વ. પ્રો. વી. કે. કુલકર્ણી પારિતોષિક" એનાયત કરવા અંગેના કાર્યાલયે ઘડેલા નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૬૯. **કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો** (જાણ સારુ) :

(૧) ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરવામાં આવેલ નીચેની અરજીઓની બાબતમાં શ્રી. સુરેશભાઈ શેલતની ઍડવોકેટ તરીકે નિમણૂક કર્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું :

અનુક્રમ	અરજી નંબર	પક્ષકારો
૧.	મિસે ૧૧૩/૮૪	અધ્યાપક શ્રી. એ. એમ. ભટ્ટ વિરુદ્ધ આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ, જુલાઈ ૧૯૭૪ થી સરવિસ કન્ટિન્યુ ગણવા તથા પગાર ફિકસ કરવા ગુજરાત કૉલેજીસ સેવા ટ્રિબ્યુનલના હુકમનો કૉલેજે અનાદર કર્યો અંગે.
૨.	૧૩૦૦/૮૪	પ્રેસિડેન્ટ નડિયાદ એજ્યુકેશન સોસાયટી, નડિયાદ વિરુદ્ધ હરિવદન વી. શાહ ગુજરાત કૉલેજીસ સેવા ટ્રિબ્યુનલે એચ. વી. શાહને નોકરીમાંથી છૂટા કરવાનો હુકમ ગેરકાયદેસર કર્યાનો તથા તેમને પુનઃ સ્થાપિત કરવા કરેલ હુકમ અંગે.
૩.	૨૯૭૯/૮૪	એમ. જી. સાયન્સ વિરુદ્ધ શ્રી કાળુજી ઠાકોર કલાર્કની જગ્યાએ નિમણૂક ન આપ્યા અંગે.

(૨) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશની બાબતમાં ડૉ. ફ્રાન્સીસ જે. ચાન્ડીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ. સિવિલ એપ્લિકેશન નં. ૨૯૧૪/૮૪ દાખલ કરી છે. તેમાં યુનિવર્સિટીને પક્ષકાર બનાવેલ હોઈ યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ શ્રી સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તેને આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) જૂન ૧૯૮૪થી જોડાણ મેળવવા માટે આવેલી અરજીઓ પર મૂકેલી શરતોના પરિપાલનની ચકાસણી કરવા માટે નિયુક્ત થયેલી સમિતિની તા. ૩૦-૫-૧૯૮૪ની સભાની ભલામણ અનુસાર નીચેની કૉલેજના જોડાણ અંગેના જાહેરનામા બહાર પાડવાનું :

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
૨.	ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ ઈડર

૩. કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, ધંધુકા
૪. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉમર્સ, નડિયાદ
૫. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
૬. શ્રી. યુ. પી. આર્ટ્સ, એમ. જી. પંચાલ સાયન્સ ઍન્ડ વી. એલ. શાહ કૉમર્સ કૉલેજ, પિલવાઈ.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૭૦. ગાંધીધામ કોલેજિયેટ બોર્ડ, આદિપુર (કચ્છ) દ્વારા સંચાલિત પોલિટેકનિકને જૂન ૧૯૮૪ થી ડિપ્લોમા-ઇન-ફાર્મસીના અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણઅરજી. (એકેડેમિક બાબત ક્રમાંક ૨૯)

એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

"આથી ઠરાવવામાં આવે છે કે ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુરની પોલિટેકનિક સંસ્થા ફાર્મસીની વિદ્યાશાખામાં ડિપ્લોમાનો અભ્યાસક્રમ શીખવવા માટે તે એક્રમ તરીકે શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૭–૧૯૮૪ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ ડિપ્લોમા અને દ્વિતીય વર્ષ ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૪થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(અ) પાત્રતા ધરાવતા આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવે :

(બ) ૧૯૮૪–૮૫ના વર્ષ માટે

(૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૨) ફિઝિક્સના વ્યાખ્યાતા
(૩) બાયોલોજીના વ્યાખ્યાતા
(૪) એનેટોમી-ફિઝિયોલોજીના વ્યાખ્યાતા
(૫) કેમેસ્ટ્રીના વ્યાખ્યાતા

(ક) ૧૯૮૫–૮૬ના વર્ષ માટે

ઉપર (બ)માં જણાવ્યા ઉપરાંત--

(૧) કેમેસ્ટ્રીના એમ.ફાર્મ. (પદવીધર) વ્યાખ્યાતા
(૨) ફાર્માકોગ્નોસીના વ્યાખ્યાતા
(૩) ફાર્માસ્યુટિક્સના વ્યાખ્યાતા
(૪) ફાર્માકોલોજીના વ્યાખ્યાતા

(આચાર્યશ્રી જે વિષયની પાત્રતા ધરાવતા હોય તે વિષયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની જરૂર રહેશે નહીં).

(૨) કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની જોગવાઇ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો.

૨. વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો.

૩. શિક્ષકો માટેનો ખંડ.

૪. વિદ્યાર્થીઓ. માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો).

૫. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછાંમાં ઓછા ૧૦ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો).

૬. ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિતનું ગ્રંથાલય.

૭. આચાર્ય માટેનો ખંડ

૮. પીવાના પાણી માટેનો ખંડ

૯. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા

(૩) ગ્રંથાલય માટે રૂ. ૧૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.
(રૂ. ૭,૦૦૦ પુસ્તકો માટે + રૂ. ૪,૦૦૦ સામયિકો માટે)

(૪) પ્રયોગશાળામાં સાધનો, રાચરચીલું, રસાયણો, વગેરે માટે રૂ. ૪૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે તથા ૧૯૮૫–૮૬ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન રૂ. ૬૦,૦૦૦ના ખર્ચ માટેની જોગવાઇ કરવામાં આવે;

(૫) ફાર્માસ્યુટિકસની પ્રયોગશાળા, મશીનરી, બાયોલોજીના મ્યુઝિયમ ઇત્યાદિ ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના નિયમ મુજબ જૂન ૧૯૮૫ સુધીમાં તૈયાર કરવામાં આવે;

(૬) શિક્ષણકાર્યની સુગમતા માટે ઑડિયો વિઝ્યુઅલ સાધનો, ઇત્યાદિ વસાવવામાં આવે, તથા

(૭) પ્રથમ વર્ષ ડિપ્લોમાના વર્ગમાં વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે."

તે પછી ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો અને ગાંધીધામ કૉલેજિયેટ બોર્ડ, આદિપુરને જણાવવું કે એકેડેમિક કાઉન્સિલે જણાવેલ શરતોનું પરિપાલન તા. ૧૫–૭–૮૪ સુધીમાં કરી કાર્યાલયને આ બાબતની જાણ કરવી, અને આ શરતોનું પરિપાલન થયેથી આગળની કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૧. મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૪થી "વૈદિક સાયન્સીઝ" અને "વૈદિક ફિલોસોફી"ના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે ચાલુ માન્યતા માટેની અરજી (એ. કા. બા. ક. ૨૧).

એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

"આથી ઠરાવવામાં આવે છે કે મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ નીચે જણાવેલ શરતનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૭–૧૯૮૪ સુધીમાં કરે તો તેને "વૈદિક સાયન્સીઝ" અને "વૈદિક ફિલોસોફી"ના પી.એચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય કરવા માટે તા. ૧૫–૬–૧૯૮૪ થી તા ૧૪–૬–૧૯૮૫ સુધીની માન્યતા ચાલુ રાખવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

શરત

યુનિવર્સિટી ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થુ, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે અને રજા તેમજ નિવૃત્તિ અંગેના યુનિવર્સિટીના નિયમો સહિત તમામ ધારાધોરણોનો અમલ કરવામાં આવે."

તે પછી ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૭૨. શ્રી. ક. લા. સ્વાધ્યાય મંદિર, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૪ થી (૧) કમ્પેરેટિવ લિંગ્વસ્ટિક્સ, (૨) કમ્પેરેટિવ લિટરેચર, (૩) ગુજરાત લેંગ્વેજ એન્ડ લિટરેચર, (૪) એન્સાઇકલોપીડિયા ઓફ ગુજરાત લિટરેચર અને (૫) ડિક્ષનેરીઝમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટે કાયમી માન્યતા માટેની અરજી (એ. કા. બા. ક. ૨૦).

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ક. લા. સ્વાધ્યાય મંદિર, અમદાવાદને જૂન ૧૯૮૪ થી ઉપરોક્ત વિષયોમાં પી.એચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય કરવા માટે માન્યતા ચાલુ રાખવાની બાબતમાં આ સભાગૃહ વતી જરૂરી ભલામણ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૩. રાજ્ય સરકારના અનુદાનથી નિરપેક્ષ રીતે એચ. કે. પ્રોફેશનલ ટ્રેઇનિંગ સેન્ટરમાં વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચાલુ રાખવા બાબતમાં અહેવાલ રજૂ કરવા માટે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૨૦-૪-૧૯૮૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૨૦-૪-૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૦-૪-૮૪ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૭૪. Composite department of classical languages including Sanskrit and Prakrit etc. અંગે યુ. ગ્રા. ક. તરફથી આવેલ પત્ર ડી.ઓ. નં. F-5-7/84 (H.R.-I.) તા. ૨૫–૪–૧૯૮૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૫–૪–૧૯૮૪ના ડી.ઓ. પત્ર નં. એફ ૫–૭/૮૪/એચ. આર.–૧ માં જણાવ્યા મુજબ સંસ્કૃત અને પ્રાકૃત સહિતની પ્રશિષ્ટ ભાષાઓ માટેનું એક કોમ્પોઝીટ ડિપાર્ટમેન્ટ રાખવું અને તે અંગેની કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૫. યુ. ગ્રા. ક. કમિશન તરફથી કોમ્પ્યુટર સેન્ટરના પેક્ષ ૧૧/૭૩૦ કોમ્પ્યુટર પર વધારાના યુનિટો મૂકવા કાર્ડ પંચ મશીનોની જગ્યાએ Flophy યુનિટ મૂકવા. પેક્ષ ૧૧/૭૩૦ કોમ્પ્યુટર સિસ્ટમના પ્રમાણમાં લેવલી 'સી' મુજબ નિયત સ્ટાફ રાખવા તેમજ સેન્ટરના મકાન પર વધારાનો માળ બાંધવા રૂ. ૧૨ લાખની ગ્રાન્ટ ઉપરાંત વાર્ષિક મેન્ટેનન્સ ગ્રાન્ટની મંજૂરી આપ્યા અંગેના તા. ૨૬–૪–૧૯૮૪ના પત્રાંક એફ. ૧૭-૧૧/૮૨ (એસ.આર.–૨/ટી)ની નોંધ લઈ આગળની કાર્યવાહી માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવા અને તે અંગે આગળ કાર્યવાહી કરવાનું રાખવું.

૭૬. યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટરમાં ૧ વર્ષ માટેના ડિપ્લોમા-ઇન-કોમ્પ્યુટર એપ્લિકેશન્સ (ડી.સી.એ)ના અભ્યાસક્રમો માટે મધ્યસ્થ સરકારના ઇલેક્ટ્રોનિક્સ વિભાગે તા. ૯/૨૭-૩-૧૯૮૪ના પત્ર ક્રમાંક એન.પી./૩૩૦/૧૮ થી રૂ. ૧,૫૦,૦૦૦ (દોઢ લાખ રૂપિયા) અનાવર્તક ગ્રાન્ટ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭૭. જૂન ૧૯૮૫ થી નવી કોલેજ / વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ / ૨ અન્વયે જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતની ભલામણો અને તે પરની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૬-૧૯૮૪ નો સભાએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

"આથી ઠરાવવામા આવે છે કે જૂન ૧૯૮૫થી નવી કોલેજો / વિદ્યાશાખા શરૂ કરવા માટે આવેલી અરજીઓના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત નક્કી કરવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની ભલામણો પૈકી ધનસુરા અને મહેસાણા ખાતેની સૂચિત કોલેજો સિવાય અન્ય સૂચિત કોલેજની અરજીઓના સંદર્ભમાં કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની ભલામણો મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ધનસુરા અને મહેસાણા ખાતેની નવી કોલેજોના જોડાણ માટેની અરજીઓની બાબતમાં જરૂરિયાત નક્કી કરવા અંગે આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

તે પછી ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણો મંજૂર કરવી.

૭૮. આંકડપુરની (૧) તોલાણી કૉમર્સ કૉલેજ, અને (૨) તોલાણી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, લધુમતી કૉમ દ્વારા સંચાલિત હોઈ તે કૉલેજોને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૪–૬–૧૯૮૪ના ઠરાવ ક્રમાંક પરચ–૧૫૮૩–૬૬૭૫ (૮૪–ખ)થી બિનશિક્ષક વર્ગની જગ્યાઓ પર ભરતી કરવા માટેની પસંદગી સમિતિમાં શિક્ષણ નિયામકશ્રી અથવા તેમના પ્રતિનિધિ રાખવાની જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૯. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના તા. ૧૯–૧૨–૧૯૮૩ના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.–૧૦૮૧–૭૧૯૧૩–ખ થી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને શિક્ષણની કૉલેજોના વ્યાયામ શિક્ષકોનું સુધારેલું પગારધોરણ તથા પાત્રતાનું ધોરણ નિયત કરવામાં આવ્યું છે અને તે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૧–૧૯૮૪ની સભામાં ઠરાવ ક્રમાંક ૬૦ થી સ્વીકાર્યા અંગેના પગારધોરણ તથા પાત્રતાનું ધોરણ અન્ય વિદ્યાશાખાઓની કૉલેજોના વ્યાયામ શિક્ષકોને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વ્યાયામ શિક્ષકોનું સુધારેલ પગારધોરણ તથા પાત્રતાનું ધોરણ જે નિયત કરવામાં આવ્યું છે અને જે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજો માટે લાગુ પાડવાનું એકિઝકયુટિવ કાઉન્સિલના ઠરાવ પ્રમાણે સ્વીકારવામાં આવ્યું છે તે પગારધોરણ તથા પાત્રતાનું ધોરણ અન્ય વિદ્યાશાખાની કૉલેજોના વ્યાયામ શિક્ષકોને પણ લાગુ પાડવાનું રાખવું.

૮૦. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરમાં ઇ.ડી.પી. સુપરવાઇઝર તરીકે કામ કરતા શ્રી. એમ. એ. મણિયારને રૂ. ૪૨૫-૧૫-૫૦૦–ઇ.બી.–૧૫–૫૬૦-૨૦-૬૦૦-ઇ.બી.-૨૦-૭૦૦ના પગારધોરણમાં રૂ. ૫૦૦/- પછીનો કાર્યક્ષમતા-અંતરાય (Efficiency Bar) ઓળંગવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨–૧–૧૯૮૪ની સભાના ઠરાવ અન્વયે શ્રી. મણિયારનો કાર્યક્ષમતાનો અંતરાય તા ૨૫–૧–૧૯૮૪થી વધુ ત્રણ માસ માટે લંબાવવામાં આવ્યો હતો.]

શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોટાદ			
૩.	શ્રી. જે. આઈ. શાહ	કૉમર્સના ખંડસમયના વ્યાખ્યાતા	સિ. અધ્યા./જોડાણ/૧૩૧૪૪૭/૧૯૮૪ તા. ૩૧--૩--૧૯૮૪
૪.	શ્રી. એસ. આર. પરમાર	એકાઉન્ટન્સીના ખંડસમયના વ્યાખ્યાતા	,,
૫.	શ્રી. ટી. પી. પટેલ	આંકડાશાસ્ત્રના ખંડસમયના વ્યાખ્યાતા	,,
૬.	શ્રી. કે. પી. ભટ્ટ	બિઝનેસ લૉના ખંડસમયના વ્યાખ્યાતા	,,

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૬૩

સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેની માન્યતા પાશ્ચાદ્‌વર્તી તારીખથી આપવાના પ્રશ્નો જોઈ-તપાસીને તે અંગેની પોતાની ભલામણો રજૂ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૩–૧૯૮૦થી નીમેલી સમિતિની અંક સભા તા. ૯–૫–૧૯૮૪ના રોજ બપોરના ૩–૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

(૧) શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયા (અધ્યક્ષ, વિનયન વિદ્યાશાખા) ગેરહાજર

(૨) ડૉ. વી. સી. શાહ, (અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાશાખા) ગેરહાજર

(૩) આચાર્ય શ્રી. આર. એચ. વ્યાસ (અધ્યક્ષ, વાણિજ્ય વિદ્યાશાખા) હાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્યશ્રી આર. એચ. વ્યાસે સંભાળ્યું હતું. ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે નીચે પ્રમાણેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને કરવામાં આવે :

(૧) નીચેના શિક્ષકોની નિમણૂક તેઓનાં નામ સામે જણાવેલ તારીખ, વિષય અને પદ (પોસ્ટ) માટે માન્ય રાખવી :

ક્રમ	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય અને પદ	માન્ય તારીખ
૧.	એલ. જે. કૉલેજ, ઑફ કૉમર્સ, અમદાવાદ–૧	શ્રી. સી. જી. ઝાલા	શારીરિક શિક્ષણ અને પી. ટી. આઈ.	૧–૧૨–૧૯૮૨
૨.	જી. બી. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ–૧.	શ્રી. ડી. ટી. રાવલ	કૉમર્સના ખંડ સમયના વ્યાખ્યાતા	૧૫–૭–૧૯૭૬

(૨) બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં માનસશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રીમતી એ. એમ. જાનીની નિમણૂકની પાશ્ચાદ્‌વર્તી માન્યતાની બાબતે કેટલીક માહિતી મંગાવી હોવાથી મુલતવી રાખવી.

(૩) એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં જીઓલોજીના વ્યાખ્યાતા શ્રી. આર. ડી. શાહની નિમણૂકની પાશ્ચાદ્‌વર્તી માન્યતાની બાબતે કેટલીક માહિતી મંગાવી હોવાથી મુલતવી રાખવી.

(૪) ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદમાં અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી કે. વી. ત્રિવેદીની નિમણૂકની પાશ્ચાદ્‌વર્તી માન્યતાની બાબત હાલ મુલતવી રાખવી.

(૫) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં શિક્ષણનાં વ્યાખ્યાતાઓ શ્રીમતી એસ. સી. અગ્રવાલ તથા શ્રી. બી. એ. તિરમીઝાની નિમણૂકની પાશ્ચાદ્‌વર્તી માન્યતાની બાબત હાલ મુલતવી રાખવી.

(૬) એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદમાં નીચે જણાવેલ શિક્ષકોની નિમણૂકની પાશ્ચાદ્‌વર્તી માન્યતાની બાબત હાલ મુલતવી રાખવી:

૧. શ્રી. ડી. ડી. ભાલારા —ફાર્માસ્યુટિકલ રસાયણશાસ્ત્રના ટ્યૂટર
૨. શ્રીમતી એમ. ડી. દવે —ફાર્માસ્યુટિકલ રસાયણશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર
૩. શ્રી. એમ. જી. દેસાઈ —ફાર્માસ્યુટિકલ રસાયણશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર
૪. શ્રીમતી બી. એ. દેસાઈ —ફાર્માસ્યુટિકલ અને ફાર્માસ્યુટિકલ એન્જ.ના ડેમોન્સ્ટ્રેટર
૫. શ્રી. એચ. બી. નાણાવટી —ફાર્માસ્યુટિકલ અને ફાર્માટિકનોલોજીના ડેમોન્સ્ટ્રેટર
૬. શ્રીમતી બી. કે. શાહ —ફાર્માકોગ્નોસીના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

× × ×

સંલગ્ન કૉલેજોના શિક્ષકોની નિમણૂક અંગેની માન્યતા પાશ્ચાદ્‌વર્તી તારીખથી આપવાના પ્રશ્નો જોઈ-તપાસીને તે અંગેની પોતાની ભલામણો રજૂ કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૩–૧૯૮૦ થી નીમેલી સમિતિની એક સભા તા. ૨૯–૫–૧૯૮૪ના રોજ બપોરના ૩–૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

(૧) શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયા — હાજર
(અધ્યક્ષ, વિનયન વિદ્યાશાખા)

(૨) ડૉ. વી. સી. શાહ — હાજર
(અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાશાખા)

(૩) આચાર્યશ્રી. આર. એચ. વ્યાસ — હાજર
(અધ્યક્ષ, વાણિજ્ય વિદ્યાશાખા)

સભાનું પ્રમુખસ્થાન ડૉ. વી. સી. શાહે સંભાળ્યું હતું. ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે નીચે પ્રમાણેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને કરવામાં આવે :

(૧) નીચેના શિક્ષકોની નિમણૂક તેઓનાં નામ સામે જણાવેલ તારીખ, વિષય અને પદ (પોસ્ટ) માટે માન્ય રાખવી :

ક્રમ	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય અને પદ	માન્યતા તારીખ
૧.	આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ	શ્રી. ગુલામ અબ્બાસ ગુલામનબી મોમીન	એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	૨૨–૮–૧૯૭૭
૨.	બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રીમતી એ. એમ. જની	માનસશાસ્ત્રના વ્યાખ્યાતા	૧૫–૬–૧૯૭૯

ક્રમ	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય અને પદ	માન્યતા તારીખ
૩.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ અમદાવાદ	શ્રી. આર. ડી. શાહ	જીઓલોજીના વ્યાખ્યાતા	૨૦–૮–૧૯૭૯
૪.	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	શ્રી. કે. વી. ત્રિવેદી	અંગ્રેજીના વ્યાખ્યાતા	૧૫–૬–૧૯૭૨
૫.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	(૧) શ્રી. ડી. ડી. ભાલારા	ફાર્માસ્યુટિકલ રસાયણશાસ્ત્રના ટ્યૂટર	૨૭–૭–૧૯૭૮
		(૨) શ્રીમતી એમ. ડી. દવે	ફાર્માસ્યુટિકલ રસાયણશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર	૨૫–૮–૧૯૬૯
		(૩) શ્રી. એમ. જી. દેસાઈ	,,	૧૫–૧–૧૯૬૧
		(૪) શ્રીમતી બી. એ. દેસાઈ	ફાર્માસ્યુટિકલ અને ફાર્માસ્યુટિકલ એન્જી.ના ડેમોન્સ્ટ્રેટર	૧૫–૯–૧૯૭૮
		(૫) શ્રી. એચ. વી. નાણાવટી	ફાર્માસ્યુટિકલ અને ફાર્માટેકનોલોજીના ડેમોન્સ્ટ્રેટર	૧–૯–૧૯૭૯
		(૬) શ્રીમતી બી. કે. શાહ	ફાર્માસ્યુટિકલ કૉન્સોસીના ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટર	૧૬–૬–૧૯૬૯
૬.	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ	શ્રી. એચ. જે. પટેલ	કૉમર્સ-એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	૮–૮–૧૯૮૦
૭.	શ્રીમતી સદ્‌ગુણા સી. જી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	શ્રીમતી જી. ટી. અટાલીવાલા	સંસ્કૃતના વ્યાખ્યાતા	૧૪–૭–૧૯૭૫

(૨) આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદમાં એકાઉન્ટન્સી અને કૉમર્સનાં વ્યાખ્યાતા શ્રી. બદ્રિકાબહેન એ. મહેતાની નિમણૂક પાશ્ચાદ્‌વર્તી માન્યતાની બાબત હાલ મુલતવી રાખવી.

(૩) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં શિક્ષણના વ્યાખ્યાતાઓ શ્રીમતી એસ. સી. અગ્રવાલ તથા શ્રી. બી. એ. તિરમીઝાની નિમણૂકની પાશ્ચાદ્‌વર્તી માન્યતાની બાબત હાલ મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. દ. ત્રિવેદી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૬૪

બાંધકામ સમિતિની એક સભા તા. ૩–૫–૧૯૮૪ ને ગુરુવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ઉપકુલપતિશ્રી	હાજર
૩. શ્રી પી. બી. પટેલ	હાજર
૪. ડૉ. આર. સી. સોનપાલ	હાજર
૫. ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૫. શ્રી એમ. સી. શાહ	હાજર
૭. શ્રી દીપક નવનીતલાલ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૮–૩–૧૯૮૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૮–૩–૧૯૮૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના 'ડી' ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ (ફ્લેટ)માં વધારાની સવલતો અંગે કેમ્પસ મંડળના સેક્રેટરીશ્રી તરફથી આવેલા તા. ૧૬–૨–૧૯૮૪ના પત્ર વિચારણા કરવા બાબત.

(**નોંધ**.—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૧,૦૦૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે 'ડી' ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સના કેટલાક સભ્યોએ તેમના તા. ૧૫–૨–૧૯૮૪ના પત્રથી તેમના ફ્લેટ અંગે કરેલ માગણી પૈકી નીચેની માગણી સ્વીકારવી. બારીમાં પૉલિશ લાદીના "વેધર શેડ" લગાડવા અને તે વાસ્તે રૂ. ૧૨,૯૬૦-૦૦ નો ખર્ચ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં તે આવાસોમાં માટી નાખી ફિનિશિંગ કરી આપવું અને બારીબારણાંને રંગ કરી આપવો.

૩. ગુરુનાનક ભવનના મકાનમાં એકોસ્ટિક ટ્રીટમેન્ટનાં કામો માટે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુરુનાનક ભવનના મકાન એકોસ્ટિક ટ્રીટમેન્ટ કરવાના કામ માટે આવેલાં ચાર ટેન્ડરોમાંથી બીજા શેડ્યુલ મુજબ સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. અરવિંદ ગુણવંત એન્ડ કંપનીનું રૂ. ૧,૬૭,૭૫૦નું ટેન્ડર મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી

૪. ગુરુનાનક ભવનના મકાનમાં ફેરફારો કરવાના કામ અંગે જથ્થામાં થતા વધારા–ઘટાડા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુરુનાનક ભવનના મકાનના પ્લાનમાં સ્થપતિ શ્રી હસમુખ સી. પટેલનાં સલાહસૂચનો અનુસાર ફેરફારો થયા તે હિસાબે ટેન્ડરના જથ્થામાં ફેરફાર થવા પામ્યો છે તે આ સાથેના પત્રક " અ " (અત્રે છાપ્યું નથી) મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. ગુરુનાનક ભવનના મકાનમાં ફેરફારો કરવાના કામમાં થતી વધારાની આઈટમના ભાવ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુરુનાનક ભવનના મકાનમાં પ્લાનના જરૂરી ફેરફારો થવાને કારણે ઉપસ્થિત થયેલ વધારાના કામકાજના દરો આ સાથેની યાદી " બ " (અત્રે છાપી નથી) મુજબ મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

બાબત ક્રમાંક ૬ અને ૭ ફાઈનાન્સ સમિતિ સમક્ષ વિચારણા હેઠળ મૂકવામાં આવી રહી છે તે બાબત તરફ સમિતિનું ધ્યાન દોરવામાં આવતાં આ બાબતો યાદી પરથી રદ્દ ગણવામાં આવી.

ત્યાર બાદ સભાનુ કામકાજ પૂરું થયું.

પી. ડી. ભિસ્તી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૬૫

O. 151–C :

The following shall be the rates of tuition and other fees for post-graduate students including M.Phil. and Ph.D. students per term in the University's post-graduate teaching centres, if any, instituted by the University :

	Rs.
(*a*) Tuition fees for full-time students :	
(*i*) For all the subjects comprised under the Faculty of Arts, Education, Science, Medicine, Commerce, Law, Engineering, Pharmacy and Dentistry for Masters' or M.Phil, or Ph.D. Degree per term.	... 200–00
(*ii*) For Diploma in the faculty of Medicine per term.	... 200–00
(*iii*) For Diploma in Linguistics and Certificate Course in Prakrit	... 145–00
(*b*) Laboratory fees for full-time/part-time students per term shall be as follows :	
(*i*) For the subject of Home Science and all Science subjects other than Mathematics and Statistics for Master's or M.Phil. or Ph.D. Degree or the M.Pharm. Degree.	... 60–00
(*ii*) For the subjects of Geography and Statistics for Master's or M.Phil. or Ph.D. Degree.	... 35–00
(*c*) For Master Degree in Business Administration per term shall be as follows :	
(*i*) Tuition fees for the M.B.A. or the Ph.D. Degree	... 375–00
(*ii*) Reading material fees for the M.B.A. Course students	... 50–00
(*iii*) Library fees for the M.B.A. Course students	... 40–00
(*d*) Tuition fees per term for part-time students shall be as follows :	
(*i*) For all the subjects comprised under the Faculty of Arts, Education, Science and Commerce or for the M.Ed. or the M.Phil. Degrees	... 100–00
(*ii*) For the M.E. Degree per term	... 125–00

Provided that no tuition fees shall be charged in the case of a teacher fellow registered as a Ph.D. or M.Phil. student under the teacher fellowship scheme in the University Grants Commission.

(*e*) The following shall be the rates of fees other than the tuition fees :

(*i*) Examination fee	... Rs. 2–50
(*ii*) Library fee	... Rs. 2–50
(*iii*) Gymkhana fee	... Rs. 7–00
(*iv*) Union fee	... Rs. 5–00

(*f*) When on leaving a Department of the University School concerned/a post-graduate centre, a student claims refund of his tuition fees from the Department/Centre, he shall apply in writing to the Director of the University School concerned/the Professor-in-charge of the Post-graduate centre, as the case may be. On receipt of such an application through the Director of the School/Professor-in-charge, refund may be given in the following circumstances at the rate indicated :

(*i*) Full fees for the term concerned shall be refunded in case of the death of the student concerned.

(*ii*) In the event of a student paying tuition fee (including Laboratory fee, if any) at more than one post-graduate department and/or post-graduate centre, the required amount of the fee (including where laboratory fee, if any) shall be retained by the University where he gets finally admitted and the tuition fee or fees (including laboratory fee, if any) paid at other centres shall be refunded at his cost to the student concerned.

(*iii*) Tuition fees (including laboratory fees if any) for the term concerned shall be refunded after deducting Rs. 15/– if a student applies within 10 days from the date of payment of fees or the last date fixed for payment of fees by the department or the post-graduate centre whichever is earlier.

(*iv*) Half of the tuition fees (including laboratory fees if any) for the term concerned shall be refunded if a student applies after 10 days but within 20 days from the date of payment of fees or the last date fixed for payment of fees by the department or post-graduate Centre, whichever is earlier.

પરિશિષ્ટ "જ"
ક્રમકાજ ક્રમાંક ૬૬

સ્વ. ચંપકબહેન ૨. યાજ્ઞિક ચંદ્રક

દાતાનું નામ : શ્રી. રોહિત એ. યાજ્ઞિક

તથા સરનામું : "સરોજ્વિલા", મણિનગર ચાર રસ્તા, મણિનગર, અમદાવાદ–૩૮૦૦૦૮.

દાનની રકમ : રૂ. ૭૫,૦૦૦/-

દાનનો પ્રકાર : એક ચંદ્રક

દાનનો સ્વીકાર : યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૦–૩–૧૯૮૪ની સભામાં બાબત ક્રમાંક ૫૬થી સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "સ્વ. ચંપકબહેન ૨. યાજ્ઞિક ચંદ્રક" અંદાજી રૂ. ૭૦૦/- (અંકે રૂપિયા સાતસો પૂરા)ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી રહેતી રકમ રોકડેથી દર વર્ષે આ યુનિવર્સિટી દ્વારા એપ્રિલમાં લેવામાં આવતી બી.ઈ. (મિકેનિકલ એન્જિનિયરિંગ) પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. ચંદ્રક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે એનાયત કરવામાં આવશે.

૩. ચંદ્રક વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે ફેરફાર કરવા તેને અધિકાર રહેશે

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા જેટલી કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

૬. આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૬૭

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ચંદ્રક

દાતાનું નામ : મે. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
તથા સરનામું શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૦૨.
દાનની રકમ : રૂ. ૧૦,૦૦૦/– રોકડા વત્તા રૂ. ૨,૮૦૦/– ધી વાહદરા (પ્રેસ્ટી) સહરાનપુર લાઈટવેલવે કું. લિ.ના ૭૦ શેરના વેચાણના
દાનનો પ્રકાર : એક ચંદ્રક
દાનનો સ્વીકાર : યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૦–૩–૧૯૮૪ની બેઠકમાં પ્રાપ્ત ક્રમાંક ૨૪થી સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ચંદ્રક" અંદાજી રૂ. ૧૨૦૦/– (અંકે રૂપિયા બારસો પૂરા)ની વાર્ષિક આવકમાંથી એક ચંદ્રક તથા બાકી રહેતી રકમ રોકડેથી દર વર્ષે આ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી બી.એ. ગુજરાતી વિષયમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે
૨. ચંદ્રક શકય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે.
૩. વિજેતાને ચંદ્રક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.
૪. ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.
૫. આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા જેટલી રકમ કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.
૬. આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૬૮

"સ્વ. પ્રો. વી. કે. કુલકર્ણી પારિતોષિક"

દાતાનું નામ : શ્રી. મી. એચ. શાહ
તથા સરનામું : કન્વીનર, પ્રો. વી. કે. કુલકર્ણી સ્મૃતિ કમિટી
૨, મિલ ઓફિસર્સ કોલોની, લા–ગજ્જર ચેમ્બર્સ પાછળ,
આશ્રમરોડ, અમદાવાદ–૩૮૦૦૦૯.
દાનની રકમ : રૂ. ૭,૫૦૦/- વત્તા રૂ. ૭૧૦ વર્ષ ૧૯૮૪ની પરીક્ષા માટે.
દાનનો પ્રકાર : એક પારિતોષિક.
દાનનો સ્વીકાર : યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૨–૧–૧૯૮૪ની સભામાં ખાસ ક્રમાંક ૧૯થી સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "સ્વ. પ્રો. વી. કે. કુલકર્ણી પારિતોષિક" એ નામનું રૂ. ૭૧૦/–નું એક પારિતોષિક દર વર્ષે ગુજરાત યુનિવર્સિટીની બી.ઈ. (સિવિલ) સેમેસ્ટર–૮ પદવી પરીક્ષાના સ્ટ્રકચરલ એનાલીસિસ, પેપર-૩ (Structural Analysis–III)ના વિષયમાં યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે. જો સૌથી વધારે ગુણ મેળવનાર એક કરતાં વધુ વિદ્યાર્થીઓ હોય તો પારિતોષિકની રકમ સરખા ભાગે આપવામાં આવશે.

૨. પારિતોષિક શક્ય હોય ત્યાં સુધી યુનિવર્સિટીના પદવીદાન સમારંભ વખતે જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાએ પારિતોષિક આપવામાં તેની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. પારિતોષિક આપવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે કરવા તેને અધિકાર રહેશે.

૫. આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા જેટલી રકમ કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના જનરલ ફંડમાં જમા લેવામાં આવશે.

૬. આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૭૩

એચ. કે. સેન્ટર ફૉર પ્રોફેશનલ ટ્રેઇનિંગ માટે સમિતિનો અહેવાલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૦—૩—૧૯૮૪ની સભામાં ક્રમાંક ૮૧ અનુસાર એચ. કે. પ્રોફેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં ચાલતા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ગુજરાત સરકારનું અનુદાન ન મળે તોપણ ચાલુ રાખવા કે કેમ, અને ચાલુ રાખવા હોય તો કયા અભ્યાસક્રમો ચાલુ રાખવા તે બાબતે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા કુલપતિશ્રીએ નીમેલી સમિતિની બેઠકો તા. ૧૧—૪—૧૯૮૪ના રોજ સાંજે ૪—૦૦ વાગે અને તા. ૧૨—૪—૧૯૮૪ના રોજ સાંજે ૧૧—૦૦ વાગે મળી હતી અને તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે રહી હતી અને ચર્ચા-વિચારણા કરી નીચે પ્રમાણે નિર્ણયો લેવાયા હતા :

	તા. ૧૧—૪—૧૯૮૪	તા. ૧૨—૪—૧૯૮૪
ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર
પ્રો. કનુભાઈ શાહ	હાજર	હાજર
પ્રો. આર. એચ. વ્યાસ	હાજર	હાજર
પ્રો. અંબુભાઈ દેસાઈ	હાજર	હાજર

સભાનું પ્રમુખસ્થાન પ્રો. એમ. એન. દેસાઈએ સંભાળ્યું હતું.

આપણા સેન્ટરમાં આ વ્યવસાયક્ષમો અભ્યાસક્રમો યોજના પ્રમાણે ૩૦ની મર્યાદામાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાતો છતાં કેટલાક અભ્યાસક્રમોમાં ૧૦૦ થી વધુ અરજીઓ પ્રવેશ માટે દર વર્ષે આવતી અને મેરિટના ધોરણે સ્નાતક ડિગ્રી ધરાવતા અને નોકરી—કામધંધો કરવાની સૂઝ ધરાવતા વિદ્યાર્થીઓને વ્યકિતગત ઈન્ટરવ્યૂ લઈને પ્રવેશ આપવામાં આવતો. વિદ્યાર્થીઓ ખૂબ રસ લઈને અભ્યાસ તાલીમમાં લાગતા અને કેટલાક તો અભ્યાસ દરમિયાન જ નોકરીમાં પસંદગી પામતા. આમ, સ્નાતક વિદ્યાર્થીઓને નોકરી-ધંધામાં પ્રવેશ આપવાની તાલીમ પૂરી પાડવાનો મુખ્ય લક્ષ્ય આ અભ્યાસક્રમો ચલાવવા પાછળનો સરકારનો રહ્યો છે, જે આપણા સેન્ટર દ્વારા મહદંશે પરિપૂર્ણ થયો છે. છતાં ગુજરાતની અન્ય સંસ્થાઓમાં સરકારના અનુદાનથી ચાલતા આવા અભ્યાસક્રમો સફળ થઈ શકયા નથી તેવી સરકારી ખાતાની કોઈ તપાસને આધારે સરકારે આ યોજના બંધ કરવાનું અને તે મુજબ જાન્યુઆરી ૧૯૮૪થી આવા કોઈ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીપ્રવેશ ન આપવાનું આપણને પત્ર દ્વારા એકાએક જણાવ્યું છે.

એચ. કે. સેન્ટરના કો-ઓર્ડિનેટરે આ અભ્યાસક્રમો સરકારના અનુદાન વિના ચલાવી શકાય તે અંગેની પાંચ અભ્યાસક્રમોની યોજના એક પત્ર દ્વારા રજૂ કરી હતી. તેના ઉપર વિચારણા કરવામાં આવી અને નીચે

પ્રમાણે ચલાવવામાં આવી :

(૧) સેન્ટરમાં ચાલતા અભ્યાસક્રમોમાંથી નીચેના પાંચ અભ્યાસક્રમો વિદ્યાર્થીસંખ્યાને લક્ષમાં રાખી એક વર્ષ માટે પ્રાયોગિક ધોરણે ચલાવવાની મંજૂરી આપવી :

૧. સ્ટેનોગ્રાફી અંન્ડ સેક્રેટરિયલ પ્રેક્ટિસ (અંગ્રેજી)
૨. ઇંગ્લિશ ઇમ્પ્રુવમેન્ટ કોર્સ
૩. બૅંકિંગ મૅનેજમેન્ટ કોર્સ
૪. ઑફિસ મૅનેજમેન્ટ કોર્સ
૫. માર્કેટિંગ અંન્ડ સેલ્સમેનશિપ

(૨) અભ્યાસક્રમ–વર્ગમાં વિદ્યાર્થી અને ફીનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

ક્રમ	અભ્યાસક્રમનું નામ	મહત્તમ વિદ્યાર્થી-સંખ્યા	ટ્યુશન ફી
૧.	સ્ટેનોગ્રાફી અંન્ડ ટાઇપરાઇટિંગ (એક વર્ષ)	૬૦	૩૦૦–૦૦ દર્શ દીઠ
૨.	ઇંગ્લિશ ઇમ્પ્રુવમેન્ટ (પાંચ માસ)	૬૦	૨૧૦–૦૦
૩.	મૅનેજમેન્ટ અભ્યાસક્રમો (બૅંકિંગ ઑફિસ માર્કેટિંગ) (પાંચ માસ)	૬૦	૨૧૦–૦૦

નોંધ :–(૧) ટ્યુશન ફી ઉપરાંત રૂ. ૨૧ રજિસ્ટ્રેશન ફી અને રૂ. ૧૧ ગ્રંથાલય પરીક્ષા ફી લેવી.

(૨) અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાયના વિદ્યાર્થીઓને ટ્યુશન ફી પૂરતું ફી માફી આપવાનું રાખવું.

(૩) ખાસ–વર્ગનો રજૂ કરેલો યોજના પ્રમાણે પૂરા સમયનો ઑફિસ સ્ટાફ સેન્ટરમાં ઘટેલા કાર્યભાર પ્રમાણે કેટલો રાખવો તે અંગે વિચારવાનું રહેશે. જરૂર પૂરતો પૂરા સમયનો નોન-ટીચિંગ સ્ટાફ રાખો બાકીના પાર્ટ ટાઇમ સ્ટાફથી વર્ગની મર્યાદામાં ચલાવવાનું રાખવું.

(૪) અધ્યાપકોને વર્ગો લેવા માટે ચૂકવાતા માનદ વેતનમાં વધારાના દર પ્રમાણે ચૂકવવાનું ચાલુ રાખવું.

(૫) કોર્સીસ્ચોઇસ ચાર મહિનાથી ઓછા સમયના કોર્સદીઠ રૂ. ૧૦૦ને બદલે રૂ. ૧૫૦ અને ચાર મહિનાથી ૬ મહિના સુધીમાંના કોર્સદીઠ રૂ. ૧૫૦ને બદલે રૂ. ૨૦૦ ચૂકવવાનો ભલામણ છે.

(૬) અનુદાન વિના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવા સેન્ટરમાં કો-ઑર્ડિનેટરે રજૂ કરેલી યોજના આ સાથે એપેન્ડિક્સમાં આપેલી છે તે પ્રમાણે શરૂઆત અને ત્યાં સુધી સૂચવેલ ખર્ચની મર્યાદામાં ખર્ચોનું આયોજન કરવાનું રાખવું.

એમ. એન. દેસાઈ
અધ્યક્ષ

પરિશિષ્ટ "ડ"

કામકાજ ક્રમાંક ૮૧

ગુજરાત રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ તથા યુ. જી. સી.ની ટીચર્સ ફેલોશિપ એનાયત કરવા અંગે વિચારણા કરીને એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલે કુલપતિશ્રીના અધ્યક્ષપદે નીમેલી સમિતિની સભા બુધવાર, તા. ૩૦–૧–૧૯૮૪ના રોજ બપોરના ૩–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રી કે. એસ. શાસ્ત્રીના અધ્યક્ષસ્થાને મળી હતી, તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

(૧) શ્રી. કે. એસ. શાસ્ત્રી કુલપતિશ્રી	હાજર
(૨) ડૉ. જે. એ. યાજ્ઞિક	ગેરહાજર
(૩) ડૉ. એ. એસ. નાગર	હાજર
(૪) ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
(૫) ડૉ. વી. સી. શાહ	હાજર
(૬) આચાર્ય શ્રી. દર્શનસિંગ શીખ	હાજર
(૭) પ્રો. મહેશભાઈ ભટ્ટ	ગેરહાજર

૧. સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૭–૧–૧૯૮૪ના રોજ મળેલ સભાની નોંધમાં નીચે પ્રમાણે સુધારો કરી નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

બાબત ક્રમાંક ૨, ૧૪ -માર્ગદર્શક શિક્ષક

પ્રો. પી. બી. પટેલ

સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદને બદલે...

પ્રો. પી. બી. પટેલ

યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન

અમદાવાદ...સુધારવામાં આવ્યું.

૨. યુ.જી.સી. ન્યૂ દિલ્હી તરફથી આપવામાં આવતી યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ એનાયત કરવાના સંદર્ભમાં આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સામાન્ય જુનિયર રિસર્ચ ફેલોશિપ નીચેના વિદ્યાર્થીઓને તેઓ ફેલોશિપના સમય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં તે શરતે તથા ફેલોશિપના નિયમો અને શરતોને આધીન નીચે જણાવેલ જે તે વિદ્યાર્થીઓને જુનિયર રિસર્ચ ફેલોશિપ ખાલી પડી હોય તે તારીખ અગર તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયા હોય તે તારીખ અગર જે તારીખથી પીએચ.ડી. પદવીનું સંશોધન કાર્ય શરૂ કર્યું હોય તે તારીખ એ પૈકી જે મોડી હોય તે તારીખથી હાલમાં પ્રથમ તબક્કે એક વર્ષ માટે

જુનિયર રિસર્ચ ફેલોશિપ એનાયત કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ

ક્રમાંક	નામ	વિષય અને માર્ગદર્શક શિક્ષક અને સંસ્થા
(૧)	મેરી ચેરિયન	ઝૂલોજી, ડૉ. યુ. એમ. રાવલ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯.
(૨)	શાહ નિતેશ કે.	કેમિસ્ટ્રી, ડૉ. પી. આર. શાહ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ–૯.
(૩)	ચુતરિયા યતીન	કેમિસ્ટ્રી, ડૉ. એ. એ. શેખ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯.
(૪)	કુ. પોન્કેશકુમારી ગર્ગ	બોટની, ડૉ. ઓ. પી. સકસેના, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ–૯.

૩. ગુજરાત સરકાર દ્વારા વિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને અપાતી માસિક રૂ. ૨૫૦–૦૦નો ત્રણ સંશોધન શિષ્યવૃત્તિઓ ૧૯૮૩–૮૪ના વર્ષમાં બે વિદ્યાર્થીઓને આપવામાં આવેલ પરંતુ તે બન્ને વિદ્યાર્થીઓને અન્ય ફેલોશિપ મળી હોઈ તે સ્વીકારી ન હતી તેમ જ એક શિષ્યવૃત્તિ ગુજરાત સરકાર તરફથી નિયમના સંદર્ભમાં મંજૂર કરી ન હતી. આમ, ત્રણેય શિષ્યવૃત્તિઓ માટે નવી અરજીઓ મોકલવા અંગે શિક્ષણ નિયામકશ્રીને પુછાવતાં શિક્ષણ નિયામકશ્રીએ ત્રણ નવી અરજીઓ મોકલાવવા જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારની ફકત વિજ્ઞાનના વિષયો માટેની પીએચ.ડી. સંશોધન માટેની માસિક રૂ. ૨૫૦–૦૦ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ નીચેના વિદ્યાર્થીઓને તેઓ શિષ્યવૃત્તિ સમય દરમિયાન નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહીં, તેમની તે શિષ્યવૃત્તિ ચાલુ રહે ત્યાં સુધી અન્ય સંસ્થાની શિષ્યવૃત્તિ માટે માગણી કરશે નહીં અને સ્વીકારશે નહીં તથા મજકૂર શિષ્યવૃત્તિના નિયમોને આધીન તેઓએ તા. ૧૫–૬–૧૯૮૩ કે તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા હોય અગર જે તારીખથી પીએચ.ડી.નું સંશોધન કાર્ય શરૂ કરેલું હોય તે તારીખ પૈકી જે તારીખ જોડી હોય તે તારીખથી ત્રણ વર્ષ માટે એનાયત કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	વિષય અને માર્ગદર્શક શિક્ષક અને સંસ્થા
(૧)	પટેલ વાડીલાલ જી.	કેમિસ્ટ્રી, ડૉ. આર. કે. શાહ, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ

૪. યુ. જી. સી, ન્યૂ દિલ્હી, તરફથી આપવામાં આવેલાં સામાન્ય / આઠ પૈકીના રિસર્ચ ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવા અને વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે—

(૧) પરિશિષ્ટ ૧ માં જણાવેલ વિદ્યાર્થીઓની ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવા તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ આવી હોઈ તેમની ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવી.

(૨) પરિશિષ્ટ ૨ માં જણાવેલ વિદ્યાર્થીઓની ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવા તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ આવી ના હોઈ તેમને ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવા માર્ગદર્શક શિક્ષકની ભલામણ આવેથી કુલપતિશ્રીને નિર્ણય લેવાની સત્તા આપવી.

(૩) પરિશિષ્ટ ૩ માં જણાવેલ વિદ્યાર્થીઓને યુ.જી.સી.ની ૮ પૈકીની રિસર્ચ ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવા તેમના માર્ગદર્શક શિક્ષકની ભલામણ આવી હોઈ તેમની ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવી.

૫. પરિશિષ્ટ ૪ માં જણાવેલ વિદ્યાર્થીઓને આપવામાં આવેલી યુ.જી.સી.ની રિસર્ચ ફેલોશિપ ખાલી પડયા અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરિશિષ્ટ ૪ માં જણાવેલ વિદ્યાર્થીઓને આપવામાં આવેલી રિસર્ચ ફેલોશિપ ખાલી પડયાની નોંધ લેવી.

૬. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ): યુ.જી.સી, ન્યૂ દિલ્હી, તરફથી આપવામાં આવેલાં ૮ પૈકીની એક જુનિયર રિસર્ચ ફેલોશિપ વિદ્યાર્થી શ્રી. ક્ષત્રિય શ્રીનાથસિંઘને આપવામાં આવેલી હતી, પરંતુ તેઓએ તે ફેલોશિપ સ્વીકારી ન હોઈ તે ખાલી પડેલ ફેલોશિપ ડૉ. એ. એસ. નાગરના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. ભાદોરિયા સુભાષને આપ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

રજની દેસાઈ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ ૧

વિદ્યાર્થીઓને આપવામાં આવેલી યુ.જી.સી.ની સામાન્ય જુનિયર રિસર્ચ ફેલોશિપ બીજા વર્ષ માટે ચાલુ રાખવા અંગેનું તારણ

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	માર્ગદર્શક શિક્ષકનું નામ	વિષય	ફેલોશિપ આપ્યાનો સમય	ફેલોશિપ ચાલુ રાખવાનો સમય
૧.	યાજ્ઞિક અચિતા જે.	ડૉ. એચ. ડી. બદામી	મનોવિજ્ઞાન	૨૧ ૮—'૮૩ થી ૨૪ ૮ '૮૪	૨૫—૮ '૮૪ થી ૨૪—૮ '૮૫
૨.	મહેતા રૂપા આર.	ડૉ. ચીનુભાઈ નાયક	ઈન્ડિયનકલ્ચર	૨૧ ૭ '૮૩ થી ૨૦ ૭ '૮૪	૨૧ ૭ '૮૪ થી ૨૦ ૭ '૮૫
૩.	શાહ જાગૃતિ એન.	ડૉ. ડી. ડી. માલવણિયા	સંસ્કૃત	૩૦—૭ -'૮૩ થી ૨૯ ૭ '૮૪	૩૦ ૭ '૮૪ થી ૨૯ ૭ '૮૫
૪.	જાની વાર્તા બી.	ડૉ. પી. સી. પરીખ	ઈન્ડિયનકલ્ચર	૧ ૪ '૮૩ થી ૩૧ ૩ '૮૪	૧ ૪ '૮૪ થી ૩૧ ૩ '૮૫
૫.	સિંઘ બ્રજગોપાલ	ડૉ. એ. એસ. નાગર	હિંદી	૧ ૪ '૮૩ થી ૩૧ ૩ '૮૪	૧ ૪ '૮૪ થી ૩૧ ૩—'૮૫
૬.	સંઘીર અંજના	ડૉ. પ્રતીક્ષા રાવલ	મનોવિજ્ઞાન	૧ ૪—'૮૩ થી ૩૧ ૩ '૮૪	૧ ૪ '૮૪ થી ૩૧ ૩ '૮૫
૭.	ધોવાળા નિર્લાત્તામા	ડૉ. વાય. ડી. વ્યાસ	લિંગ્વિસ્ટિક્સ	૧ ૪ '૮૩ થી ૩૧—૩ '૮૪	૧ ૪ '૮૪ થી ૩૧ ૩ '૮૫
૮.	જોશી મંજુષા એસ.	ડૉ. જી. એસ. પટેલ	કેમિસ્ટ્રી	૨૮ ૧૧ '૮૩થી ૨૭ ૧૧ '૮૪	૨૮ ૧૧ '૮૪ થી ૨૭ ૧૧ '૮૫
૯.	પટેલ ખંકજ એલ.	ડૉ. આઈ. જી. વશી	કેમિસ્ટ્રી	૧ ૪ -'૮૩ થી ૩૧ ૩ '૮૪	૧ ૪ '૮૪ થી ૩૧—૩ '૮૫
૧૦.	પટેલ હર્ષદ સી.	ડૉ. આઈ. જી. વશી	કેમિસ્ટ્રી	૧ ૪ '૮૩ થી ૩૧ —૩ '૮૪	૧—૪ '૮૪ થી ૩૧ ૩ —'૮૫
૧૧.	શાહ નિશા કે.	ડૉ. એમ. એન. દેસાઈ	કેમિસ્ટ્રી	૧ ૪ '૮૩ થી ૩૧ -૩ '૮૪	૧ ૪ -'૮૪ થી ૩૧ —૩ '૮૫
૧૨.	કે. રામાડુ	ડૉ. વી. સી. શાહ	ઝૂલોજી	૧ ૪ '૮૩ થી ૩૧ -૪ '૮૪	૧ ૪ '૮૪ થી ૩૧ ૩ '૮૫
૧૩.	વાજપેયી નીના	ડૉ. ઓ. પી. સક્સેના	બોટની	૬ ૭-'૮૩ થી ૫—૭ '૮૪	૬ ૭—'૮૪ થી ૫ ૭ —'૮૫
૧૪.	સેનગુપ્તા સ્મિતા	ડૉ. અંજના દેસાઈ	ભૂગોળ	૧ ૪ '૮૩ થી ૩૧—૩ '૮૪	૧—૪ '૮૪ થી ૩૧ ૩ —'૮૫

પ્રશ્નોત્તરી : પા. ૨૩—૩—૧૯૮૪

પરિશિષ્ટ ૨

નં.	વિદ્યાર્થીનું નામ	માર્ગદર્શક શિક્ષકનું નામ	વિષય	ફેલોશિપ આપ્યાનો સમય	ફેલોશિપ ચાલુ રાખવાનો સમય
૧.	પટેલ ભૂમિકા એન.	ડૉ. મફતભાઈ ઓઝા	ગુજરાતી	૨૧–૭–'૮૩ થી ૨૦–૭–'૮૪	૨૧–૭–'૮૪ થી ૨૦–૭–'૮૫
૨.	ચારિયા સુવિધિ અમ.	ડૉ. આર. કે. શાહ	કેમિસ્ટ્રી	૧૫–૭–'૮૩ થી ૧૪–૭–'૮૪	૧૫–૭–'૮૪ થી ૧૪–૭–'૮૫

પરિશિષ્ટ ૩

નં.	વિદ્યાર્થીનું નામ	માર્ગદર્શક શિક્ષકનું નામ	વિષય	ફેલોશિપ આપ્યાનો સમય	ફેલોશિપ ચાલુ રાખવાનો સમય
૧.	મહેતા ગીતા બી.	ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા	સંસ્કૃત	૧–૪–'૮૩ થી ૩૧–૭–'૮૪	૧–૪–'૮૪ થી ૩૧–૭–'૮૫
૨.	જી. અમ્બુઅમ્મા	ડૉ. વી. કે. ચાવડા	ઇકોનોમિક	૧–૪–'૮૩ થી ૩૧–૩–'૮૪	૧–૪–'૮૪ થી ૩૧–૩–'૮૫
૩.	પટેલ હરનીશ કે.	ડૉ. પી. બી. પટેલ	કેમિસ્ટ્રી	૪–૮–'૮૩ થી ૩–૮–'૮૪	૪–૮–'૮૪ થી ૩–૮–'૮૫

નં.	વિદ્યાર્થીનું નામ	વિષય	માર્ગદર્શક શિક્ષકનું નામ	ફેલોશિપ આપ્યાનો સમય	નોંધ
૧.	શ્રી. વી. વી. ભાસ્કર	બોટની	ડૉ. એ. બી. વોરા	૧૧—૬—'૮૦ થી ૧૪—૬—'૮૪	થિસિસ તા૩. ૨૩—૧૨—'૮૩ના રોજ સુપરત કરી છે. (તા. ૧૪—૬—'૮૪ થી ખાલી પડશે)
૨.	મંજરી ગોપાલ રંગા	ઝૂલોજી	ડૉ. એન. જી. ચિનોય	૧—૧—'૮૦ થી ૪—૧—'૮૪	મુદત પૂરી થઈ હોવાથી
૩.	વ્યાસ ભરતકુમાર આર.	કીટાણુવિજ્ઞાન	ડૉ. એસ. જી. દેસાઈ	૨૫—૭—'૮૩ થી ૨૪—૭—'૮૪	૧—૧—'૮૪ થી સી.એસ. આઈ. આર.ની ફેલોશિપ મળી હોઈ, તારીખ ૧—૧—'૮૪થી ખાલી પડી.
૪.	ઉપાધ્યાય સુભાષચંદ્ર પી.	કેમિસ્ટ્રી	ડૉ. પી. આર. શાહ	૧—૪—'૮૩ થી ૩૦—૩—'૮૪	તા. ૧—૧—'૮૪ થી સી. એસ.આઈ. આર.ની ફેલોશિપ મળી હોવાથી તારીખ ૧—૧—'૮૪ થી ખાલી પડી.
૫.	શામ એમ. જ્યોર્જ	ઝૂલોજી	ડૉ. એન. જી. ચિનોય	૧—૪—'૮૩ થી ૩૧—૩—'૮૪	આઈ.સી.એમ.આર.ની ફેલોશિપ મળેલ હોઈ સ્વીકારેલ નથી.
૬.	કેશવ જી. પટેલ	ઝૂલોજી	ડૉ. એન. જી. ચિનોય	૧—૪—'૮૩ થી ૩૧—૩—'૮૪	આઈ.સી.એમ.આર.ની ફેલોશિપ મળેલ હોઈ સ્વીકારી નથી.
	(૮ પૈકીની)				
૧.	ચૌહાણ કમલેશ	કેમિસ્ટ્રી	ડૉ. જી. પી. ત્રિવેદી	૨૦—૭—'૮૩ થી ૧૯—૭—'૮૩	૧—૧—'૮૪ થી સી.એસ.આઈ. આર.ની ફેલોશિપ મળી હોવાથી તારીખ ૧—૧—'૮૪થી ખાલી પડી.
૨.	ઉપાસની વિવેક એન.	માઈક્રો.	ડૉ. એસ. જી. દેસાઈ	૧૧—૭—'૮૩ થી ૧૪—૭—'૮૪	તા. ૧—૧—'૮૪થી સી.એસ.આઈ. આર.ની ફેલોશિપ મળી હોવાથી તા. ૧—૧—'૮૪થી ખાલી પડી.
૩.	જૈન નયનકુમાર કે.	ઝૂલોજી	ડૉ. યુ. એમ. રાવલ		તા. ૧—૧—'૮૪થી આઈ.સી.એમ. આર.ની ફેલોશિપ મળી હોવાથી તારીખ ૧—૧—'૮૪થી ખાલી પડી.

પરિશિષ્ટ "ઢ"
ક્રમકાજ ક્રમાંક ૮૮

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૫-૫-૧૯૮૪ ને શનિવારના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રા. કે. એસ. શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ (ઉપકુલપતિશ્રી)	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા ૨૯-૩-૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૯-૩-૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરી માટે ઑક્સિજન ગેસ રેગ્યુલેટર અને સિલિન્ડર મે. ઇન્ડિયન ઑક્સિજન લિમિટેડ પાસેથી ખરીદવા માટે રૂ. ૪,૦૦૦ (રૂપિયા ચાર હજાર પૂરા)નું અંદાજી ખર્ચ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરી માટે ઑક્સિજન સિલિન્ડર અને રેગ્યુલેટર મે. ઇન્ડિયન ઑક્સિજન લિમિટેડ પાસેથી ખરીદવા માટે રૂ. ૪,૦૦૦ (રૂપિયા ચાર હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે મોડર્ન બ્રેડ-મોડર્ન ફૂડ ઇન્ડસ્ટ્રીઝ (ઇન્ડિયા) લિમિટેડ પાસેથી વાર્ષિક ખરીદવા તેમ જ કાચું અનાજ જેવું કે ચણા, ઘઉં, મકાઈ, વગેરે વાર્ષિક ખરીદવા સને ૧૯૮૪-૮૫ના વર્ષમાં રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નું અંદાજી ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે મોડર્ન બ્રેડ મે. મોડર્ન ફૂડ ઇન્ડસ્ટ્રીઝ (ઇન્ડિયા) લિમિટેડ પાસેથી કંપની ભાવે વખતોવખતની જરૂરિયાત મુજબ ખરીદવી અને જરૂરી કાચું અનાજ બજાર ભાવે ખરીદવું અને આ માટે રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર) સુધીનો અંદાજી ખર્ચ ૧૯૮૪-૮૫ના વર્ષ માટે મંજૂર કરવો.

૪. ડૉ. વી. સી. શાહના યુ.જી.સી. પ્રોજેક્ટમાંથી અંદાજી રૂ. ૫,૩૧,૩૨૦(અંકે રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર ત્રણસો વીસ પૂરા) તેમ જ યુ.જી.સી.ની મંજૂર થયેલી છઠ્ઠી યોજના અન્વયે અંદાજી રૂ. ૮૪,૯૧૦ (અંકે રૂપિયા ચોર્યાસી હજાર નવસો દસ પૂરા)ની સાધનસામગ્રી (ઇક્વિપમેન્ટ) ખરીદવા જાહેરખબરથી મંગાવેલાં ટેન્ડરોનો નિકાલ કરવા બાબત

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગ માટે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ રૂ. ૬,૧૬,૨૩૦ (અંકે રૂપિયા છ લાખ સોળ હજાર બસો ત્રીસ)નાં વૈજ્ઞાનિક સાધનો આ સાથે પરિશિષ્ટ "અ" અને "બ"માં જણાવ્યા પ્રમાણેની કિંમતે ખરીદવાં.

[નોંધ.—(૧) પરિશિષ્ટ "અ"માં જણાવેલ રૂ. ૫,૩૧,૩૨૦ (રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર ત્રણસોને વીસ)નાં સાધનોનો ખર્ચ ડૉ. વી. સી. શાહના યુ.જી.સી.વાળા મેજર પ્રોજેકટમાંથી કરવાનો રહેશે; અને

(૨) પરિશિષ્ટ "બ"માં જણાવેલ રૂ. ૮૪,૯૧૦ (રૂપિયા ચોર્યાસી હજાર નવસોને દશ)નાં સાધનો માટેની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.]

૫ યુનિવર્સિટીના ગ્રંથાલય માટે ગોદરેજ સ્ટીલ કબાટ સ્ટોરવેલ નંગ ૧૦ અંગે ગોદરેજ કંપની પાસેથી ખરીદવા અંદાજી ખર્ચ રૂ. ૧૮૦૦ (અંકે રૂપિયા અઢારસો તેમ જ ટેક્ષ ઑકટ્રોયનો ખર્ચ અલગ થશે તેનો અંદાજી ખર્ચ રૂ. ૪૦૦ મળીને કુલ અંદાજી ખર્ચ રૂ. ૨,૨૦૦ (અંકે રૂપિયા બે હજાર બસો પૂરા) મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬. રિસર્ચ ફેલો શ્રીમતી એન. જે. પટેલની યુ.જી.સી. ટીચર ફેલો માટેની કન્ટિજન્સી ગ્રાન્ટમાંથી સી.આર.સી. શીટ્સ ૧૮ ગેજના સાઈઝ ૮×૪ એક નંગના રૂ. ૨૧૧ પ્રમાણે કુલ ૭ નંગ સંજય સ્ટીલ ટ્રેડર્સ અમદાવાદ પાસેથી ખરીદવા માટે અંદાજી ખર્ચ રૂ. ૧,૫૦૦ (અંકે રૂપિયા એક હજાર પાંચસો પૂરા) મંજૂર કરવા વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે સી.આર.સી. શીટ્સ મે. સંજય સ્ટીલ ટ્રેડર્સ પાસેથી ખરીદવા માટે રૂ. ૧,૫૦૦ (અંકે રૂપિયા એક હજાર પાંચસો)ના અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૭. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓને દર વર્ષે એક એક સેન્ડલ તથા સ્ત્રી કર્મચારીઓને એક જોડ ચંપલ આપવા રાજ્ય સરકારશ્રીના હુકમો અપનાવેલા છે. અને આ અંગેના સરકારશ્રીના ઠરાવ પ્રમાણે ઉપરોક્ત સેન્ડલ—ચંપલ ગ્રામીકો પાસેથી ખરીદવા આદેશ થયેલા છે તે પ્રમાણે ગ્રામીકો પાસેથી ખરીદવા અંદાજી ખર્ચ રૂ. ૧૦,૮૦૦ (અંકે રૂપિયા દશ હજાર આઠસો પૂરા) મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે ૨૭૦ જોડ સેન્ડલ-ચંપલ ગ્રામીકો પાસેથી એક જોડના રૂ. ૪૦ (રૂપિયા ચાલીસ)ના ભાવે ખરીદવાં.

૮. યુનિવર્સિટી કાર્યાલયની પરમેનેન્ટ પેટીકેશ ઍડવાન્સ તથા પરમેનેન્ટ ટ્રાવેલિંગ ઍલાઉન્સ ઍડવાન્સ અનુક્રમે રૂ. ૨,૦૦૦ તેમ જ રૂ. ૨,૦૦૦ મંજૂર થયેલી છે તેમાં મુસાફરી ભથ્થાના દરો તેમ જ ભાડાં વિગેરે વધેલા હોવાથી તેમાં વધારો કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયની પેટીકેશ ઍડવાન્સ રૂ. ૪,૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર) અને ટ્રાવેલિંગ ઍલાઉન્સ ઍડવાન્સ (મુસાફરી ભથ્થા ઍડવાન્સ) રૂ ૪,૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર) રાખવી.

૯. ચોથા વર્ગના કર્મચારીઓ માટે યુનિફોર્મ માટે ખાદી ખરીદવા માટે આવેલાં ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓના ગણવેશ માટે ૧,૪૦૦ (એક હજાર ચારસો) મીટર ખાદી રૂ. ૯–૮૦ (રૂપિયા નવ અને એંસી પૈસા) મીટરના ભાવે મે. શ્રામલક્ષ્મી ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, અમદાવાદ પાસેથી ખરીદવી.

૧૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પોલિવેલેન્ટ સેન્ટરની મોટરકાર નં. જી. જે. જે. ૭૭૯૦ના મોટર સેલ્સ સર્વિસમાંથી રિપેરિંગ તેમ જ લેબર ચાર્જીસ અંગે રૂ. ૧,૧૧૬ (એક હજાર પાંચસો છપ્પન પૂરા)નું કુલપતિશ્રીએ મંજૂર કરેલ ખર્ચ જાણ સારુ;

(૨) વિજ્ઞાન વિદ્યાભવન માટે જુદાં જુદાં વૈજ્ઞાનિક સાધનો, ગ્લાસવેર કેમિકલ્સ ખરીદવા જુદા જુદા વેપારીઓ સાથે ૧૯૮૩–૮૪ના વર્ષમાં વેરાટ કોન્ટ્રાક્ટ કરેલા, જેની મુદત તા. ૩૧–૩–૧૯૮૪ના રોજ પૂરી થાય છે તેની તા. ૩૧–૫–૧૯૮૪ સુધી કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાની બાબત જાણ સારુ;

(૩) યુનિવર્સિટીની મોટરકાર નં. જી.આર.જી. ૭૨૩૧નાં બે ટાયરો ખરીદવા અંગે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ખર્ચ રૂ ૧,૫૦૦ (રૂપિયા એક હજાર પાંચસો પૂરા)ની બાબત જાણ સારુ;

(૪) શ્રમિક વિદ્યા કેન્દ્રના ૧૬ એમ. એમ. ફિલ્મ પ્રોજેક્ટર અંગે મંગાવેલ ટેન્ડરો પૈકી ફોટો ફોન કંપનીનું પ્રોજેક્ટર સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી શાહ એન્ડ કંપની, અમદાવાદ પાસેથી ખરીદવા રૂ. ૧૪,૬૪૬–૯૪ (અંકે રૂપિયા ચૌદ હજાર છસો છેતાલીસ અને ચોરાણું પૈસા પૂરા) કુલપતિશ્રીએ મંજૂર કર્યા તે જાણ સારુ;

(૫) વેકસ કોમ્પ્યુટરના પિન્ટર માટે એક નંગ રીબન આઈ.બી.એ કંપની પાસેથી ખરીદવા રૂ. ૧,૨૮૦/– (અંકે રૂપિયા એક હજાર બસો પૂરા)નો ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યાની બાબત જાણ સારુ;

(૬) યુનિવર્સિટી લેડીઝ હૉસ્ટેલના સીલિંગ ફેન નંગ ૫ તાત્કાલિક રિપેર કરાવવા પડે તેમ હોવાથી એડલ્ટ ટ્રેઇનિંગ વર્કશોપ ફોર ધી બ્લાઇન્ડ, અમદાવાદ પાસેથી રિપેરિંગ કરાવવાથી થયેલ ખર્ચ રૂ. ૧ ૫૭૬ (અંકે રૂપિયા એક હજાર પાંચસો છોતેર પૂરા) કુલપતિએ મંજૂર કર્યા તે જાણ સારુ;

(૭) યુનિવર્સિટી પ્રેસમાં પ્રશ્નપત્રો ભરવાની કાઇટ કાગળની કોથળીઓ તાત્કાલિક ખરીદવી પડે તેમ હોવાથી કુલ રૂ. ૩,૬૫૦ (અંકે રૂપિયા ત્રણ હજાર છસો પચાસ પૂરા)નો ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યાની બાબત જાણ સારુ;

(૮) એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ માટે ૧૯૮૪–૮૫ના વર્ષ માટે ૮,૧૦૦ સ્કાર્ફ બનાવવાનું કુલ ખર્ચ રૂ. ૩૪,૦૨૦ (અંકે રૂપિયા ચોત્રીસ હજાર અને વીસ પૂરા) કુલપતિશ્રીએ મંજૂર કર્યાની બાબત જાણ સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૧. યુનિવર્સિટી એજ્યુકેશન મીડિયા-રિસર્ચ સેન્ટરના ટી.વી સ્ટુડિયો માટે હેલોજન સ્પોટ લાઇટ વિ. ખરીદવા આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ટાંકનાર પાર્ટી મે નીઓન એન્ટરપ્રાઇઝ પાસેથી ટેન્ડરની શરતે રૂ. ૫૩,૧૭૧-૦૦ વત્તા ટેક્ષ, ઓક્ટ્રોય, વગેરેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના મીડિયા રિસર્ચ સેન્ટરના ટી. વી. સ્ટુડિયો માટે હેલોજન સ્પોટ લાઇટ, વગેરે મે. નીઓન એન્ટરપ્રાઇઝ પાસેથી ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ રૂ. ૫૩,૧૭૧-૦૦ (રૂપિયા ત્રેપન હજાર એકસો પંચોતેર) વત્તા ટેક્ષ, ઓક્ટ્રોય જુદા ગણી ખરીદવું. વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ અંગેના ટેન્ડરના ભાવમાં ભવિષ્યમાં કોઈ ભાવવધારો આપવામાં આવશે નહીં.

૧૨. યુનિવર્સિટી એજ્યુકેશન મીડિયા-રિસર્ચ સેન્ટરના ટી.વી. સ્ટુડિયોના લાઇટિંગ કન્ટ્રોલ માટે કન્ટ્રોલ પેનલ (કન્સોલ) ખરીદવા આવેલ ટેન્ડરો પૈકી (થાઇરીસ્ટાર કન્ટ્રોલ પેનલ) માટે સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. સરટીવોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીનગર પાસેથી રૂ. ૧૪,૧૦૦ના ખર્ચે ટેન્ડરની શરતે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના ટી.વી. સ્ટુડિયોના લાઇટિંગ કન્ટ્રોલ માટે કન્ટ્રોલ પેનલ સૌથી ઓછા ભાવે આપનાર વેપારી મે. સરટીવોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીનગર, પાસેથી ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ રૂ. ૧૪,૧૦૦ (રૂપિયા ચૌદ હજાર પાંચસો)ની કિંમતે ખરીદવા. વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ અંગે ટેન્ડરના ભાવમાં ભવિષ્યમાં કોઈ ભાવવધારો આપવામાં આવશે નહીં.

૧૩. યુનિવર્સિટીની પુસ્તક વેચાણ વ્યવસ્થા તેમ જ સંગ્રહ (સ્ટોરેજ) અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૧૪. યુનિવર્સિટીના એચ. કે. પ્રોફેશનલ ટ્રેઇનિંગ સેન્ટરના ટાઇપરાઈટર મશીનો રિપેર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્નિવર્સિટીના સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેઇનિંગના તા. ૪-૪-૧૯૮૪ના પત્રમાં જણાવેલ ટાઇપરાઈટર મશીનો નંગ ૧૨, મે. ટાઇપરાઇટર કોર્નર પાસે રિપેર કરાવવા અને આ અંગે રૂ. ૨,૭૪૩ (રૂપિયા બે હજાર સાતસો ને તેતાલીસ)નો ખર્ચ મંજૂર કરવો.

૧૫. યુનિવર્સિટીનાં મેદાનો પર માટી નાખવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના, મેદાનોમાં માટી નાખવા અંગે એક ફેરાના રૂ. ૧૦ (રૂપિયા દશ) લેખે મે. એમ. એચ. ખુરાનાને કામ સોંપવું અને આ અંગે રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દશ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૮૯

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૬–૫–૧૯૮૪ ને બુધવારના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨ શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. એમ એન. દેસાઈ	હાજર
૪. શ્રી નરહરિભાઈ એમ પરીખ	ગેરહાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. યુનિવર્સિટી કાર્યાલય માટે એક પ્લેન-પેપર કોપિયર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે જે તે પ્લેન-કોપિયર માટે ટેન્ડરો આવ્યાં છે તેનું પ્રત્યક્ષ મોડેલ જોઈ, તે પૈકી જે ભાવ કાર્યશક્તિ અને ડ્યુરેબિલિટી સ્પીડ ઇત્યાદિ દૃષ્ટિએ યુનિવર્સિટીને વધુ અનુકૂળ જણાય તે ખરીદવા અંગે નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે પોલિ-વસ્ત્ર કાપડ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હાલ ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શન અને વળતર-વેચાણ ચાલે છે તેના સંદર્ભમાં જરૂરી તપાસ કરી-કરાવીને આ અંગે નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. યુનિવર્સિટી ગ્રંથાલય માટે ગોદરેજ બનાવટનાં સ્ટોરવેલ કબાટ નંગ દશ ખરીદવા રૂ. ૨૨,૦૦૦ (રૂપિયા બાવીસ હજાર)ના ખર્ચને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪. યુનિવર્સિટીનાં પ્રકાશનોની વેચાણ વ્યવસ્થા અને સંગ્રહ અંગે (સ્ટોરેજ માટે) વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોની વેચાણ-વ્યવસ્થા માટે હાલની સોલ સેલિંગ એજન્સીની પ્રથાથી યુનિવર્સિટી પ્રકાશનોના વેચાણને કશો ઉત્સાહજનક પ્રતિભાવ સાંપડ્યો નથી તેથી તે પ્રથા બંધ કરવી.

સભામાં થયેલ નીચેનાં સૂચનો ઉપરાંત પ્રકાશિત થયેલ પુસ્તકોનું વધુ વેચાણ થાય તે દિશામાં સક્રિય પગલાં લેવા એક યોજના ઘડી રજૂ કરવા પ્રકાશન અધિકારીને જણાવી તે યોજનામાં કુલપતિશ્રીને યોગ્ય લાગે તે ફેરફાર સાથે મંજૂર રાખી આગળ કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) એક પરિપત્ર દ્વારા યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ પ્રકાશનોની વિષયવાર યાદી બનાવી કૉલેજના આચાર્યશ્રીઓને તેમજ જે તે કૉલેજના સંબંધકર્તા વિભાગના વડાઓને તે મોકલી પુસ્તક ઑન્ટમાંથી તે પૈકી જરૂરી પુસ્તકોની એકથી વધુ નકલો ખરીદવા જણાવવું.

(૨) વર્ષમાં ત્રણથી ચાર વાર પ્રકાશનો અને યોગ્ય સામયિકો માટે જાહેરાત આપવાનું રાખવું.

(૩) અભ્યાસસમિતિઓની સભા વખતે જે તે અભ્યાસસમિતિ હેઠળના વિષયને લગતાં પ્રકાશનો હોય તે અધ્યક્ષશ્રી દ્વારા સભ્યોના ધ્યાન પર લાવવા માટે પ્રકાશન અધિકારીને જણાવવું.

(૪) ચાલુ વર્ષના અંતમાં યોજનાર "ઓરિયેન્ટલ કૉન્ફરન્સ" અને યોગ્ય પ્રસંગે યુનિવર્સિટીનાં પ્રકાશનો પ્રદર્શિત કરવાનું તથા રસ ધરાવતી વ્યક્તિઓને તેની જાણકારી અને ખરીદીની સવલત મળી રહે તેની વ્યવસ્થા પ્રકાશન વિભાગે ગોઠવવી.

૫. યુનિવર્સિટી પ્રેસ માટે જુદી જુદી જાતના કાગળો ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અગાઉ જાહેરાતમાં જણાવ્યા કરતાં કાગળોની જરૂરિયાત ઘણી વધેલી હોઈ આ અંગે દૈનિકપત્રોમાં જાહેરાત આપી ફરીથી ભાવો મંગાવવાનું રાખવું.

૬. યુનિવર્સિટીના ઑજ્યુકેશન મીડિયા-રિસર્ચ માટે લાકડાનું ફરનિચર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ "અ"** (અત્રે છાપેલ નથી)માં બતાવ્યા પ્રમાણેનું ફરનિચર જે તે ટેન્ડરમાં જણાવેલ શરતો મુજબ ખરીદવું.

૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) શિક્ષક મતદારયાદીઓ બહારના પ્રેસમાં છપાવવા માટે રૂ. ૬,૦૦૦ (રૂપિયા છ હજાર)ના ખર્ચની મંજૂરી કુલપતિશ્રીએ આપી તેની નોંધ લેવા બાબત.

(૨) યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગમાં "કૉબલ લેંગવેજ રેફરન્સ મેન્યુઅલ"ની ઝેરોક્ષની નકલ કરાવવા માટે રૂ. ૧,૧૦૦ (રૂપિયા એક હજાર એકસો)ના ખર્ચની મંજૂરી આપવા વિચારણા કરવા બાબત.

(૩) યુનિવર્સિટીના બી.એડ. એડમિશન સેલ માટે સ્ટીલનાં કબાટ નંગ બે તથા સ્ટીલ રેંક નંગ ત્રણ ખરીદવા રૂ. ૩,૮૭૫ (રૂપિયા ત્રણ હજાર આઠસો ને પંચોતેર)ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

(૪) યુનિવર્સિટી ગ્રંથાલયમાં "કૉલન કલાસિફિકેશન ભાગ-૧"ની પચાસ નકલ ઝેરોક્ષ કરાવવા માટે રૂ. ૨,૧૦૦ (રૂપિયા બે હજાર ને એકસો)ના ખર્ચની મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

૮. યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગ માટે એક ઈલેકિટ્રક ટાઇપરાઇટર ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે પ્રથમ કસ્ટમ ડયુટી એકઝમ્પશન સર્ટિફિકેટ મેળવી, યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગ માટે એક "ઓલાખિયા સ્ટાન્ડર્ડ-૧૭" કેરેજનું મે. મેથોડેકસ સિસ્ટમ્સ પ્રા. લિમિટેડ પાસેથી સી. આઇ. એફ. કિંમતે તથા રૂ. ૪,૦૦૦ (રૂપિયા ચાર હજાર) સર્વિસ ચાર્જના ગણી ખરીદવું.

(નોંધ.—આ માટે કાર્યાલયે દાણ-મુક્તિ મેળવી લેવાની વ્યવસ્થા કરવી આવશ્યક રહેશે.)

૯. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે યુનિફોર્મ સીવવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે ટેન્ડરમાં જણાવેલ શરતો અને ભાવ મુજબ **સૌથી** ઓછા ભાવ (યુનિફોર્મ) ટાંકનાર મે. વી. બી. ટેલર્સને તે સીવી આપવાનું કામ સોંપવું અને આ અંગે રૂ. ૧૦,૫૦૦ (રૂપિયા દસ હજાર પાંચસો)નું ખર્ચ મંજૂર કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ત"

કામકાજ ક્રમાંક ૯૧

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૨૯—૩—૧૯૮૪ને ગુરુવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે અને તા. ૨૮-૪—૧૯૮૪ના સોમવારના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૨૯-૩-૮૪	તા. ૨—૪—૮૪
૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી (કુલપતિશ્રી)	હાજર	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ (ઉપકુલપતિશ્રી)	હાજર	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર	હાજર
૪. શ્રી નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૫. શ્રી સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૮-૩—૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

ફાઇનાન્સ સમિતિની તા. ૮-૩-૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એકિઝકયુટિવ કાઉન્સિલે બી.યુ.ટી. ઍન્ડ આર. ની તા. ૨૭-૧૨-૧૯૮૩ની નીચેની ભલામણ આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો લેવા આવતા મુલાકાતી અનુસ્નાતક શિક્ષકોને અપાતા હોલ્ટિંગ ઍલાઉન્સનો દર રૂ. ૧૫-૦૦ને બદલે રૂ. ૧૮-૦૦ આપવા અંગેના પ્રા. આઈ એમ. પારેખ, ધંધુકાના તા. ૧૯-૧૦-૧૯૮૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત."

આ ઉપરાંત અનુસ્નાતક કેન્દ્ર (હિન્દી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાતનો તા. ૨-૪-૧૯૮૪ નો પત્ર તેમ જ શ્રી. નર્મદભાઈ એસ. ત્રિવેદી શિણોલનો તા. ૩૧-૩-૧૯૮૪ના પત્ર પર પણ વિચારણા કરવા અંગે.

ઉપરોક્ત બાબત ઉપર સમગ્ર રીતે ચર્ચાવિચારણાને અંતે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના પરિશિષ્ટ "અ" (અત્રે છાપેલ નથી) માં જણાવ્યા પ્રમાણે—

(૧) પરીક્ષાને લગતા કામકાજ અંગે માર્ચ-એપ્રિલ ૧૯૮૪ના Scale of Remmuneration to Examiners etc. માં દર્શાવેલ મુસાફરી ભથ્થાના નિયમો નં. (૧૬) અને (૧૮) નીચે પ્રમાણે વંચાય તે રીતે તા. ૨૩—૩—૧૯૮૪થી અમલી બને તે પ્રમાણે સુધારવા.

(16) In addition to travelling allowance, a person other than a non-teaching employee of the University travelling in connection with the Examination work will be entitled to receive a halting allowance of Rs. 30/- (Thirty rupees only) per day for stay at Ahmedabad and Rs. 20/— (Twenty rupees only) per day for stay at places other than Ahmedabad. If he is required to reach one day earlier under special circumstances as per University authorities' instruction than the day on which the examination commences, he will be paid halting allowance for that previous day also.

(18) A person other than a non-teaching employee of the University residing in Ahmedabad will be paid conveyance at Rs. 12/- (Twelve rupees only) per day for attending examination work.

(૨) અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો લેવા આવતા મુલાકાતી અનુસ્નાતક શિક્ષકને. મુસાફરી અંગે દૈનિક રોકાણ ભથ્થાના દર તેમ જ સ્થાનિક શિક્ષકને દૈનિક વાહન ભથ્થાના દર આ સાથેના પરિશિષ્ટ–'અ' માં જણાવ્યા પ્રમાણે નિયત કરવા તથા તે માટે પી.જી. નિયમ નં. ૩૮(બી) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

PG Rule No. 38 (b) :

The halting allowance shall be paid by the centre at the rate Rs. 48 / - per day for stay at Ahmedabad and Rs. 30 / - per day for stay at places other than Ahmedabad.

(૩) કોર્ટ તેમ જ અન્ય સત્તામંડળોના સભ્યોને મુસાફરી અંગે દૈનિક રોકાણ ભથ્થાના દર તેમ જ સ્થાનિક સભ્યોને દૈનિક વાહન ભથ્થાના દર અંગે ઑર્ડિનાન્સ ૧૫૪ તેમ જ ૧૫૬ સુધારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટીનાં ત્રણ જૂનાં ડુપ્લિકેટિંગ મશીન નં. (૧) ૨૬૫–૨૭૩૪૫૬ (૨) ૨૦૫–બીફ સાઇઝ અને (૩) ૨૬૫ જે હવે બિનઉપયોગી હોવાથી તેનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ત્રણ ડુપ્લિકેટિંગ મશીનોને ડેડસ્ટોકમાંથી રદ કરવા અને તેના ભાવ મંગાવી નિકાલ અંગેની કાર્યવાહી હાથ ધરવા.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાન વિભાગના બગીચામાં પાણીની નળીઓ નાખવા અંગે રૂ. ૨,૧૮૦/- (અંકે રૂપિયા બે હજાર એકસો)ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના માટે "એસટીસી" બ્રાન્ડ લેબોરેટરી કેમિકલ્સ ખરીદવા મે. સમીર ટેક–કેમ ઈન્ડસ્ટ્રીઝ, વડોદરા સાથે ૧૯૮૪–૮૫ના વર્ષમાં રેઇટ કોન્ટ્રાક્ટ કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે "એસટીસી" બ્રાન્ડ કેમિકલ્સ ખરીદવા મે. સમીર ટેક-કેમ ઈન્ડસ્ટ્રીઝ, વડોદરા સાથે તા. ૩૧–૩–૧૯૮૫ સુધી તેમના તા. ૭-૩–૧૯૮૪ના પત્રાંક ૧૬૫માં જણાવેલ શરતોએ રેઈટ કોન્ટ્રાકટ કરવો.

૬. યુનિવર્સિટીના કોપિયર મશીનનો ફ્રમ બદલવા માટે તેમ જ રિપેર કરવા અંગે યુનિડયન ડુપ્લિકેટિંગ કંપની લિમિટેડ, અમદાવાદના તા. ૯–૩–૧૯૮૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરમાં બે અંગ્રેજી "ગોદરેજ પ્રાઈમા" ટાઈપરાઈટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશનલ મીડિયા-રિસર્ચ સેન્ટર માટે હાલ એક અંગ્રેજી-ગોદરેજ પ્રાઈમા ટાઈપરાઈટર ગોદરેજ કંપની પાસેથી કંપની ભાવે અને શરતોએ ખરીદવું અને આ અંગે રૂ. ૪૫૦૦ (રૂપિયા ચાર હજાર પાંચસો) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે "Coaxial detector" ફ્રાન્સથી આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે "Coaxial detector" ફ્રાન્સથી આયાત કરવું અને આ અંગે મુખ્ય કંપનીના મૂળ ભરતિયા પ્રમાણેની કિંમત ચૂકવવી [Main Company–Original Invoice–(CIF Value)]

૯. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે "Teletype-43 ASR"ના કોમ્પોનેટસ યુ.એસ.એ.થી આયાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકવિજ્ઞાન વિભાગના "Teletype-43 ASR" સાધન માટે જરૂરી કોમ્પોનેટસ યુ.એસ.એ.થી આયાત કરવા અને આ અંગે મૂળ કંપનીના મૂળ ભરતિયા પ્રમાણેની કિંમત ચૂકવવી [Original Invoice-43 ASR" (CIF Value)].

૧૦. યુનિવર્સિટી પરીક્ષાના મહેનતાણાના દર સુધારવા અંગેની તા. ૨૩-૩-૮૪ના ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાઓના બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે ૧૯૮૪–૮૫ના વર્ષ માટે વૈજ્ઞાનિક સાધનો–કેમિકલ્સ–ગ્લાસવેર–સ્લાઈડ અને કવર સ્લીપસ બાયોલોજિકલ કેમિકલ્સ–કલચર મીડિયા–લેબોરેટરી કેમિકલ્સ તથા પ્લાસ્ટિકસ લેબોરેટરીનાં વૈજ્ઞાનિક સાધનો, ઈ. ખરીદવા જુદી જુદી કંપનીઓ સાથે રેઈટ કોન્ટ્રાકટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે આ સાથેના પરિશિષ્ટ "બ" (અત્રે છાપેલ નથી)માં બતાવ્યા પ્રમાણેના જે તે કંપની સાથે કંપનીની શરતો પ્રમાણે રેઈટ કોન્ટ્રાકટ કરવો.

૧૨. યુનિવર્સિટીના શ્રમિક વિદ્યા કેન્દ્ર માટે ૧૬ એમ.એમ. પ્રોજેકટર ખરીદવા અંગે રૂ. ૧૪,૬૪૬-૯૪ (રૂપિયા ચૌદ હજાર છસ્સો ને છેંતાલીસ અને ચોરાણું પૈસા)ના ખર્ચની કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૯૨

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૩૦-૫-૧૯૮૪ ને બુધવારના રોજ બપોરના ૨—૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રા. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૫-૫-૧૯૮૪ અને તા. ૧૬-૫-૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૫-૫-૧૯૮૪ અને તા. ૧૬-૫-૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા-રિસર્ચ સેન્ટર (ગુરુનાનક ભવન) માટે પાંચ નંગ એરકન્ડિશનર અને એક નંગ વૉટરકૂલર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા-રિસર્ચ સેન્ટર માટે :

(૧) ૧.૫ ટન કૅપેસિટીના વિન્ડો એરકન્ડિશનર નંગ પાંચ રૂ. ૮,૧૨૨/-નંગની કિંમતે વત્તા ટેકસ, ઑકટ્રોઈ વગેરે જુદા ગણી મે. વૉલ્ટાસ લિમિટેડ પાસેથી તે સારી જાતના આવતા હોવાથી ટેન્ડરમાં જણાવેલ શરતોએ ખરીદવા;

(૨) એક નંગ વૉટરકૂલર ૮૦/૪૦ કૅપેસિટીનું મે. અમેરિકન રેફ્રિજરેટર કંપની પાસેથી રૂ. ૬,૮૪૯/-ના કિંમતે વત્તા ટેક્ષ-ઑકટ્રોઈ વગેરે જુદા ગણી સૌથી ઓછા ભાવ હોવાથી ખરીદવું.

૩. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે પોલિવસ્ત્ર ખાદી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે ૧૪૪૪-એક હજાર ચારસોને પિસ્તાલીસ મીટર પોલિવસ્ત્ર ખાદી મે. ખેડા જિલ્લા ઔદ્યોગિક સહકારી મંડળી લિમિટેડ, નડિયાદ પાસેથી ટેન્ડરમાં જણાવેલ ભાવે અને કિંમતે ખરીદવી અને આ અંગે રૂ. ૩૨,૩૮૫/- (રૂપિયા બત્રીસ હજાર ત્રણસોને પંચાસી)નું ખર્ચ મંજૂર કરવું.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે બે અંગ્રેજી ટાઈપરાઈટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે હાલ રેમિંગ્ટન બનાવટનું એક અંગ્રેજી ટાઇપરાઈટર કંપની ભાવે અને કંપનીની શરતો મુજબ ખરીદવું.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે રેકિટફાઈટ સ્પિરિટ તથા આલ્કોહોલ ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે ૧૯૮૪–૮૫ના વર્ષ માટે ૩૮૦ (ત્રણસો) લિટર્સ રેકિટફાઇટ સ્પિરિટ અને ૨૦૦ (બસો) લિટર્સ એબસોલ્યુટ આલ્કોહોલ મે. એલેમ્બિક કેમિકલ વર્કસ, વડોદરા પાસેથી ખરીદવા માટે રૂ. ૫,૦૦૦/– (રૂપિયા પાંચ હજાર) સુધીના ખર્ચ મંજૂર કરવો.

૬. વિજ્ઞાન વિદ્યાભવન માટે રિપ્રિન્ટ્સ ખરીદવા માટે રૂ. ૧૯૧૦ (રૂપિયા એક હજાર નવસોને દસ)ના ખર્ચને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે યોગ્ય નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં નેધરલેન્ડ સરકાર તરફથી મળેલ ભેટ પુસ્તકો ઉપર રૂ. ૧૪૩૯–૯૦ પૈસા (રૂપિયા એક હજાર ચારસોને ઓગણચાલીસ અને નવું પૈસા)નું રેમરેજ થયું હતું તે મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયને રૂ. ૧,૪૩૯–૯૦ પૈસા (રૂપિયા એક હજાર ચારસો ને ઓગણચાલીસ અને નેવું પૈસા)નું જે રેમરેજ નેધરલેન્ડ સરકાર તરફથી મળેલ ભેટ પુસ્તક માટે થયેલ છે તે મંજૂર કરવું અને આ અંગે જે કર્મચારીની ભૂલ થયેલ તે અંગે વહીવટી રાહે કાર્યવાહી કરવી.

૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી પ્રેસ માટે આર્ટ પેપર ખરીદવા માટે રૂ. ૨,૩૨૦/– (રૂપિયા બે હજાર ત્રણસોને વીસ)ના ખર્ચને મંજૂરી આપી.

(૨) યુનિવર્સિટી કાર્યાલયના સ્કેનર મશીનને રિપેર કરાવવા માટે રૂ. ૩,૨૦૦ (રૂપિયા ત્રણ હજાર બસો)ના ખર્ચને મંજૂરી આપી.

(૩) યુનિવર્સિટીનાં મેદાનોમાં માટી નંખાવવા માટે રૂ. ૨,૦૦૦ (રૂપિયા બે હજાર)ના ખર્ચને મંજૂરી આપી.

(૪) યુનિવર્સિટી ચોથા વર્ગના કર્મચારીઓ માટે ખાદી ખરીદવા માટે રૂ. ૧૩,૧૨૫ (રૂપિયા તેર હજાર એકસોને પચ્ચીસ)ના ખર્ચને મંજૂરી આપી.

(૫) યુનિવર્સિટી પ્રેસના કાગળો બીજા પ્રેસને મોકલવા માટે રૂ. ૧,૦૫૮ (રૂપિયા એક હજાર અઠ્ઠાવન)ના ખર્ચને મંજૂરી આપી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યોની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. જે. પાઠક
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૯૬

Confidential :

A meeting of the Selection Committee for recommending name for appointment to the post of Lecturer in Sanskrit in the School of Languages, Gujarat University, was held on Friday the 17th February, 1984 at 1-00 p.m. Professor K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, Ahmedabad—9, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Dr. S. D. Joshi	Present
4.	Dr. V. M. Kulkarni	Present
5.	Dr. (Miss) E. A. Soloman (Invitee)	Present

The following Candidates were called for interview ;

1.	Dr. V. M. Bha t	Present
2.	Dr. (Miss) Parul K. Mankad	Present
3.	Dr. (Smt.) Mathur Raj	Present
4.	Dr. I. B. Trivedi	Present
5	Smt. Indiraben Chaudhari	Absent
6.	Shri A. N Dave	Present
7.	Shri N. P. Deota	Present
8.	Smt. Nayana M. Desai	Present
9.	Smt. Niraben P. Joshi	Present
10.	Shri Y. B. Oza	Present
11.	Shri V. D. Pandya	Present
12.	Shri V. G. Shastry	Absent
13.	Smt. Pramila S. Shingala	Present
14.	Shri D. M. Mehta	Present
15.	Dr (Smt.) Devyani S. Pandit	Present
16.	Shri K. B. Pathak	Present.

After interviewing the candidates present and considering their relative merits, the Committee recommends Dr. Vasantkumar M. Bhatt for the Post of Lecturer in Sanskrit.

K. S. Shastri
K. C. Parikh
S. D. Joshi
V. M. Kulkarni.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૯૭

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment a Co-ordinator in the Education Media–Research Centre, Gujarat University, was held on Friday, 1st June, 1984 at 12-00 noon at the office of Gujarat University, Ahmedabad-380009. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, Ahmedabad presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
(2) Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
(3) Shri K. L. Sondhi	Present
(4) Shri A. R. Shinde	Absent
(5) Shri P. G. Mahadevan	Present
(6) Shri Kiran Karnik	Present
(7) Shri B. S. Bhatia	Present

The following Candidates were called for interview :

(1) Shri D. A. Avashia	Present
(2) Shri M. M. Bharti	Present
(3) Shri S. P. Uttamchandani	Present

After interviewing the candidates present and considering their relative merits, the Committee is of the opinion that Shri Dhiren Avashia is found suitable for the post of the Co-ordinator and recommends that he be appointed to that post.

K. S. Shastri
K. C. Parikh
K. L. Sondhi
P. G. Mahadevan
Kiran Karnik
B. S. Bhatia

પરિશિષ્ટ "ન"
કામકાજ ક્રમાંક ૯૮

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Controller of Examinations in Gujarat University, was held on Monday, the 9th April, 1984 at 3-00 p.m. at the Office of Gujarat University, Ahmedabad–380 009. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Dr. M. N. Desai	Present
4.	Prin. B. M. Pirzada	Present
5.	Prin. M. C. Shah	Present
6.	Prof. U. A. Kapadia	Present
7.	Shri S. V. Shastri, Registrar	Present

The following Candidates were called for interview .

1.	Shri A. C. Chawda	Present
2.	Shri K. R. Joshi	Present
3.	Shri N. B. Patel	Absent

After interviewing the two candidates who remained present and considering their relative merits, the Committee found Shri K. R. Joshi suitable for the post of the Controller of Examinations and recommends him for appointment to that post.

K. S. Shastri
K. C. Parikh
M. N. Desai
B. M. Pirzada
M. C. Shah
U. A. Kapadia
S V. Shastri.

પરિશિષ્ટ "૫"
ક્રમાંક ૯૯

Gonfidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Assistant Registrar-cum–Personal Secretary to Vice-Chancellor, in Gujarat University, was held on Wednesday, the 11th April 1984, at 3–00 p.m. at the office of Gujarat University, Ahmedabad -380 009. Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof K. S. Shastri, Vice-Chancellor	Present
2.	Shri K. C. Parikh, Pro-Vice-Chancellor	Present
3.	Dr. M. N. Desai	Preseet
4.	Prin. B. M. Pirzada	Present
5.	Shri S. V. Shastri, Registrar	Present.

The following Candidates were called for interview :

1.	Shri B. T. Pathan	Present
2.	Shri K. V Pillai	Present
3.	Shri R. N. Pillai	Present
4	Shri V. Kalyana Sundaram	Present

After interviewing the candidates present and considering their respective merits, the Committee has found Shri B. T. Pathan suitable for the post of Assistant Registrar-Cum-Personal Secretary to the Vice-Chancellor and recommend him for appointment thereto.

K. S. Shastri
M. N. Desai
B. M. Pirzada
K. C. Parikh
S. V. Shastri

પરિશિષ્ટ " ફ "
કામકાજ ક્રમાંક ૧૦૪

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૨૨--૬--૧૯૮૪ ને શુક્રવારના રોજ બપોરના 3—30 કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. કે. સી. પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૫. શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૩૦--૫--૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવા બાબત :

ફાઇનાન્સ સમિતિની તા. ૩૦--૫--૧૯૮૪ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રંથાલયને ટપાલખર્ચ માટે રૂ. ૧૦૦ને બદલે રૂ. ૨૦૦/- પરમેનન્ટ ઍડવાન્સ આપવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયને ટપાલખર્ચ પેટે હાલ રૂ. ૧૦૦/- કાયમી ઍડવાન્સ આપવામાં આવે છે તે વધારીને રૂ. ૨૦૦(બસો રૂપિયા)નું કરવું.

૩. યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે ડિઝલ જીપ તથા ડિઝલ વાન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર માટે :

(૧) મહેન્દ્ર ઍન્ડ મહેન્દ્ર કંપનીના ડિઝલ જીપ નંગ એક નંબર એનસી ૬૭૧ ડીપી તેમના એજન્ટ મે. કામા મોટર્સ લિ, અમદાવાદ પાસેથી રૂ. ૧,૨૦,૮૮૦ (રૂપિયા એક લાખ વીસ હજાર અને આઠસો ઍંસી)ની કિંમતે તેમના તા. ૨૪--૫--૧૯૮૪ના પત્રમાં જણાવેલ શરતો મુજબ ખરીદવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૫થી ૧૮ની બેઠકવાળી ખરીદવાની કે તેથીયે મોટું વાહન (જેમાં મોબાઈલ યુનિટ રાખી શકાય) તેવી વ્યવસ્થા અંગેની શકયતા તપાસીને આગળની કાર્યવાહી કરવી

૪. વિજ્ઞાન વિદ્યાભવન માટે રસાયણો ખરીદવા માટે એસ. ડી. ફાઈન કેમ. પ્રા. લિ., મુંબઈ સાથે રેઈટ કૉન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે રસાયણો ખરીદવા માટે એસ. ડી. ફાઈન કેમ. પ્રા. લિ., મુંબઈ સાથે અધ્યક્ષશ્રીના તા. ૨૯–૫–૧૯૮૪ના પત્રમાં જણાવેલ શરતો મુજબ રેઈટ કૉન્ટ્રાક્ટ કરવો.

૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોનો નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટીના કૉમ્પ્યુટર વિભાગ માટે આઈ.બી.એમ. કંપની પાસેથી બે નંગ રોબ્રન ખરીદવા માટે રૂ. ૨,૧૦૦ (રૂપિયા બે હજાર પાંચસો) વત્તા અન્ય ખર્ચ જુદા ગણી ખરીદવા મંજૂરી આપી.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ આંફ મેનેજમેન્ટના કૉમ્પ્યુટરનો ઉપયોગ કરવા માટે રૂ. ૮,૦૦૦/ (રૂપિયા આઠ હજાર) સુધીના ખર્ચની મંજૂરી આપ્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત કાર્યનો નોંધ લેવો.

૬. યુનિવર્સિટી ગ્રંથાલય માટે સ્ટીલ રેન્ક ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય માટે આ સાથેના પરિશિષ્ટ "અ" (અહીં છાપ્યું નથી)માં બતાવ્યા પ્રમાણેના સ્ટીલ રેન્ક મે. કૃષ્ણ વિજય એગ્રિકલ્ચરલ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ વર્કસ, મહેસાણા પાસેથી ખરીદવાનું રાખવું. પણ આ અંગે રૂ. ૬૧,૦૦૦/- (રૂપિયા એકસઠ હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો અને નમૂનો જોઈતપાસીને તે મંજૂરી થયેથી ઓર્ડરો નંગ માટે ઑર્ડર મૂકવો.

(નોંધ. આ બાબતમાં હવે પછી ભાવવધારો આપવામાં આવશે નહિ તેમ સ્પષ્ટતા કરવામાં આવે છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

(.....)
કુલસચિવ વતી

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૧૦૫

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૧--૬--૧૯૮૪ને ગુરુવારના રોજ સાંજના ૪--૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી:

૧. કુલપતિશ્રી	હાજર
૨. ઉપકુલપતિશ્રી	હાજર
૩. શ્રી. પી. બી. પટેલ	હાજર
૪. શ્રી. એમ. સી. શાહ	હાજર
૫. ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૬. ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૭. શ્રી. દીપક નવનીતલાલ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૩--૫--૧૯૮૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૩--૫--૧૯૮૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેમ્પસમાં લેકચરર કવાર્ટર્સ ફ્લેટ ટાઇપમાં ડ્રોઇંગ તથા ડાઇનિંગ રૂમની વચ્ચે દીવાલમાં ફ્રીઝ માટે રાખવામાં આવેલા ગેપમાં શો કેસ કરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, લેકચરર કવાર્ટર્સ ફ્લેટ ટાઇપમાં દીવાનખાનામાં દીવાલના કોલામાં શો કેસ કરવાની માગણી સ્વીકારી શકાય તેમ નથી.

૩. યુનિવર્સિટીના 'સી' ટાઇપ કવાર્ટર્સ ફ્લેટમાં જરૂરી રીપેરિંગ કરાવવા અંગે કવાર્ટર્સના રહીશો તરફથી આવેલ તા. ૨૧--૪--૧૯૮૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'સી' ટાઇપ સ્ટાફ કવાર્ટર્સ (ફ્લેટ)ના રહીશો તરફથી કરવામાં આવેલ માગણીઓ પૈકી વૉટરપ્રૂફ સિમેન્ટ પેઇન્ટ બહારની બાજુએ કરવા માટે, પૉલિશ લાદીના વેયર શેડ, અને દરેક માળ પરના કુલ ફ્લેટ વચ્ચે એક સીડીના હિસાબે કુલ સીડી ૩ નંગ થઈને કુલ રૂ. ૧૦,૦૦૦નું ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કેમ્પસમાં સિન્ડરટ્રેક પાસે પેવેલિયન બાંધવાના કામ અંગે સ્થપતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસમાં પેવેલિયનના મકાનના બાંધકામ માટે સ્થપતિ તરીકે શ્રી. એટેલિયર તલાટીને સોંપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી કૅમ્પસમાં ગ્રંથાલયના બાંધકામ અંગે સ્થપતિની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કૅમ્પસમાં ગ્રંથાલયના (વિજ્ઞાન અને ટેકનોલોજી)ના મકાન માટે સ્થળ હાલના ગ્રંથાલયની બાજુમાં રાખવું. અને તે માટે સ્થપતિ તરીકે શ્રી. હસમુખ સી. પટેલની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કૅમ્પસમાં કૉમ્પ્યુટર સેન્ટરના મકાન બાંધકામ અંગે શ્રી. હસમુખ સી. પટેલની સ્થપતિ તરીકે નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કૉમ્પ્યુટર સેન્ટરના બાંધકામ અંગે સ્થપતિ તરીકે શ્રી. હસમુખ સી. પટેલની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૭. ગુરુ નાનક ભવનના મકાનમાં ઈલેકિટ્રકલ વાયરિંગના કામ માટેના કૉન્ટ્રાકટર મે. વોલ્ગા કૉર્પોરેશન તરફથી આવેલા તા. ૨૧–૫–૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુરુ નાનક ભવનનાં ઈલેકિટ્રક વાયરિંગના કામના કૉન્ટ્રાકટર વોલ્ગા કૉર્પોરેશનના ટેન્ડરમાં આઈટેમ ૧ (ઈ)માં છાપભૂલ સુધારીને ૧૫ એમ્પી. થ્રી પીન પ્લગમાં રૂ. ૧૨૦નો દર મંજૂર કરવો.

નીચેની બાબત પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી.

૮. નાનક ભવનમાં ટી.વી. સ્ટુડિયોમાં પી. વી. સી. ટાઈલ્સના ફ્લોરિંગ બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પી. વી. સી. ટાઈલ્સના ફ્લોરિંગ કરવાનું રાખવું. અને તે બાબત આ પ્રકારના કામ કરતી પેઢીને પાસેથી ભાવતાલ વગેરેની માહિતી મંગાવીને જરૂરી નિર્ણય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

પી. ડી. મિશ્રી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૧૦૬

યુનિવર્સિટીના શિક્ષકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી મેરિટ પ્રમોશન યોજના માટે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિની એક સભા ગુરુવાર, તા. ૨૧--૬--૧૯૮૪ના રોજ બપોરે ૧૨--૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૨. આચાર્ય ઓ. એમ. પીરઝાદા	ગેરહાજર
૩. શ્રી. નરહરિભાઈ પરીખ	હાજર
૪. શ્રી. એ. ટી. દેસાઈ	ગેરહાજર

સમિતિની ભલામણ પ્રમાણે યુનિવર્સિટીના શિક્ષકો પાસેથી બાયોડેટા મંગાવવામાં આવ્યા હતા અને સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

યુ. જી. સી.ની ગાઈડ લાઈન્સ અનુસાર જે તે વિભાગમાંથી શકય બઢતીનાં જગ્યાઓ વિષે વિચારણા કરી અને આ અંગે આગળની કાર્યવાહી કરવા યુનિવર્સિટીને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. એન. દેસાઈ

પરિશિષ્ટ " ૫ "
સામાન્ય ક્રમાંક ૧૦૭

The following shall be the minimum qualifications for the **post of a Professor** in the University :

1. (*a*) Bachelor's and Master's Degree in the Second Class in the subject.

OR

(*b*) Bachelor's and Master's Degree in the subject and having Ph.D. Degree in the subject.

OR

(*c*) Master's Degree in the subject from a foreign University.

and

2. (*a*) Must have successfully guided atleast two students for the Ph.D. Degree.

OR

(*b*) Published at least seven Research papers in the subject in reputed Journals.

OR

(*c*) Ph.D. Degree and atleast five Research papers in the subject in reputed for Journals and

3. 10 years of teaching experience at a Uni. or a College out of which 5 years experience at Post-graduate level.

The following shall be the minimum qualifications for the **Post of a Reader** in the University :

1. (*a*) Bachelor's & Master's Degree atleast with second class in the subject.

OR

(*b*) Bachelor's & Master's Degree in the subject and having Ph.D. Degree in the subject or Master's Degree in the subject from a foreign University.

and

2. Atleast five years' teaching experience, out of which atleast two years experience at post-graduate level.

and

3. Three research papers in the subject published in reputed journal.

OR

Successfully guided ten dissertations at Post-graduate level.

Qualifications for the teaching staff (Pharmacy) :

(1) **Lecturer :**

M.Pharm. with First Class.

OR

M.Pharm. with Second Class and atleast two years teaching/and or professional experience.

OR

Tutors/Demonstrators having M.Pharm. degree who are already engaged in an affiliated Pharmacy college and having teaching experience of atleast five years are deemed to be eligible for the post of a Lecturer.

(2) **Associate Professor of Reader :**

1. (*a*) Bachelor's Master's Degree in the Second Class in the subject.

OR

(*b*) Bachelor's & Master's Degree in the subject, and having Ph.D. Degree on a Master's Degree from a foreign University.

and

2. Atleast 10 years teaching experience in a Pharmacy College or a Pharmacy Institute.

(3) **Professor :**

(1) (*a*) Bachelor's and Master's Degree in the Second Class in the subject

OR

(*b*) Bachelor's and Master's Degree in the subject and having Ph.D. Degree or Master's Degree from a foreign University.

and

(2) Must have successfully guided atleast two students for the Ph.D. degree or published atleast Seven research papers in the subject in reputed journals.

and

(3) Atleast 15 years of teaching experience, out of which 7 years experience at post graduate level.

પરિશિષ્ટ "૫"
કામકાજ ક્રમાંક ૧૧૨

તા. ૨૫--૫--૧૯૮૪ના ઑર્ડે. પત્રાંક ૨૬૪૪૨ અનુસાર અમારી સમિતિએ બનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પાલનપુરની મકાનની ફેરબદલી અંગે તા. ૨--૬--૧૯૮૪ના રોજ મુલાકાત લીધી હતી.

અમારી મુલાકાત દરમિયાન અમે કૉલેજના ટ્રસ્ટી મંડળના અગ્રણી સભ્યો, આચાર્યશ્રી તથા ઉપસ્થિત અધ્યાપકોને મળ્યા હતા, તેમ જ કૉલેજ માટે બંધાઈ રહેલા નવા મકાનનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. અમારો અહેવાલ આ પ્રમાણે છે :

૧. ૯ એકર જમીનની વિશાળ ભૂમિ પર નવું મકાન તેના પ્લાન મુજબ, કૉલેજને છાજે તે રીતે તૈયાર થઈ રહ્યું છે. મુખ્ય મકાનનો ભોંયતળિયાનો ભાગ અને સાથેના વ્યાખ્યાન ખંડો તથા અન્ય સેનિટરી સુવિધાઓ એકાદ મહિનામાં ઉપયોગમાં લઈ શકાય તે રીતે તૈયાર થશે એમ લાગે છે.

૨. ટ્રસ્ટનો ખ્યાલ હાલ પૂરતું આર્ટ્સ ઍન્ડ કૉમર્સ વિભાગ નવા મકાનમાં ખસેડીને, ઉપરના પહેલો માળ બંધાવ્યા બાદ સાયન્સ વિભાગ નવા મકાનમાં લઈ જવાનો છે. આથી કૉલેજ, તેનું વર્તમાન ફર્નિચર તથા ઑફિસ ઇક્વિપમેન્ટ વગેરે સંપૂર્ણ રીતે નવા મકાનમાં ખસેડી શકશે નહિ તે જોતાં, નવા મકાનમાં આર્ટ્સ અને કૉમર્સના વિદ્યાર્થીઓ માટે તથા અધ્યાપક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે બેસવાની અને કામ કરવા માટેની પર્યાપ્ત સુવિધાઓનો પ્રશ્ન ઊભો થવા સંભવ છે.

૩. અધ્યાપકોના અને બિનશિક્ષક કર્મચારીઓનું પાછલું પી.એફ. reimburse કરવાનો પ્રશ્ન ઘણા લાંબા સમયથી ખેંચાતો આવે છે અને તે રકમ રૂ. ૨,૦૮,૦૦૦ જેટલી હોવાથી તે પ્રશ્ન ઘણો જ ગંભીર ગણી શકાય. બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ કે, જે આ કૉલેજ ચલાવે છે તેના ટ્રસ્ટી મંડળે સૂચિત રકમ ચારપાંચ વર્ષમાં પૂર્ણતયા ભરપાઈ કરી આપવા લેખિત ખાતરી આપી છે.

પરંતુ તેમાં જે સમયગાળો સૂચવ્યો છે તે ઘણો લાંબો હોઈ સ્વાભાવિક રીતે જ શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓને તે બાબત અંગે ઊંડી ચિંતા રહે.

આ સંદર્ભમાં આ સમિતિ કૉલેજને નીચેની શરતોએ નવા મકાનમાં ખસેડવાની સંમતિ આપવા યુનિવર્સિટીને ભલામણ કરે છે :

૧. એક વર્ષમાં અધ્યાપકોએ બિનશિક્ષક કર્મચારીઓની પી.એફ. સમગ્ર ઘટ ભરપાઈ કરવાની ટ્રસ્ટ ખાતરી આપે.

૨. મકાન ફેરબદલી દરમિયાન નવા મકાનમાં બેસનાર વિનયન અને વાણિજ્ય વિભાગ, શિક્ષક–બિન-શિક્ષક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ અને જૂના મકાનમાં ચાલુ રહેનાર વિજ્ઞાન વિભાગના શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓની સાનુકૂળતા જળવાય.

ઉજમશી કાપડિયા
ચિનુભાઈ નાયક

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક ૧૧૧

"સ્વ. શ્રી. જી. આર. નાનજિયા સ્કોલરશિપ"

દાતાનું નામ : સેક્રેટરી, નાનજિયા ચેરિટેબલ ટ્રસ્ટ,
તથા સરનામું : ૩૨/૨૧, ઈસ્ટ પટેલ નગર, નવી દિલ્હી ૧૧૦૦૦૮.
દાનની રકમ : રૂ. ૧૧,૦૦૦/-
દાનનો પ્રકાર : એક શિષ્યવૃત્તિ માટે,
દાનનો સ્વીકાર : યુનિવર્સિટી એકિઝકયુટિવ કાઉન્સિલ તા. ૧૨ ૧ ૧૯૮૪ની સભામાં બાબત ક્રમાંક ૧૮થી સાભાર સ્વીકાર કરવામાં આવ્યો છે.

નિયમો

૧. "સ્વ. શ્રી. જી. આર. નાનજિયા સ્કોલરશિપ" અંદાજે રૂ. ૧,૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પૂરા)ની વાર્ષિક આવકમાંથી પ્રત્યેક વર્ષે આ યુનિવર્સિટીના ઈજનેરી વિદ્યાશાખામાં કેમિકલ એન્જિનિયરિંગના પ્રથમ વર્ષના અભ્યાસક્રમમાં દાખલ થયેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીની તેમના વાલીની આવક સહિત કુલ વાર્ષિક આવક રૂ. ૭,૨૦૦/- (અંકે રૂપિયા સાત હજાર બસો પૂરા) સુધીના હોય તેવા વિદ્યાર્થીને આપવામાં આવશે.

૨. આ અંગે કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ વિદ્યાશાખાના ડીન, એકિઝકયુટિવ કાઉન્સિલના એક સભ્ય અને કોલેજના આચાર્યશ્રીની બનેલી સમિતિ નીમવીને શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગે જરૂરી નિર્ણય કરશે.

૩. સદરહુ શિષ્યવૃત્તિ પદવી પરીક્ષા સુધી એટલે કે ચાર વર્ષ સુધી ચાલુ રહેશે.

૪. સદરહુ શિષ્યવૃત્તિની વાર્ષિક આવક રૂ. ૧,૦૦૦ની રકમ સત્ર દીઠ રૂ. ૫૦૦/- પ્રમાણે ચૂકવવામાં આવશે, અને બીજા સત્રથી તે ચાલુ રાખવી એને માટે વિદ્યાર્થીએ આગલા સત્ર દરમિયાન સંતોષકારક અભ્યાસ અને સારી ચાલચલગત અંગેનું સંસ્થાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૫. સદરહુ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં અરજદારની જાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૬. શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલને વખતોવખત જે ફેરફાર કરવો આવશ્યક જણાશે તે ફેરફાર કરવાનો તેને અધિકાર રહેશે.

૭. આ દાનની વાર્ષિક આવકમાંથી વહીવટી ખર્ચ પેટે પાંચ ટકા જેટલી કપાત કરીને તે રકમ યુનિવર્સિટીના "જનરલ ફંડ"માં જમા લેવામાં આવશે.

૮. આ દાનની વાર્ષિક આવકમાંથી બાકી રહેતી બચત મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૨૮-૭-૧૯૮૪ના રોજ બપોરના ૧-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૮-૭-૧૯૮૪
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયા	હાજર.
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	ગેરહાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	ગેરહાજર
૧૮.	શ્રી. જિતેન્દ્ર ચિનુભાઈ શાહ	હાજર
૧૯.	પ્રા. હસમુખભાઈ પટેલ	ગેરહાજર
૨૦.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૨૧.	આચાર્ય બી. એમ. પીરજાદા	ગેરહાજર
૨૨.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૩.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર.

તા. ૨૮-૭-૧૯૮૪ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

૧. સભ્યોની હાજરી અંગેની નોંધમાં તા. ૨૮-૭-૧૯૮૪ ની સભામાં ક્રમાંક ૧૭— આચાર્ય આર. એચ. વ્યાસ અને ક્રમાંક ૨૧— આચાર્ય બી. એમ. પીરજાદાને સરતચૂકથી ગેરહાજર દર્શાવવામાં આવ્યા છે, તો તેમને હાજર દર્શાવવા.

૨. બાબત ક્રમાંક ૫૯ના ઠરાવ પછી બાબત ક્રમાંક ૫૯ (૧) તરીકે નીચે મુજબ ઉમેરો કરવો :

"ત્યાર બાદ સદરહુ બાબતના ઉપલક્ષ્યમાં સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા અધ્યાપકોની નિવૃત્તિવયના સંદર્ભમાં સત્ર દરમ્યાન શિક્ષણકાર્યનું સાતત્ય જાળવવાની જરૂરિયાતના પ્રશ્ન પર ચર્ચા થઈ.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના આચાર્યો/અધ્યક્ષો સહિત શિક્ષકો માટે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ, તેઓ પ્રથમ સત્રમાં નિવૃત્તિપાત્ર થતા હોય તો, તેમની નિવૃત્તિની તારીખ ૩૧મી ઓક્ટોબર રહેશે; અને તેઓ બીજા સત્રમાં નિવૃત્તિને પાત્ર થતા હોય તો તેમની નિવૃત્તિની તારીખ ૧૪મી જૂન રહેશે."

[એકિઝકયુટિવ કાઉન્સિલ : તા. ૧-૯-૧૯૮૪

૩૭૯-૪૦૦-૭-૮૪

એકિઝકયુટિવ કાઉન્સિલ

જુલાઈ માસની સભા : તા. ૨૮-૭-૧૯૮૪

૧. તા. ૨૩-૬-૧૯૮૪ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૩-૬-૧૯૮૪ ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાઓ સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૫૨ના ઠરાવના પાઠમાં દર્શાવેલ અનુસ્નાતક નિયમ ૩—એ ના પહેલા પેરાની ૮ મી લીટીમાં "45 per cent altott tol" એ છાપભૂલ છે તે "45 per cent of the total" પ્રમાણે વંચાય તેમ સુધારવું.

(૨) બાબત નં. ૫૨ના ઠરાવના પાઠમાં દર્શાવેલ અનુસ્નાતક નિયમ ૩—એના બીજા પેરાની ચોથી લીટીમાં "Studence" એ છાપભૂલ છે તે "Student" પ્રમાણે વંચાય તેમ સુધારવું.

(૩) બાબત નં. ૫૬ ૫૨ના ઠરાવની ચોથી લીટીમાં "લાગુ પાડવાનો સ્વીકાર કરવો" એ શબ્દોને બદલે "લાગુ પાડવો અને તેનો સ્વીકાર કરવો" એ શબ્દો મૂકવા.

(૪) બાબત નં. ૭૭ ૫૨ના ઠરાવને અંતે "(સદરહુ સમિતિની તા. ૭-૧૧-૧૯૮૪, તા. ૧૦-૫-૧૯૮૪, તા. ૨૨-૫-૧૯૮૪ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે)" એ શબ્દો ઉમેરવા અને તે પરિશિષ્ટ સામેલ કરવું.

(૫) બાબત નં. ૧૦૭ ના પરિશિષ્ટ "મ"ના પાના નં. ૧૦૫ માં યુનિવર્સિટી વિભાગના પ્રોફેસરોની નિયુક્તિ માટે ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેની કલમ-એ (૨) ની પેટાકલમ સી-પછી (d) તરીકે "or successfully guided fifteen dissertations at post-graduate level" શબ્દો ઉમેરવા.

(૬) બાબત નં. ૧૦૮ ના ઠરાવની પહેલી લીટીમાં "રાજ્ય સરકારના જી.આર" ને બદલે "૨૫ ટકા" મૂકવા.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં અનુસ્નાતક કક્ષાએ એમ.ડી. ૫ માં ડૉ. વિજય આર. શાહને આપેલ પ્રવેશની બાબતમાં ડૉ. અશોક એન. મોઢે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રૂપે. સિવિલ એપ્લિકેશન નં. ૩૧૬૯ દાખલ કરી છે તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તેને આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું ;

(૨) સને ૧૯૮૪-૮૫ના શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થી પ્રવેશ અંગેના પ્રશ્નોની વિચારણા માટે સમિતિ નીમ્યાનું અને તેની ભલામણ અનુસાર અમદાવાદ શહેર વિસ્તારની વિનયન અને વાણિજ્યની કૉલેજો તથા નડિયાદ શહેર વિસ્તારની વાણિજ્યની કૉલેજોમાં વિદ્યાર્થી પ્રવેશ અંગે ટ્રાન્ઝિટરી ઑર્ડિ. "એ" મંજૂર કર્યાનું;

(૩) ડિપ્લોમા ઇન ફોરેસ્ટ્રીનો અનુસ્નાતક અભ્યાસક્રમ જૂન, ૧૯૮૪ થી અમલમાં આવે છે. તેમાં પ્રવેશપાત્રતા અંગેનો નીચે મુજબ ઑર્ડિનાન્સ મંજૂર કર્યાનું :

O. Forestry 1 :

A candidate having passed B.Sc. Degree Examination of this (University, or an examination recognised as equivalent thereto; in First or Second Class with at least 55% of the total marks, with Botany or Zoology or Life Science or Agriculture Sciences, will be eligible for admission to Diploma in Forestry.

(૪) શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં અનુસ્નાતક કક્ષાએ પ્રવેશની બાબતમાં ડૉ. યોગેશ જે. દવેએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ રિટ-પિટિશન ક્રમાંક ૩૩૪૦ બાબતમાં ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

(૫) ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી.એસ.માં પ્રવેશની બાબતમાં ડૉ. સંગીતા એન. પટેલે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ રિટ-પિટિશન ક્રમાંક ૩૩૮૪ બાબતમાં ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૬) તબીબી વિદ્યાશાખાની તા. ૧૨-૬-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ મંજૂર રાખ્યાનું :

"૧૯૭૯ના વર્ષમાં એમ.બી.એસના અભ્યાસક્રમમાં જે સંખ્યામાં એડમિશન અપાયાં છે તે સંખ્યા જોતાં, ૧૯૭૯માં પહેલી એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ માટે જાન્યુઆરી ૧૯૮૫માં અનુસ્નાતક પદવીના અભ્યાસક્રમના પ્રવેશ માટે દરેક પી.જી. ટીચર (પૂરા પી.જી. ટીચર) દીઠ એક સુપરન્યુમરી વિદ્યાર્થી પ્રવેશપાત્ર ગણવા વધારાની જગ્યા માટે માન્યતા આપવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

(૭) યુનિવર્સિટીના શિક્ષક તેમજ બિનશિક્ષક કર્મચારીઓને શૈક્ષણિક વર્ષ ૧૯૮૪-૮૫ માટે રૂ. ૬૦૦ અથવા બે મૂળ પગાર બન્નેમાંથી જે ઓછી રકમ હોય તે ૧૦ સરખા હપતામાં વસૂલ થાય તે ઍજ્યુકેશન લોન તરીકે મંજૂર કર્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. બી. જે. મેડિકલ કૉલેજ ઍન્ડ એમ. પી. એસ. હૉસ્પિટલ, અમદાવાદના ડૉ. એમ. ટી. ભાટિયા, પ્રોફેસર ઑફ્ એનેસ્થેસિયાને ૨૨ થી ૨૭ જાન્યુઆરી ૧૯૮૪માં મનીલા—ફિલિપાઇન્સ ખાતે મળેલ વર્લ્ડ કૉંગ્રેસ ઑફ્ એનેસ્થેસિયોલોજી કૉન્ફરન્સમાં હાજરી આપવા જવા માટે થનાર કુલ ખર્ચના ૫૦ ટકા મુજબની "ઑન એકાઉન્ટ ગ્રાન્ટ" રૂ. ૧૧,૫૬૩ (અગિયાર હજાર પાંચસો ત્રેસઠ)ની ટ્રાવેલ ગ્રાન્ટ યુ.જી.સી.એ તેના તા. ૧૨-૬-૧૯૮૪ના પત્રાંક એફ્. ૨૧-૪-૮૩ (બી.૩) થી મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૮—૬—૧૯૮૪ના પત્રાંક એફ્. ૨૪—૯—૧૯૮૪ (સી.ઇ.૨) થી સ્પેશિયલ શૉર્ટ ટર્મ ઇન્સ્ટિટ્યૂટ-કમ-વર્કશૉપ ઇન ઇંગ્લિશ-લૅંગ્વેજ ટીચિંગ મેથડ્સ ઍન્ડ મટીરિયલ્સ યોજના માટે કુલ રૂ. ૫૯,૫૦૦ (રૂપિયા ઓગણસાઇઠ હજાર પાંચસો)ની આર્થિક સહાય મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૮—૬—૧૯૮૪ના પત્રાંક એફ્-૯-૨-૮૪ (સી.ઇ.-૨) થી "રીફ્રેશર કોર્સ ઇન મૉર્ડન ઍનાલિટિકલ કેમિસ્ટ્રી" યોજવા માટે કુલ ૭૩,૦૮૦ (રૂપિયા તોતેર હજાર એંશી)ની આર્થિક સહાય મંજૂર કરેલ છે તેની નોંધ લવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૬—૬—૧૯૮૪ના પત્રાંક એફ્-૨૪-૨-૮૪ (સી.ઇ-૨)થી "શૉર્ટ ટર્મ ઇન્સ્ટિટ્યૂટ ફૉર લિટરેચર ક્રિટિસિઝમ થિયરી ઍન્ડ ટેક્નિક્સ" યોજવા માટે કુલ રૂ. ૪૭,૦૪૦ (રૂપિયા સુડતાલીસ હજાર ચાલીસ) ની આર્થિક સહાય મંજૂર કરેલ છે તેની નોંધ લવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭. ૧૯૮૪-૮૫ના વર્ષ દરમ્યાન "ડિઝર્ટેશન ગાઇડન્સ ઍટ હાયર ઍજ્યુકેશન લેવલ" માટે રીફ્રેશર કોર્સ યોજવા યુ.જી.સી.એ તેના તા. ૨૦-૬-૧૯૮૪ના પત્રાંક એફ્. ૮-૨-૧૯૮૪ના (સી.ઇ.૨)થી કુલ રૂ. ૩૬,૪૦૦ (રૂપિયા છત્રીસ હજાર ચારસો)ની આર્થિક સહાય મંજૂર કરી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૦-૬-૧૯૮૪ ના પત્રાંક એફ્-૨૫-૨૫/૮૪ (સી.ઇ-૨) થી ઑક્ટોબર-નવેમ્બર-૧૯૮૪ દરમ્યાન ઍડવાન્સ લેવલ સમર ઇન્સ્ટિટ્યૂટ ઇન મલ્ટિવેરિયેટ ઍનાલિસિસ" યોજવા માટે કુલ રૂ. ૯૨,૯૩૫ (રૂપિયા બાણું હજાર નવસો પાંત્રીસ)ની આર્થિક સહાય મંજૂર કરેલ છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૯. બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોના (ગુજરાત લૉ સોસાયટી સંચાલિત કૉલેજો સિવાયની) શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના ભવિષ્યનિધિના નાણાંનો હિસાબ સરકાર હસ્તક રાખવા બાબતમાં સંયુક્ત ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના તા. ૧૯-૬-૧૯૮૪ના પરિપત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સંયુક્ત ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના તા. ૧૯-૬-૧૯૮૪ ના પરિપત્રની નોંધ લેવી. પરંતુ આ બાબતમાં રાજ્ય સરકારશ્રી સમક્ષ ઘટતી રજૂઆત કરવાનું રાખવું.

(સદરહુ પરિપત્રની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૧૦. ધારાશાસ્ત્ર ભવનના એક વિદ્યાર્થી શ્રી એ. ડી. પેડીવાલે ઇ.બી.સી. સ્કૉલરશિપની બાબતમાં નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કરેલ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૮૬૧-૮૩ ના સંદર્ભમાં નામદાર કોર્ટે રાજ્ય સરકાર તેના મર્યાદિત નાણાકીય સાધનોનો યોગ્ય ઉપયોગ થઈ શકે તે માટે અનુસ્નાતક વિદ્યાર્થીને માટે ઇ.બી.સી.ની ફી માટે પ્રથમ વર્ગનું ધોરણ મૂકે તો તે ભેદભાવ કહી શકાય નહીં તેવો ચુકાદો આપી સદરહુ અરજી કાઢી નાંખેલ છે, તે અંગેની નોંધ લેવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૮૪ થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા વધારાના જોડાણ માટે કરેલી અરજી પાછી ખેંચી લેવાઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. ૧૯૮૪-૮૫ના વર્ષ માટે ધારાશાસ્ત્ર વિદ્યાભવન ખાતે ફર્નિચરના હેડ હેઠળ રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ની રકમની બજેટ-જોગવાઈ કરવા બાબત.

(નોંધ.—૧૯૮૪—૮૫ના વર્ષમાં ધારાશાસ્ત્ર ભવન ખાતે રૂ. ૫૦૦૦-૦૦ ની હાલ બજેટ જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્ર વિદ્યાભવન ખાતે ફર્નિચરના હેડ હેઠળ ૧૯૮૪-૮૫ના વર્ષ માટે રૂ. ૫૦,૦૦૦/— (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ની રકમની બજેટમાં જોગવાઈ કરવી.

૧૩. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ પગારધોરણમાં જે તે તારીખથી કાર્યક્ષમતા અંતરાય (એફિસિયન્સી બાર) ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ તથા હોદ્દો	પગારધોરણ	મૂળ માસિક પગાર	કઈ તારીખથી
(૧)	શ્રીમતી અંજલિ ડી. મહેતા (પ્લેસમેન્ટ ઑફિસર, બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનજમેન્ટ)	રૂ ૧૧૦૦-૫૦-૧૩૦૦ ઈબી. ૬૦-૧૬૦૦	રૂ. ૧,૩૦૦	તા. ૨-૭-૧૯૮૪થી
(૨)	શ્રી. જી. એસ. પારેટ (વાયરમેન, વિજ્ઞાનભવન અમદાવાદ)	રૂ. ૩૫૦-૧૨-૪૧૦ ઈબી. ૧૨-૪૭૦— ઈબી. ૬૫-૫૬૦	રૂ. ૪૭૦-૦૦	તા. ૫-૧૦-૧૯૮૪થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્લેસમેન્ટ ઑફિસર તરીકે કામ કરતાં ડૉ. શ્રીમતી અંજલિ ડી. મહેતાને રૂ. ૧૧૦૦-૫૦-૧૩૦૦-ઈબી-૬૦-૧૬૦૦ ના પગારધોરણમાં રૂ. ૧૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૨-૭-૧૯૮૪થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં વાયરમેન તરીકે કામ કરતા શ્રી. જી. એસ. બારોટને રૂ. ૩૫૦-૧૨-૪૧૦-ઈબી-૧૨-૪૭૦-ઈબી-૫૬૦ના પગારધોરણમાં રૂ. ૪૭૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવાની તેમની મુદત ત્રણ માસ માટે લંબાવવી અને તેમને એ દરમ્યાન તેમની કામગીરી સુધારવા માટે જણાવવું.

૧૪. યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો એક વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ, તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. કેદાર પી. ભટ્ટ	જુ. પ્રોગ્રામર	તા. ૨૬-૮-૧૯૮૪	તા. ૨૭-૭-૧૯૮૪થી
૨.	શ્રી. ડી. જે. દેવરાણિયા	,,	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરમાં જુ. પ્રોગ્રામર તરીકે કામ કરતા શ્રી કેદાર. પી. ભટ્ટને તથા શ્રી ડી. જે. દેવરાણિયાને તા. ૨૭-૭-૧૯૮૪થી કાયમ કરવા.

૧૫. ભાષા–સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન સંસ્કૃત તરીકે કામ કરતા ડૉ. એલ. વી. જોશીના બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૮૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૮૪ થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ભાષા–સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન સંસ્કૃત તરીકે કામ કરતા ડૉ. એલ. વી. જોશીને તા. ૧૫–૬–૧૯૮૪થી કાયમ કરવા.

૧૬. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન સોશિયોલોજી તરીકે કામ કરતા શ્રી. એસ. એચ. ગઢવીના બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૭-૭-૧૯૮૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૮–૭–૧૯૮૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઈન સોશિયોલોજી તરીકે કામ કરતા શ્રી. એસ. એચ. ગઢવીને તા. ૨૮–૭–૧૯૮૪થી કાયમ કરવા.

૧૭. યુનિવર્સિટી કૉમ્પ્યુટર સેન્ટરમાં ટેકનિકલ આસિ. તરીકે કામ કરતાં કુ. નીના એમ. શાહનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૬-૭-૧૯૮૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૭-૭-૧૯૮૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કૉમ્પ્યુટર સેન્ટરમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતાં કુ. નીના એમ. શાહને તા. ૨૭—૭—૧૯૮૪થી કાયમ કરવાં.

૧૮. કૉલેજ ઑફ એજ્યુકેશન, કરામલીમાં પ્રવેશ આપવામાં ગેરવાજબી રીતે લીધેલી રકમ અંગેના આક્ષેપની યથાર્થતા તપાસવા માટેની બાબત આ કાઉન્સિલની તા. ૧૨-૧-૧૯૮૪ની સભામાં થયેલા ઠરાવને અનુલક્ષીને, સી.બી.આઈ.ને સોપવામાં આવી હતી. તે બાબતમાં સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ, અમદાવાદ તરફથી આવેલા પત્રના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ, અમદાવાદના તા. ૧૭ અને ૧૮-૫-૮૪ના પત્રમાં જણાવેલ હકીકતના સંદર્ભમાં સદરહુ બાબત અંગે તપાસનું કામ સ્ટેટ સી. આઈ.ડી.ને સોંપવાનું રાખવું.

(સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૯. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં જે ચોથા વર્ગના કર્મચારીઓ કલાર્ક તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેને બઢતી આપી કલાર્ક બનાવવા તેમજ ટાઈપકામ જાણતા ચોથા વર્ગના કર્મચારીને ટાઈપિસ્ટ બનાવવા અને જ્યારે કૉલેજમાં જગ્યા ભરવાની થાય ત્યારે પ્રથમ ચોથા વર્ગના કર્મચારીને સમાવવા અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના પ્રમુખશ્રીએ તેમના તા. ૩-૭-૧૯૮૪ના પત્રથી કરેલી વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં કલાર્ક તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેવા ચોથા વર્ગના કર્મચારીઓમાંથી બઢતી આપીને જ્યારે જગ્યા ખાલી પડે ત્યારે ૨૫ ટકા જગ્યા ભરવી તેમજ ટાઈપિંગનું કામ જાણતા ચોથા વર્ગના કર્મચારીઓને ટાઇપિસ્ટની જગ્યા ખાલી પડે ત્યારે ૨૫ ટકાના ધોરણે ટાઈપિસ્ટ તરીકે નીમી જગ્યા પૂરવા યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓને જાણ કરવાનું રાખવું.

૨૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) જૂન ૧૯૮૪થી પ્રથમ વર્ષ બી.એસસી. અને દ્વિતીય વર્ષ બી.એસસી. કક્ષાએ કૉમ્પ્યુટર સાયન્સનો પ્રશ્નપત્ર મરજિયાત ધોરણે દાખલ કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તારીખ ૨૨—૬—૧૯૮૪થી સભામાં મંજૂર કર્યું છે તેના ઉપલક્ષ્યમાં નીચે પ્રમાણે કૉલેજોને જણાવ્યાનું :

(અ) કૉલેજો ૩૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપે નહિ.

(૫) વિદ્યાર્થી બૅચ ૭ થી વધુ હોવી જોઈએ નહિ.

(૬) અધ્યાપકની લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે રહેશે :

1. A person holding Master's Degree in Second Class and having necessary training in Programming shall be deemed to be qualified to teach this subject.

OR

2. B.E. (Second Class) with Computer Science.

(૭) સત્ર દીઠ રૂા. 300/- ફી લેવામાં આવે.

(૮) આ અભ્યાસક્રમ માટે નીચે જણાવેલ કૉલેજોને ઍડહોક ધોરણે મંજૂરી આપી છે.

(૧) શેઠ આર. એ. ભવન્સ કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
(૨) જે. ઍન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ
(૩) સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.

(૨) જૂન ૧૯૮૪થી દ્વિતીય વર્ષ બી.એસસી. તથા તૃતીય વર્ષ બી.એસસી.માં ઈલેકટ્રોનિકસ (ઍન્ટાયર) વિષય દાખલ કરવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨–૬–૧૯૮૪ની સભામાં ઠરાવ્યું છે તેના ઉપલક્ષ્યમાં નીચે પ્રમાણે કૉલેજોને જણાવ્યાનું :

(અ) પ્રાયોગિક કાર્ય માટે ૧૦ વિદ્યાર્થીઓની બૅચ રાખવી.

(બ) ૨૦ થી વધુ વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ માટે દાખલ કરવા નહિ.

(ક) આ અભ્યાસક્રમ માટે નીચેની કૉલેજોને ઍડહોક ધોરણે મંજૂરી આપી છે :

(૧) અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ.
(૨) શેઠ આર. એ. ભવન્સ ઑફ સાયન્સ, અમદાવાદ.
(૩) એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા.
(૪) આર્ટસ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ.

(૩) જૂન ૧૯૮૪થી પ્રથમ વર્ષ બી.કૉમ. અને દ્વિતીય વર્ષ બી.કૉમ. કક્ષાએ કૉમ્પ્યુટર સાયન્સનો ગૌણ વિષયનો અભ્યાસક્રમ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨–૬–૧૯૮૪ની સભામાં મંજૂર કર્યા છે તેના ઉપલક્ષ્યમાં નીચે મુજબ કૉલેજોને જણાવ્યાનું :

(ક) અધ્યાપકની લાયકાતનાં ધોરણો નીચે મુજબ રહેશે:

1. A person holding Master's Degree in Second Class and having necessary training in programming shall be deemed to be qualified to teach this subject.

OR

2. Graduate and Five Years' experience in Data processing.

OR

3. Graduate and Diploma in Computer Science with 3 Years' experience in Data processing.

(ખ) સત્ર દીઠ રૂ. ૩૦૦/– ફી લેવામાં આવે.

(ગ) આ અભ્યાસક્રમ માટે નીચેની કૉલેજોને ઍડહૉક ધોરણે મંજૂરી આપી છે :

૧. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.
૨. ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટટ્યૂટ ઑફ કૉમર્સ, નડિયાદ.
૩. એલ. જે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
૪. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.
૫. વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
૬. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
૭. ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર.
૮. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.
૯. બી. પી. ભટ્ટભટ્ટ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા.
૧૦. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ.

(૪) ડિફેન્સ સ્ટડીઝના અભ્યાસક્રમનાં જુદાં જુદાં પ્રશ્નપત્રો શીખવવા માટે નીચે પ્રમાણે તજ્ઞ અધ્યાપકની મદદ લેવાનું :

		F.Y.B.A.	
Q. Paper I	1.	Military Geography	M.A. with Geography.
	2.	Organization of Indian Armed forces.	M.A. with Political Science *or* M.A. with History.
		S.Y.B.A.	
	3.	Indian Military History	M.A. with History *or* Political Science
	4.	Western Military History	,,
	5.	National Security.	,,
		T.Y.B.A.	
	6.	Problem of war and peace	M.A. with Politics *or* History *or* Economics *or* Psychology.
	7.	Modern Warfare	,,
	8.	Principles of war and/or organization of Armed Forces.	,,
	9.	Defence Mechanism & Modern State.	,,
	10.	Special Studies of Modern War.	,,

11. Military Psychology and Area study. M.A. with Psychology or Politics.

(૨) સેકન્ડ એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થી શ્રી મયુર બી. શાહે તેમનું સત્ર મંજૂર કરવા અંગે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં રિટ અરજી કરી હોઈ યુનિવર્સિટી તરફથી એડવોકેટ તરીકે શ્રી સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે આનુષંગિક ખર્ચ મંજૂર રાખ્યાનું;

(૩) મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદને માન્યતા માટેની શરતોના પરિપાલનને અનુલક્ષીને ૯(૧) વૈદિક સાયન્સીસ અને (૨) વૈદિક ફિલોસોફીમાં પી.એચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય કરવા માટે તા. ૧૫-૬-૧૯૮૪થી તા. ૧૪-૬-૧૯૮૫ સુધીની માન્યતા ચાલુ રાખવા માટે મંજૂરી આપવાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૨૧. યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમની સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મકાન મરામત/ખરીદવા માટે તેઓના પ્રોવિડંટ ફંડ ભંડોળમાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	લોનની રકમ	અગાઉ લોન લીધી હોય તો-હા કે ના	કારણ
૧.	શ્રી આર. જે. ઝાલા	૨૨,૫૦૦	ના. જી.	સ્વતંત્ર પ્લોટ પર મકાનનું બાંધકામ કરવા.

આથી કરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોક્ત કર્મચારીને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેમના નામ સામે જણાવેલ રકમની લોન યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવી.

૨૨. કાયદાની વિદ્યાશાખામાં પાંચ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશની જોગવાઈ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાના શિડયુલ ૩ના સ્ટેટયૂટ-૨ માં નીચે મુજબ ઉમેરો કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૬-૧૯૮૪ની સભામાં ભલામણ કરી છે તે પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૧૪).

(E) તરીકે નીચેની કંડિકા ઉમેરવા અંગે :

"For admission to the First Year of Five Years Law Course a candidate should have passed the Higher Secondary School Certificate conducted by the Gujarat Secondary Education Board or an examination considered by the University as equivalent there to has obtained 45 per cent marks in the aggregate in the qualifying examination for admission provided that in

case of students belonging to Scheduled caste and Scheduled tribe, a relaxation of marks upto 5% in the qualifying examination may be given."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨–૬–૧૯૮૪ની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ગુજરાત યુનિવર્સિટી ધારાના શિડયુલ–૩ ના સ્ટેચ્યૂટ–૨ માં ઉપર જણાવ્યા મુજબની કંડિકા ઉમેરવાનું રાખવું.

૨૩. તબીબી વિદ્યાશાખાની તા. ૧૨–૬–૧૯૮૪ની સભાની ભલામણ મુજબ ડિપ્લોમા ઇન ફોરેન્સિક મેડિસિન (ડી.એફ.એમ.) તબીબી વિદ્યાશાખા હેઠળ સ્થાપવા અને તે માટે સ્ટે. ૧૭૮માં ઉમેરો કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨–૬–૧૯૮૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકે. કાઉ. બા. ક્ર. ૨૮)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨–૬–૧૯૮૪ની ભલામણો મંજૂર રાખવી.

(સદરહુ સમિતિની તા. ૨૨–૬–૧૯૮૪ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૪. એમ.ડી. અને એમ.એસ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા બાબતમાં રેગ્યુલેશન બદલવામાં આવ્યા છે. તેના સંદર્ભમાં ઓર્ડિ. એમ.ડી. ૧૦ અને ઓર્ડિ. એમ.એસ. ૯ ૨૬ કરવા તબીબી વિદ્યાશાખાની તા. ૧૨–૬–૧૯૮૪ની સભાની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨–૬–૧૯૮૪ની સભામાં મંજૂર કરી છે, તે પર વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બા. ૨૭).

ઓર્ડિ. એમ.ડી. ૧૦, ઓ ઓર્ડિ. એમ.એસ. ૯ નીચે મુજબ છે :

O. M D.—10 :

Notwithstanding anything contained in the above rules, persons who are teaching in a affiliated college continuously for five years may be allowed to appear in the M.D. Examination in the same branch in which they are teaching provided that they have submited a dissertation through the Head of Department and the Head of the teaching Institution according to the above rules, without filling up any terms, if they have registered themselves at least one year before appearing in the examination.

O. M.S.—9 :

Notwithstanding anything contained in the above rules, persons who are teaching in an affiliated college, continuously for five years may be allowed to appear in the M.S. Examination in the same branch in which they are teaching provided that they have submitted a dissertation through the Head

of Dopartment and the Head of the teaching Institution according to the above rules,w ithout filling up any terms. if they have registered themselves at least one year before appearing in the examination.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવ્યા પ્રમાણેના ઑર્ડિ. એમ. ડી.—૧૦ અને ઑર્ડિ. એમ.એસ. ૯ ૨૬ કરવા બાબતની તબીબી વિદ્યાશાખાની એકેડેમિક કાઉન્સિલે સ્વીકારેલ ભલામણ અન્વયે સદરહુ ઑર્ડિનન્સો તાત્કાલિક ૨૬ કરવા.

૨૫. "ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફરમેશન બ્યૂરો"ની રચના અંગેના ઑર્ડિનાન્સ-૪૧ અન્વયે, તા. ૮-૯-૧૯૮૪થી ત્રણ વર્ષના સમય માટે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**— હાલમાં આ સમિતિ ઉપરના હોદ્દાની રૂએ કુલપતિશ્રી તેમજ ઉપકુલપતિશ્રી સભ્યો છે અને આ ઉપરાંત નીચેના સભ્યો એકેડેમિક કાઉન્સિલે નીમેલા છે :

૧. ડૉ. વી. સી. શાહ

૨. પ્રિ. સી. એલ. શાસ્ત્રી

૩. પ્રિ. પી. આર. દેસાઇ

૪. ડૉ. એસ. જે. દામાણી.)

આથી ઠરાવવામાં આવે છે કે "ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો"ની રચના અંગેના ઑર્ડિ. ૪૧ અન્વયે તા. ૮—૯—૧૯૮૪થી ત્રણ વર્ષના સમય માટે સભ્યોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૬. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૬-૫-૧૯૮૪ની સભાની ભલામણ પર વિચારણા કરી અભ્યાસક્રમને અનુલક્ષીને સૂચવેલા લૉ ઑર્ડિ. ૧, ૨ અને ૩ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૬-૧૯૮૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકે. કા. બા. ક્ર. ૧૬)

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨—૬—૧૯૮૪ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨—૬—૧૯૮૪ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૨૭. તબીબી વિદ્યાશાખાની ભલામણ મુજબ–

(૧) ઑર્ડિ. એમ.ડી. ૧ માં બ્રાન્ચ ૧૪ ફૉરેન્સિક મેડિસિન ઉમેરવા તથા

(૨) ડિપ્લોમા ઇન ફૉરેન્સિક મેડિસિનના અભ્યાસક્રમોને લગતા ઑર્ડિ. ૩૮૦, ૩૮૦-એ અને ૩૮૦-બી મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨-૬-૧૯૮૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ. કા. બા. ક્ર. ૨૮).

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૨–૬–૧૯૮૪ની સભાની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨–૬–૧૯૮૪ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૮. ફોટોગ્રાફીનો અભ્યાસક્રમ તૈયાર કરી અહેવાલ રજૂ કરવા માટે નીમેલ સમિતિની તા. ૧૭-૨-૧૯૮૪ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરી ડિપ્લોમા ઇન સિનેફોટોગ્રાફીનો અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨-૬-૧૯૮૪ની સભામાં મંજૂર કર્યા છે અને સમિતિની તા. ૧૬-૧૨-૧૯૮૩ની સભાએ તૈયાર કરેલ (૧) અભ્યાસક્રમને લગતાં જરૂરી સાધનોની યાદી અને (૨) પ્રવેશ અંગેના નિયમો, અંદાજી ખર્ચ, વિદ્યાર્થી સંખ્યા, જરૂરી કર્મચારીગણ, મકાન વગેરે અંગેની ભલામણ મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત (એકે. કાઉ. બાબત-૭).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૯. ૧૯૮૪-૮૫ દરમ્યાન 'વર્કશોપ અને મની ઍન્ડ પબ્લિક ફાઇનાન્સ' યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨-૭-૧૯૮૪ના પત્રાંક એફ. ૨૨-૬-૧૯૮૩ (એચ. આર.-૨) થી કુલ રૂ. ૫૪,૪૦૮/ (રૂપિયા ચોપન હજાર ચારસો)ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૦. યુનિવર્સિટીમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ ૩ તરીકે કામ કરતા શ્રી. બિપિન એન. પટેલને તા. ૨૯-૮-૧૯૮૪થી રૂ. ૩૫૦-૨૦-૪૫૦-ઇબી-૨૫-૫૦૦ના પગારધોરણમાં તા. ૨૮-૮-૧૯૮૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩ તરીકે કામ કરતા શ્રી. બિપિન એન. પટેલને રૂ. ૩૫૦-૨૦-૪૫૦-ઈ.બી.-૨૫-૫૦૦ના પગારધોરણમાં તા. ૨૯–૮–૧૯૮૪થી કાયમ કરવા.

૩૧. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિ. ૭ ની કલમ VI અને VII અન્વયે અનુક્રમે ત્રણેય વિભાગોમાંથી (ઉત્તર-દક્ષિણ અને અમદાવાદ વિભાગ) એક એક વ્યાયામ શિક્ષક અને એક એક વિદ્યાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તેમજ પ્રાશ્નિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૦—૬—૧૯૮૪, ૨૧-૬-૧૯૮૪, ૨૮-૬-૧૯૮૪, ૨૯-૬-૧૯૮૪, ૩૦-૬-૧૯૮૪, ૫-૭-૧૯૮૪, તા. ૬—૯—૧૯૮૪, ૭-૭-૧૯૮૪, ૧૨-૭-૧૯૮૪, ૧૩-૭-૧૯૮૪, ૧૯-૭-૧૯૮૪, ૨૦-૭-૧૯૮૪ ૨૧-૭-૧૯૮૪ અને ૨૫-૭-૧૯૮૪ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા શુદ્ધિ સમિતિની તા. ૨૦—૬—૧૯૮૪, તા. ૨૧—૬—૧૯૮૪, તા. ૨૮—૬—૧૯૮૪, તા. ૨૯-૬-૧૯૮૪, તા. ૩૦-૬-૧૯૮૪, તા. ૫-૭-૧૯૮૪, તા. ૬-૭-૧૯૮૪, તા. ૭—૭—૧૯૮૪, તા. ૧૨—૭—૧૯૮૪, તા. ૧૩-૭-૧૯૮૪ તા. ૧૯-૭-૧૯૮૪, તા. ૨૦-૭-૧૯૮૪, તા. ૨૧-૭-૧૯૮૪ અને તા. ૨૫-૭-૧૯૮૪ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ઉપરોક્ત સભાઓની કાર્યવાહીની નોંધની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન છઠ્ઠી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકગણની મંજૂર કરેલી પ્રોફેસર, રીડર અને લેકચરરની જગ્યાઓ માટે અનુક્રમે પરિશિષ્ટ અ, બ, ક માટે વરણી સમિતિઓની રચનાઓ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી વરણી સમિતિઓની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્રના રીડર ડૉ. પી. એન. શેઠને ડી. પી. આર. ઑફ કાર્યની શૈક્ષણિક મુલાકાત લેવા માટેની તારીખો જે અગાઉ તા. ૧૫ જૂનથી જુલાઈ ૧૫, ૧૯૮૪ જણાવેલ હતી તેને બદલે ડૉ. શેઠ તા. ૨૩ જુલાઈથી તા. ૨૩ ઑગસ્ટ ૧૯૮૪ના સમય માટે મુલાકાતે જવાનું થયું હોવાથી તે તારીખોના ફેરફારની મંજૂરી આપવાનું;

(૩) "સ્વ. શ્રી. કીર્તિકુમાર પારધી સ્મૃતિચંદ્રક"માં દાતાનું નામ તથા સરનામું :

ડૉ. અજય એચ. પારધી
કેર ઑફ : શ્રી. હરિપ્રસાદ પારધી અને પરિવાર
ડૉ. અજય એચ. પારધી,
4217, A Cebar Creek Circle,
Montegomery, Alabama,
26106, U.S.A.

—એ પ્રમાણે વંચાય છે, તેને બદલે નીચે પ્રમાણે વંચાય તેમ ફેરફાર કરવાનું :

દાતાનું નામ તથા સરનામું : શ્રી. હરિપ્રસાદ પારધી અને પરિવાર
કેર ઑફ : ડૉ. અજય એચ. પારધી,
4217, A Cebar Creek Circle,
Montegomery, Alabama,
26106, U.S.A.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનું કાર્ય (જાણ સારુ) :

યુનિવર્સિટી (એસ્ટેટ વિભાગ)ના નાયબ એન્જિનિયર (ઇલેક્ટ્રિકલ) શ્રી. જે. સી. પટેલને ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં સાંજનો એમ.બી એ.નો અભ્યાસ કરવા અંગેની સને ૧૯૮૪—૮૫ની રૂ. ૩,૦૦૦ની ફી બાર સરખા હપતામાં વસૂલ થાય તે પ્રકારની વ્યાજમુક્ત લોન આપ્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩૬. કૅપિટલ યુટિલાઇઝેશન ઍન્ડ ક્રેડિટ ઍબિલિટી ઇન ઇન્ડિયન લીડિંગ ઇન્ડસ્ટ્રીઝ પર સમાજવિદ્યા ભવનમાં સંશોધન કામ કરતાં મિસ હીના કે. ઓઝાને "ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, ન્યૂ દિલ્હીએ તેના તા. ૧૭-૪-૧૯૮૪ના પત્રાંક એફ ૫-૫૯ ૧૯૮૧-૮૨ ફૅલ. થી રૂ. ૩૮૦૦-૦૦ (રૂપિયા ત્રણ હજાર આઠસો)ની ફેલ્લોશીપ ગ્રાન્ટ ઇન એઇડ મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૩૭. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૬-૭-૧૯૮૪ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૨૬—૭—૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૬—૭—૧૯૮૪ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમના નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	શિક્ષકનું નામ	બે વર્ષનો અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. પી. બી. પટેલ	તા. ૧૪–૬–૧૯૮૪	તા. ૧૫–૬–૧૯૮૪

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. બી. પટેલની કામગીરી અંગેનો ખાનગી હેવાલ તેમના વિભાગના વડા મારફત આવ્યેથી તેમને કાયમ કરવાની બાબતમાં સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩૯. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૮૫થી બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં જણાવેલ સમયમર્યાદા કરતાં મોડી આવી છે; પરંતુ સદરહુ કલમની જોગવાઈ મુજબ વિદ્યાર્થીઓને વિષયનું વૈવિધ્ય મળે તે હેતુથી તે પર કાર્યવાહી હાથ ધરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં જૂન ૧૯૮૫થી બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી સમય-મર્યાદા કરતાં મોડી આવેલ હોવા છતાં વિદ્યાર્થીઓને વિષયોનું વૈવિધ્ય મળે તે હેતુથી કરેલી કુલપતિશ્રીની ભલામણ સ્વીકારવી અને આ બાબતમાં જરૂરી સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા તરફથી જૂન ૧૯૮૫થી બી.એ. (મુખ્ય)માં ગુજરાતી અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રની પદ્ધતિઓ, ઇતિહાસ, સંસ્કૃત; બી.કૉમ. (મુખ્ય)માં એડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. એડ. બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં જણાવેલ સમયમર્યાદા કરતાં મોડી આવી છે પરંતુ સદરહુ કલમની જોગવાઈ મુજબ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર કાર્યવાહી હાથ ધરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકામાં જૂન ૧૯૮૫થી ઉપર જણાવેલ વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી સમયમર્યાદા કરતાં મોડી આવી હોવા છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર કાર્યવાહી હાથ ધરવાની કુલપતિશ્રીની ભલામણ સ્વીકારવી અને સદરહુ બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. ચાલુ ૧૯૮૪ના વર્ષ દરમ્યાન લેવામાં આવેલ વિવિધ પરીક્ષાઓના જાહેર કરવામાં આવેલ પરિણામો પૈકી કેટલાક વિદ્યાર્થીઓનાં પરિણામો ભૂલો, ગુણચકાસણી, પુનર્મૂલ્યાંકન વગેરે કારણે સુધાર્યાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

(સુધારેલાં પરિણામો તથા તેનાં કારણો સાથેની ટૂંકી યાદી આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૨. ક. લા. સ્વાધ્યાય મંદિર, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૪ થી કંપેરેટિવ લિંગ્વિસ્ટિકસ, કમ્પેરેટિવ લિટરેચર, ગુજરાતી લેંગ્વેજ એન્ડ લિટરેચર, એન્સાયકલોપીડિયા ઓફ ગુજરાતી લિટરેચર અને ડિકસનેરીઝના વિષયો શીખવવા માટેની માન્યતા ચાલુ રાખવા માટેની અરજી પરત્વે એકિઝકયુટિવ કાઉન્સિલે મુકેલી શરતનું પરિપાલન કર્યાની સદરહુ સંસ્થાએ જાણ કરેલ હોઈ માન્યતા આપવા અંગ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિર, અમદાવાદે એકિઝકયુટિવ કાઉન્સિલને મૂકેલી શરતનું પરિપાલન કરેલ હોઈ જૂન ૧૯૮૪થી જૂન ૧૯૮૬ સુધી ઉપરોક્ત વિષયોમાં સંશોધન-કાર્ય માટે તેની માન્યતા ચાલુ રાખવી.

૪૩. તોલાણી ઇન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસી, આદિપુર તરફથી જૂન ૧૯૮૫થી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ માં જણાવેલ સમયમર્યાદા કરતાં મોડી આવેલી છે, પરંતુ તે કલમ હેઠળની જોગવાઈઓ મુજબ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર કાર્યવાહી હાથ ધરવા કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી ઇન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસી, આદિપુર તરફથી જૂન ૧૯૮૫ થી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી સમયમર્યાદા કરતાં મોડી આવી હોવા છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર કાર્યવાહી હાથ ધરવાની કુલપતિશ્રીની ભલામણ સ્વીકારવી અને સદરહુ બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૪. શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણનો સમય બપોરના ૩-૩૦ થી ૮-૩૦ નો રાખવાની સદરહુ કૉલેજના આચાર્યે તેમના તારીખ ૧૭-૭-૧૯૮૪ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલનો સમય સવારના ૭—૩૦થી બપોરના ૧—૦૦ વાગ્યા સુધીનો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણનો સમય જે હાલ સવારના ૭-૩૦ થી બપોરના ૧-૦૦ નો છે તે બદલીને બપોરના ૩-૩૦ થી સાંજના ૮—૩૦ સુધીનો રાખવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ તેમના તા. ૧૭-૭-૧૯૮૪ના પત્રથી કરેલી વિનંતી મંજૂર રાખવી.

૪૫. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીગણની સેવાની શરતો ઇત્યાદિના સંદર્ભમાં ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરીને ભલામણ કરવા માટે નિમાયેલ સમિતિની તા. ૧૬-૫-૧૯૮૪ તથા તા. ૯-૭-૧૯૮૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં નિમાયેલ સમિતિની તા ૧૬–૫–૧૯૮૪ અને તા. ૯–૭–૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૫–૧૯૮૪ અને તા. ૯–૭–૧૯૮૪ની સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "૬" અને "૬–૧" તરીકે સામેલ છે.)

૪૬. સંલગ્ન કૉલેજોમાં પશ્ચાદ્‌વર્તી તારીખથી શિક્ષકોની નિમણૂકોને માન્યતા આપવાના પ્રશ્નો જોઈ-તપાસીને તે અંગેની પોતાની ભલામણો રજૂ કરવા અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫–૩–૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૩–૭–૧૯૮૪ના રોજ મળેલી સભામાં કરવામાં આવેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

નીચેના શિક્ષકોની નિમણૂક તેઓનાં નામ સામે જણાવેલ તારીખ, વિષય અને પદ (પોસ્ટ) માટે માન્ય રાખવી :

નં.	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય અને પદ	માન્યતા તારીખ
૧.	આઈ વી પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ	શ્રીમતી અદ્રક્રિાબહેન એ. મહેતા	એકાઉન્ટન્સી-કૉમર્સના વ્યાખ્યાતા	૧–૮–૧૯૭૭
૨.	મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	શ્રી. બી. બી. ત્રિવેદી	જનરલ મેડિસિનના આસિ. પ્રોફે. (પૂરા સમયના)	૧–૫–૧૯૮૧

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૫—૩—૧૯૮૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૩–૭–૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૪૭. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તેના તા. ૩૦-૬-૧૯૮૪ના ઠરાવ ક્રમાંક પીએચએમ-૧૦૮૦-૧૩૭૭–૮૪-ઝ, અનુદાન મેળવતી ફાર્મસી કૉલેજોમાં બિનશિક્ષક વર્ગની નીચે જણાવેલ જગ્યાઓ માટેનું પગારધોરણ નીચે મુજબ નિયત કર્યા અંગેની જાણ કરી છે તેની નોંધ લેવા બાબત :

જગા	પગારધોરણ
(૧) એકાઉન્ટન્ટ	રૂ. ૪૨૫—૭૦૦
(૨) એકાઉન્ટ્સ ક્લાર્ક	રૂ. ૩૩૦—૫૬૦
(૩) હેડ પ્યુન-નાયક	રૂ. ૨૦૦—૨૫૦

૪. યુનિવર્સિટી ગ્રંથાલયના ડુપ્લિકેટિંગ મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ મે. ઇન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ સાથે કરવા અંગે વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૫૦/- થશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના ડુપ્લિકેટિંગ મશીનનો વાર્ષિક કોન્ટ્રાક્ટ મે ઇન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ સાથે કરવો અને આ અંગે રૂ. ૩૧૦ (રૂપિયા ત્રણસોને પચાસ) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૫. યુનિવર્સિટીના રસાયણ વિભાગ, ઇન્ડસ્ટ્રિયલ એનાલિટિકલ કેમિસ્ટ્રી વિભાગ તથા ભૌતિકશાસ્ત્ર વિભાગના ફ્રીઝએર બનાવટના વિન્ડો એર કન્ડિશનરને મે. ચેઇઝ પ્રોડક્ટ્સ સાથે વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કરવા અંગે વિચારણા બાબત. આ અંગે રૂ. ૩૩૦૦/- ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઉપરોક્ત વિભાગોના ફ્રીઝએર બનાવટનાં વિન્ડો એરકન્ડિશનોને મે. ચેઇઝ પ્રોડક્ટ્સ સાથે ઓલ-ઇન-સર્વિસ કોન્ટ્રાક્ટ કરવો અને આ અંગે રૂ. ૩૩૦૦ (રૂપિયા ત્રણ હજાર ત્રણસો) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે એક ઇલેકટ્રો સ્ટેનશીલ મશીન મે. ઇન્ડિયન ડુપ્લિકેટર કંપની લિમિટેડ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૭,૯૦૦ (રૂપિયા સત્તાવીસ હજાર નવસો) થશે.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૂગોળ વિભાગ માટે ઇલેકટ્રોનિક સ્ટેનસિલ કટિંગ મશીન મોડલ ઇએસસી-૭૯—કંપની ભાવે અને કંપનીની શરતો મુજબ ખરીદવું આ અંગે રૂ. ૨૭,૯૬૦ (રૂપિયા સત્તાવીસ હજાર નવસો ને સાઠ) સુધી ખર્ચ મંજૂર કરવો.

૭. યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ માટે માઇક્રોપ્રોસેસર વિથ એવિડિયો મોનિટર-ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ માટે એક માઇક્રોપ્રોસેસર વિથ એવિડિયો મોનિટર-મે. પેસ એડવાન્સ સિસ્ટમ, અમદાવાદ પાસેથી સમાજવિદ્યા ભવનના તા. ૩૧-૭-૧૯૮૪ના પત્રાંક ૨૦૦૩માં જણાવેલ કિંમતે ખરીદવું. અને તે ખર્ચ અંદાજે રૂ. ૬૫,૦૦૦/- સુધીનો મંજૂર કરવો.

[નોંધ. આ મોનિટર સમાજશાસ્ત્ર વિભાગના ઉપયોગ માટે યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગમાં હાલ રાખવામાં આવે અને યુનિવર્સિટીના અન્ય વિભાગને પણ તેનો જરૂર પડયે ઉપયોગ કરવા દેવામાં આવે.]

૮ યુનિવર્સિટી સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે આઇ. આઈ. એમ. માંથી (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ) ટીચિંગ મટિરિયલ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દશ હજાર) થશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની બી. કે સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ માટે જરૂરી ટીચિંગ મટિરિયલ્સ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ પાસેથી ખરીદવું અને આ અંગે રૂ. ૧૦,૦૦૦ (રૂપિયા દશ હજાર) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલા કામોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી મોટરકાર નં. જી.જે.બી. ૬૪૫૨ને રિપેર કરાવવા માટે રૂ. ૨,૩૨૧-૦૦ ના ખર્ચની મંજૂરી આપી.

(૨) યુનિવર્સિટીમા સંસ્કૃત કોર્સના ટેક્સ્ટ માટે રૂ. ૫,૦૦૦-૦૦ (રૂપિયા પાંચ હજાર)ના ખર્ચને મંજૂરી આપી.

(૩) યુનિવર્સિટી કાર્યાલય માટે ટાઇપ રિબન તથા ટાઇપ કાર્બન પેપર ખરીદવા માટે રૂ. ૧૦,૨૧૬-૦૦ના ખર્ચને મંજૂરી આપી.

(૪) એજ્યુકેશન ટેક્નોલોજી રિસર્ચ સેન્ટર માટે ઝેરોક્સ તથા ડિસ્ટ્રીબ્યુશન બોક્સ ખરીદવા માટે રૂ. ૨૫૭૫-૦૦ તથા ટેક્સ વગેરે જુદા જુદા ખરીદવા કુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા માટે.

(૫) યુનિવર્સિટીનાં મેદાનો માટે માટી નંખાવવા માટે રૂ. ૨,૦૦૦ ના ખર્ચને મંજૂરી આપી.

૧૦. યુનિવર્સિટી માટે ચાંદીના સંપૂર્ણ મંડિત ચંદ્રકો બનાવવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકઝેક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના ચાંદીના સુવર્ણ-મંડિત ચંદ્રકો યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ એક નંગના રૂ. ૧૮૭-૦૦ (રૂપિયા એકસોને સત્તાસી)ના ભાવે મે. કોહિનૂર જ્વેલર્સ પાસે, આગામી પદવીદાન સમારંભ માટે જેટલા ચંદ્રકો એનાયત કરવાની ભાવે હોય તેટલા આ ભાવે ખરીદવાનું રાખવું.

૧૧. યુનિવર્સિટી ગ્રંથાલય માટે સ્લેટેડ એંગલ્સ ખરીદવા માટે શ્રી કિસ્નવિજય એગ્રિકલ્ચર વર્કસ, મહેસાણાને ઑર્ડર આપવામાં આવેલ હતો. હવે તેઓ ભાવવધારો માંગે છે. આથી આ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે બીજા વેપારીઓ પાસેથી ભાવ અંગેની માહિતી મેળવવા તથા તેઓ આ કામ તેમણે અગાઉ જણાવેલ ભાવે કામ કરવા તૈયાર છે કે નહીં તેની તપાસ કરીને યોગ્ય નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૨. યુનિવર્સિટી માટે સ્ટીલ ફરનિચર ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એકઝેક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ટેન્ડરમાં જે જે પાર્ટીના સૌથી ઓછા ભાવ છે તે પાર્ટી પાસેથી પ્રથમ એક નમૂનાનું કબાટ બનાવી મંગાવીને તે નમૂના ચેકઅપ કરી તે અંગેના અભિપ્રાય સાથે આગામી સભા સમક્ષ મૂકવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. જ. પાઠક
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૩૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૮-૮-૧૯૮૪ને મંગળવારના રોજ સાંજના ૪-૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ઉપકુલપતિશ્રી	હાજર
૩. શ્રી. એમ સી. શાહ	ગેરહાજર
૪. ડૉ. વી. જે. મિસ્ત્રી	હાજર
૫. ડૉ. આર. સી. સોનપાલ	ગેરહાજર
૬. શ્રી. દીપક નવનીતલાલ	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૨૧-૬-૧૯૮૪ની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૧-૬-૧૯૮૪ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીની ઓવરહેડ ટાંકામાં વૉટરપ્રૂફ પ્લાસ્ટર કરવાના કામ માટે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની ઓવરહેડ ટાંકા માટે આવેલાં ત્રણ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ જે પેઢીના છે તે મે. અમુલ વૉટર પ્રૂફિંગનું ઑલ્ટીકલોરાઈડ ટ્રીટમેન્ટ સહિતનું રૂ. ૩૬,૯૫૦નું ટેન્ડર મંજૂર કરવા એકઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩. વિદ્યાર્થીઓના છાત્રાલય બ્લૉક "૬"ના બાંધકામની કૉન્ટ્રાક્ટર મે. સંગેશ્વર કન્સ્ટ્રક્શન કું. તરફથી આવેલા તા. ૨૭-૭-૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત અંગે સ્થપતિ શ્રી. હસમુખ સી પટેલ તથા સુપ્રિ. એન્જિનિયર શ્રી. પી. બી. પટેલની સલાહ લઈને આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવાની રાખવી.

૪. ટેક્ષટાઈલ કેમિસ્ટ્રીના બાંધકામ અંગેના કૉન્ટ્રાક્ટર મે. વાદી એન્ડ પટવા તરફથી આવેલા તા. ૮-૮-૧૯૮૪ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં એડવોકેટના સલાહ લઈ વાદી એન્ડ પટવાને યોગ્ય જવાબ આપવો.

૫. યુનિવર્સિટીના 'સી' અને 'ડી' ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સની બારીઓ ઉપર પૉલિશ પથ્થરના છજ્જા કરી આપવાના કામ માટે આવેલાં ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના 'સી' ટાઈપ તથા 'ડી' ટાઇપ ફ્લેટના સ્ટાફ ક્વાર્ટર્સમાં બારીઓમાં પૉલિશ લાદીના છજ્જા માટે આવેલાં ચાર ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ જે પૈકીના છે તે પેઢી શ્રી. અનેશ્વર મજૂર અને કામદાર સહકારી મંડળી લિ.નું રૂ. ૨૩,૨૯૦નું ટેન્ડર મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. વિદ્યાર્થીઓનાં છાત્રાલય તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયમાં બાંધકામ અંગેના સ્થપતિ અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અગાઉ આ કામો માટે સ્થપતિ તરીકે શ્રી. હસમુખ સી. પટેલની નિમણૂક તા. ૨૨–૪–૧૯૮૨ની બાંધકામ સમિતિની સભામાં કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓનાં છાત્રાલય તથા વિદ્યાર્થિનીઓનાં છાત્રાલયના પ્લાન બાબત સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ સાથે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રમાં આ પ્લાન અંગે જે ખાસ મુદ્દાઓ અંગે તેમાં ફેરફાર કરવા જણાવ્યું છે તેના ઉપલક્ષ્યમાં ચર્ચા વિગતે કરી પછી રજૂ કરવાનું રાખવું.

૭. લેકચરર ક્વાર્ટર્સ (ફ્લેટ) માટે ગેપના અડધા ભાગમાં કબાટ બનાવવાના કામ અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૫,૭૬૦–૦૦ જેટલું થશે.

૨. અગાઉ આ બાબત તા. ૨૧–૬–૧૯૮૪ની બાંધકામ સમિતિની સભામાં મૂકી હતી. તેમાં નીચે પ્રમાણે ઠરાવ થયા હતા :

"આથી ઠરાવવામાં આવે છે કે લેકચરર ક્વાર્ટર્સ ફ્લેટ ટાઈપમાં દીવાનખાનામાં દીવાલના કોલામાં શોકેસ કરવાની માગણી સ્વીકારી શકાય તેમ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે લેકચરર ક્વાર્ટર્સ (ફ્લેટ)માં દીવાનખંડના ગેપમાં અડધા ભાગમાં કબાટ બનાવવા માટે રૂ. ૧,૭૬૦/–નું ખર્ચ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીમાં અતિથિગૃહના વિકાસ બાંધકામ માટે સ્થપતિશ્રી આર. કે. ચોકસી તરફથી આવેલ પ્લાન તથા ડિટેઈલ એસ્ટિમેટ પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે અતિથિગૃહના વિકાસ માટેના બાંધકામના પ્લાનમાં ડબલસીટવાળા રૂમો બાંધી શકાય અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલા ખર્ચની મર્યાદામાં આવે તે રીતે પ્લાન નવેસરથી બનાવીને રજૂ કરવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ટ"
કામકાજ ક્રમાંક ૩૪

કુલપતિશ્રીએ માન્ય કરેલ શિક્ષકોની યાદી

ક્રમ.	શિક્ષકનું નામ	વિષય તથા પદ	પત્રાંક તથા તારીખ
	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ		
૧.	શ્રી. એમ. એલ. પઢિયાર	ઈતિહાસના વ્યાખ્યાતા (તા. ૨૨--૧૦--૧૯૮૩થી)	એકે-અધ્યા./૮/૩૯૯૪૭, તા. ૩૦--૭--૧૯૮૪
	સી. એન્ડ એસ એચ. આર્ટ્સ અને એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર		
૨.	શ્રી. એસ. એમ. પટેલ	ઈતિહાસના ખંડસમયના વ્યાખ્યાતા	એકે-અધ્યા./૮/૫૦૭૭૪, તા. ૨૭--૭--૧૯૮૪
	નવજીવન આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, દાહોદ		
૩.	શ્રી. એમ. એમ. માથુર	સંસ્કૃતના ખંડસમયના વ્યાખ્યાતા	એકે-અધ્યા./૮/૩૩૫૮૨, તા. ૪--૮--૧૯૮૪
	શ્રી. લુણાવાડા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, લુણાવાડા		
૪.	શ્રી. એમ. વી. ભટ્ટ	સંસ્કૃતના વ્યાખ્યાતા	એકે-અધ્યા./૮/૩૪૦૭૨, તા. ૧૦--૮--૧૯૮૪
	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વડનગર		
૫.	શ્રી. જી. જે. જોષી	આચાર્ય	એકે-અધ્યા./૮/૩૩૫૮૭, તા. ૪--૮--૧૯૮૪
	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ		
૬.	શ્રી. એ. જે. ત્રિવેદી	ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા	એકે-અધ્યા./૮/૪૦૯૬૬, તા. ૨૨--૮--૧૯૮૪
૭.	શ્રી. ટી. સી. પંડ્યા	"	"
૮.	શ્રી. એસ. આર. માંકડ	આંકડાશાસ્ત્રના ખંડસમયના વ્યાખ્યાતા	"
	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ		
૯.	શ્રીમતી એમ. જી. ચૌહાણ	ફાર્માકોગ્નોસીના એસોસિયેટ પ્રોફેસર	એકે-અધ્યા./૮/૩૩૯૯૮, તા. ૨--૮--૧૯૮૪

ક્રમ	શિક્ષકનું નામ	વિષય તથા પદ	પત્રાંક તથા તારીખ
	સરકારી દંત મહાવિદ્યાલય અને રુગ્ણાલય, અમદાવાદ		
૧૦.	ડૉ. આર. જી. ભટ્ટ	ઓરલ સર્જરીના મદદનીશ પ્રાધ્યાપક	એકે-અધ્યા./૮/૩૪૨૬૮, તા. ૧૪--૮--૧૯૮૪
	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ		
૧૧.	ડૉ. વી. ડી. જોશી	યુરોલોજી (પેરાફ્લેજીયાના આસિસ્ટન્ટ પ્રોફેસર (પૂરા સમયના)	એકે-અધ્યા./૮/૩૪૭૦૭, તા. ૨૨--૮--૧૯૮૪
૧૨.	ડૉ. જે. આર. તલસાણિયા	ઈ.એન.ટી. વિષયના આસિ. પ્રોફેસર (પૂરા સમયનાં)	એકે-અધ્યા./૮/૩૪૭૦૮, તા. ૨૨--૮--૧૯૮૪
૧૩.	ડૉ. એસ. એ. પટેલ	સર્જરીના આસિ. પ્રોફેસર (પૂરા સમયના)	એકે-અધ્યા./૮/૩૪૭૦૯, તા. ૨૨--૮--૧૯૮૪
૧૪.	ડૉ. પ્રદીપકુમાર	પ્રિવેન્ટિવ અને સોશ્યલ મેડિસિનના આસિ. પ્રોફેસર (પૂરા સમયના)	એકે-અધ્યા./૮/૩૪૭૧૦, તા. ૨૨--૮--૧૯૮૪
૧૫.	ડૉ. એમ. બી. શાહ	રેડિયોલોજીના ટ્યૂટર (પૂરા સમયનાં)	એકે-અધ્યા./૮/૩૯૮૨૦, તા. ૨૨--૮--૧૯૮૪
૧૬.	ડૉ. દિનેશ આર. ગોલેચ	મેડિસિનના આસિસ્ટન્ટ પ્રોફેસર	એકે-અધ્યા./૮/૩૯૮૨૧, તા. ૨૬--૭--૧૯૮૪
૧૭.	ડૉ. આર. ડી. પટેલ	પેથોલોજીના આસિસ્ટન્ટ પ્રોફેસર	એકે-અધ્યા./૮/૩૯૮૨૨, તા. ૨૬--૭--૧૯૮૪

ડેમોન્સ્ટ્રેટર-પદમાંથી વ્યાખ્યાતા-પદની માન્યતા આપવામાં આવેલ છે. તેવા અધ્યાપકોની યાદી

ક્રમ	શિક્ષકનું નામ	વિષય તથા પદ	પત્રાંક તથા તારીખ
	ગુજરાત કૉલેજ, અમદાવાદ		
૧૮.	શ્રી. પી. એન. શાહ	તા. ૧--૪--૧૯૭૭થી રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા	એકે-અધ્યા./૮/૩૩૩૯૯, તા. ૨--૮--૧૯૮૪
	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ		
૧૯.	શ્રી. એમ. જી. શાહ	તા. ૧--૮--૧૯૭૯થી રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા	એકે-અધ્યા./૮/૩૩૪૦૦, તા. ૨--૮--૧૯૮૪
	શ્રી. નટવરસિંહજી આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, છોટાઉદેપુર		
૨૦.	શ્રી. એમ. જી. પાઠક	તા. ૧--૪--૧૯૭૭થી રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા	એકે-અધ્યા./૮/૩૩૬૨૨, તા. ૬--૮--૧૯૮૪

આ અગાઉ માન્ય થયેલા અને તેમના પદમાં કોઇ ફેરફાર થયો નથી અને તેમની નિમણૂકની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી

ક્રમ	શિક્ષકનું નામ	વિષય તથા પદ	પત્રાંક તથા તારીખ
	હરિવલ્લભદાસ કાણિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ		
૧.	શ્રી. બી. ઈ. અગરવારકર	અંગ્રેજીના વ્યાખ્યાતા	સિ.અધ્યા./૩૪૫૦૬, તા. ૧૮–૮–૧૯૮૪
	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ		
૨.	શ્રી. સી. એ. પટેલ	સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા	સિ.અધ્યા./૩૩૪૦૪, તા. ૨–૮–૧૯૮૪
	શ્રી. જી. બી. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ		
૩.	શ્રી. એસ. કે. શાહ	વાણિજ્ય-એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા	સિ.અધ્યા./૩૩૭૩૯, તા. ૭–૮–૧૯૮૪
	શ્રી. એમ. એન. શુકલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ		
૪.	શ્રી. એચ. પી. ચૌહાણ	શિક્ષણના વ્યાખ્યાતા	સિ.અધ્યા./૩૪૦૦૧, તા. ૯–૮–૧૯૮૪

પરિશિષ્ટ "ક"

ઠરાવ ક્રમાંક ૩૫

સંલગ્ન કૉલેજોના વહીવટ અંગે મુંબઈ યુનિવર્સિટી શરતોનું યથાર્થ પરિપાલન થયું છે કે કેમ તે અંગે ભલામણ કરવા માટેની પેટા સમિતિ, જે આજ સભા તા. ૨૪–૮–૧૯૮૪ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, સભામાં નીચે પ્રમાણે સભ્યો હાજર હતા :

૧.	ડૉ. એમ. જોન. દેસાઈ	ગેરહાજર
૨.	આચાર્ય પી. એમ. પટેલ	હાજર
૩.	આચાર્ય એસ્. એન. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. અંબુભાઈ દેસાઈ	હાજર
૫.	પ્રા. નરસંગભાઈ પરીખ	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય પી. એમ પટેલને સંભાળ્યું હતું. ચર્ચાવિચારણા બાદ નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(ક) નીચે જણાવેલ કૉલેજોએ ઠરાવેલ શરતોનું પરિપાલન કર્યું હોઈ તેમનાં નવેસરનામાં બહાલ પાડવા એકિઝક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૨. કાપડિયા એન્ડ. એન. એચ. એચ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, નડિયાદ
૩. શેઠ એન. પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ
૪. એચ. એસ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫. સરદાર વલ્લભભાઈ વાણિજ્ય સહવિદ્યાલય, અમદાવાદ.

(બ) નીચે જણાવેલ કૉલેજોને પાકેલા નોંધનો નાશ અંગે જણાવ્યા પ્રમાણેની ખૂટતી વિગતો મંગાવવી :

ક્રમાંક	કૉલેજનું નામ	ખૂટતી વિગતો અંગેની સમિતિની ભલામણ
૧.	શેઠ એમ. એન. સાયન્સ એન્ડ પ્રા એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	૧. ડીફેન્સ સ્ટડીઝના શિક્ષકોની સાયકાત અંગે ત્યારબાદ બહાર પડેલા પરિપત્રના સંદર્ભમાં જરૂરી નિમણૂક કર્યા તેની ખાત્રી કરવામાં આવે.
		૨. ખાતાકીય પરીક્ષા માટે જે ઑર્ડર મૂકવામાં આવ્યા હોય તેની પ્રમાણિત નકલ મોકલવામાં આવે અને આ માસ સુધીમાં જરૂરી ફી ભરી આપી જવાની બાંયધરી આપવામાં આવે.

ક્રમાંક	કૉલેજનું નામ	ખૂટતી વિગતો અંગેની સમિતિની ભલામણ
૨.	આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર.	૧. માનસશાસ્ત્રના વ્યાખ્યાતાની સત્વરે નિમણૂક કરવામાં આવે. ૨. યુનિવર્સિટીનાં બારોબાર પ્રમાણેની તંગવાઈ ધરાવતી મકાનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે. ૩. શરતમાં માગ્યા અનુસાર પ્રમાણપત્ર મોકલી આપવામાં આવે.
૩.	મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	૧. સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના વિષયના બંડ સમયના વ્યાખ્યાતાઓની નિમણૂક સત્વરે કરવામાં આવે. ૨. આંકડાશાસ્ત્રનો અનાવર્તક ખર્ચ બાકી છે તે માટે મૂકેલા ઑર્ડરની પ્રમાણિત નકલ મોકલવામાં આવે અને ત્રણ માસ સુધીમાં પુસ્તકો આવવાની બાંયધરી આપવામાં આવે.
૪.	ભક્ત વલ્લભ ગોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	૧. ભૂગોળ અને ડિફેન્સ સ્ટડીઝના વ્યાખ્યાતાની નિમણૂક બાકી છે તે સત્વરે કરવામાં આવે. ડિફેન્સ સ્ટડીઝના શિક્ષકોની લાયકાતના છેલ્લા પરિપત્રના સંદર્ભમાં નિમણૂક કરવામાં આવે. ૨. ગ્રંથાલયમાં કરેલા કુલ ખર્ચની વિગતો મોકલી આપવામાં આવે. ૩. આવર્તક ખર્ચની બાંયધરી આપવામાં આવે. ૪. અનાવર્તક ખર્ચ માટે જે ઑર્ડર મૂકયો હોય તેની પ્રમાણિત નકલ મોકલી આપે અને ત્રણ માસમાં પુસ્તકો આપવાની બાંહેધરી આપવામાં આવે.
૫.	ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	૧. જે શિક્ષકોની નિમણૂક કરી છે તે માટે નીચે પ્રમાણે ખૂટતી વિગતો મોકલી આપવી : (૧) શ્રી. જી. એન. ગાંધી—શૈક્ષણિક અનુભવ અને / અથવા વ્યાવસાયિક અનુભવની વિગતો. (૨) શ્રી. જે. પી. જોશીપુરાની અનુભવની વિગતો. (૩) શ્રી. જે. બી. રાણપુરાને આસિ. લેકચરર દર્શાવ્યા છે. નિમણૂક લેકચરરની કરવાની છે તો તે માટે સ્પષ્ટતા મોકલી આપે.

ક્રમાંક	કૉલેજનું નામ	ખૂટતી વિગતો અંગેની સમિતિની ભલામણ
		(૪) શ્રી. બી. સી. પટેલને ૬ માસનો અનુભવ ખૂટે છે તેવું જણાય છે, તો સ્પષ્ટતા કરવા કહેવું.
		૨. ગ્રંથાલયમાં કરેલા કુલ ખર્ચની વિગતો મોકલી આપવામાં આવે.
		૩. આવર્તક ખર્ચ માટે સ્પષ્ટ બાંયધરી મંગાવવા.
૬.	અનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, પાલનપુર.	જે નિમણૂકો બાકી છે તે સત્વરે કરવામાં આવે.
૭.	સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(૧) આચાર્યની નિમણૂક માન્ય થયેથી શરતનું પાલન થયું ગણાય તેમ જણાવવું.
		(૨) શરતમાં માગ્યા પ્રમાણેનું પ્રમાણપત્ર અથવા જે ચુકવણી બાકી હોય તેની સ્પષ્ટ વિગતો મોકલવા જણાવવું.

૮. જૂન ૧૯૮૩ના જોડાણ માટેની દરામલી કૉલેજ બાબતમાં ઠરાવવામાં આવ્યું કે, યુનિવર્સિટીએ મૂકેલી જોડાણની શરતમાં 'પગારધોરણ' યુનિવર્સિટી ધારાધોરણ પ્રમાણે આપવાનો ઉલ્લેખ છે, તેનું પરિપાલન થયું ગણી શકાય નહીં, કેમ કે શ્રી ચૌહાણને બઢતી વગેરે આપ્યાં નથી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. બી. દવે
કુલસચિવ વતી.

CHINUBHAI R. SHAH
Past President
Institute of Company Secretaries of India
A/11/1 Safdarjung Enclave, New Delhi-110 016

August 24, 1984

Dear Prof. Shastri,

I refer to the joint meeting of the representatives of the local chapters of the Institute of Chartered Accountants, the Institute of Company Secretaries and the Institute of Cost & Works Accountants as well as Ahmedabad Management Association had in your Chamber on the 9th August, 1984.

In this meeting we had proposed to you that if the University takes up the responsibility of constructing a seperate complex on the campus where all the activities and offices of the above Institutions and Associations can be housed together, the students will benefit substantially.

It was suggested that the premises should have the facilities of having seperate offices for all the above Institutions and should have common facility like a Lecture Hall, library, conference room etc. as may be mutually decided.

You will appreciate that the concentration of such advance professional management Institutions at one place will provide considerable benefit to the student community at large and will facilitate organising a number of package courses for the benefit of working executives also. This will also help the students of our University to increasingly appreciate the importance of courses like Chartered Accountancy, Company Secretaryship and Cost & Works Accountancy etc. and thus improve their career prospects. I forward herewith the detailed note earlier prepared by me which highlights the purpose for which such a Centre is desirable and various connected aspects.

For your kind information, a Trust is willing to donate Rs. 8 lakhs for the proposed Centre as well as all the above participating Institutions will raise another Rs. 8 lakhs towards the construction of the Centre building and other expenses. Even if the expenses may go little more, there is a feeling that the four Institutions together will be in a position to manage additional funds also.

We have already thoroughly discussed the whole proposal in details on various occasions and therefore, you are well aware of the other details of the same.

I am sure, you will kindly formally approve the proposal and give your consent to the same, so that we can proceed ahead in the matter at the earliest and I can arrange to get a formal letter from the concerned Trust addressed to the University as well as respective letters from various Institutions.

This letter is being addressed to you on behalf of all the participating Institutions.

With kind regards.

Yours Sincerly,

Sd/– **Chinubhai R. Shah**

પરિશિષ્ટ "ક"
ઠરાવનો ક્રમાંક ૮૦

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Chief Accounts Officer was held on SUNDAY 27th November, 1983 at 12-00 Noon at the office of the Gujarat University, Ahmedabad–380 009.

Prof. K. S. Shastri, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. K. S. Shastri, Vice-Chancellor	Present
2. Prin. M. C. Shah	Absent
3. Dr M. N. Desai	Absent
4. Shri Ambubhai T. Desai	Present
5. Shri S. V. Shastri, Offg. Registrar	Present
6. Shri R. H. Vyas (Invitee) Dean, Faculty of Commerce	Present

The following candidates were called for interview :

1. Shri V. B. Avashiya	Present
2. Shri A. N. Bhatia	Present
3. Shri N. D. Bhatt	Present
4. Shri D. V. Dave	Present
5. Shri H. C. Dave	Absent
6. Shri N. N. Dave	Present
7. Shri R. M. Darji	Present
8. Shri K. D. Desai	Present
9. Shri A. D. Gajjar	Absent
10. Shri D. N. Ganatra	Present

11.	Shri M. S. Shah	Present
12.	Shri K. D. Gangwali	Present
13.	Shri P. K. Jain	Absent
14.	Shri B. J. Jajal	Present
15.	Shri G. N. Kamat	Present
16.	Shri K. D. Modi	Present
17.	Shri J. P. Parwani	Present
18.	Shri N. J. Pathak	Present
19.	Shri D. P. Sanghavi	Present
20.	Shri K. D. Shah	Present
21.	Shri M. C. Shah	Absent
22.	Shri N. B. Shah	Absent
23.	Shri R. M. Shah	Present
24.	Shri S. M. Shah	Present
25.	Shri S. A. Shah	Present
26.	Mrs. V. V. Shah	Present
27.	Shri S. Shukla	Present
28.	Shri R. N. Thaker	Present
29.	Shri N. H. Vasa	Absent
30.	Shri D. M. Vora	Present

After interviewing the candidates present and considering their respective merits, the Committee recommends that any of the following four be considered for appointment :

Shri M. S. Shah
Shri S. M. Shah
Shri D. N. Ganatra
Shri N. J. Pathak.

Sd/—
K. S. Shastri,
Vice-Chancellor
Ambubhai T. Desai,
S. V. Shastri,
Offg. Registrar

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભા શનિવાર, તા. ૧-૧૨-૧૯૮૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧-૧૨-૧૯૮૪
૧.	શ્રી. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૫.	આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર
૬.	શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયા	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ એચ. અમીન	હાજર
૮.	શ્રી. સુધીરભાઈ આઈ. નાણાવટી	ગેરહાજર
૯.	શ્રી. શરદભાઈ પટેલ	હાજર
૧૦.	ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈ	હાજર
૧૧.	પ્રો. મહેશભાઈ પી. ભટ્ટ	હાજર
૧૨.	આચાર્ય દર્શનસિંગ એમ. શીખ	હાજર
૧૩.	આચાર્ય હર્ષદભાઈ એમ. દેસાઈ	હાજર
૧૪.	શ્રી. નરહરિભાઈ એમ. પરીખ	હાજર
૧૫.	ડૉ. પી. પી. મહેતા	હાજર
૧૬.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૧૭.	આચાર્ય આર. એચ. વ્યાસ	હાજર
૧૮.	શ્રી. જિતેન્દ્ર ચીનુભાઈ શાહ	ગેરહાજર
૧૯.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	હાજર
૨૦.	પ્રા. હસમુખભાઈ પટેલ	હાજર
૨૧.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૨૨.	આચાર્ય બી. એમ. પીરજાદા	હાજર
૨૩.	શ્રી. કનુભાઈ અંબાલાલ શાહ	હાજર
૨૪.	આચાર્ય મહેન્દ્રકુમાર ચંદુલાલ શાહ	હાજર.

તા. ૧—૧૨—૧૯૮૪ના રોજ મળેલી એક્ઝિકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૪૫ના પરિશિષ્ટ "છ"ના ઠરાવ ૧, પાના નં. ૧૦૯ની છેલ્લી લીટીનો છેલ્લો શબ્દ 'પૈકી' રદ કરવો; અને

(૨) બાબત નં. ૭૦ના પરિશિષ્ટ "થ"ના પેટાપરિશિષ્ટ "અ"ના ઠરાવ ૧લા ની બીજી લીટીનો શબ્દ "સાથેના" રદ કરવો.

[એક્ઝિકયુટિવ કાઉન્સિલ : તા. ૨—૨—૧૯૮૫

એકિઝકયુટિવ કાઉન્સિલ

ડિસેમ્બર માસની સભા : તા. ૧-૧૨-૧૯૮૬

૧. તા. ૧--૯--૧૯૮૪ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧--૯--૧૯૮૪ના રોજ મળેલી એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) માર્ચ--એપ્રિલ, ૧૯૮૪માં લેવાયેલ થર્ડ બી.એ. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૩૪૦૪ અને ૩૪૦૧ એ ઈન્ટરનલ પરીક્ષા આપ્યા વગર યુનિવર્સિટી પરીક્ષામાં બેસતાં તેમનો પ્રવેશ રદ કરતાં તેમણે ભૂજની કોર્ટમાં કરેલ દીવાની દાવા નં. ૧૧૯/૮૪ની બાબતમાં યુનિવર્સિટી તરફથી ત્યાંના સરકારી વકીલ શ્રી. વીરજલાલ બી. ઠક્કરને રોકવાના અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) શેઠ કે. એમ. રફીક-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદમાં અનુસ્નાતક કક્ષાએ મેડિકલમાં પ્રવેશની બાબતમાં ડૉ. ભરત કોયાણીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સિવિલ એપ્લિકેશન નંબર ૧૩૩૫ બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) યુનિવર્સિટીએ બી.એડ. પ્રવેશ માટે મંજૂરી ન આપી તે સામે શ્રી. બળદેવભાઈ હરગોવિંદદાસ રાઠોડ અને બીજા ૬ અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી સ્પે. સિ. એપ્લિ. ૩૫૭૬ના સંદર્ભમાં યુનિવર્સિટી તરફથી શ્રી. સુરેશભાઈ શેલતને એડવોકેટ તરીકે રોકવાનું તથા તે અંગેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૪) કુ. સહારા ફિલિપને બી.ડી.એસ.ના વર્ગમાં પ્રવેશ માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવા માટે યુનિવર્સિટી તરફથી ના પાડવામાં આવતાં તેમણે કરેલી રિટ-અરજીની બાબતમાં એડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર રાખ્યાનું;

(૫) માર્ચ--એપ્રિલ, ૧૯૮૪માં લેવાયેલ ફર્સ્ટ બી.કોમ. પરીક્ષાનાં વિદ્યાર્થિની નં. ૫૮૭ દવે ઋતુજા એમ.ને આંકડાશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્ર બાબતે ગેરરીતિ આચરવા માટે તા. ૨૮--૭--૧૯૮૪ની એકિઝકયુટિવ કાઉન્સિલને એક પરીક્ષાની પ્રવેશબંધી મનાઈ ફરમાવતાં સદરહુ વિદ્યાર્થિનીએ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ તા. ૪--૮--૧૯૮૪ની સ્પે. સિ. એ. નં. ૪૦૨૮ અદાલતે કાઢી નાખતાં સદરહુ વિદ્યાર્થિનીએ લેટર્સ પેટન્ટ અપીલ નં. ૪૩૫થી દાદ માગેલ

હોવાથી સદરહુ કામમાં યુનિવર્સિટી તરફથી ઍડવોકેટ તરીકે શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગે જરૂરી ખર્ચ મંજૂર કર્યાનું;

(૬) બી. જે. મેડિકલ કૉલેજમાં એમ.એસસી. મેડિકલમાં પ્રવેશ બાબતમાં શ્રી. ભરત કાન્તિલાલ પટેલે ગુજરાતની વડી અદાલતમાં પિટિશન નં. ૪૯૬૧ થી દાદ માગેલ છે. આ કેસમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને નીમ્યાનું અને તે અંગેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

(૭) બી. જે. મેડિકલ કૉલેજમાં અનુસ્નાતક અભ્યાસ માટે (૧) ડૉ. એચ. એ. પટેલ, (૨) ડૉ. રીટા કોટડિયા, (૩) ડૉ. પી. એસ. ધ્રુવ અને (૪) ડૉ. રાગિણી પટેલે ગુજરાત રાજ્ય સરકારના રેસિડેન્ટશિપના નિયમોના સંદર્ભમાં ગુજરાતની વડી અદાલતમાં અનુક્રમે એલ.પી.એ. નં. ૩૦૨, ૩૦૩, ૩૦૪ અને ૩૦૧ થી દાદ માગેલ હોઈ આ કેસમાં યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતની નિમણૂક કર્યાનું અને તે અંગેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

(૮) આ યુનિવર્સિટીની એમ.એસ. બ્રાન્ચ–૧ પરીક્ષાના વિદ્યાર્થી ડૉ. એમ. જે. મયાત્રાએ પરીક્ષાના ડેઝર્ટેશન બીજા વિદ્યાર્થીના ડેઝર્ટેશનમાંથી નકલ કરી હોય તેમ જણાતાં તેમનું પરિણામ રદ કર્યું હોવાથી ગુજરાત રાજ્યની વડી અદાલતમાં સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન ૪૩૩૧/૮૪થી રિટ-અરજી કરેલ છે તે માટે ઍડવોકેટ શ્રી. સુરેશભાઈ શેલતને રોકવાના અને તે અંગેનું ખર્ચ મંજૂર કર્યાનું;

(૯) ૧૯૮૩–૮૪ના બોનસની ચુકવણી અંગે રાજ્ય સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક ટી. પી.પી. ૧૦૮૪ (૨૪)/એમ. તા. ૩–૧૦–૧૯૮૪ દ્વારા યુનિવર્સિટીના કર્મચારીઓને તેમજ સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને પણ આ લાભ આપવાનું મંજૂર કર્યાનું;

(૧૦) આ વર્ષ દિવાળી તા. ૨૪–૧૦–૧૯૮૪ના રોજ હોઈ રાજ્ય સરકારે તેના કર્મચારીઓને ઑક્ટોબર માસનો પગાર તા. ૧૮, ૧૯, ૨૦ના રોજ આપવાનું નક્કી કરેલ હોઈ તેના સંદર્ભમાં યુનિવર્સિટીના કર્મચારીઓને ઑક્ટોબર ૧૯૮૪નો પગાર તા. ૧૯–૧૦–૧૯૮૪ના રોજ ચૂકવવાનું મંજૂર રાખ્યાનું;

(૧૧) એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના કો-ઓર્ડિનેટરને સાથેના નિયમો મુજબ સત્તા આપવાનું મંજૂર કર્યાનું;

(૧૨) સેન્ટર ફૉર ડેવલપમેન્ટલ કૉમ્યુનિકેશન્સના ઉપક્રમે તા. ૫–૧૧–૧૯૮૪થી તા. ૧૪–૧૧–૧૯૮૪ના સમય દરમિયાન યોજાનાર ફિલ્મ એપ્રિશિયેશનના કોર્સ અંગે આવનાર નિષ્ણાત વ્યાખ્યાતાઓ સર્વશ્રી. પ્રો. સતીષ બહાદુર, અનિલ ધનકાર, પ્રો. શ્રી. છાબરિયા વગેરેના મુસાફરી ખર્ચ (હવાઈ-રેલવે પ્રવાસ)ની રકમ રૂ. ૨,૦૦૦–૦૦ (અંગે બે હજાર પૂરા) મંજૂર કર્યાનું;

(૧૩) ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ ઍન્ડ પી. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડરની જૂન ૧૯૮૫થી જોડાણ મેળવવાની અરજીના વિષયોમાં બી.કૉમ. (ગૌણ) કક્ષાએ સહકારનો વિષય ઉમેરવાની પરવાનગી આપ્યાનું;

(૧૪) એલ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ માટે ત્રીસ વિદ્યાર્થીઓની વધુ એક ટુકડી (Batch)ને પ્રવેશ આપવા માટેની તેમની અરજીના સંદર્ભમાં

કુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિએ આપેલા હેવાલને અનુલક્ષીને વધુ ત્રીસ વિદ્યાર્થીઓને નીચેની શરતોએ મંજૂરી આપ્યાનું;

શરતો.—૧. સત્રના અંત સુધીમાં એક વધારાનું કૉલેજનું પોતાનું કૉમ્પ્યુટર વસાવવામાં આવે, અને

૨. કૉમ્પ્યુટર સાયન્સને લગતાં વધારાનાં પુસ્તકો અને સામયિકો વસાવવામાં આવે.

(૧૫) સાબરમતી આર્ટ્સ અંન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.એ. (સબૉ.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, હિંદી અને બી.કૉમ.માં ઍડવાન્સ ઍકાઉન્ટિંગ અંન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૪થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ માટેનું જાહેરનામું શરતોના પરિપાલનના સંદર્ભમાં બહાર પાડવાનું;

(૧૬) એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૪થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીના જોડાણ માટેની ઍકૅડેમિક કાઉન્સિલની નીચે પ્રમાણેની ભલામણ સ્વીકાર્યાનું :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૭—૯—૧૯૮૪ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૪થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળ-માંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉ. ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે.

(૧૭) કે. કે. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, ધંધુકામાં ચાલુ વર્ષે કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચેની શરતોએ તદ્દ ધોરણે પરવાનગી આપ્યાનું :

૧. યુનિવર્સિટીએ નિયત કર્યા મુજબ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઓછામાં આછા ખંડ-સમયના એક શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. પ્રાયોગિક કાર્ય માટે કૉલેજનું પોતાનું કૉમ્પ્યુટર સત્ર દરમિયાન વસાવી લેવામાં આવે અને આ વ્યવસ્થા થાય ત્યાં સુધી પ્રાયોગિક કાર્યની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે;

૩. (ક) પ્રાયોગિક કાર્ય માટે સપ્તાહમાં બે કલાક કાર્ય કરવાનું રાખવામાં આવે,
(ખ) આ કાર્ય "બેચ"માં વધુમાં વધુ ૬ વિદ્યાર્થીઓને આપવામાં આવે, તથા
(ગ) પ્રત્યેક વિદ્યાર્થીઓનું કૉમ્પ્યુટર સાથેનું કાર્ય એક સત્રમાં ૨૪ કલાકથી (વાર્ષિક ૪૫ કલાક) ઓછું રાખવામાં આવશે નહીં તેવી બાંયધરી આપવામાં આવે;

૪. સામયિકો તથા પુસ્તકો પાછળ રૂ. ૨૦૦૦/-નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. વિદ્યાર્થી પાસેથી કૉમ્પ્યુટર કાર્ય માટે સત્ર દીઠ રૂ. ૩૦૦/- ફી લઈ શકાશે;

૬. આ વિષય વૈકલ્પિક ધોરણે (ગૌણ) આપી વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને કૉલેજ લઈ શકશે; અને

૭. અરજીમાં જણાવ્યા પ્રમાણે વૅકેશન દરમિયાન વર્ગો ચલાવી અભ્યાસક્રમ પૂરો કરવાનો રહેશે.

(૧૮) (અ) તા. ૩૧મી માર્ચ ૧૯૮૪ પછી શરૂ કરવામાં આવેલી (૧) બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ, (૨) બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ અને (૩) બી.એસસી. (મુખ્ય)માં ઈલેક્ટ્રોનિકસ માટેના અભ્યાસક્રમો શીખવવા માટે જૂન ૧૯૮૪થી જે કૉલેજોને તદર્થ ધોરણે એક વર્ષ માટે જોડાણ આપ્યું હતું તેવી નીચેની કૉલેજો તરફથી આ અભ્યાસક્રમ માટે જૂન ૧૯૮૫થી ચાલુ જોડાણ માટેની અરજીઓ આવી છે તે શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ વિશિષ્ટ સંજોગોમાં કુલપતિશ્રીએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું તથા તે બાબતોમાં સ્થાનિક તપાસ સમિતિઓ નીમ્યાનું :

ક્રમાંક	વિષય	વાણિજ્ય વિદ્યાશાખા (બી.કૉમ. ગૌણ)
૧.	કૉમ્પ્યુટર સાયન્સ	૧. એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
		૨. એચ. કો. કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
		૩. એલ. ડી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
		૪. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉમર્સ, નડિયાદ.
		૫. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ.
		૬. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.
		૭. આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ.
		૮. તોલાની કૉમર્સ કૉલેજ, આદિપુર.

વિજ્ઞાન વિદ્યાશાખા—(બી.એસસી. ગૌણ)

૨.	કૉમ્પ્યુટર સાયન્સ	૧. જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ.
		૨. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ.
		૩. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.
		૪. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, આદિપુર.

૩. વિજ્ઞાન વિદ્યાશાખા–(બી.એસસી. મુખ્ય)

૧. શેઠ આર. ઓ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ.
૨. શેઠ એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા.
૩. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ.
૪. જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ :

(૧૪) બી.કૉમ. (સાયં.)માં કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટે નીચેની કૉલેજો તરફથી આવેલ વધારાના જોડાણ માટેની અરજીઓ, તા. ૩૧મી માર્ચ ૧૯૮૪ પછી આ અભ્યાસક્રમ શરૂ કરવાનું ઠરાવ્યું હોવાથી વિશિષ્ટ સંજોગોને લક્ષમાં લઈ તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું તથા તે બાબતમાં સ્થાનિક તપાસ સમિતિઓ નીમ્યાનું,

૧. આઈ. સી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ.

૨. સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ.

(૧૫) બી.એસસી. (સપ્લે.)માં ઈલેક્ટ્રોનિક્સનો અભ્યાસક્રમ શીખવવા માટે (૧) એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ (૨) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ અને (૩) પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા તરફથી વધારાના જોડાણ માટે આવેલી અરજી, તા. ૩૧ માર્ચ, ૧૯૮૪ પછી આ અભ્યાસક્રમ શરૂ કરવા ઠરાવ્યું હોવાથી વિશિષ્ટ સંજોગોને લક્ષમાં લઈ તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું તથા તે બાબતમાં સ્થાનિક તપાસ-સમિતિ નીમ્યાનું;

(૧૯) કૉલેજ ઑફ એજ્યુકેશન, દરમહોમાં પ્રવેશ આપવામાં ગેરવાજબી રીતે લીધેલ રકમ અંગે વિદ્યાર્થીઓએ કરેલી એફિડેવિટના સંદર્ભમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૧–૧૯૮૪ની સભામાં થયેલ ઠરાવથી સી.બી.આઈ.ને [illegible] નમનું સત્તાક્ષેત્ર ન [illegible] થી એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો તા. ૨૮–૭–૧૯૮૪ની સભામાં થયેલ ઠરાવ અનુસાર રાજ્યના સી.આઈ.ડી. ખાતાને સોંપવામાં આવતાં સદરહુ ગેરરીતિ લાંચરુશ્વત વિરોધી ખાતાને સોંપવા અંગે તેમના તા. ૨–૧૧–૧૯૮૪ના પત્રથી આવેલ સૂચનથી સદરહુ તપાસનું કાર્ય લાંચરુશ્વત વિરોધી ખાતાને સોંપ્યાનું;

(૨૦) નીચે મુજબનાં પ્રદાનો સ્વીકાર્યાના તથા તે અંગેના નિયમો મંજૂર કર્યાનું :

૧. "સ્વ. પાર્વતીબહેન રતનજી દેસાઈ સ્મૃતિ ચંદ્રક"–બી.એસસી. નર્સિંગ પરીક્ષા માટે,

૨. "સ્વ. વખતસિંહ અગરસિંહ વાઘેલા ચંદ્રક"–બી.ઈ. ઈલેકટ્રોનિકસ અને કૉમ્યુનિકેશનનો પદવી પરીક્ષા માટે, તથા

૩. "સ્વ. શ્રી. વિજયશંકર મંછારામ ભટ્ટ ચંદ્રક"–બી.એ. પદવી પરીક્ષા અંગેના ચંદ્રકના પ્રદાન અંગેના નિયમો.

[નોંધ.–ઉપરોકત ત્રણે ચંદ્રકો અંગે પ્રદાનની રકમ યુનિવર્સિટીને મળી ગયેલ છે. (પ્રત્યેક ચંદ્રક અંગે રૂ. ૭,૫૦૦/- વત્તા રૂ. ૭૫૦/-) વર્ષ ૧૯૮૪ની પરીક્ષા માટેનાં પ્રદાનોનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.]

(૨૧) ડિસેમ્બર ૧૯૮૪માં લેવાનાર એન્જિનિયરિંગ પરીક્ષાની સેમિસ્ટર એકનો પરીક્ષા માટે મોડાસા કે જ્યાં આ વર્ષથી એન્જિનિયરિંગ કૉલેજ શરૂ થઈ છે તેને કેન્દ્ર તરીકે મંજૂર રાખ્યાનું;

(૨૨) એ.એસ.આર.એસ., જનરલ હોસ્પિટલ, જામનગરના અનુસ્નાતક કક્ષાએ ટીચિંગ હોસ્પિટલ તરીકે માન્યતા આપવા અંગે તપાસ સમિતિના અહેવાલ અનુસાર નીચે દર્શાવેલ ત્રણ વિષયમાં એક એક ઓકમ (યુનિટ) માટે માન્યતા આપ્યાની :

૧. એમ.ડી.—જનરલ મેડિસિન.

૨. એમ.ડી.—ઓબ્સ્ટ્રેટિકસ એન્ડ ગાયનેકોલોજી.

૩. એમ.એસ.—જનરલ સર્જરી.

(૨૩) ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. અભિનવ નવા અભ્યાસક્રમ માટે સંલગ્ન વિજ્ઞાન કોલેજોના અધ્યાપકો માટે બે દિવસનો પરિસંવાદ યોજવા અંગેની, વિજ્ઞાન વિદ્યાભવન મારફતે આવેલ ય. ડી. એસ. ગ્રસનના તા. ૨૧—૮—૧૯૮૪ના પત્રથી આવેલ સૂચન મંજૂર કર્યાનું;

(નોંધ.—આ પરિસંવાદ માટે કુલ ખર્ચ રૂ. ૩,૨૦૦/- થશે).

(૨૪) ગુજરાત યુનિવર્સિટી કેમ્પસની માનવમંદિર માર્ગ તથા સિન્ડરટ્રેકની બાજુનો ખુલ્લો જમીન, નિયામકશ્રી, કુટિર ઉદ્યોગો અને ઔદ્યોગિક સહકાર અને અધિક રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્યને રાષ્ટ્રીય કક્ષાના ઇન્ડલૂમ "એકસ્પો-૮૫"ના તા. ૧૪—૧—૧૯૮૫થી તારીખ ૨૩—૨—૧૯૮૫ સુધી વાપરવા માટે નીચેની શરતોએ આપી તેની નોંધ લેવા બાબત :

૧. પ્રદર્શનના દિવસો દરમિયાન જમીનના સર્વિસ ચાર્જ પેટે આયોજકોએ દૈનિક રૂ. ૧૨૦૦/— ભરવાના રહેશે.

૨. પ્રદર્શનના ૧૫ દિવસ પહેલાં તથા પ્રદર્શન પૂરું થયાના ૧૫ દિવસ પછીના સમય ગાળા માટે દૈનિક રૂ. ૧૦૦/- લેખે સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે.

(૨૫) યુનિવર્સિટી કેમ્પસમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના મકાનના કંપાઉન્ડમાં સાયકલ શેડ બનાવવા માટે જમીનના ભાડાના માસિક રૂ. ૪૦૦ વત્તા ટેલ ગેટની રકમ બેંક તરફથી ભરપાઈ કરવામાં આવે તે રીતે આપવાનું;

(૨૬) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૩૧-૮-૧૯૮૪ના ક્રમાંક એફ. ૧૩—૨ (૮૪-સીપી) અન્વયે આ યુનિવર્સિટીને ચાલુ નાણાકીય વર્ષ ૧૯૮૪—૮૫ દરમિયાન મંજૂર કરેલ ગ્રાન્ટ રૂ. ૪૫,૦૦૦ની "એનએસાઈન્ડ" યોજના હેઠળ મંજૂર કરેલ તેની ફાળવણી જે તે યોજના માટે કુલપતિશ્રીએ નીચે મુજબની મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

નં.	યોજના	મંજૂર કરેલ ફાળવણીની રકમ	યુજીસી તરફથી મળવાપાત્ર ખર્ચની ટકાવારી
૧.	(અ) યુનિવર્સિટી શિક્ષકોને પરદેશમાં પરિષદો વગેરેમાં હાજરી આપવા માટે	રૂ. ૨૭,૦૦૦/—	૭૦ ટકા
	(બ) કુલપતિશ્રીઓની કોમનવેલ્થની પરિષદમાં હાજરી આપવા માટે		

૨. (અ) સંશોધન કેન્દ્ર ઉપર સ્વદેશમાં શિક્ષકોને મુલાકાત લેવા માટે	રૂ. ૧૫,૦૦૦/–	૧૦૦ ટકા
અથવા		
(બ) પરિષદો–પરિસંવાદો વગેરેમાં શિક્ષકોને હાજરી આપવા માટે.	રૂ. ૬,૦૦૦/–	૧૦૦ ટકા
૩. પારસ્પરિક શિક્ષકોની સેવાઓ માટે	રૂ. ૪,૦૦૦/–	૧૦૦ ટકા.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૩. (૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૨૪–૯–૧૯૮૪ના પત્રાંક એફ ૬–૩ (એસઆર –૪)થી નવેમ્બર માસની તા. ૧૯ થી ૨૪, ૧૯૮૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના સંયુક્ત ઉપક્રમે આયોજિત "Workshop on Gauge Theories gravity and early Universe" યોજવા માટે કુલ રૂ. ૨૯,૫૬૦ (રૂપિયા ઓગણત્રીસ હજાર પાંચસો સાઠ)ની આર્થિક સહાય મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૨) યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણી વિજ્ઞાનના રીડર ડૉ. યુ. એમ. રાવલના "Influence of Ultraviolet and infrared Radiation on the crystalline lens. A Morphophysiological study" અંગેની સંશોધન યોજના માટે કુલ રૂ. ૪,૦૧,૦૦૦ (રૂપિયા ચાર લાખ એક હજાર)ની આર્થિક સહાય ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ન્યૂ દિલ્હીએ તેના તા. ૪–૯–૧૯૮૪ના પત્રાંક એચસીએસ. ડીએસટી. ૧૨૩૧–૮૧થી મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૩) ૧૯૮૪–૮૫ દરમિયાન અરબન ડેવલપમેન્ટ એન્ડ અરબન ઈન્સ્ટિટ્યુશન્સ ઈન વેસ્ટર્ન ઈન્ડિયા ૧૬૦૦થી ૧૯૪૭ પર પરિસંવાદ યોજવા અંગે યુ.જી.સી.એ તેના તારીખ ૨૪–૯–૧૯૮૪ના પત્રાંક એફ– ૧–૨૩ (૮૪/સી ઈ–૨)થી કુલ રૂ. ૬૪,૩૦૦ (રૂપિયા ચોસઠ હજાર સાતસો)ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૪) યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧–૧૦–૧૯૮૪ના પત્રાંક એફ–૧૧–૨૦/૮૩ (એમ.સી) થી "Cresh programme in script writing and production of Video/T.V. Programmes. One week workshop of script writing for the training of University teachers in Science and technology subjects" એક અઠવાડિયા માટેનો વર્કશોપ ઈ.એમ.આર.સી., પૂનાના સહકારથી ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજવા માટે કુલ રૂ. ૧૯,૬૦૦ (રૂપિયા ઓગણીસ હજાર છસો) મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૫) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૫—૧૦—૧૯૮૪ના પત્રાંક એફ—૧૫—૧૩/૮૪ (એમ. સી)થી E.S.I.R.E. International Workshop Space Applications Centre, Ahmedabad for Participation by the University Science Teachers માટેનો વર્કશોપ સ્પેસ એપ્લિકેશન સેન્ટર, અમદાવાદના ઉપક્રમે ડિસેમ્બર ૩ થી ૨૧, ૧૯૮૪ દરમિયાન યોજવા માટે કુલ રૂ. ૧,૯૬,૩૦૦ (રૂપિયા એક લાખ છન્નુ હજાર ત્રણસો) મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૬) "National Educational Testing : Statistics for developing the Curriculum and for preparing items/questions etc." અંગે આ કાર્યાલયની વર્કશોપ યોજવા માટે યુ.જી.સી.એ તેના તા. ૨૬—૧૦-૧૯૮૪ના પત્રાંક એફ—૧—૨૫/૮૪ (એન.ઈ.ટી.) થી રૂ. ૧૫,૦૦૦ (રૂપિયા પંદર હજાર)ની આર્થિક સહાય મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

(૭) ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, મોડાસા તરફથી ધનસુરા ખાતે જૂન ૧૯૮૫થી બહેનો માટેની વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૬ (૧) હેઠળ રાજ્ય સરકારે મંજૂરી આપી હોઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૮) રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર જ્યુબિલી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સિક્કાપુરને લઘુમતી દ્વારા સંચાલિત સંસ્થા તરીકે ગણીને વ્યાખ્યાતાઓ અને આચાર્યશ્રીની નવી નિમણૂકો માટેની પસંદગી સમિતિઓ નીમવામાંથી તથા નવી નિમણૂક સમયે સંખ્યાધિક શિક્ષકને પ્રથમ પસંદગી આપવાની જોગવાઈમાંથી મુક્તિ આપ્યાની જાણ કરતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૧૧—૯—૧૯૮૪ના ઠરાવ ક્રમાંક પરચ—૧૧૮૪—૩૪૪૩૪ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૯) ઑક્ટોબર ૧૯૮૪માં લેવાયેલ થર્ડ બી.કૉમ.ની પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૨૩૯૮ને પોલીસ બંદોબસ્ત હેઠળ પરીક્ષા આપવા માટે અધ્યક્ષશ્રી, મધ્યસ્થ જેલ, અમદાવાદના પત્ર તા.જ તે અંગે ઓડિશનલ સેસન્સ જજશ્રીના આદેશ મુજબ પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપેલ હોવાથી સદરહુ વિદ્યાર્થીને પરીક્ષા માટે સ્પેશ્યલ બ્રાંકની વ્યવસ્થા મુખ્ય નિરીક્ષકશ્રીએ કરી હતી તે બાબતની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૧૦) આચાર્ય (ડૉ.) કે. જી. નાયક સંદર્ભ, ૧૯૮૩ વિજ્ઞાન વિદ્યાશાખા નિષ્ણાત સમિતિના સભ્યોના અભિપ્રાયને અનુલક્ષીને કોઈને એનાયત કરવામાં આવ્યો નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૧૧) સને ૧૯૮૨ના વર્ષ માટેનો "શ્રી હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભડોઈ સંશોધન એવોર્ડ" વિજ્ઞાન વિદ્યાશાખાના રસાયણવિજ્ઞાન વિષય માટેનો ડૉ. એમ. એન. પટેલને એનાયત કરવામાં આવ્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૧૨) ૧૯૮૩ના વર્ષ માટેના રસાયણવિજ્ઞાનના વિષય માટેનો હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભડોઈ સંશોધન ઍવોર્ડ, ડૉ. સી. બી. શાહને પાત્ર જાહેર કર્યાની.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

(૧૩) ભૌતિકવિજ્ઞાનના વિષય માટેનો ૧૯૮૪ના વર્ષ માટેનો હરિ ૐ આશ્રમ પ્રેરિત શ્રી. ગોકુલદાસ બાંભડોઈ સંશોધન ઍવોર્ડ, ડૉ. વી. એન. પોટભારને પાત્ર જાહેર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. આચાર્યશ્રી એમ. સી. દેસાઈ ચંદ્રક ૧૯૮૪ના વર્ષનો એનાયત કરવા અંગે નિષ્ણાત સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ગયા વર્ષે નિષ્ણાત સમિતિના સભ્યો નીચે પ્રમાણે હતા :

(૧) ડૉ. ધીરુભાઈ વસનજી દેસાઈ

(૨) પ્રો. એમ. જે. મહેતા અને

(૩) પ્રો. કે. આર. દીક્ષિત.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિષ્ણાત સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. સને ૧૯૮૪ના વર્ષ માટે ડૉ. કે. જી. નાયક ચંદ્રક (વિનયન વિદ્યાશાખા) એનાયત કરવા અંગે નિષ્ણાત સમિતિના સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત :

(આગળના વર્ષે વિનયન વિદ્યાશાખામાં નિષ્ણાત સમિતિના સભ્યો નીચે પ્રમાણે હતા :

(૧) ડૉ. એ. એસ. નાગર

(૨) ડૉ. આર. જે. જોશી

(૩) શ્રી. એમ. જે. મહેતા.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી નિષ્ણાત સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. જે સંલગ્ન કૉલેજો–સંસ્થાઓની સને ૧૯૮૪–૮૫માં ત્રિવાર્ષિક તપાસ કરવાની થાય છે તે માટે સ્ટે. ૨૧૦ અનુસાર ત્રિવાર્ષિક તપાસસમિતિઓની રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ત્રિવાર્ષિક તપાસ સમિતિઓની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, આદિપુર તરફથી જૂન ૧૯૮૫થી બી.એસસી.(રૂપે.)માં ભૌતિકશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા કરેલી અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ની જોગવાઈઓ અનુસાર આપવી જોઈતી સમયમર્યાદા

કરતાં મોડી આવી છે તેમ છતાં સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ તે માટે ભલામણ કરેલ હોઈ વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) અરજી તા. ૩૧—૩—૧૯૮૪ સુધીમાં આવવી જોઈએ તેને બદલે તા. ૧૨—૧૦—૧૯૮૪ના રોજ આવી છે.

(૨) કૉલેજે અન્ય ચાલુ જોડાણના વિષયો માટે કરેલી અરજી માટે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવી ગયો છે.

(૩) વિજ્ઞાન વિદ્યાશાખામાં કેવળ એક જ મુખ્ય વિષય હોઈ વધારાના વિષયથી વિદ્યાર્થીઓને વિકલ્પ મળી શકે તથા બી.એસસી. (ગૌણ)માં ગણિતશાસ્ત્ર ચાલુ કરવાથી એક અંડરસમયના વ્યાખ્યાતા છે તેને પૂરા સમયના કરવાથી કોઈ બીજી જવાબદારી વધશે નહીં તેમ કૉલેજે જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ, આદિપુર તરફથી જૂન, ૧૯૮૫થી બી.એસસી. (સ્પે.)માં ભૌતિકશાસ્ત્ર અને બી.એસસી. (જનરલ)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી નિયત સમયમર્યાદા કરતાં મોડી આવેલ હોવા છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર વિચારણા કરવાની કુલપતિશ્રીની ભલામણનો સ્વીકાર કરીને સદરહુ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા તથા તે અંગે સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; ગુજરાતી બી.એ. (સબો.)માં ઈતિહાસ, માનસશાસ્ત્ર, હિંદી તથા બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકા. એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના વધારાના જોડાણ માટેની અરજી સમયમર્યાદા બહાર હોવા છતાં જોડાણના સાતત્યની દૃષ્ટિએ તે પર વિચારણા કરવા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૧ (૧) અન્વયે કુલપતિશ્રીએ ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૮૫થી બી.એ. (મુખ્ય)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, બી.એ. (ગૌણ)માં ઈતિહાસ, માનસશાસ્ત્ર, હિંદી તથા બી.કૉમ. (મુખ્ય)માં ઍડવાન્સ એકાઉન્ટ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી નિયત સમયમર્યાદા કરતાં મોડી આવેલ હોવા છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર વિચારણા કરવા કુલપતિશ્રીની ભલામણનો સ્વીકાર કરીને સદરહુ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા તથા તે અંગે સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ તરફથી જૂન ૧૯૮૫થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં જણાવેલ સમયમર્યાદા કરતાં મોડી આવેલ છે પરંતુ સદરહુ કલમની જોગવાઈ મુજબ કુલપતિશ્રીએ એકિઝકયુટિવ કાઉન્સિલની વિચારણા કરવા માટે ભલામણ કરી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ તરફથી જૂન ૧૯૮૫થી બી કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી નિયત સમયમર્યાદા કરતાં મોડી આવેલ હોવા છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર વિચારણા કરવાની કુલપતિશ્રીની ભલામણનો

સ્વીકાર કરીને સદરહુ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા તથા તે અંગે સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦. એમ.બી.બી.એસ. થયેલા વિદ્યાર્થીઓ માટે ઓડિ. એમ.બી.બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા માટે કસ્તૂરબા ટ્રસ્ટ હોસ્પિટલ ઍન્ડ મેટરનિટી હોમ, રાસ (જિ. ખેડા)ને માન્યતા આપતા હોસ્પિટલના સેક્રેટરીના તા. ૮–૯–૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં આગળ કાર્યવાહી કરી યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. કુ. હીના બિપિનચંદ્ર વૈષ્ણવને તા. ૯–૧૧–૧૯૮૨ના પદવીદાન સમારંભ વખતે એમ.એ. (ગુજરાતી) પદવી પરીક્ષામાં એનાયત કરેલ ચાર ચંદ્રકો તેઓને ત્યાં ચોરી થતાં ગુમ થવાથી સદરહુ ચંદ્રકો તેઓના ખર્ચે ફરી બનાવી આપવા અંગેની તેમણે તા. ૧૯–૭–૧૯૮૪ના પત્રથી કરેલી વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. હીના બિપિનચંદ્ર વૈષ્ણવને તેણીના તા. ૧૯–૭–૧૯૮૪ના પત્રમાં જણાવેલ ખાસ વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ ખાસ કેસ તરીકે તેમને અગાઉ આપવામાં આવેલ ચાર ચંદ્રકો જે ચોરાઈ ગયા છે તે અંગે જરૂરી ખર્ચ લઈ પ્રત્યેક ચંદ્રક પર "ડુપ્લિકેટ" એવો નિર્દેશ કરી બનાવી આપવા.

૧૨. મે. ઓશીવારા લેન્ડ ડેવલપમેન્ટ કું. (પ્રા.) લિ., મુંબઈ તરફથી મૂળી વિસ્તારની જમીન બિનક્ષારીકરણ સંશોધન યોજનાના સંદર્ભમાં રૂ. ૨૭,૫૦૦ (અંકે રૂપિયા સત્તાવીસ હજાર પાંચસો પૂરા)ના પ્રદાનની દરખાસ્ત અંગે તેઓના તા. ૨૩–૮–૧૯૮૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(પ્રદાનની રકમ રૂ. ૨૭,૫૦૦/– યુનિવર્સિટીને મળી ગયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મે. ઓશીવારા લેન્ડ ડેવલપમેન્ટ કું. (પ્રા.) લિ., મુંબઈ તરફથી આવેલ ઉપરોક્ત પ્રદાનની દરખાસ્તનો સાભાર સ્વીકાર કરવો.

૧૩. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજના ડીન તથા શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચના અધ્યક્ષપદ પર એક જ વ્યકિત કામ કરે તે વ્યવસ્થા સદરહુ સંસ્થાના વ્યવસ્થાપકમંડળની તા. ૨૭–૪–૧૯૮૦ની સભાના ઠરાવ પ્રમાણે તબીબી શિક્ષણના હિતમાં અને વ્યવહારુ જણાતી હોઈ તે માટે મંજૂરી આપવા માટે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચના અધ્યક્ષશ્રી તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૧૪. આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રી. અશ્વિન કે જોષીની કરેલી નિમણૂક ગ્રાહ્ય રાખવા તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના આચાર્ય તરફથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) નિયમ પ્રમાણે અનુસ્નાતક કક્ષાએ ૫૦ ટકાને બદલે ૪૯.૨ ટકા થાય છે.
(૨) વ્યાખ્યાતા પ્રાપ્ય ન હોવાને કારણે શ્રી. જોશીની નિમણૂક કરવી પડી છે તેમ જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરના આચાર્યની તેમની કૉલેજના આંકડાશાસ્ત્રના ખંડસમયના લેકચરર શ્રી. અશ્વિન કે. જોષીની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવાની વિનંતી આ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને જૂન ૧૯૮૫થી યોગ્ય લાયકાત ધરાવતા લેકચરરની નિમણૂક કરવા સદરહુ કૉલેજને જણાવવું.

૧૫. આંકડાશાસ્ત્ર વિષયમાં જરૂરી લાયકાત ધરાવતા ખંડ સમયના અધ્યાપક અથાગ પ્રયત્નો કરવા છતાં ન મળવાથી બિઝનેસ મૅનેજમેન્ટનો વિષય શીખવતા શ્રી. માદરબુખ્યાને આંકડાશાસ્ત્રનો વિષય શીખવવાનું કામ સોંપ્યાનું શેઠ એસ. વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવીના આચાર્યશ્રીનું કાર્ય મંજૂર કરવાની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—કૉલેજે કરેલ વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવા વિદ્યાશાખાના અધ્યક્ષે સૂચના આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એસ. વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવીના આચાર્યશ્રીએ ઉપર જણાવ્યા પ્રમાણે એમની કૉલેજમાં બિઝનેસ મૅનેજમેન્ટનો વિષય શીખવતા શ્રી. માદરબુખ્યાને આંકડાશાસ્ત્રનો વિષય શીખવવાનું કામ સોંપ્યાની વ્યવસ્થા ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી, અને જૂન, ૧૯૮૫થી તે માટે યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવા સદરહુ કૉલેજને જણાવવું.

૧૬. કૉમ્પ્યુટર સાયન્સના વ્યાખ્યાતા શ્રી. ભાદુરી ગૌતમની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવા અંગે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીએ તેમના તા. ૨૧—૯—૧૯૮૪ના પત્રથી કરેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) જરૂરી લાયકાત ધરાવતા અધ્યાપક ટૂંકી નોટિસે મળવા અશક્ય છે તેમ આચાર્યશ્રી જણાવે છે.

(૨) શ્રી. ભાદુરી ગૌતમ યુનિવર્સિટી ધારાધોરણ પ્રમાણેની શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી. તેઓ B.Tech. સિવિલ સાથે પાસ થયેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીએ ઉપર જણાવ્યા પ્રમાણે એમની કૉલેજમાં કૉમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવતા શ્રી. ભાદુરી ગૌતમની કરેલ નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી અને જૂન, ૧૯૮૫થી યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવા કૉલેજને જણાવવું.

૧૭. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં ફાર્મેકોલોજી અને એનેટોમી ફિઝિયોલોજીના વ્યાખ્યાતા તરીકે શ્રી. એસ. કે. ગોહિલની કરેલી નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવા ફાર્મસી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ કરેલા સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. ગોહિલ ૧૯૮૪ એપ્રિલમાં એમ.ફાર્મ દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયેલ છે. વ્યાખ્યાતા માટે દ્વિતીય વર્ગ હોય તો બે વર્ષના શૈક્ષણિક કે ધંધાકીય અનુભવ હોવો જોઈએ જે તેઓ ધરાવતા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતમાં ફાર્માકોલોજી અને એનેટોમી ફિઝિયોલોજીના લેક્ચરર તરીકે શ્રી. એસ. કે. ગોહિલની કરેલી નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવા અંગેનું ફાર્મસી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનું સૂચન માન્ય રાખવું અને જૂન, ૧૯૮૫થી યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવા સદરહુ કૉલેજને જણાવવું.

૧૮. બનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પાલનપુરનું નામ બદલીને નીચે પ્રમાણે રાખવા માટે કૉલેજના સંચાલકમંડળે કરેલા ઠરાવ સાથે આચાર્યશ્રીની અરજી આવી છે તે અંગે વિચારણા કરવા બાબત :

"રાજમલ રીખવચંદ મહેતા કૉલેજ ઑફ સાયન્સ, ચિમનલાલ લક્ષ્મીચંદ પરીખ કૉલેજ ઑફ કૉમર્સ અને ગીતા દીપક મોદી કૉલેજ ઑફ આર્ટ્સ, પાલનપુર."

આથી ઠરાવવામાં આવે છે કે અનાસકાંઠા આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કૉલેજ, પાલનપુરનું નામ અદલાને કૉલેજના સંચાલક મંડળના ઠરાવ પ્રમાણે "રાજમલ રીખવચંદ મહેતા કૉલેજ ઑફ સાયન્સ, ચીમનલાલ લક્ષ્મીચંદ પરીખ કૉલેજ ઑફ કોમર્સ અને ગીતા, દીપક મોદી કૉલેજ ઑફ આર્ટ્સ, પાલનપુર" નામ રાખવા મંજૂરી આપવી.

૧૯. **ઍકિઝક્યુટિવ કાઉન્સિલને તેની તા. ૨૩—૧—૧૯૮૪ની સભામાં સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્રના લેક્ચરર શ્રી. એમ. ટી. દેસાઈને મૂલ્યાંકન સમિતિની ભલામણ પ્રમાણે રૂ. ૧,૩૦૦—૦૦ પછીનો વાર્ષિક વધારો તા. ૧૧—૬—૧૯૮૪થી આપ્યાનું ઠરાવ્યું છે તેના બદલે તા. ૧૬—૬—૧૯૮૪થી આપ્યા અંગેનો સુધારો કરવા બાબત.**

[નોંધ.—તેઓને પગારવધારો તા. ૧૬ ૬ થી આપવામાં આવતો હતો, પરંતુ છેલ્લાં પાંચ વર્ષથી પગારવધારાની તારીખ ૧૫ ૬ સેવાપત્રિકામાં બતાવેલ છે. તેથી આ ભૂલ થવા પામી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં રાજ્યશાસ્ત્ર વિષયના લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. એમ. ટી. દેસાઈને મૂલ્યાંકન સમિતિની ભલામણ પ્રમાણે રૂ. ૧૩૦૦ — પછીનો વાર્ષિક ઈજાફો તારીખ ૧૬—૬—૧૯૮૪થી આપવાનું ગણવું અને તે પ્રમાણે તેમની સેવાપત્રિકામાં જરૂરી નોંધ કરવી.

૨૦. **યુનિવર્સિટી વિદ્યાભવનોમાં કામ કરતા નીચેના શિક્ષકોના બે વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ, તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :**

ક્રમ	શિક્ષકનું નામ	હોદ્દો	ભવનનું નામ	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	ડૉ. કે. પી. શાનો	રીડર	વિજ્ઞાન ભવન	૧૪—૧—૧૯૮૫	૧૫—૧—૧૯૮૫
(૨)	ડૉ. યૂ. એમ. રાવલ	રીડર	,,	૧૪—૧—૧૯૮૫	૧૫—૧—૧૯૮૫
(૩)	ડૉ. પી. જે. ભટ્ટ	લેક્ચરર	,,	૨૦—૧—૧૯૮૫	૨૧—૧—૧૯૮૫
(૪)	ડૉ. કે. બી. દેસાઈ	લેક્ચરર	ભાષાસાહિત્ય	૩૧—૧—૧૯૮૫	૧—૨—૧૯૮૫
(૫)	ડૉ. એમ. જે. ઓઝા	લેક્ચરર	ભાષાસાહિત્ય	૩૧—૧—૧૯૮૫	૧—૨—૧૯૮૫
(૬)	શ્રી. એમ. આર. પટેલ	લેક્ચરર	સમાજ ભવન	૩૧—૧—૧૯૮૫	૧—૨—૧૯૮૫

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી લેવાલા સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કામ કરતા ઉપરોક્ત શિક્ષકોને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા.

૨૧. **યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :**

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. રા. ગા. પટેલ	મિકેનિક-કમ હેડ મશીનમેન	૨૭-૧૦-૧૯૮૪	૨૮—૧૦—૧૯૮૪
(૨)	શ્રી. જી. કે. મોમીન	બુ. બાઈન્ડર	,,	,,
(૩)	શ્રી. જ. સી. શાહ	,,	,,	,,
(૪)	શ્રી. એચ. એમ. ચૌહાણ	મશીનમેન સી	,,	,,
(૫)	શ્રી. આ. એમ. ઠાકોર	,,	,,	,,
(૬)	શ્રી. એસ. જી. ભટ્ટ	,,	,,	,,
(૭)	શ્રી. કે. આર. વાણુકર	,,	૧૬-૧૧-૧૯૮૪	૧૭-૧૧-૧૯૮૪
(૮)	શ્રી. જ. એલ. ઉપાધ્યાય	પ્રૂફરીડર-સી	૧૫-૧૧—૧૯૮૪	૧૬-૧૧-૧૯૮૪
(૯)	શ્રી. એમ. એસ. પંચોલી	મોનો-ઓપરેટર	૧૪-૧૧-૧૯૮૪	૧૫-૧૧—૧૯૮૪
(૧૦)	શ્રી. એલ. એસ. રાણા	હેલ્પર	૮—૧૧-૧૯૮૪	૯-૧૧—૧૯૮૪

સદરહુ સભ્યોની કામગીરી અંગેના આનગી હવાલા સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા ઉપરોકત કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને કાયમ કરવા.

૨૨. **યુનિવર્સિટી છાત્રાલયમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. સુરેશ બી. વાઘેલાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૧૩—૧૨—૧૯૮૪ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૪—૧૨—૧૯૮૪થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.**

સદરહુ સભ્યની કામગીરી અંગેના આનગી હવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે **યુનિવર્સિટી છાત્રાલયમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. સુરેશ બી. વાઘેલાને તા. ૧૪—૧૨—૧૯૮૪થી કાયમ કરવા.**

૨૩. **યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકગણ અને બિનશિક્ષકગણના કર્મચારીઓને મકાન-બાંધકામ માટે લોનની વ્યવસ્થા અંગેનો લાભ આપવા અંગે રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. એમ.એન.એફ.-૧૦૮૪—૨૬૧૪ઝેડ તા. ૨૧—૯—૧૯૮૪ પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના નાણાં ખાતાના મકાન બાંધકામ માટે લોનની વ્યવસ્થા અંગેનો લાભ આપવાના ઠરાવનો સ્વીકાર કરવો અને તેને યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો, અને અનોમાં તે મુજબ કાર્યવાહી કરવાનું જણાવીને પરિપત્રિત કરવાનું રાખવું.

(સદરહુ ઠરાવની નકલ આ **સાથે પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૪. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને વર્ષ ૧૯૮૪—૮૫ માટે રમતગમતનાં સાધનો ખરીદવા તથા અન્ય પ્રવૃત્તિ અંગે રૂ. ૨૦૦૦ (અંકે રૂપિયા બે હજાર પૂરા)ની આર્થિક સહાય આપવા અંગે મંડળના મંત્રીશ્રીના તા. ૧૯—૧૦—૧૯૮૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ મંડળને વર્ષ ૧૯૮૪ ૮૫ના વર્ષ માટે રમતગમતનાં સાધનો ખરીદવા તથા અન્ય પ્રવૃત્તિ અંગે અંકે રૂ. ૨,૦૦૦(અંકે રૂપિયા બે હજાર પૂરા)ની આર્થિક સહાય મંજૂર કરવી.

૨૫. અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો લેવા આવતા સ્થાનિક શિક્ષકોને આપાતા વાહન ભથ્થાનો દર રૂ. ૧૨ને બદલે રૂ. ૧૫ તા. ૧—૧—૧૯૮૪થી કરવાની ફાઇનાન્સ સમિતિની તા. ૨૯—૩—૧૯૮૪ અને તા. ૨—૪—૧૯૮૪ની સભાની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલને તેની તા. ૨૩—૬—૧૯૮૪ની સભામાં મંજૂર કરેલ સોઈ અનુ. નિયમ ૩૮ (ડી) નીચે પ્રમાણે ઠરાય તે રીતે તેને તા. ૧-૧—૧૯૮૪થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત:

P. G. Rule No. 38 (d)

"The Conveyance allowance shall be paid by the centre at the rate of Rs. 15/-- per day."

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩-૬-૧૯૮૪ની સભામાં મંજૂર કરેલ અનુ. નિયમ નં. ૩૮—ડી ઉપર પ્રમાણે ઠરાય તે રીતે સુધારવો અને તેને તા. ૧—૧—૧૯૮૪થી અમલમાં મૂકવાનું ઠરાવ્યું.

૨૬. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૫—૧૯૮૪ની સભામાં બાબત નં. ૪૦થી અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઈન-ચાર્જને આપવું માનદ વેતન જૂન ૧૯૮૪થી રૂ. ૨૫૦ને બદલે રૂ. ૩૦૦ ઠરાવેલ તે અનુસાર અનુસ્નાતક નિયમ નં. ૨૩(એફ) નીચે પ્રમાણે ઠરાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

P. G. Rule No. 23 (F) :

The University shall pay to the Professor-in-charge of the post-graduate centre an allowance for the administrative work in uniform basis a sum of Rs. 600/- per year i.e. Rs. 300/- per term. In case, however one Professor is incharge of more than one post-graduate centre, he shall be entitled to receive not more than Rs. 600/- per year i.e., Rs, 300/- per term.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૨૩—એફ ઉપર પ્રમાણે ઠરાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૭. એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮—૭—૧૯૮૪ની સભામાં ચોથા વર્ગના કર્મચારીઓને બઢતી આપી ક્લાર્ક બનાવવાના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના પ્રમુખશ્રીના તા. ૧૯—૯—૧૯૮૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કૉલેજ સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી

૨૮. **"આ વર્ષનું યુનિવર્સિટી વ્યાખ્યાન" યોજના હેઠળ વ્યાખ્યાનો તા. ઓગસ્ટ અને તા. ૪ ડિ.૧૯૭૪ ના રોજ મળેલ બોર્ડ ઑફ એ. મ્યુ. સ્ટડીઝની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

".....તેમાં કોઈપણ વ્યાખ્યાનશ્રેણી કે અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનશ્રેણીનું બે વ્યાખ્યાનો યોજાય તે ઈચ્છનીય છે. પણ તેમાં બે વ્યાખ્યાન રાખવાં જ તેવો આગ્રહ નહીં રાખવામાં આવે. એક જ પ્રકારનું વ્યાખ્યાન રાખવામાં આવે તો તે અવસ્થા પણ ગ્રાહ્ય રાખવી જોઈએ એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી દરખાસ્ત કરવામાં આવે છે કે બોર્ડ ઑફ અકેડેમિકલ સ્ટડીઝની તા. ૪ ડિ ૧૯૭૪ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૨૯. **બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૪–૮–૧૯૮૪ની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :**

(૧) ચાલુ વર્ષની આંતર-વિભાગીય ખેલકૂદ હરીફાઈઓ અમદાવાદ વિભાગ સ્થાનિક રમત સમિતિના યજમાનપદે યુનિવર્સિટી સિન્થેટિક્સ, અમદાવાદ ખાતે યોજવાનું અને તે માટે આંતર-વિભાગીય હરીફાઈઓ ખાતે અંદાજપત્રમાં મંજૂર થયેલ રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમેન અને મંત્રીશ્રીને આપવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) આંતર-યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફોર્મ કે રમતનાં જરૂરી સાધનો યુનિવર્સિટી ટીમના ફોટોગ્રાફર્સ, પ્રશિક્ષણ વગેરે માટે જરૂરી ખર્ચ કરવાનું તેમ જ રાજ્ય કક્ષાની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ અને રાજ્ય કક્ષાના ખુલ્લા વિભાગની સ્પર્ધાઓમાં ભાગ લેવા તથા કમ્બાઈન્ડ યુનિવર્સિટી ટીમની પસંદગી માટે યોજનાર પસંદગી મુકાબલામાં ભાગ લેના ખેલાડીઓને મોકલવા વગેરે માટે આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ માટે મંજૂર થયેલ રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષશ્રી અને મંત્રીશ્રીને આપવા આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

(૩) ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજો માટેના મુસાફરી તથા ભોજન ખર્ચને લક્ષમાં લઈને આંતર-કૉલેજ હરીફાઈઓ માટે મંજૂર થયેલ રૂ. ૨૧,૦૦૦ (એકવીસ હજાર પૂરા)નો ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા માટે આ બોર્ડ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

	રૂ.
ઉત્તર વિભાગ	૬,૬૦૦–૦૦
દક્ષિણ વિભાગ	૮,૧૦૦–૦૦
અમદાવાદ વિભાગ	૬,૩૦૦–૦૦
	૨૧,૦૦૦–૦૦

(૪) યુનિવર્સિટીની ત્રણેય વિભાગીય રમત સમિતિ ઉપર તેમ જ તેની સ્પોર્ટ્સ એકિઝકયુટિવ કમિટી ઉપર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ નિયામકશ્રીને હોદ્દાની રૂએ એક્સ-ઑફિશિયો સભ્ય તરીકે

નિયુક્ત કરવા અને તે અંગે સંબંધકર્તા ઓર્ડિ. ૧૬ અને ૧૮(૧)નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે મંજૂર કરવા આ બોર્ડ ઓફિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે :

O. 16 :

A zonal sports committee shall consist of the Principals of the college, Heads of the recognised Institutions and the Adm. Head representing the University Department, lying within the jurisdiction of the committee as defined in O 15 or their nominees with powers to co-opt not more than five members, of these members two shall be students (*i*) One appointed by the President from his own Institution and (*ii*) the second who shall have represented the University at any of the Inter-University competition. to be co-opted by the zonal sports committee. The Director of Physical Education of the University will be an ex-officio member of this zonal sports committee.

O. 18 (i) :

Every zonal sports committee shall meet not more than once every term, provided that all work relating to the activities of sports, falling within the jurisdiction of the zonal sports committee shall be carried out by a committee called the "Zonal sports Executive Committee" which shall consist of not more than seven members including President, Secretary, Treasurer to be appointed by Zonal Sports Committee, in its first meeting The Director of Physical Education of the University will be an ex-officio member of this zonal sports committee.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ સ્પોર્ટ્સની તા. ૧૪-૯-૧૯૮૪ની સભાની ઉપરોક્ત ભલામણો મંજૂર કરવી.

૩૦. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના ટીચિંગ-રિસર્ચ એસોશિયેટ કુ. રુખસાના ઝેડ. પઠાણે તા. ૧૯-૧-૧૯૮૪થી તા. ૨૩-૩-૧૯૮૪ સુધીની ૬૬ રજાઓ અને તા. ૨૪-૩-૧૯૮૪થી તા. ૧૮-૧-૧૯૮૬ સુધી બિનપગારી રજાઓ મંજૂર કરવા અંગે તા. ૧૬-૧-૧૯૮૪ અને તા. ૧૭-૧-૧૯૮૪ની અરજીઓ કર્યા બાદ સદરહુ રજાઓને મંજૂર કરાવ્યા સિવાય તા. ૧૯-૧-૧૯૮૪થી છેક આજ સુધી-તા. ૬-૧૦-૧૯૮૪ સુધી સતત ગેરહાજર રહ્યાં હોઈ તેમના કેસ અંગે વિચારણા કરવા બાબત.

| નોંધ.-યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટેની સેવા-શરતોની કલમ ૭ અને ૧૩નો પાઠ નીચે મુજબ છે :

(7) That the said teacher shall devote his whole time to the service of the University and shall not without having first obtained permission of the officer, authority or body of the University authorised in that behalf under the provisions of the said Act or under any Statute or Ordinance or rule made thereunder either (*a*) apply for or accept any post or service

carrying remuneration, (*b*) engage directly or indirectly in any trade, business or occupation, (*c*) take active part in politics, or (*d*) except in case of accident or emergency or sickness certified by competent medical authority, absent himself from his duties without getting the leave sanctioned by the competent officer or authority of the University as per the leave rules of the University.

(13) That in case the teacher is incapacitated by illness or other cause from duly performing his duties under this agreement for a period or periods exceeding in all six months (vacations not being reckoned thereto) in any 52 consecutive weeks, the syndicate may, at its option, terminate this agreement forthwith and without notice.'

આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટના ટીચિંગ-રિસર્ચ અસોસિયેટ કુ. રુખસાના ઝેડ. પઠાણની નિમણૂક અંગેનો કરાર તાત્કાલિક રદ કરવો, અને તેમને યુનિવર્સિટીની સેવાઓમાંથી તાત્કાલિક ફારેગ કરવાં, અને વધુમાં તેમણે તેમની રજાના સંદર્ભમાં યુનિવર્સિટીને લખી આપેલ તા. ૭-૮-૧૯૮૧ના બાંયધરીપત્રની શરત નં. ૪ પ્રમાણે રૂ. ૧૦,૦૦૦ની રકમ તેમની પાસેથી વસૂલ કરવી.

૩૧. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજીના લેક્ચરર ડૉ. શ્રીમતી એલ. કે. મૂર્તિને Dadda ફેલોશિપની પસંદગી માટે તેઓ પસંદગી પામે તો યુનિવર્સિટીને ઓછામાં ઓછાં ત્રણ વર્ષની સેવાઓ આપશે તે શરતે, એક વર્ષની સવેતન (પૂરા પગાર અને ભથ્થાં સહિત) અભ્યાસ રજા, એકિઝકયુટિવ કાઉન્સિલ આ અંગે જે નિર્ણય કરે કે જે શરતો કરે તે તેઓને બંધનકર્તા રહેશે તે શરતે, "નો ઓબ્જેકશન" પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે તે બાબતમાં જરૂરી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાનના લેક્ચરર ડૉ. (શ્રીમતી) એસ. કે. મૂર્તિની ફેલોશિપ માટેની અરજીના સંદર્ભમાં તેમણે જણાવવું કે યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણો મુજબ, તમને સવેતન (પૂરા પગાર અને ભથ્થાં) સહિત અભ્યાસ રજા આપવાની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૩૨. યુનિવર્સિટી ગ્રંથાલય માટે એક નવું કોપિયર મશીન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) યુ.જી.સી. તથા રાજ્ય સરકાર તરફથી આ માટે છઠ્ઠી યોજના હેઠળ કુલ રૂ. ૧,૨૫,૦૦૦ની આર્થિક સહાય મળશે.

(૨) મૂળ ગ્રંથાલય માટે ખરીદવાનું રાખેલું તે કોપિયર મશીન રાજ્ય સરકાર તરફથી રૂપિયા ૭૩,૩૦૭-ની આર્થિક સહાય મંજૂર થતાં યુનિવર્સિટી કાર્યાલય માટે તે વસાવવામાં આવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય માટે નવું કોપિયર મશીન ખરીદવાનું રાખવું.

૩૩. માર્ચ—એપ્રિલ ૧૯૮૫માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા વિચારણા કરવા બાબત.

૩૪. ઑકટોબર ૧૯૮૪માં લેવાયેલ બેલએલ.બી.ની પરીક્ષાઓ માટે નડિયાદ લૉ કૉલેજના આચાર્યશ્રીએ તેમની કૉલેજના બિનશૈક્ષણિક કર્મચારીઓના સગા બેસતા હોવાથી અને એપ્રિલ ૧૯૮૪ની પરીક્ષામાં બનેલ

બનાવને કારણે કોઈ કર્મચારી કામ કરવા તૈયાર ન હોવાથી તેઓ પરીક્ષાનું સંચાલન કરી શકે તેમ નથી તેમ જણાવતાં નડિયાદની અન્ય કૉલેજમાં વ્યવસ્થા કરવી પડી તો ભવિષ્યમાં આમ થાય તો પરીક્ષા સંચાલનના અનેક પ્રશ્નો ઊભા થાય તો તેના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

બાબત નં. ૩૩ અને બાબત નં. ૩૪ની વિચારણા સાથે કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતમાં યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૧. **આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તેમ જ પ્રાધ્યાપકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને લગતક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧–૯–૧૯૮૪, ૧૨–૯–૧૯૮૪, ૧૩–૯–૧૯૮૪, ૧૪–૯–૧૯૮૪, ૧૯–૯–૧૯૮૪, ૨૧–૯–૧૯૮૪, ૧૭–૧૦–૧૯૮૪ અને ૨૧–૧૧–૧૯૮૪ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧–૯–૧૯૮૪, તા. ૧૨–૯–૧૯૮૪, તારીખ ૧૩–૯–૧૯૮૪, તા. ૧૪–૯–૧૯૮૪, તા. ૧૯–૯–૧૯૮૪, તા. ૨૧–૯–૧૯૮૪, તા. ૧૭–૧૦–૧૯૮૪, તા. ૨૧–૧૧–૧૯૮૪ અને તા. ૨૮–૧૧–૧૯૮૪ના રોજ મળેલી સભાઓની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮–૧૧–૧૯૮૪ની સભાની ભલામણ મુજબ શિક્ષકો સર્વશ્રી (૧) એમ. આર. રાઠોડ અને (૨) શ્રી. બી. એન. પટેલને શિક્ષક તરીકે બે વર્ષ માટે અમાન્ય કરવા અને કૉલેજને તેનો જાણ કરીને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવું.

તા. ૨૮–૧૧–૧૯૮૪ની બાબત નં. ૨ અને ૩ માં છાપભૂલ છે તે સુધારીને ઉપર પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે.

(સદરહુ સમિતિની ઉપરોકત સભાઓની કાર્યવાહીની નોંધોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩૬. **યુનિવર્સિટીના વધતા જતા પરીક્ષા ખર્ચના સંદર્ભમાં જુદી જુદી પરીક્ષાઓની ફી, જે ઑ. ૧૨૯ મુજબ નિયત કરવામાં આવી છે, તેમાં ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૩૭. **સને ૧૯૮૩–૮૪ના વર્ષનો ૩૪મો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૮૩–૮૪ના વર્ષનો ૩૪મો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૮. **યુનિવર્સિટીમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેઓના પ્રૉવિડંટ ભંડોળમાંથી સ્ટે. ૧૮૮ (૨) પ્રમાણે મકાન મરામત/ખરીદવા માટે લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :**

ક્રમાંક	નામ તથા હોદ્દો	લોનની રકમ	આગાઉ લોન લીધી છે કે કેમ ?	કારણ
૧	૨	૩	૪	૫
(૧)	શ્રી. ભાણુજીભાઈ રાજારામ ચૌહાણ. પ્લમ્બર	રૂ. ૨૩,૧૦૦/–	હાજી	મકાન મરામત અંગે
(૨)	શ્રી. એસ. એ. ત્રિવેદી	રૂ. ૨૬,૦૦૦/–	હાજી	,,

૧	૨	૩	૪	૫
(૩)	શ્રીમતી હંસાબહેન યુ. વ્યાસ, રી. આસિ.	રૂ. ૩૧,૦૦૦/—	લાગુ	,,
(૪)	શ્રી. જે. જી. શિગાડે	રૂ. ૪૧,૦૦૦/—	લાગુ	ગુજરાત હાઉસિંગ બોર્ડને રકમની ચુકવણી અંગે
(૫)	શ્રી. જી. એફ. પટેલ	રૂ. ૨૫,૦૦૦/—	લાગુ	,,

[નોંધ.—ઉપરોકત લોનની રકમમાંથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ લોન તથા બિલ્ડિંગ લોનની રકમ તથા તે પર થતું વ્યાજ કાપી લેવામાં આવશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં કામ કરતા ઉપરોકત કર્મચારીઓને રજે. ૧૮૮(૨) પ્રમાણે, તેમનાં **નામ સામે જણાવેલ રકમનો લોન** યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી આપવો.

૩૯. ૧૯૮૪—૮૫ના વર્ષમાં વાણિજ્ય વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને માટે ગુજરાતી ભાષામાં "બૅંકિંગ અને ભચત"ને લગતા વિષય પર યોજનાર બૅન્ક ઑફ બરોડા ટ્રોફી વકતૃત્વ સ્પર્ધા માટે બે નિર્ણાયકો નિયુકત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ગયે વર્ષે નીચેની વ્યકિતઓનો નિર્ણાયક તરીકે નિયુકિત કરવામાં આવી હતી :

(૧) શ્રી. એફ. કે. મહેતા (નિવૃત્ત રિજિયોનલ મૅનેજર, બૅન્ક ઑફ ઇંડિયા)

(૨) ડૉ. એમ. એસ. દિવેદી (ડાયરેકટર સરદાર પટેલ ઇન્સ્ટિટયૂટ) તેઓ હાજર રહી શકયા ન હતા. આથી શ્રી. આર. બી. દેસાઈ (ડેવલપમેન્ટ મૅનેજર, બૅન્ક ઑફ બરોડા)ની સેવાઓ લીધી હતી.

(૩) શ્રી. એસ. અન. અમીન (રિજિયોનલ મૅનેજર, બૅન્ક ઑફ બરોડા).]

આથી ઠરાવવામાં આવે છે કે બૅન્ક ઑફ બરોડા ટ્રોફી વકતૃત્વ સ્પર્ધા માટે નિર્ણાયકો નિયુકત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. ભવન્સ આર્ટ્સ, સાયન્સ અને જશોદાબહેન કોમર્સ કૉલેજ, ડાકોરના હિંદી વિષયનાં બંડ સમયનાં વ્યાખ્યાતા શ્રીમતી ડી. આર. દેસાઈને નિમણૂક અમાન્ય કર્યાના અનુસંધાનમાં આચાર્યશ્રીએ તેમના તા. ૧૬—૧૦—૧૯૮૪ના પત્રથી બંડ સમયના હિંદી વિષયના વ્યાખ્યાતા પ્રાપ્ત થતા ન હોવાથી, શિક્ષણ-કાર્યમાં વિક્ષેપ ન થાય તે માટે સદરહુ નિમણૂકની કરેલી વ્યવસ્થાને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવા આચાર્યની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કૉલેજનાં હિંદી વિષયનાં બંડસમયનાં લેકચરર શ્રીમતી ડી. આર. દેસાઈની નિમણૂકની કરેલી વ્યવસ્થાને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી ગ્રાહ્ય રાખવી, અને જૂન ૧૯૮૫થી યોગ્ય લાયકાત ધરાવતા લેકચરરની નિમણૂક કરવા સદરહુ કૉલેજને જણાવવું.

૪૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૮—૯—૧૯૮૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—ક્રમાંક ૩, ૮, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૮, ૨૦ અને ૨૧ પરત્વે વિચારણા કરવાની રહેતી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૮—૯—૧૯૮૪ની ઉપરોકત ભલામણો મંજૂર રાખવી.

(સદરહુ બોર્ડની સભાની ભલામણોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪૨. **એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૩—૬—૧૯૮૪ની સભામાં યુનિવર્સિટીની બી.ઈ. (ઇલેકિટ્રકલ) તથા એમ.એ. પદવી પરીક્ષાઓ માટે સ્વીકારેલ બે ચંદ્રકો "નારણપુરા સાર્વજનિક ટ્રસ્ટ ચંદ્રક" અંગેના આ સાથે સામેલ નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બે ચંદ્રકો "નારણપુરા સાર્વજનિક ટ્રસ્ટ ચંદ્રક" પ્રદાન અંગેના નિયમો મંજૂર રાખવા.

(ચંદ્રકો અંગેના નિયમોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૪૩. **એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૩—૬—૧૯૮૪ની સભામાં સ્વીકારવામાં આવેલ થર્ડ બી.એ. પદવી પરીક્ષાના ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના મુખ્ય વિષયમાં "વિજયશંકર મંછારામ ભટ્ટ ચંદ્રક" એનાયત કરવા અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ચંદ્રક પ્રદાન અંગના નિયમો મંજૂર રાખવા.

(ચંદ્રક એનાયત કરવા અંગના નિયમોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૪. **ગુજરાત યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૩૦/૩૧ -૩—૧૯૮૪ની સભામાં સુધારેલ સ્ટે. ૨૧૦ ને કુલાધિપતિશ્રીએ મંજૂર કર્યો તાજે સંલગ્ન કૉલેજો અને સંસ્થાઓની ત્રિવાર્ષિક તપાસ સમિતિનો પેનલ પર સભ્ય સંખ્યા વધારવા અંગે વિચારણા કરવા બાબત.**

[નોંધ.—(૧) પ્રવર્તમાન સ્ટે. ૨૧૦ મુજબ પેનલ પર નિમાયેલ સભ્યોની મુદત તા. ૨૪—૬—૧૯૮૬ સુધીની છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા સ્ટે. ૨૧૦ને કુલપતિશ્રીએ આપેલ મંજૂરીની નોંધ લઈ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ત્રિવાર્ષિક તપાસ સમિતિનો પેનલ પરની સભ્યસંખ્યા અંગે જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(સુધારેલા સ્ટે. ૨૧૦નો નકલ આ સાથે **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૫. **સંલગ્ન કૉલેજોમાં કામ કરતા પી. ટી. ઈન્સ્ટ્રકટરો તથા ગ્રંથપાલોનાં સુધારેલાં પગારધોરણોના સંદર્ભમાં નવી ભરતી માટે વરણી સમિતિની રચનાની બાબતમાં રાજ્ય સરકારના તા. ૧—૮—૧૯૮૪ના ઠરાવ ક્રમાંક પરચ/૧૧૮૪/૧૧૪૭૯/મ પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના તા. ૧ -૮ -૧૯૮૪ના ઉપરોકત ઠરાવનો સ્વીકાર કરવો અને તે પ્રમાણે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા પી. ટી. ઈન્સ્ટ્રકટરો તથા ગ્રંથપાલોનાં સુધારેલાં પગારધોરણના સંદર્ભમાં નવી ભરતી માટે વરણી સમિતિ નિમાય તેમ લાગતાવળગતાને જાણ કરવી.

(સરકારના તા. ૧—૮- ૧૯૮૪ના સદરહુ ઠરાવની નકલ આ સાથે **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૬. **ફોટોગ્રાફીનો અભ્યાસક્રમ તૈયાર કરી અહેવાલ રજૂ કરવા માટે નીમેલ સમિતિની તા. ૧૭—૨- ૧૯૮૪ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરી ડિપ્લોમા ઈન સિનેમેટોગ્રાફીનો અભ્યાસક્રમ અકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૨—૬- ૧૯૮૪ની સભામાં મંજૂર કર્યો છે અને સમિતિની તા. ૧૬—૧૨—૧૯૮૩ની સભાએ તૈયાર કરેલ (૧) અભ્યાસક્રમને લગતાં જરૂરી સાધનોની યાદી અને (૨)**

પ્રવેશ અંગેના નિયમો, અંદાજીખર્ચ, વિદ્યાર્થીસંખ્યા, જરૂરી કર્મચારીગણ, મકાન વગેરે અંગેનાં ભલામણો મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અકેડેમિક પ્લાનિંગ બોર્ડની વિચારણા માટે મોકલવી.

(એકેડેમિક કાઉન્સિલ બાબત--૭ : તા. ૧૬--૧૨ -૧૯૮૩નો સમિતિનો ભલામણોની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૪૭. વિદ્યાર્થી **પ્રતિનિધિઓની ચૂંટણી અંગેનો** સ્ટે. ૧૪-સી. ૬૪ યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦/૩૧ -૩--૧૯૮૪**ની સભાએ પુનર્વિચારણા માટે મોકલેલ. તે એકિઝકયુટિવ કાઉન્સિલે સમિતિની** વિચારણા માટે મોકલેલ. **સદરહુ સમિતિએ તે અંગે કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૪૮. **સંલગ્ન કોલેજોની મોટી સંખ્યા ધરાવતી યુનિવર્સિટીઓની** વહીવટી જવાબદારીનું **વિકેન્દ્રીકરણ કરવા માટે વહીવટી ઉપકેન્દ્રો સ્થાપવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૬—૮--૧૯૮૪ના પત્રથી મોકલેલ યોજના પર વિચારણા કરવા બાબત.**

[નોંધ.—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી વાર્ષિક રૂ. ૧૦,૦૦૦--૦૦ આર્થિક સહાય ઉપલબ્ધ કરવામાં આવશે તેમ જણાવ્યું છે પરંતુ તે માટે તેટલી જ રકમ યુનિવર્સિટીએ ખર્ચવી રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે **યુનિવર્સિટી ગ્રાન્ટ્સ** કમિશનના તા. ૬—૮ -૧૯૮૪ના પત્રની નોંધ લેવી.

(સદરહુ યોજના માટેની **યુનિવર્સિટી ગ્રાન્ટ્સ** કમિશનની માર્ગદર્શક રૂપરેખાની નકલ તથા તે અંગેની કાર્યાલયની નકલ આ સાથે **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૪૯. **યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગમાં હોકી કોચની** જગ્યા માટે તા. ૨૬—૧—૧૯૮૪ના રોજ **મળેલી વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે** તેની તા. ૨૧—૮--૧૯૮૪**ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા.બા.ક. ૬).**

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગમાં હોકી કોચની જગ્યા માટે ફરીથી જાહેરાત આપીને નવેસરથી અરજીઓ મંગાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે **એકેડેમિક** કાઉન્સિલની તા. ૨૧—૮—૧૯૮૪નો ઉપરોક્ત ભલામણ મંજૂર રાખવી.

૫૦. **એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫—૬—૧૯૮૩ની સભામાં** ક્રેડિટ ગુણાંકની ગણતરી કરવાનાં **ધોરણો નિયત કરેલાં તે પ્રમાણે ગણતરી કરતાં ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે** સર્વગ્રાહી વિચારણા કરવા માટે **કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૧૩—૯—૧૯૮૩ની સભાની** ભલામણ અંગે તા. ૨૯—૧૦—૧૯૮૩**ની એકિઝકયુટિવ કાઉન્સિલે પુનર્વિચારણા કરવાનું ઠરાવેલ હોઈ આ સમિતિની તા. ૧૧—૯—૧૯૮૪ના રોજ મળેલ સમિતિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે એકિઝકયુટિવ કાઉન્સિલને તેની તા. ૨૫—૬--૧૯૮૩ની સભામાં ક્રેડિટ ગુણાંકની ગણતરી કરવા માટેનાં ધોરણો નક્કી કરવા અંગે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની તા. ૧૩—૯—૧૯૮૪ ની સમિતિની ભલામણો જે એકિઝકયુટિવ કાઉન્સિલને તા. ૨૯—૧૦—૧૯૮૩ની સભામાં પુનર્વિચારણા કરવા

સદરહુ સમિતિ સમક્ષ મૂકેલ તે અનુસાર, આ સમિતિની તા. ૧૧–૯–૧૯૮૪ના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર રાખવી અને તેનો અમલ માર્ચ/એપ્રિલ ૧૯૮૫માં થનાર પરીક્ષાઓથી કરવાનું રાખવું.

(તા. ૧૧–૯–૧૯૮૪ની સમિતિની સભાની ભલામણો આ સાથે **પરિશિષ્ટ** "ટ" તરીકે સામેલ છે.)

૫૧. પ્રો. એસ. આર. શાહના તા. ૨૪–૫–૧૯૮૪ના આ યુનિવર્સિટીની ઈજનેરી વિદ્યાશાખાની જુદી પરીક્ષાઓ માટે નિમાતા પરીક્ષકોના મહેનતાણાના દર સુધારવા અંગે લખેલ પત્ર અંગે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૨૯–૮–૧૯૮૪ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની ઈજનેરી વિદ્યાશાખાની જુદી જુદી પરીક્ષાઓ માટે નિમાતા પરીક્ષકોના મહેનતાણાના દર સુધારવા અંગે ઉપરોક્ત સમિતિની તા. ૨૭–૮–૧૯૮૪ની ભલામણો મંજૂર રાખવી.

(સમિતિની ભલામણોની નકલ આ સાથે **પરિશિષ્ટ** "ઠ" તરીકે સામેલ છે.)

૫૨. તા. ૨૮–૧૧–૧૯૮૪ના રોજ મળનાર ફાઇનાન્સ સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૮–૧૧–૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮–૧૧–૧૯૮૪ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ** "ડ" તરીકે સામેલ છે.)

૫૩. ફાઇનાન્સ સમિતિની તા. ૨૧–૯–૧૯૮૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૨૧–૯–૧૯૮૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧–૯–૧૯૮૪ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ઢ" તરીકે આ સાથે સામેલ છે.)

૫૪. ભૂસ્તરવિજ્ઞાનના વિષયનું (એડહોક) અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૮૫થી બંધ કરવા તથા તે અંગે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની બાબતમાં એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટયૂટ અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ પત્રના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતમાં કૉલેજના આચાર્ય તેમ જ સંબંધકર્તા અધ્યાપકો સાથે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવી :

૧. ડૉ. વી. સી. શાહ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. શ્રી. નરસિંભાઈ પરીખ
૪. પ્રિ. એમ. સી. શાહ.

૫૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) "ઓડ નિવાસી સ્વ. જયંતીભાઈ ઉમેદભાઈ પટેલ તથા કૃષ્ણાભાઈ ઉમેદભાઈ પટેલ ચંદ્રક" આ યુનિવર્સિટી તરફથી દર વર્ષે લેવામાં આવતી ગ્રંથાલયશાસ્ત્રની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર ઉમેદવારને એનાયત કરવા માટે રૂ. ૭,૫૦૦/– તથા રૂ. ૭૧૦/— વર્ષ ૧૯૮૪ની પરીક્ષા માટે એમ કુલ રૂ. ૮૨૧૦/ના પ્રદાનનો સ્વીકાર કર્યાનું;

(૨) ગુજરાત યુનિવર્સિટીની બી.એસ.સી. (નર્સિંગ) પદવી પરીક્ષામાં "સ્વ. પાર્વતીબહેન રતનજી દેસાઈ સ્મૃતિચંદ્રક" એનાયત કરવા અંગે શ્રીમતી હેમાબહેન અમૃતલાલ ફોજદાર, મુંબઈ તરફથી આવેલ રૂ. ૮,૨૧૦ (૩,૫૦૦ પ્રદાન વત્તા રૂ. ૩૫૦ વર્ષ ૧૯૮૪ માટે એમ અંકે રૂપિયા આઠ હજાર બસો પચાસ પૂરા)નું પ્રદાન સ્વીકાર્યાનું, તથા નિયમો મંજૂર કર્યાનું;

(૩) એમ. એસ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમ માટે ચાલુ વર્ષે વધુ ૩૦ વિદ્યાર્થીઓને, તે માટે નિયત થયેલી સમિતિની ભલામણો અને સૂચવેલી શરતોને આધીન પરવાનગી આપ્યાનું.

(૪) ૧૯૮૪-૮૫ના શૈક્ષણિક વર્ષથી શરૂ થયેલા વનવિજ્ઞાન (ફૉરેસ્ટ્રી)ના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમમાં સત્ર ફી રૂ. ૨૦૦-૦૦ અને સેમેસ્ટર ફી રૂ. ૬૦-૦૦ નિયત કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તથા તેને અનુલક્ષીને નીચેના ઑર્ડિ. ૧૫૧ (સી)ની કંડિકા [a (ii)] અને [b (i)]માં જરૂરી સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

O. 151 (C):

(a) (ii) For Diploma in the Faculty of Medicine per term or for Diploma in Forestry per term ... Rs. 200

(b) Laboratory fees for full time / part time students per term shall be as under :

(b) (i) For the subject of Home Science and all science subjects other than Mathematics and Statistics for Master's or M.Phil. or Ph.D. Degree or the M.Pharm. Degree or for Diploma in Forestry. ... Rs. 60

(૫) ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કૉલેજ, મોડાસાનું જૂન ૧૯૮૪થી જોડાણ અંગેનું જાહેરનામું શરતો પરિપાલન થયેથી આપવામાં આવશે તે દરમિયાન આ કૉલેજના વિદ્યાર્થીઓની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તરીકે નોંધણી (રજિસ્ટર્ડ) કર્યાનું તેમજ નવેમ્બર ડિસેમ્બર ૧૯૮૪માં લેવામાં આવનાર સેમિસ્ટર પરીક્ષામાં બેસવા દેવાનો મંજૂરી આપ્યાનું.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૧૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

(૧) આદિવાસી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બિલોડાની જૂન ૧૯૮૧થી બી.એ. (ધ્રુવ્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ. (ગૌણ)માં સહકાર અને એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં જણાવેલી મુદત બાદ આવી છે, પરંતુ શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું;

[નોંધ.-- સદરહુ અરજી યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અન્વયે તા. ૩૧-૩-૧૯૮૪ સુધીમાં આવવી જોઈએ, જ્યારે આ અરજી તા. ૧૭-૧૧-૧૯૮૪ના રોજ આવી છે.]

(૨) એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદના આચાર્ય જે. પી. ત્રિવેદીને કેમિસ્ટ્રી વિષયમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૧૯૮૪–૮૫ દરમિયાન પૂર્વ સ્નાતક કક્ષાએ ૭ તાસ તથા અનુસ્નાતક કક્ષાએ ૨ તાસ એટલે કે ઑર્ડિ. ૧૨૦–એ.ની કંડિકા (૩)ની નોંધ (૧)માં કરેલ જોગવાઈઓના ૧ : ૨ પ્રમાણે ગણતરી કરતાં ૪ તાસ મળી કુલ ૧૧ તાસનો કાર્યભાર સંભાળવાનું, અપવાદ તરીકે, ગ્રાહ્ય રાખ્યાનું;

| નોંધ.— ૧. આચાર્ય ઑર્ડિ. ૧૨૦-એ અન્વયે (૯) તાસ લઈ શકે.
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ અપવાદ તરીકે આ વર્ષ પૂરતું ગ્રાહ્ય રાખવા અભિપ્રાય આપેલ છે. |

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૫૭. ગ્રાન્ટ્સ યુટિલાઈઝેશન સમિતિના સભ્યોની મુદત તારીખ ૧૧–૧૨–૧૯૮૪ના રોજ પૂરી થતી હોવાથી ઑર્ડિ. ૩૭ મુજબ છ સભ્યોની ત્રણ વર્ષની મુદત માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૮. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો.ઑ. સ્ટોર્સ લિ.ના પેટાનિયમ નં. ૨૦ (અ) (૧) પ્રમાણે તેની વહીવટી સમિતિ પર વર્ષ ૧૯૮૪–૮૫ માટે ગુજરાત યુનિવર્સિટી તરફથી ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના પ્રતિનિધિઓની નિમણૂક કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૯. ગુજરાત યુનિવર્સિટીનાં નીચેનાં વિદ્યાભવનોની ૧૯૮૩–૮૪ના વર્ષની ત્રિવાર્ષિક તપાસ માટે તપાસ-સમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સ
૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લૅંગ્વેજ
૩. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, એજ્યુકેશન ઍન્ડ ફિલોસોફી
૪. યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સ
૫. શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવન
૬. ડૉ. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ
૭. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લૉ.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ઉપરોક્ત ભવનોની ત્રિવાર્ષિક તપાસ સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. શ્રી. સી. સી. મહિલા આર્ટ્સ ઍન્ડ શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૮૫થી બી.કૉમ. (ગ્રૂપ ૧)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત

યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર મોડી આવી છે: પરંતુ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર તેના પર વિચારણા કરવા કુલપતિશ્રીએ ભલામણ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ અરજી તા. ૩૧—૩—૧૯૮૪ સુધીમાં યુનિવર્સિટીને મળવી જોઈએ, પરંતુ સદરહુ અરજી તા. ૧૬—૧૧—૧૯૮૪ના રોજ આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. સી. મહિલા આર્ટ્સ એન્ડ શેઠ સી. એન. કોમર્સ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૮૫થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેનો અરજી નિયત સમય કરતાં મોડી આવેલ હોવા છતાં શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ તે પર વિચારણા કરવાની કુલપતિશ્રીની ભલામણનો સ્વીકાર કરીને સદરહુ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરવા તથા તે અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૧. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની માન્યતા / અમાન્યતાના ફેરફાર અંગેની યાદીઓ તથા ૧૧મી જૂન, ૧૯૮૩ના વર્ષના જોડાણની શરતોના પરિપાલનરૂપે માન્ય કરેલ શિક્ષકોની યાદી (જાણ સારુ) :

(૧) સંલગ્ન કૉલેજોમાં કુલપતિશ્રીએ જે શિક્ષકોની નિમણૂકોને માન્ય રાખી તેની યાદી
(૨) સંલગ્ન કૉલેજોમાં કુલપતિશ્રીએ જે શિક્ષકોની નિમણૂકોને અમાન્ય રાખેલ છે તેની યાદી
(૩) આ અગાઉ માન્ય થયેલા અને તેમના પદમાં કોઈ ફેરફાર થયો નથી અને તેમની નિમણૂકોની નોંધ લેવાની છે તેવા શિક્ષકોની યાદી
(૪) ૧૫મી જૂન, ૧૯૮૩ના શૈક્ષણિક વર્ષ દરમિયાન જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં માન્ય રાખેલ નિમણૂકો.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

૬૨. યુનિવર્સિટીના શિક્ષકો અને સંલગ્ન (નૉન-ગવર્નમેન્ટ) કૉલેજોના શિક્ષકો માટે પેનશન યોજના લાગુ પાડવા અંગે રાજ્ય સરકારશ્રીના ઠરાવોને નં. એન.જી.સી.—૧૫૮૨ / ૯૫૦૫ (૮૪) કે. એચ. તારીખ ૧૫—૧૦—૧૯૮૪ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના સદરહુ ઠરાવનો સ્વીકાર કરી યુનિવર્સિટીના શિક્ષકો અને સંલગ્ન (નૉન-ગવર્નમેન્ટ) કૉલેજોના શિક્ષકો માટે પેન્શન યોજના સદરહુ ઠરાવની જોગવાઈ અનુસાર તાત્કાલિક લાગુ પાડવી.

(રાજ્ય સરકારના સદરહુ ઠરાવની નકલ **પરિશિષ્ટ " ન "** તરીકે સામેલ છે.)

૬૩. નબળા વર્ગો (Weaker Section)ના વિદ્યાર્થીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓના સંદર્ભમાં તાલીમવર્ગો અંગે ભારત સરકારના શિક્ષણ અને સંસ્કૃતિ ખાતાના તા. ૩—૬—૧૯૮૪ના ડી.ઓ. પત્રાંક એફ.૬—૧૩ / ૮૪ એસસી / એસટી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિગતે એક દરખાસ્ત તૈયાર કરી ભારત સરકારના શિક્ષણ અને સાંસ્કૃતિક ખાતાને મોકલી આપવાનું રાખવું.

૬૪. યુનિવર્સિટી મુદ્રણાલયમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એસ. એચ. દેસાઈએ ગ્રામ પંચાયતની ચૂટણીમાં ઉમેદવાર તરીકે ઊભા રહેવા માટે યુનિવર્સિટી કાર્યાલયને તા. ૨૪—૯—૧૯૮૪ના રોજ

અરજી કરેલ, પણ તે અંગે નિર્ણય લેવાય તે પહેલાં તેઓ આ ચૂટણીમાં બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હોઈ તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સંજોગોમાં શ્રી. એસ. એચ. દેસાઈની તેમની તા. ૨૪–૯–૧૯૮૪ની અરજી દ્વારા કરેલ સદરહુ વિનંતી પશ્ચાદ્‌વર્તી ધોરણે મંજૂર કરવી.

૬૫. યુનિવર્સિટીના ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન સેન્ટરમાં કૉ-ઑર્ડિનેટર-કમ-પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા માટે તા. ૩–૧૦–૧૯૮૪ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭–૧૧–૧૯૮૪ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.ભા.ક. ૫) :

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણી સમિતિની તા. ૩–૧૦–૧૯૮૪ની સભાની ભલામણ સ્વીકારવા અને તે મુજબ ડેવલપમેન્ટ કૉમ્યુનિકેશન સેન્ટરમાં કો.ઑર્ડિનેટર-કમ-પ્લેસમેન્ટ-ઑફિસરની જગ્યા પર ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડેવલપમેન્ટલ કૉમ્યુનિકેશન સેન્ટરમાં કૉ-ઑર્ડિનેટર-કમ-પ્લેસમેન્ટ ઑફિસરની જગ્યા પર શ્રી. સુભાષ આર. શાહની નિમણૂક ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭–૧૧–૧૯૮૪ની સભામાં કરેલ ઉપરોકત ભલામણ અનુસાર રૂ. ૭૦૦–૪૦–૧૧૦૦–૫૦–૧૩૦૦–એસેસમેન્ટ–૫૦–૧૬૦૦ના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે મંજૂર કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૩–૧૦–૧૯૮૪ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૬૬. યુનિવર્સિટીના કન્યા છાત્રાલયમાં વૉર્ડનની જગ્યા માટે તા. ૧–૧૧–૧૯૮૪ના રોજ મળેલી વરણી-સમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭–૧૧–૧૯૮૪ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.ભા.ક. ૮) :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કન્યા છાત્રાલયમાં વૉર્ડનની જગ્યા અંગેની તા. ૧–૧૧–૧૯૮૪ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને સદરહુ જગ્યા માટે ફરી જાહેરાત આપી નવેસરથી અરજીઓ મંગાવવાનું રાખવું".

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭–૧૧–૧૯૮૪ની સભાની ઉપરોકત ભલામણ મંજૂર કરવી.

૬૭. યુનિવર્સિટીના આઈ. ડી. શોધન આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટરમાં ડે. ડાયરેકટરની જગ્યા માટે તા. ૨૩–૮–૧૯૮૪ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરી ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭–૧૧–૧૯૮૪ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (એ.કા.ભા.ક. ૬) :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના આઈ. ડી. શોધન આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર માટે ડે. ડાયરેકટરની જગ્યા પર નિમણૂક કરવા અંગે તા. ૨૩–૮–૧૯૮૪ના રોજ મળેલી વરણી-સમિતિની ભલામણ મંજૂર કરવી, અને સદરહુ જગ્યા માટે ફરી જાહેરાત આપી નવેસરથી અરજીઓ મંગાવવાનું રાખવું, તેમજ સમિતિની ભલામણ મુજબ રાજ્ય સરકારને ઘટતો પત્ર લખવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭–૧૧–૧૯૮૪ની સભાની ઉપરોકત ભલામણ મંજૂર કરવી.

૬૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં કાર્ડિયોલોજી વિષયમાં એમ.ડી. પદવીનો અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવા સદરહુ કૉલેજના ડીનશ્રી તરફથી આવેલ વિનંતી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી સ્થાનિક તપાસસમિતિની રચના કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૯. સમાજવિદ્યા ભવનના રાજ્યશાસ્ત્ર વિભાગના અધ્યાપક શ્રી. જે. કે. પટેલની સંશોધન યોજના "A Comperative Perspective on the Political Development in Malawi Zambia and Zimbabwe" માટે યુ. ગ્રા. કમિશને તેના તા. ૧૨—૧૦—૧૯૮૪ના પત્રાંક એફ. ૨૬—૧૦—૮૪ (આઈસી/આઈ)થી કુલ રૂ. ૧,૮૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ એંસી હજાર પૂરા)ની આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૭૦. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલ સ્થાયી સમિતિની તા. ૨૪—૧૧—૧૯૮૪ની બેઠકના ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૨૬—૧૧—૧૯૮૪ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૬-૧૧-૧૯૮૪ની સભાની ભલામણો પરિશિષ્ટ "થ" તરીકે આ સાથે સામેલ છે).

૭૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારૂ) :

(૧) વિજ્ઞાનની સાંલગ્ન કૉલેજો તથા વિજ્ઞાન વિદ્યાશાખા ધરાવતી સંયુકત કૉલેજ અને વાણિજ્યની કૉલેજો તથા વાણિજ્ય વિદ્યાશાખા ધરાવતી સંયુકત કૉલેજોના આચાર્યોને કૉમ્પ્યુટર સાયન્સ પ્રોગ્રામરનું પગારધોરણ રૂ. ૪૫૦—૨૫—૭૫૦—ઈ.બી.—૩૦—૯૦૦ રાખવાનું તથા પગારધોરણ ઉપરાંત યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા અન્ય ભથ્થાંઓ નિયત કર્યાનું;

(૨) ૧૯૮૪—૮૫ના શૈક્ષણિક વર્ષ દરમિયાન વિજ્ઞાન વિદ્યાશાખામાં ફર્સ્ટ બી.એસસી. પરીક્ષાનું પ્રથમ સત્ર મંજૂર થયા બાદ બીજા સત્રથી વિનયન વિદ્યાશાખામાં ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં કુ. જ્યોતિ આર. શાહને જોડાવા મંજૂરી આપ્યાનું;

(૩) ૧૯૮૪ના વર્ષ દરમિયાન લેવામાં આવેલાં જુદાં જુદાં પરીક્ષાઓમાં જાહેર કરવામાં આવેલ પરિણામો પૈકી કેટલાક વિદ્યાર્થીઓનાં પરિણામોમાં ભૂલો, ગુણચકાસણી, પુનર્મૂલ્યાંકન વગેરે કારણે સુધાર્યાનું;

(૪) એપ્રિલ ૧૯૮૪માં લેવાયેલ ફર્સ્ટ બી.કોમ. પરીક્ષામાં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અન્ડ ઑડિટિંગના વિષયમાં એકસરખા સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ નં. ૧૪૮૮ મહેતા અનિતા પ્રફુલ્લ નં. ૩૦૯૦ શાહ આશિષ મંગીલાલ તથા નં. ૩૫૩૪ શાહ નિશા કાન્તિલાલને "શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ચંદ્રક" એનાયત કરવા માટે મંજૂરી આપ્યાનું;

(૫) પોલીસ ખાતાની સ્ટાફના ગણવેશ (યુનિફૉર્મ)ની નીચે મુજબની તૈયાર વસ્તુઓ ખરીદવા વાસ્તે કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાનું;

		રૂપિયા
૧. શ્રી. પોકરદાસ બ્રધર્સ પાસેથી	બુટ અમ્યુનિશન-જોડ ૨૮	કિંમત ૧૧૪૦/–
૨. શ્રી. હરિરામ ગોપીચંદ એન્ડ કંપની પાસેથી	મોની ઈલેસ્ટિક જોડ ૫૬	કિંમત ૬૭૨/–
૩. શ્રી. સી. સન્સ પાસેથી	લેનયાર્ડ્‌ડબ્લ્યુ નં. ૨૮	કિંમત ૧૧૨/–
	કેપ બેરેટ નં. ૫૧	કિંમત ૬૦૫/–
		કુલ રૂ. ... ૨૯૨૯/–

(૬) યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગ તેમજ વર્કશોપના કર્મચારીઓ માટે રેઈનકોટ (કેપ સાથે) નંગ ૨૪ રૂ. ૧૬૮૦ની કિંમતે મેસર્સ હરિરામ ગોપીચંદ એન્ડ કંપની પાસેથી ખરીદ્યાનો મંજૂરી આપ્યાના.

સભાગૃહે સદરહુ બાબતની નોંધ લીધી.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતોને વિચારવા માટે સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૭૨. સને ૧૯૮૫ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય તથા મુદ્રણાલય માટેની રજાઓ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી ગ્રંથાલય તથા યુનિવર્સિટી મુદ્રણાલય માટે સને ૧૯૮૫ના વર્ષ માટેની રજાઓની યાદી તથા મરજિયાત રજાઓની યાદી મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્થાપના દિનની રજા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને પણ આપવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે આ સાથે સામેલ છે.)

૭૩. યુનિવર્સિટી કોર્ટે તેની તા. ૩૦/૩૧–૩–૧૯૮૪ના રોજ મળેલ સભામાં સુધારેલા સ્ટે. ૧૦(એ)ને કુલપતિશ્રીએ મંજૂરી આપેલ છે અને સાથેસાથે સદરહુ સુધારેલ સ્ટે. ૧૦ (એ)માંથી નીચે જણાવેલ સ્ટે. ૧૦ (એ) (૨)નો પ્રોવિઝો રદ કરવાનું તેમના સચિવશ્રીએ તા. ૧–૯–૧૯૮૪ના પત્રથી જણાવેલ છે તો તે પરત્વે વિચારણા કરવા બાબત :

સ્ટે. ૧૦ (એ) (૨) :

Not more than 35 Principals of affiliated colleges in the propertion of one for every four Principles of such colleges shall be elected from among themselves in the manner specified herebelow :

Faculty of Arts	10
Faculty of Education	**3**

Faculty of Commerce	7
Faculty of Science	8
Faculty of Medicine	1
Faculty of Technology including Engineering	1
Faculty of Pharmacy	1
Faculty of Law	3
Faculty of Dental Surgery	1
	35

Provided that it shall be competent for the Executive Council to revise the above fixation of seats to the minimum extent necessary in the event of the total number of affiliated colleges falling below 140.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત સ્ટે. સુધારા સમિતિની વિચારણા માટે મોકલવી.

૭૪. (૧) **ગુજરાત યુનિવર્સિટીની એમ.એસસી. પદવી પરીક્ષા માઇક્રોબાયોલોજી વિષય સાથે યુનિવર્સિટીના માઇક્રોબાયોલોજી વિભાગમાંથી સૌથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને, તથા**

(૨) **યુનિવર્સિટીના ઝૂલોજી વિભાગમાં ઝૂલોજી વિષયમાં સંશોધન અંગેનું ઉત્કૃષ્ટ કાર્ય કરવા અંગે "કાવસ મહેરવાનજી કોઠાવાલા મેડલ" એનાયત કરવા અંગે શ્રી. કાવસ મહેરવાનજી કોઠાવાલા તરફથી આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.**

(પ્રદાનની રકમ રૂ. ૧૫,૦૦૦/– યુનિવર્સિટીને મળેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત પ્રદાનોની સાભાર સ્વીકાર કરવો અને તે અંગેના નિયમો ઘડી લેવા પછી રજૂ કરવાનું રાખવું.

૭૫. **ગુજરાત યુનિવર્સિટીની બી.ઈ. (ઈલેકટ્રોનિકસ) પદવી પરીક્ષામાં "શેઠ મણિલાલ શામળદાસ ચંદ્રક" એનાયત કરવા અંગે ટ્રસ્ટી શ્રી. શેઠ મણિલાલ શામળદાસ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.**

(પ્રદાનની રકમ રૂ. ૭,૫૦૦/–(રૂ. સાત હજાર પાંચસો પૂરા) યુનિવર્સિટીને મળેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને આ અંગે નિયમો ઘડી લેવા પછી રજૂ કરવાનું રાખવું.

૭૬. **ગુજરાત સરકારના નાણા ખાતાના તા. ૧–૯–૧૯૮૪ના ઠરાવ નં. ટી.પી.પી. ૧૦૮૪ (૨૪)એમ.થી કર્મચારીઓને એડહોક ધોરણે ૧૯૮૩–૮૪ના વર્ષનું બોનસ આપવા ઠરાવ કર્યો છે તેનો અમલ માન્ય સંસ્થાઓના**

કર્મચારીઓ માટે કરવા ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ અને માન્ય સંસ્થા બિન-શિક્ષકમંડળ કર્મચારી સંઘના પ્રમુખશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(સરકારના તા. ૧–૮–૧૯૮૪ના ઠરાવનો અમલ કરવા સંલગ્ન કૉલેજોના આચાર્યોને જણાવી કર્મચારીઓને બૉનસ મળે તે માટે પગલાં લેવા કુલપતિશ્રીના આદેશ અનુસાર તા. ૧૯–૧૦–૧૯૮૪ના પરિપત્રાંક ૧૦૨૬૮૪થી જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારના નાણા ખાતાના ઉપરોક્ત ઠરાવનો અમલ યુનિવર્સિટી સાથે સંલગ્ન માન્ય સંસ્થાના કર્મચારીઓ માટે પણ કરવા માટે જે તે સંસ્થાઓને જણાવી ઠરાવમાં જણાવેલ બૉનસનો લાભ પણ તેમની સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને આપવા જણાવવું અને આ બાબતમાં રાજ્ય સરકારમાં પણ માન્ય સંસ્થાઓને જરૂરી ગ્રાન્ટ આપવા માટે યોગ્ય કાર્યવાહી કરવા જણાવવું.

૭૭. ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના સ્ટાફના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની નીચેનો ભલામણો રાજ્ય સરકારને મોકલવા બાબત :

(૧) જે ગ્રંથપાલો અનુસ્નાતક પદવી તથા ગ્રંથાલય વિજ્ઞાનની સ્નાતકની પદવી અથવા ડિપ્લોમા ધરાવતા હોય તેમને જી.આર.માં જાહેરાવેલ શૈક્ષણિક લાયકાતોમાં છૂટછાટ મૂકી રૂ. ૭૦૦–૧૬૦૦નું પગારધોરણ આપવામાં આવે.

(૨) જે ગ્રંથપાલો ગ્રંથાલયવિજ્ઞાનની સ્નાતક પદવી ધરાવતા હોય પરંતુ અનુસ્નાતક પદવી ન ધરાવતા હોય તેમને પાંચ વર્ષમાં અનુસ્નાતક પદવી મેળવી લેવાની શરતે તેઓને રૂ. ૭૦૦–૧૬૦૦નું પગારધોરણ આપવામાં આવે.

(૩) જે ગ્રંથપાલો સ્નાતક ન હોય, તેમને જ્યારે તેઓ અનુસ્નાતક પદવી તથા ગ્રંથાલયવિજ્ઞાનની સ્નાતકની પદવી અથવા ડિપ્લોમા પ્રાપ્ત કરે ત્યારે રૂ. ૭૦૦–૧૬૦૦નું પગારધોરણ આપવામાં આવે.

(૪) ગ્રંથપાલોનો લાંબો અનુભવ જોતાં જૂના ગ્રંથપાલો માટે કોઈ પણ કક્ષાએ પ્રથમ કે દ્વિતીય વર્ગનો આગ્રહ રાખવામાં ન આવે.

(૫) હાલમાં યુનિવર્સિટી અનુદાન આયોગે નક્કી કરેલ અને રાજ્ય સરકારે સ્વીકારેલ લાયકાતના ધોરણ મુજબ ગ્રંથપાલો ઉપલબ્ધ નહીં હોવાથી તે ધોરણમાં હાલને તબક્કે છૂટછાટ મૂકવામાં આવે જેથી કૉલેજો ખાલી જગ્યાઓ પૂરી શકે.

(૬) ગ્રંથપાલોને તેમની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો સુધારવા માટે યોગ્ય સગવડો પૂરી પાડવા આ સભા યુનિવર્સિટીને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૭/૨૮–૧૧–૧૯૮૪ની નં. ૧ થી ૫ ભલામણો મંજૂર રાખવી અને આ બાબતમાં રાજ્ય સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ ધોરણો સુધારવા રજૂઆત કરવાનું રાખવું.

૭૮. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાના વિવિધ અભ્યાસક્રમો વધુ ઉપયોગી અસરકારક અને સામાજિક જરૂરિયાતને પહોંચી વળવા સુસંગત બને તેમ જ અભ્યાસક્રમો અને સમાજમાં તેની ઉપયોગિતા એ બંને વચ્ચે તેમજ વિદ્યાશાખાઓ વચ્ચે રહેલી અસમતુલા દૂર થાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાના અભ્યાસક્રમોને વધુ ઉપયોગી, અસરકારક અને સામાજિક જરૂરિયાતને પહોંચી વળવા સુસંગત બનાવવાના હેતુ માટે અભ્યાસક્રમોમાં શું ફેરફાર જરૂરી છે તે અંગે સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા નીચેના સભ્યોની એક સમિતિ રચવી :

૧. શ્રી. નરહરિભાઈ એમ. પરીખ
૨. ડૉ. એમ. એન. દેસાઈ
૩. શ્રી. નરહરિભાઈ અમીન
૪. શ્રી. ઉજમશીભાઈ એ. કાપડિયા
૫. પ્રિ. બી. એમ. પીરજાદા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકિઝકયુટિવ કાઉન્સિલ / ૧૨૧૪૮ / ૧૯૮૫
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ–૩૮૦ ૦૦૯,
તા. ૨૧–૧–૧૯૮૫.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૨૩

Arrangement for grant of loan for house building to the State Government and other employees through Housing Development Finance Corporation.

GOVERNMENT OF GUJARAT

Finance Department

Resolution No. LNF 1084–2614–Z Sachivalaya, Gandhinagar,
Dated 21st September, 1984

Read. (1) G.R.F.D. No. LNF 1082–2132–(N1)—Z, dt. 30—12—1983
(2) G.R.F.D. No. LNF 1084–2132–Z, dt. 30th March 1984
(3) G.R.F.D No. LNF 1084–1861–Z, dt. 15th July 1984
(4) G.R.F.D. No. LNF 1082–2132 (N1)–Z, dt. 10th Aug. 1984,

Resolution

With a view to facilitate grant of loans to the State Government employees, Panchayat employees and teaching and non-teaching staff of recognised non-Government Secondary Schools which are getting grant-in-aid from the State Government for construction of their houses with minimum burden on budgetary resources, the Government has made arrangements with the Housing Development Finance Corporation covering these categories of staff working at the Dist. Headquarters of all the Districts in Gujarat State vide GRFD, dated the 30th December 1983 read with GRFD, dated the 10th August 1984 as quoted in preamble above.

2. Represantations have also been received from the teaching and non-teaching staff of the Universities in Gujarat and Colleges affiliated to it. Government has carefully considered the matter and decided to extent the scheme in question to the teaching and non-teaching staff of all the Universities and colleges affiliated thereto in Gujarat State

By order and in the name of the Governor of Gajarat,

Sd/- B. R. Thaker,
Section Officer
Finance Department

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪૧

ગુજરાત યુનિવર્સિટીની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની સને ૧૯૮૪ની પ્રથમ સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર, તા. ૧૮–૯–૧૯૮૪ના રોજ બપોરના ૧–૦૦ વાગે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી. ઉજમશીભાઈ કાપડિયા	હાજર
૪.	ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૫.	શ્રી. આર. એચ. વ્યાસ	હાજર
૬.	શ્રી. એમ. ડી. પંચોલી	ગેરહાજર
૭.	શ્રી. એન. સી. સોનપાલ	ગેરહાજર
૮.	ડૉ. ભાનુબહેન ત્રિવેદી	હાજર
૯	ડૉ. એચ. એસ. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. આર. જે. જોશી	ગેરહાજર
૧૧.	શ્રી. અ. એસ. નાગર	ગેરહાજર
૧૨.	શ્રી. આર. એ. મલગી	ગેરહાજર
૧૩	ડૉ. ઈ. એ. સોલોમન	ગેરહાજર
૧૪.	પ્રો. એમ. જે. મહેતા	હાજર
૧૫.	શ્રી. એમ. પી. ભટ્ટ	ગેરહાજર
૧૬.	ડૉ. વી. પી. શાહ	હાજર
૧૭.	શ્રી. પી. એન. શેઠ	ગેરહાજર
૧૮	શ્રી. પરેશ મજમુદાર	ગેરહાજર

૧૯. ડૉ. જે. એ. શાસ્ત્રિક	હાજર
૨૦. ડૉ. એચ. ડી. બદામી	ગેરહાજર
૨૧. ડૉ. જે. એચ. શાહ	હાજર
૨૨. શ્રી. અસ. ડી. વર્મા	હાજર
૨૩. શ્રી. અમ. એન. દેસાઈ	હાજર
૨૪. શ્રી. સી. જી. ખત્રી	હાજર
૨૫. શ્રી. ડી. એસ. બસન	ગેરહાજર
૨૬. શ્રી. એચ. કે. ત્રિવેદી	હાજર
૨૭. ડૉ. જી. પી. કેશવ	ગેરહાજર
૨૮. ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૯. ડૉ. સી. કે. શાહ	હાજર
૩૦. ડૉ. બી. એમ. શુક્લ	ગેરહાજર
૩૧. શ્રી. વાય. ડી. વ્યાસ	હાજર
૩૨. શ્રીમતી એ. પી. દેસાઈ	ગેરહાજર
૩૩. શ્રી. બી. એ. તિરમીઝી	હાજર
૩૪. ડૉ. કે. આર. ચંદ્રા	હાજર
૩૫. ડૉ. જે. ડી. તલાટી	હાજર
૩૬. પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર
૩૭. ડૉ. એચ. એમ. દેસાઈ	ગેરહાજર
૩૮. શ્રી. આર. વી. પંડ્યા	ગેરહાજર
૩૯. ડૉ. પી. સી. પરીખ	હાજર
૪૦. શ્રી. એસ. પી. પંડ્યા	ગેરહાજર
૪૧. ડૉ. એમ. એસ. ત્રિવેદી	ગેરહાજર
૪૨. ડૉ. ટી. રાધાકૃષ્ણન	ગેરહાજર
૪૩. ડૉ. ટી. એસ. નાન્દી	હાજર
૪૪. ડૉ. એસ. કશ્યપ	હાજર
૪૫. શ્રી. એન. એમ. પરીખ	ગેરહાજર
૪૬. ડૉ. ઓ. પી. ગુપ્તા	ગેરહાજર
૪૭. શ્રી. એ. ટી. દેસાઈ	હાજર
૪૮. ડૉ. કશ્યપ ભાર્ગવ	હાજર

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અૅન્ડ રિસર્ચની તા. ૨૭-૧૨-૧૯૮૩ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૨૭-૧૨-૧૯૮૩ના રોજ મળેલી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અૅન્ડ રિસર્ચની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. પદવી માટે માન્યતા મેળવવા માટે આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેના નીચેના ૬૮ તે શિક્ષકના નામ સામે જણાવેલ વિષયમાં માન્યતા માટે આવેલ અરજીઓ પર ૬૮ તે શિક્ષકના રેકોર્ડ્સનો માન્ય યુનિવર્સિટી (રેકગ્નાઇઝ્ડ મેટ્રિક્સ) ધરાવે છે કે કેમ તે માટે જે તે વિષયના તજ્જ્ઞોની નિમણૂક કરવા અને તેમનો અભિપ્રાય આવ્યેથી માન્યતા આપવા અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ અને સંસ્થાનું નામ	વિષય
૧.	શ્રી. ભટ્ટ રમેશ મહાસુખરામ એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ગુજરાતી
૨.	શ્રી. દેસાઈ નલિનકુમાર ધીરજલાલ શ્રી. આર. કે. પરીખ આર્ટ્સ અને પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ	ગુજરાતી
૩.	શ્રી. પટેલ ચંદુભાઈ ભવાનભાઈ એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	એજ્યુકેશન
૪.	શ્રી. પંડ્યા નિર્ભયરામ બાપુલાલ ગવર્નમેન્ટ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	સમાજશાસ્ત્ર
૫.	શ્રી. ત્રિવેદી નવીનચંદ્ર નરસિંહશંકર આર્ટ્સ અૅન્ડ સાયન્સ કૉલેજ, બાદરણ	ગુજરાતી
૬.	ડૉ. વીસારિયા લીલા પી. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક્સ અૅન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદ	સમાજશાસ્ત્ર
૭.	શ્રીમતી પટેલ ઉમાબહેન દેવેન્દ્રભાઈ બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	હોમસાયન્સ
૮.	શ્રી. યાદવ નટવરસિંહ કેસરીસિંહ વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ	વિજ્ઞાન (માઇક્રોબાયોલોજી)
૯.	શ્રી. પટેલ રમણલાલ બી. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	વિજ્ઞાન (માઇક્રોબાયોલોજી)
૧૦.	શ્રી. દેસાઈ મનહર ડાહ્યાભાઈ એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	ઇલે. એન્જિનિયરિંગ
૧૧.	શ્રી. કેલોગ સોહનપ્રકાશ એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ.	મિકેનિકલ એન્જિનિયરિંગ

૩. **"હ્યુમર ઇન કૉમ્યુનિકેશન—એન ઇન્ડિયન એક્સપીરિયન્સ" એ શીર્ષક હેઠળ કૉમર્સ વિદ્યાશાખામ સ્વતંત્ર રીતે પીએચ.ડી. સંશોધનકાર્ય કરવા દેવા અંગે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના અધ્યાપક શ્રી. મકુલ પી. ત્રિપાઠીની આવેલી અરજી પરત્વે ઓ. ૬૮નો જોગવાઈ અન્વયે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતને વાણિજ્ય વિદ્યાશાખાના અભિપ્રાય માટે મોકલવો અને અભિપ્રાય આવ્યેથી યોગ્ય કરવા કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. **પર્શિયન વિષયમાં ડૉ. ઓ. એન. કુરેશીના હાથ નીચે પીએચ.ડી. કરતા શ્રી. એમ. એલ. ગુલીઆના મહાનિબંધની રૂપરેખા અંગે અભ્યાસસમિતિનાં અધ્યક્ષ શ્રીમતી એસ. એમ. ઉરેઝા તથા વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક ડૉ. ઓ. એન. કુરેશી તરફથી આવેલ ભિન્ન અભિપ્રાય પરત્વે વિચારણા કરવા બાબત.**

સદરહુ બાબતમાં જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫. **શિક્ષણ વિદ્યાશાખાના નિવૃત્ત થયેલા અધ્યાપકોને માટે પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકો તરીકે ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી ન સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. **ફાર્મેકોલોજી વિષયમાં પીએચ.ડી. સંશોધનકાર્ય માટે ડૉ. જિન્દાલના હાથ નીચે નોંધાયેલા શ્રી. એચ. બી. ભટ્ટ-ડૉ. જિન્દાલ પરદેશ ગયા હોઈ તેમનું બાકીનું તબદીલ કાર્ય ડૉ. કે. સી. દવે, અમદાવાદના હાથ નીચે તબદીલ કરવા માંગે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મેકોલોજી વિષયમાં પીએચ.ડી. સંશોધનકાર્ય માટે ડૉ. જિન્દાલના હાથ નીચે નોંધાયેલા શ્રી. એચ. બી. ભટ્ટને ડૉ. જિન્દાલ પરદેશ ગયા હોઈ, પોતાનું બાકીનું કામ ડૉ. કે. સી. દવેના હાથ નીચે તબદીલ કરવા મંજૂરી આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૭. **વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ આ બોર્ડે તેની તા. ૨૭-૧૨-૧૯૮૩ની સભામાં નીમેલી સમિતિએ તેની તા. ૬-૨-૧૯૮૪ની સભામાં સ્વીકારવાનું ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખાના બધા જ વિષયોમાં પીએચ.ડી. પદવી માટે નોંધાનાર પ્રત્યેક વિદ્યાર્થીને ઓ. ૩૧૧ મુજબ ટ્રાન્સલેશન ટેસ્ટ આપવાનો રાખવો તથા તે અંગે લાઈબ્રેરીમાં તે વિષયને લગતાં પુસ્તકોની જોગવાઈ કરવી તથા ભણાવવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ કરવાની રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૮૪ની ઉપરોક્ત ભલામણ હાલ ન સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૮. **વિનયન વિદ્યાશાખાના તા. ૭-૧૨-૧૯૮૨નો સભાનો નીચેનો ભલામણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની વિચારણા માટે મોકલવા એકેડેમિક કાઉન્સિલને તેની તા. ૧૦-૩-૧૯૮૩ની સભામાં ઠરાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.**

વિનયન વિદ્યાશાખાની ભલામણ

"વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની આ સભા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, વિનયન સિવાયની કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક કે જેણે પરીક્ષા ઓછામાં ઓછા બીજા વર્ગમાં પાસ કરી હોય તેમને એમ.એ.ના અભ્યાસક્રમમાં દાખલ કરવા અને તે માટે જરૂરી ધારાધોરણો સુધારવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પોતાના સુચિંતિત અહેવાલ આપવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓ તથા શ્રી. એમ. એન. દેસાઈ, પ્રિ. બી. એમ. પીરજાદા અને શ્રી. અંબુભાઈ દેસાઈ.

૯. વિનયન વિદ્યાશાખાની તા. ૭–૧૨–૧૯૮૨ની સભાની ભલામણ પરથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૨૭-૧૦-૧૯૮૩ની સભાની ભલામણ પર એકિઝકયુટિવ કાઉન્સિલને તેની તા. ૧૨-૧-૧૯૮૪ની સભામાં એક જ સંચાલિત મંડળ દ્વારા એક જ કૅમ્પસ ઉપર ચાલતી જુદી જુદી વિદ્યાશાખાઓ હેઠળ શીખવાતા અંગ્રેજી—અર્થશાસ્ત્ર જેવા વિષયોમાં જ અનુસ્નાતક કેન્દ્રની માન્યતા માટે જરૂરી શિક્ષકગણની ગણતરીમાં લઈ શકાય પણ બે અથવા વધારે વિદ્યાશાખામમાં નહીં તેમ ઠરાવેલ છે તે જોતાં અનુસ્નાતક કેન્દ્ર અંગેના ઑર્ડિ. ૬૫—પીમાં (બી) અને (સી) પછી નોંધ તરીકે નીચેનો ભાગ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

Note.—While granting a Post-graduate centre in common subject like English–Economics in different faculties, in the colleges run by the same management in the same premises, the recognised post-graduate teachers or Assistant Post-graduate teachers working in a college or colleges or institution or institutions under the same management may for the purpose of this ordinance be treated as the local staff for any one Faculty, but not in two or more faculties.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૬૫-પીમાં (બી) અને (સી) નીચે નોંધ તરીકે નીચેનો ભાગ ઉમેરવો. સુધારેલા સદરહુ ઑર્ડિનન્સ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

Note.—While granting a Post-graduate centre in common subjects like English–Economics in different faculties, in the colleges run by the same management in the same premises, the recognised post-graduate teachers or Assistant Post-graduate teachers working in a college or colleges or institution or institutions under the same management in the same premises may for the purpose of this ordinance with the permission of the Vice-Chancellor be treated as the local staff for any one Faculty, but not in two or more faculties.

૧૦. દંતવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૦-૮-૧૯૮૩ની સભાની ભલામણો પરની દંતવિજ્ઞાનની વિદ્યાશાખાની તા. ૧૩-૨-૧૯૮૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. ડેન્ટલ સર્જરીના એમ.ડી.એસ.ના અભ્યાસક્રમના માન્ય અનુસ્નાતક શિક્ષકની માન્યતા અંગેના ઑર્ડિ. ૬૫-કે (બી) સુધારવો.

૨. મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટેનો ઑર્ડિ. ૬૫-એમ. (૨)ની નોંધમાં સુધારો કરવાની જરૂર જણાતી નથી.

૩. પી.જી. ફૂલ નં. ૧ (એફ) સુધારવો.

[સુધારેલા ઑર્ડિ. ૬૫-કે (બી) તથા પી.જી. ફૂલ નં. ૧ (એફ)ની નકલ સાથે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. બિઝનેસ મૅનેજમેન્ટની અભ્યાસસમિતિની તા. ૧૩/૧૫-૧૦-૧૯૮૩ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"બી. કે. સ્કૂલમાં એમ.ફિલ. વિથ મૅનેજમેન્ટ શક્ય તેટલું જલદી શરૂ કરવા માટે આ સભા ભલામણ કરે છે".

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વાણિજ્ય વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

૧૨. પીએચ.ડી. પદવી માટે મહાનિબંધ રજૂ કરતી વખતે તેની સાથે જ ફૂલસ્કેપ કદના કાગળમાં ટાઈપ કરેલા આશરે આઠથી દશ પાનાં આવે તે રીતે મહાનિબંધનો ટૂંકસાર પણ માર્ગદર્શક શિક્ષક દ્વારા રજૂ કરવાનું આવશ્યક ગણવા માટે બી. યુ. ટી. ઍન્ડ આર.ની તા. ૨૭-૧૨-૧૯૮૩ની સભાના ઠરાવના સંદર્ભમાં ઑર્ડિ. ૩૧૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. 319 :

